



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૧૫ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપકઃ- બાબુભાઈ શાહ તા. ૨૩-૫-૨૦૨૪ - ગુરૂવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૩૩ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT


### મેદાની ભાગો તો ઠીક, કાશ્મીર-હિમાચલ પણ ગરમીની લપેટમાંઃ જમ્મુમાં ૪૧ ડીગ્રી

# સૂર્યનારાયણ લાલચોળ! રાજસ્થાનમાં તાપમાન ૫૦ ડીગ્રીને પાર



### ચૂરૂમાં તાપમાન ૫૦.૩ ડીગ્રી નોંધાયુઃ હજુ ૩-૪ દિવસ હીટવેવ રહેશેઃ દિવસે જ નહીં, રાત્રે પણ લૂ ફૂંકાવાની ચેતવણીઃ ગુજરાત સહિતના રાજયોમાં તાપમાન ૪૬થી૪૮.૫ ડીગ્રી

નવી દિલ્હી તા.૨૩

ભયાનક ગરમીમાં સપડાયેલા ભારતના મોટાભાગના રાજયોને હીટવેવની હાલતમાંથી કોઈ રાહત મળતી નથી અને તાપમાનનો પારો વધુને વધુ ઉંચે ચડતો રહ્યો હોય તેમ રાજસ્થાનમાં પારો ૫૦ ડીગ્રીને પાર થઈ ગયો હતો. વિશ્વના સૌથી ગરમ ૧૫ શહેરોમાં ૧૦ શહેરો માત્ર ભારતના રહ્યા છે. ભીષણ ગરમીનો કહેર હજુ યથાવત જ રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ભારતના અનેકભાગો અત્યાધિક-પ્રચંડ ગરમીની ઝપટે ચડયા છે ત્યારે રાજસ્થાનમાં તાપમાન ૫૦ ડીગ્રીને પાર થઈ ગયુ હતું. સમગ્ર દેશનું સૌથી ગરમ રાજય બન્યુ હતું. રાજસ્થાનના ચૂરૂમાં તાપમાન ૫૦.૩ ડીગ્રી નોંધાયુ હતું. ગંગાનગરમાં ૪૮.૮ ડીગ્રી તથા બિકાનેરમાં ૪૮.૪ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. હવામાન વિભાગે રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી તથા પશ્ચીમી ઉતરપ્રદેશમાં પ્રચંડ ગરમીનો દોર હજુ ત્રણ-ચાર દિવસ ચાલુ રહેવાની ચેતવણી જારી કરવામાં આવી છે. પ્રચંડ ગરમી તથા લૂની થપાટથી લોકો આકુળ-વ્યાકુળ બની ગઈ છે. ચંદીગઢમાં દિવસની સાથોસાથ રાત્રે પણ લુ ફુંકાવાની ચેતવણી આપવામાં આવી છે. રાતનું તાપમાન પણ ઉંચુ રહેવાના સંજોગોમાં કૃષિક્ષેત્રને વ્યાપક નુકશાન થવાની ભીતિ છે.

ભીષણ ગરમીથી મેદાની ભાગો ઉપરાંત પર્વતીય ક્ષેત્રો પણ પ્રભાવિત થવા લાગ્યા છે. હિમાચલ પ્રદેશમાં આકરી ગરમીથી જળસંકટ સર્જાવા લાગતા કર્મચારીઓની રજા રદ કરીને ટેન્કરો મારફત પાણી પહોંચાડવાના આદેશ કરાયા છે.

રાજસ્થાનમાં પ્રચંડ ગરમીને પગલે સચિવ-કલેકટરોથી માંડીને તમામ સ્ટાફશ્રી રજા રદ કરવામાં આવી છે. ટ્રાફિક સિગ્નલો તથા માર્ગો પર લોકોને સૂર્યતાપથી બચાવવા ટેન્ટ લગાવવામાં આવ્યા છે.

કાશ્મીરમાં પણ પર્વતોથી માંડીને મેદાનો સુધી આકરી ગરમીની હાલત છે. જમ્મુનુ તાપમાન પણ ૪૧ ડીગ્રી નોંધાયુ હતું. ૨૮ મે સુધી તાપમાન ઉંચુ રહેવાની ચેતવણી આપીને લોકોને ઘરમાં જ રહેવાની સલાહ આપી છે.

પંજાબ ભયંકર ગરમીની ચપેટમાં છે અને રાત્રે પણ લૂ વરસવાની ચેતવણી આપવામાં આવી છે. રાજયમાં છ જીલ્લામાં તાપમાન નોર્મલ કરતા છ ડીગ્રી વધુ નોંધાયુ હતું.



**સૂર્ય તિલકઃ** ગાંધીનગર-કોબામાં મહાવીર જૈન આરાધના કેન્દ્રના શ્રમણ ભગવાન મહાવીર 'સ્વામી જિનાલયમાં મુળનાયકરૂપે મહાવીર સ્વામી બિરાજમાન છે. ગઇકાલે દર વર્ષની જેમ બપોરના ૨.૦૭ મિનિટે વીરપ્રભુના લલાટ પર સૂર્યના કિરણો ઝળહળી ઉઠયા હતા. જેના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો આવી પહોંચ્યા હતા. બુધ્ધિસાગરસૂરી સમુદાયના મહાન જૈનાચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીજી મ. તા. ૨૨મી મેના બપોરે ૨.૦૭ કલાકે કાળધર્મ પામેલા હતા. તેમની સ્મૃતિમાં ખગોળ અને ગણિતના સંયોજનથી વીરપ્રભુના લલાટે સૂર્યના કિરણોના દર્શન થાય છે. આ ઘટના વર્ષમાં તા.૨૨-૫ (મે મહિનાની ૨૨મી તારીખે) સર્જાય છે.

### ઈન્વેસ્ટરોની સંપતિમાં ૪ લાખ કરોડથી વધુનો વધારો

# મોદીના વર્તારાને શેરબજારે 'એડવાન્સ'માં જ માની લીધોઃ સેન્સેકસ-નિફટી નવી ટોચે

### સેન્સેકસમાં ૧૧૮૦ પોઈન્ટનો ઉછાળો; ૭૫૪૦૭ની નવી ઉંચાઈઃ અદાણી ગ્રુપ સહિતના હેવીવેઈટ શેરો ઉછળ્યા

રાજકોટ તા.૨૩

લોકસભાની ચૂંટણી પરિણામ બાદ શેરબજારમાં જબરદસ્ત તેજી થવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભવિષ્યવાણી કરી હતી પરંતુ માર્કેટે મોદીની વાત એડવાન્સમાં જ માની લીધી હોય તેમ પરિણામ પુર્વે જ નવો રેકોર્ડ બનાવી દીધો છે. સેન્સેકસ તથા નિફટી નવી ટોચે પહોંચ્યા હતા. ઈન્વેસ્ટરોની સંપતિમાં ૪ લાખ કરોડ કરતા પણ વધુનો વધારો થયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત જ તેજીના ટોને થઈ હતી. વડાપ્રધાન મોદીએ ફરી વખત ચુંટણીમાં તોતીંગ બહુમતી મળવાનો વિશ્વાસ જાહેર કરતા સારી અસર થઈ હતી. પરિણામના દિવસથી માર્કેટમાં ચિક્કાર તેજી થવાનો વર્તારો અગાઉ જ આપ્યો હતો. બ્રોકરો-ઈન્વેસ્ટોને દાવો 'પરફેકટ' હોવાનો વિશ્વાસ બેઠો હોય તેમ ધૂમ ખરીદી નીકળી હતી. અમેરિકી નિષ્ણાંતે ભાજપને અત્યાર સુધીની સૌથી વધુ બેઠકો મળવાનો રિપોર્ટ આપતા તેજીને ટેકો મળ્યો હતો. રિઝર્વ બેંકે સરકારને ૨.૧૧ લાખ કરોડનું ડીવીડન્ડ આપવાનું જાહેર કર્યુ છે અને તેના આધારે સ્ટ્રોંગ અર્થતંત્રની સાબીતી મળી જતી હોવાના આશાવાદની સારી અસર હતી. શેરબ્રોકરોના કહેવા પ્રમાણે પ્રિ-ઈલેકશનની જેમ પ્રિ-રિઝલ્ટ તેજી છે. મોદી સરકારની જંગી બહુમતી સાથે વાપસી થવાના દ્રઢ આશાવાદનો પડઘો છે.

શેરબજારમાં આજે મોટાભાગના હેવીવેઈટ શેરોમાં ઉછાળો હતો. એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મહીન્દ્ર, મારૂતી, નેસલે, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસ, ટાઈટન,

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ભારે ઉહાપોહ બાદ પુનાના સગીર 'કાર ચાલક'ના જામીન રદ્દ



પુણે તા.૨૩

પૂણે સ્થિત જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે બે વ્યકિતનો જીવ લેનાર કાર દુર્ઘટનામાં સામેલ ૧૭ વર્ષના તરુણને આપવામાં આવેલ. જામીન રદ કરી દીધો છે અને તરુણને ૫ જૂન સુધી બાલ સુધાર ગૃહમાં મોકલી દેવાયો છે.

બોર્ડે રવિવારે દુર્ઘટનાના કેટલાક કલાકોમાં તરુણને જામીન આપી દીધા હતા અને માર્ગ દુર્ઘટનાઓ પર ૩૦૦ શબ્દોમાં નિબંધ લખવાનું કહ્યું હતું! લોકોએ બોર્ડના આ નિર્ણયની ટીકા પણ કરી હતી. પોલીસે બોર્ડમાં રજૂઆત કરી કહ્યું હતું કે અપરાધની ક્રુર પ્રકૃતિના આધારે આરોપી સાથે સગીર તરીકે નહીં પણ પુખ્ત તરીકે વ્યવહાર કરવાની મંજૂરી માગી હતી. પોલીસે સગીર સામે લાપરવાહીથી વાહન ચલાવવા અને મોટર વાહન અધિનિયમની અનેક જોગવાઈઓ અંતર્ગત કેસ દાખલ કર્યો છે.

### ૬ઠ્ઠા તબકકાના ચૂંટણી મતદાન પૂર્વે જ હિંસાથી રાજકારણ ગરમાયું

# બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ-ભાજપ કાર્યકરો વચ્ચે હિંસક અથડામણઃ ૧ની હત્યા

### સાત ઘાયલઃ નંદીગ્રામમાં તનાવઃ વધારાની સુરક્ષા મુકાઈ

નવી દિલ્હી, તા.૨૩

લોકસભાની ચૂંટણી અત્યાર સુધીમાં સામાન્ય છમકલાને બાદ કરતાં શાંતિપૂર્ણ જ રહી છે ત્યાં પશ્ચિમ બંગાળમાં ભાજપ અને તૃમૂલ કોંગ્રેસના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થતાં ખળભળાટ સર્જાયો છે. આ ઘટનામાં ભાજપના કાર્યકરનું મોત થયું હતું. બંને પક્ષના સાત લોકો ઘાયલ થયા હતા.

લોકસભા ચૂંટણીના ૬ઠ્ઠા તબકકા પૂર્વે પશ્ચિમ બંગાળના મદિનીપુર જીલ્લાના નંદીગ્રામમાં ભાજપ તથા તૃણમુલ કોંગ્રેસના કાર્યકરો બાખડયા હતા અને હિંસક અથડામણ થઇ હતી. આ હિંસક મારામારીમાં

ભાજપની મહિલા કાર્યકરની હત્યા થઇ હતી અને સાત કાર્યકરો ઘાયલ થયા હતા.

ભાજપના નેતાઓએ એવો આક્ષેપ કર્યો હતો કે તૃણમુલ કોંગ્રેસના કાર્યકરોએ ધારદાર હથિયારો સાથે તૂટી પડ્યા હતા. જો કે તૃણમુલ કોંગ્રેસે આક્ષેપ ફગાવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર જીલ્લામાં તનાવનો માહોલ સર્જાયો છે અને વધારાનો સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

# સ્વાતિ માલીવાલ કેસઃ કેજરીવાલના વૃદ્ધ માતા-પિતા તથા પત્નીની પોલીસ પુછપરછ કરશે

### ભાજપના ઈશારે પરિવાર તથા પાર્ટી કાર્યકરોને નિશાન બનાવવાના ષડયંત્રનો આરોપ



નવી દિલ્હી તા.૨૩

આમ આદમી પાર્ટીના સાંસદ સ્વાતિ માલીવાલના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એવો દાવો કર્યો છે કે પોલીસ પોતાના વૃદ્ધ અને બિમાર માતા-પિતાની પણ આજે પુછપરછ કરવાની છે.

અરવિંદ કેજરીવાલના પીએ દ્વારા મુખ્યમંત્રી આવાસમાં જ પોતાને માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ સ્વાતિ માલીવાલે કર્યો હતો. જો કે, આમ આદમી પાર્ટી કેજરીવાલના પીએ વિભવકુમારના સમર્થનમાં આવી હતી અને ભાજપના ઈશારે આખુ ષડયંત્ર કરવામાં આવ્યુ હોવાનો આક્ષેપ કર્યો હતો. 'આપ'ના નેતા આતિશીએ એવો દાવો

(અનુસંધાન છઠ્ઠા પાને)
















# ટુરિઝમ ઈન્ડેક્સમાં ભારતની પરંતુ મંઝિલ હજુ પણ દૂર!



**વર્ષ ૨૦૨૪ના ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (TTDI) માં ભારતનું રેન્કિંગ નોંધપાત્ર રીતે ૧૫ સ્થાનો ઉપર આવ્યું છે અને ૩૯માં સ્થાને પહોંચ્યું છે કે જે ભારતને દક્ષિણ એશિયા અને નીચી-મધ્યમ આવક ધરાવતી અર્થવ્યવસ્થાઓમાં મોખરાનું સ્થાન આપે છે. અમેરિકા આ યાદીમાં મોખરે છે. વર્ષ ૨૦૨૧માં અગાઉ પ્રકાશિત સૂચકાંકમાં ભારત ૫૪માં ક્રમે હતું. વર્ષ ૨૦૨૪ની યાદીમાં અમેરિકા બાદ સ્પેન, જાપાન, ફ્રાન્સ અને ઓસ્ટ્રેલિયા ટોપ ફાઈવમાં સામેલ છે.**



**ઈન્ડેક્સમાં ભારતનું ઉર્ધ્વગમન અનેક પરિબળોને આભારી છે. આપણો દેશ કુદરતી રીતે સમૃદ્ધ લેન્ડસ્કેપ ધરાવે છે, WEF રિપોર્ટ અનુસાર કુદરતી સંસાધનોમાં ભારત વૈશ્વિક સ્તરે ૬ઠ્ઠું સ્થાન ધરાવે છે. હિમાલયના હિમાચ્છાદિત શિખરો અને મુન્નારના રસદાર ચાના બગીચાઓથી લઈને ગોવાના શાંત દરિયાકિનારા અને થાર રણના વિશાળ વિસ્તરણ સુધી, ભારત સાહસ, આરામ અને પ્રકૃતિ સાથે જોડાણ મેળવવા માંગતા પ્રવાસીઓ માટે વિવિધ અનુભવો પ્રદાન કરે છે.**

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના તાજેતરના અહેવાલે ભારતીય પ્રવાસ અને પર્યટન ક્ષેત્રે આશાવાદ જગાવ્યો છે. વર્ષ ૨૦૨૪ના ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (TTDI) માં ભારતનું રેન્કિંગ નોંધપાત્ર રીતે ૧૫ સ્થાનો ઉપર આવ્યું છે અને ૩૯માં સ્થાને પહોંચ્યું છે કે જે ભારતને દક્ષિણ એશિયા અને નીચી-મધ્યમ આવક ધરાવતી અર્થવ્યવસ્થાઓમાં મોખરાનું સ્થાન આપે છે. અમેરિકા આ યાદીમાં મોખરે છે. વર્ષ ૨૦૨૧માં અગાઉ પ્રકાશિત સૂચકાંકમાં ભારત ૫૪માં ક્રમે હતું. વર્ષ ૨૦૨૪ની યાદીમાં અમેરિકા બાદ સ્પેન, જાપાન, ફ્રાન્સ અને ઓસ્ટ્રેલિયા ટોપ ફાઈવમાં સામેલ છે. ઈન્ડેક્સમાં ભારતનું નામ આગળ આવ્યું તે કોવિડ રોગચાળામાં વૈશ્વિક ટુરિઝમ ફ્લોને પ્રતિબિંબિત કરે છે, પરંતુ ઊંડું વિશ્લેષણ આશાસ્પદ ક્ષેત્રો અને ધ્યાન માગતા ક્ષેત્રો બંનેને દર્શાવે છે.

ઈન્ડેક્સમાં ભારતનું ઉર્ધ્વગમન અનેક પરિબળોને આભારી છે. આપણો દેશ કુદરતી રીતે સમૃદ્ધ લેન્ડસ્કેપ ધરાવે છે, WEF રિપોર્ટ અનુસાર કુદરતી સંસાધનોમાં ભારત વૈશ્વિક સ્તરે ૬ઠ્ઠું સ્થાન ધરાવે છે. હિમાલયના હિમાચ્છાદિત શિખરો અને મુન્નારના રસદાર ચાના બગીચાઓથી લઈને ગોવાના શાંત દરિયાકિનારા અને થાર રણના વિશાળ વિસ્તરણ સુધી, ભારત સાહસ, આરામ અને પ્રકૃતિ સાથે જોડાણ મેળવવા માંગતા પ્રવાસીઓ માટે વિવિધ અનુભવો પ્રદાન કરે છે.

સાંસ્કૃતિક સમૃદ્ધિ એ બીજો મજબૂત મુદ્દો છે કે જેમાં ભારત સાંસ્કૃતિક સંસાધનોમાં ૯મું સ્થાન પ્રાપ્ત કરે છે. પરંપરાઓ, તહેવારો અને ઐતિહાસિક સ્થળોની વાઈબ્રન્ટ ટેપેસ્ટ્રી ભારતને પ્રવાસન માટે એક અનન્ય સ્થળ બનાવે છે. પ્રતિષ્ઠિત તાજમહેલ, દિલ્હીના ખળભળાટ મચાવતા બજારો અને વારાણસીના શાંત આધ્યાત્મિક કેન્દ્રો સુધી, ભારત ઈતિહાસ અને વિવિધ ધાર્મિક પ્રથાઓથી ભરેલી સંસ્કૃતિની ઝલક આપે છે. વધુમાં,

**લાઈવ WIRE**
**પરખ ભટ્ટ**
bhattparakh@yahoo.com

આ રિપોર્ટમાં ભારતની સ્પર્ધાત્મકતા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે કે જે ૧૮માં ક્રમે છે. આ પોષણક્ષમતા પરિબળ મજબુત એર ટ્રાન્સપોર્ટ, ગ્રાઉન્ડ અને પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે, ભારતને ઓછું ટ્રાવેલ બજેટ ધરાવતા પ્રવાસીઓ માટે આકર્ષક વિકલ્પ બનાવે છે. સોલો બેકપેકર્સ જયપુર જેવા શહેરોની વાઈબ્રન્ટ શેરીઓમાં રખડી શકે છે અથવા હિમાલયમાં ટ્રેક કરી શકે છે કે જ્યારે પરિવારો સાથે આવેલા ટ્રાવેલર્સ અન્ય ઓછા ખર્ચમાં ગોવા અથવા કેરળના બીચ પર રજાઓનો આનંદ માણી શકે છે.

જો કે, ચિત્ર સંપૂર્ણપણે રોઝી રોઝી નથી. વૈશ્વિક ફુગાવો, ખાસ કરીને ઈંધણ અને ખાદ્યપદાર્થોના ભાવમાં તેની કિંમત સ્પર્ધાત્મકતાને અસર કરી છે. તદુપરાંત, હવાઈ પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસી સેવા રોગચાળા પહેલાના સ્તરે સંપૂર્ણપણે પુનઃપ્રાપ્ત થઈ નથી. જ્યારે ભારતનું રેન્કિંગ સુધર્યું છે, ત્યારે તેનો એકંદર TTDI સ્કોર તેના વર્ષ ૨૦૧૯ના સ્તર કરતાં ૨.૧% ઓછો છે કે જે સતત વિકાસની જરૂરિયાતને દર્શાવે છે.

ટ્રાવેલ અને ટુરિઝમ સેક્ટરમાં વધુ વિકાસ કરવા માટે ભારતને મલ્ટિપલ અભિગમની જરૂર છે. પહેલો અભિગમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડનો છે. એરપોર્ટનું આધુનિકીકરણ તેમાં પણ ખાસ કરીને ઉભરતા પ્રવાસન સ્થળોમાં બહેતર રોડ અને રેલ નેટવર્ક દ્વારા શહેરો અને પ્રવાસી કેન્દ્રો વચ્ચે કનેક્ટિવિટી બહેતર બનાવવી અને જાહેર પરિવહનમાં રોકાણ મુસાફરીના અનુભવને વધારવા માટે નિર્ણાયક છે. આમાં ખાનગી ક્ષેત્રની કુશળતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં રોકાણનો લાભ લેવા માટે જાહેર-ખાનગી ભાગીદારીનો સમાવેશ થઈ શકે છે.

બીજો ઉપાય કૌશલ્ય વિકાસ છે. હોસ્પિટાલિટી અને સાંસ્કૃતિક સંવેદનશીલતા જેવા ક્ષેત્રોમાં પ્રવાસન વર્કફોર્સને ઉચ્ચ કૌશલ્ય આપવાથી સેવાના ધોરણોમાં વધારો થશે. ચોક્કસ પ્રાદેશિક પ્રવાસન જરૂરિયાતો અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો પર કેન્દ્રિત તાલીમ કાર્યક્રમો આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરતા કુશળ કાર્યબળની ખાતરી કરવામાં મદદ કરી શકે છે.

આ સિવાય પર્યાવરણને અનુકૂળ પ્રથાઓને પ્રોત્સાહન આપવું પણ જરૂરી છે. વન્યજીવ સંરક્ષણ કાર્યક્રમો અને સમુદાય-આધારિત પ્રવાસન પ્રોજેક્ટ્સ જેવી પહેલો કે જે સ્થાનિક સમુદાયોને સીધો ફાયદો પહોંચાડે છે તે પર્યાવરણ પ્રત્યે સભાન પ્રવાસીઓને આકર્ષી શકે છે અને આ ક્ષેત્રની લાંબા ગાળાની ટકાઉપણાની ખાતરી કરી શકે છે. કેરળમાં સફળ હોમસ્ટે કાર્યક્રમો કે જ્યાં પ્રવાસીઓ સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરાઓનો જાતે અનુભવ કરી શકે છે, આવા ટકાઉ પ્રવાસન પહેલ માટે એક મોડેલ તરીકે સેવા આપે છે.

WEF રેન્કિંગમાં ભારતની પ્રગતિ ચઢાણ પોઝીટીવ છે, પરંતુ તે માત્ર પ્રવાસની શરૂઆત છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખામીઓને દૂર કરીને, ટકાઉપણાને પ્રાધાન્ય આપીને અને માનવ મૂડીમાં રોકાણ કરીને, ભારત તેની સાચી પ્રવાસન ક્ષમતાને અનલોક કરી શકે છે. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, પ્રાકૃતિક સૌંદર્ય અને સુધારણા માળખા સાથે, ભારત વૈશ્વિક પર્યટન સ્થળ તરીકે અગ્રણી બનવાની ક્ષમતા ધરાવે છે. જો કે, આ ધ્યેય હાંસલ કરવા માટે સરકાર, પ્રવાસન ઉદ્યોગના હિતધારકો અને સ્થાનિક સમુદાયો તરફથી સતત પ્રયત્નોની જરૂર છે. પ્રવાસીઓ અને સ્થાનિક સમુદાયો બંનેની જરૂરિયાતોને ધ્યાનમાં લેતા લાંબા ગાળાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે આ જૂથો વચ્ચેનો સહયોગ ભારતને ખરેખર વૈશ્વિક પ્રવાસન પાવરહાઉસમાં પરિવર્તિત કરી શકે છે અને આ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.





**જો કે, ચિત્ર સંપૂર્ણપણે રોઝી રોઝી નથી. વૈશ્વિક ફુગાવો, ખાસ કરીને ઈંધણ અને ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થવાથી સ્પર્ધાત્મકતાને અસર થઈ છે. તદુપરાંત, હવાઈ પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસી સેવા રોગચાળા પહેલાના સ્તરે સંપૂર્ણપણે પુનઃપ્રાપ્ત થઈ નથી. જ્યારે ભારતનું રેન્કિંગ સુધર્યું છે, ત્યારે તેનો એકંદર TTDI સ્કોર તેના વર્ષ ૨૦૧૯ના સ્તર કરતાં ૨.૧% ઓછો છે કે જે સતત વિકાસની જરૂરિયાતને દર્શાવે છે.**

## હૃદય પરિવર્તન



સમ્રાટ અશોકે કલિંગ પર ચઢાઈ કરી. તેમની મોટી સેના સામે કલિંગનું રાજ્ય હારી ગયુ અને તે સમયે લાખો લાશો યુધ્ધમાં ઢળી પડી. ત્યાનુ દ્રશ્ય જોઈને સમ્રાટનુ મન પીઘળી ગયુ. તેમને પોતાની ભૂલ સમજાઈ અને ખુબ જ પસ્તાવો થયો. આમ સમ્રાટનું હૃદય પરિવર્તન થયુ. આ ઈતિહાસની વાત સૌ જાણે છે. તુલસીદાસજી તેમની પત્નિ પાછળ દિવાના હતા. રત્ના એક વખતે તેમના પિયર હતા તુલસીદાસ રાત્રે ત્યાં પહોચી જાય છે. ઝાડ પર લટક્તા સાપને દોરી સમજી તેઓ રત્ના પાસે તેમના રૂમમાં પહોચે છે અને પત્નિએ તેમનું હૃદય પરિવર્તન ર્ક્યુ. રત્નાએ ક્હ્યુ- જો આટલી પ્રિત રામજી સાથેની રાખી હોય, તો ભવસાગર તરી જાશો. બસ તુલસીદાસનુ હૃદય રામજીની યાદમાં લીન થયુ. આવા ઉદાહરણો, ઈતિહાસની વાત-ક્થાઓ આપણે સાંભળી-વાંચી છે.

આજે તો વિજ્ઞાન એટલુ આગળ વધ્યુ છે કે નર-નારીના રોગી, ખરાબ હૃદયને કાઢીને તેને સ્થાને બીજું કૃત્રિમ હૃદ્ય ઓપરેશન દ્વારા આરોપિત થાય છે. પરંતુ શું વિજ્ઞાન એ હૃદયમાંથી મનુષ્યના વિકારી સંસ્કારો કાઢી તેના સ્થાને પવિત્ર મન સ્થાપિત થઈ શક્શે ખરા? જે મનુષ્યનું હૃદય બીજા પ્રતિ ધૃણા, દ્વેષ, ઈર્ષા જેવી દુર્ભાવનાથી વ્યવહાર ક્રતા હોય છે તેને દૂર ક્રી શકાય ખરા કે જેથી નવુ પવિત્ર હૃદ્ય સ્થાપિત થાય? હા. આ કાર્ય સાયન્સ ન ક્રી શકે પરંતુ સ્વયં પરમાત્મા દ્વારા પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયને માધ્યમ બનાવી ક્રાવી રહ્યા છે. આમ મનુષ્યના મન અપવા દિલમાં પરમાત્મા શિવની યાદ વસાવીને તેમનું મન પરિવર્તન અથવા હૃદ્ય પરિવર્તન ક્રી ભ્રષ્ટ, પતિત વિચારોને બદલી શ્રેષ્ઠ પાવન બનાવી રહેલ છે.




**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

જેવી રીતે કોઈ દેવ કે દેવીની મુખથી વાહ વાહ ક્રવાથી શું પતિત મનુષ્યની સદ્ગતિ થતી હશે ભલા? ના. તે માટે નિર્મળ હૃદ્ય જોઈશે. પરમાત્મા સાથેની સાચી પ્રિતની લગન જોઈશે. અને મુખમાં મહિમા જોઈશે. આજ જોઈએ છીએ કે જે હઠ્યોગીઓ છે તેઓ ક્હે છે- મન ઘણુ ચંચળ છે. મનને મારો. મનને દ્બાવો. પરંતુ તેનાથી તો મન ફરી બમણા વેગથી ઉછળે છે. તે મનને વશમાં ક્રવાની સાચી વિધિ નથી. બીજી તરફ અનેક લોકો- ખાઓ, પીઓ અને મૌજ ક્રોની વૃતિથી જીવી રહ્યા છે. તેઓને જીવનમાં કોઈ લક્ષ્ય હોતુ નથી. આથી તેઓ ક્હે છે અમે વિકારોને છોડી નથી શક્તા. કારણ કે મન ઘણુ જ ચંચળ છે જે વારંવાર વિકારો તરફ આસક્ત બને છે. આમ બન્ને પ્રકારના લોકો મનને જ દોષી બતાવે છે.

વાસ્તવમાં મન અને આત્મા કોઈ અલગ ચીજ નથી. આત્માની મુખ્ય ત્રણ શક્તિઓ છે- મન, બુધ્ધિ અને સંસ્કાર. આત્મા સંસ્કાર લઈને જન્મે છે. તેમાં ભરેલા આગલા જન્મોના સંસ્કારો અનુસાર તેમના ક્ર્મોના ભોગવવાના ફળરૂપે તેમનો જન્મ નવા સ્થાને, ક્ર્મો અનુસારના પરિવારમાં સુખ-દુખના રૂપે થાય છે. અહી, જો મનુષ્ય સ્વયં ઈચ્છે તો ખરાબ, વિકારી સંક્લ્પો છોડી શકે છે પરંતુ, કારણ કે તેમને વિકારો મીઠા લાગે છે તેથી મનને કુર્બાનીનો બક્રો બનાવી રાખેલ છે. આમ ખરાબ કામ પણ ક્રતા રહે છે અને મનને કોસતા પણ રહે છે. પરમાત્મા આપણને રાજયોગના જ્ઞાન, અભ્યાસ દ્વારા મનને વશીભૂત ક્રવાની વિધિ શીખવે છે. મનને અનુશાસિત ક્રી મનને અમન તો ન ક્રી શકાય પરંતુ મનને સુમન જરૂર ક્રી શકાય છે. મનને ખોટા વિચારોમાંથી મુક્ત ક્રવા સારી તરફ, સારા સકારાત્મક વિચારો તરફ વાળી શકાય છે. તેની વિધિ એટલે રાજયોગનો અભ્યાસ. જેને રોજના જીવનમાં અપનાવીએ.

### ભારતમાં ચૂંટણી પરિણામના એક મહિના બાદ જ

# ૪ જુલાઈએ બ્રિટનમાં સામાન્ય ચૂંટણીઃ વડાપ્રધાન ઋષિ સુનકની જાહેરાત, વડાપ્રધાન તરીકે પ્રથમ વખત મતદારોનો સામનો કરશે

લંડન,તા.૨૩

બ્રિટનમાં ૪ જુલાઈએ સામાન્ય ચૂંટણી યોજાશે. વડા પ્રધાન ઋષિ સુનકે બુધવારે રાત્રે લંડનની ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ પરથી આની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે હવે સમય આવી ગયો છે કે બ્રિટન પોતાનું ભવિષ્ય પસંદ કરે. કિંગ ચાર્લ્સ III ને ચૂંટણીની સમયરેખા વિશે જાણ કરવામાં આવ્યા બાદ ટૂંક સમયમાં સંસદનું વિસર્જન કરવામાં આવશે. ત્યાર બાદ ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે.

વડાપ્રધાન તરીકે ઋષિ સુનક પહેલીવાર ચૂંટણીમાં મતદારો સમક્ષ જશે. શાસક કન્ઝર્વેટિવ પાર્ટીએ ૨૦૨૨માં ચૂંટણી પહેલા પીએમના ચહેરાની જાહેરાત કરી ન હતી. ચૂંટણી પછી, પાર્ટીના સંસદીય જૂથે સુનકને તેના નેતા તરીકે ચૂંટ્યા. સુનકને લગભગ ૨૦૦ સાંસદોનું સમર્થન મળ્યું, ત્યારબાદ તેઓ પીએમ બન્યા.

૪૪ વર્ષીય ઋષિ સુનક બ્રિટનમાં ભારતીય મૂળના પ્રથમ વડાપ્રધાન છે. તેમણે ઓક્ટોબર ૨૦૨૨માં ચાર્જ સંભાળ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૫માં અહીં સામાન્ય ચૂંટણી યોજાવાની સંભાવના હતી. સુનક પાસે ચૂંટણીની જાહેરાત કરવા માટે ડિસેમ્બર સુધીનો સમય હતો, પરંતુ તેણે તેની જાહેરાત ૭ મહિના અગાઉ કરી દીધી હતી.



૨૦૨૨માં ફિક્સ્ડ ટર્મ ઈલેક્શન એક્ટને રદ કર્યા પછી, બ્રિટનમાં વડાપ્રધાનને ચૂંટણીની તારીખ નક્કી કરવાનો અધિકાર મળ્યો. વડાપ્રધાન તેમની પાર્ટી માટે સૌથી ફાયદાકારક સમયને ધ્યાનમાં રાખીને ચૂંટણીની તારીખ નક્કી કરે છે.

બ્રિટનમાં ચૂંટણીની પ્રક્રિયાને સમજો ભારતમાં લોકસભા અને રાજ્યસભાની જેમ બ્રિટનમાં પણ બે ગૃહો છે. આને હાઉસ ઓફ લોર્ડ્સ અને હાઉસ ઓફ કોમન્સ કહેવામાં આવે છે. વડાપ્રધાન કે સરકારની પસંદગી કરવામાં હાઉસ ઓફ લોર્ડ્સની કોઈ ભૂમિકા નથી.

હાઉસ ઓફ કોમન્સના સભ્યોને વડાપ્રધાન પસંદ કરવાનો અધિકાર છે. હાઉસ ઓફ કોમન્સના ૬૫૦ સભ્યો છે એટલે કે બ્રિટનમાં ૬૫૦ મતવિસ્તારો છે. દરેક બેઠક પરથી એક ઉમેદવાર ચૂંટણી જીતે છે અને હાઉસ ઓફ કોમન્સમાં પહોંચે છે.

સરકાર બનાવવા માટે કોઈપણ પાર્ટીએ ૩૨૬ સીટો જીતવી જરૂરી છે. જો બહુમતી ન મળે તો અનેક પક્ષો ગઠબંધન દ્વારા સરકાર બનાવી શકે છે. કન્ઝર્વેટિવ પાર્ટી બ્રિટનમાં છેલ્લા ૧૪ વર્ષથી સત્તા પર છે.

યુકેની ચૂંટણીમાં કન્ઝર્વેટિવ પાર્ટી અને લેબર પાર્ટી વચ્ચેની મુખ્ય હરીફાઈ છે. સુનક કન્ઝર્વેટિવ પાર્ટી તરફથી પીએમનો ચહેરો બની શકે છે. તેમની સામે લેબર પાર્ટીના નેતા સર કીર સ્ટારમર હશે. કીર સ્ટારર ઈંગ્લેન્ડમાં જાહેર કાર્યવાહીના ભૂતપૂર્વ ડિરેક્ટર અને એપ્રિલ ૨૦૨૦ થી લેબર પાર્ટીના નેતા છે.

ઘણા ઓપિનિયન પોલમાં લેબર પાર્ટી સુનાકની કન્ઝર્વેટિવ પાર્ટી કરતા ઘણી આગળ છે. જો કે, કન્ઝર્વેટિવ્સ અને લેબર સિવાય, સ્કોટિશ નેશનલ પાર્ટી, લિબરલ ડેમોક્રેટ્સ અને ડેમોક્રેટિક યુનિયનિસ્ટ પાર્ટી બ્રિટનમાં ત્રણ સૌથી મોટા પક્ષો છે.

## સુવિચાર

**એ કામ કરવાની જરૂર નથી**
**જેનાથી ઈશ્વર મળે પણ એ કામ જરૂર કરો**
**જેનાથી દુઆઓ મળે**
**ઈશ્વર આપો આપ મળી જશે!!**



## આજનું ચિંતન

### અધિકારનાં ક્ષેત્ર અલગ અલગ છે

**આપણને પાણી આપવાનું કામ ભલે વાદળ કરે છે, પણ એ પાણીનું શું કરવું ? વાપરવું કે વેડફી નાખવું ? સદુપયોગ કરવો કે દુરૂપયોગ કરવો ? એ જેમ આપણે જ નકકી કરવાનું હોય છે તેમ કર્મસતા આપણને સંયોગ- સામગ્રી-સતા-સૌંદર્ય કે સ્વાસ્થ્ય આપવાનું કામ ભલે કરે છે પણ કર્મસતા તરફથી મળતા એ તમામ પરિબળોની આત્મહિતના માર્ગે સદુપયોગ કરવો કે આત્મ-અહિતના રસ્તે દુરૂપયોગ કરવો એ તો આપણે જ નકકી કરવાનું છે.**

**ટુંકમાં**

**આપણને શું આપવું ? એ અધિકાર ભલે કર્મસતાએ પોતાના હાથમાં રાખ્યો છે, પણ 'મળેલા'નું શું કરવું ? આપણને મળેલા એ અધિકારમાં કર્મસતાનો કોઈ જ હસ્તક્ષેપ નથી.**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ વદ-૧, તા.૨૪/૫/૨૪, શુક્રવાર

સૂર્યોદય : ૬-૦૬, સૂર્યાસ્ત : ૭-૨૧, જૈન નવકારશી : ૬.૫૪
રાશિ : વૃષભ (બ.વ.ઉ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** અનુકુળતાભર્યો સમય રહેવાનો, માન પ્રતિષ્ઠામાં વધારો થાય, સટાકીય રીતે જાળવવું, દરિયાઈ જગ્યાએથી લાભ.
**વૃષભ :** રહસ્યમય વિદ્યાઓ તરફનું આકર્ષણ વધવાનું, પ્રેમ સંબંધોમાં આવતા અવરોધો દુર થવાના, પ્રોપર્ટીથી લાભ.
**મિથુન :** પ્રોફેશનલ કાર્યને લઈને મુસાફરીનું આયોજન થાય, પરિવારના પ્રશ્નો ઉપર ધ્યાન દેવું જરૂરી રહે.
**કર્ક :** વિવાહીત લગ્ન જીવનમાં ગેરસમજોથી દુર રહેજો, નોકરીમાં કૌશલ્ય બતાવવાની તક મળવાની.
**સિંહ :** લાગણીઓ ઉપર સંયમ રાખવાની જરૂર રહે છે, દસ્તાવેજોના કાર્યમાં કોઈ ઉતાવળ ન કરવી.
**કન્યા :** ચારેબાજુથી સારા સમાચાર મળશે, ગુસ્સા પર કાબુ આવશે ટુંકા પ્રવાસની ઈચ્છા ફળવાની.
**તુલા :** હાલમાં નવી નોકરીની શરૂઆત અથવા નવા ધંધાની શરૂઆત કરવામાં આર્થિક બાબતમાં થોડી ખેંચતાણ થઈ શકે છે.
**વૃશ્ચિક :** આપના પંચમ સ્થાન પર શુક્રની સીધી દ્રષ્ટિ છે. ચંદ્ર પણ આ સ્થાનમાં રહેવાથી તમારા દિલ પર રોમેન્ટીક વિચારનું રાજ હશે.
**ધન :** પ્રારંભિક સુખાકારી ભોગવ્યા બાદ સપ્તાહના અંતમાં સ્વાસ્થ્ય બગડે, ગેરસમજથી સબંધમાં ભંગાણનું કારણ બને.
**મકર :** શકિત અને સ્ફુર્તિનું સ્તર ગજબ હોવાથી કામ કરવામાં કયાંય પાછા પડશો નહીં, મુસાફરી થાય.
**કુંભ :** પરિવારના સભ્યો તથા મિત્રો પ્રોફેશનલ મોરચે પણ સારો સાથ આપશે, જેથી તમે પ્રગતિ કરી શકશો.
**મીન :** સરળતાથી નકારાત્મક વિચારોને દુર કરી તમારી આસપાસ પોઝીટીવ ઉર્જા ઉભી કરી શકશો, તમારો સમય સારો છે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. સારાભાઈ પરિવારના નૃત્યાંગના-અભિનેત્રી (૭)
૪. નાઈટ (૨)
૬. એકધારૂ (૩)
૭. ગુજરાતી સ્વીટ (૫)
૮. સો ... લાખ, કરોડ (૩)
૯. સંપટનો એક ઉચ્ચાર (૩)
૧૧. એક આકાર (૩)
૧૩. આડી ચાવી નં. ચાર મુજબ (૨)
૧૪. દેણુ થઈ ગયું હોય તે (૪)
૧૫. લોહી નીકળતું (૫)
૧૬. ફૈબાના ફાધર (૨)
૧૭. હમ દિલ દે ચુકે સનમના સંગીતકાર (૮)
૨૧. ...ગયા લિસોટા રહ્યા (૨)
૨૨. ખળભળાટ-હિન્દી (૪)
૨૩. કૌન બનેગા ? (૫)

### ઉભી ચાવી

૧. 'આ ગલે લગ જા' ફિલ્મના ડિરેક્ટર (૮)
૨. ભારતનું એક શહેર (૪)
૩. ગુજરાતનું એક શહેર (૫)
૪. મધ ... (૨)
૫. એક જ અક્ષર આવશે (૬)
૧૦. હારેલો (૪)
૧૧. ફિલ્મ : ... મચાયે શોર (૨)
૧૨. વલ્લભભાઈ પટેલનું વિશેષણ (૪)
૧૬. મુંબઈનું એક પરૂ (૩)
૧૮. ફોટોગ્રાફર કહે : ... પ્લીઝ (૩)
૧૯. એક અનાજ (૩)
૨૦. સ્થાવર-જંગમ મિલ્કત (૩)
૨૧. ...ને ઘેર પરોણો ... (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુ | જ | રા | ત | ટા | ઈ | ટ | ન્સ | | બા |
| | | પ | | ચ | | કક | | પ | ગ |
| હા | જ | ર | | ર | બ | ર | સ્ટે | મ્પ | |
| થ | ડ | | પા | | | | શ | | ક |
| મુ | | મ | નો | ર | મ | | ન | ઝ | મ |
| ચ | લ | ણ | | | શ | બ | રી | મા | લા |
| ર | | | બે | ડ | લ | ક | | ના | |
| કા | ર | | ન | | | વા | દ | | મ |
| | મૂ | ન | મૂ | ન | | સ | ર | બ | ત |
| જ | જ | | ન | વ | લ | | ફ | | ર |

# ઇમ્પેક્ટ કાયદા હેઠળ નામંજૂર બાંધકામો પર તૂટી પડવા અમદાવાદ કોર્પો.નો નિર્ણય-રાજકોટમાં શું થશે?

## ત્રીજી વખત આવેલી યોજનામાં ૯૩૭૦ અરજીમાંથી ૩૩૮૦ મંજૂર : ૬૬૬૫ની ચકાસણી ચાલુ : ક્યારેય માન્ય ન થઇ શકે તેવા એક હજારથી વધુ બાંધકામો હજુ અડીખમ: કોમર્શિયલ બાંધકામોનું લીસ્ટ બનશે!

રાજકોટ, તા. ૨૩

રાજય સરકારે ત્રીજી વખત જાહેર કરેલી અને હાલ અમલમાં રહેલી અનઅધિકૃત બાંધકામો કાયદેસર કરતી ઇમ્પેક્ટ ફી યોજનાની મુદ્દત ૧૫ જુનના રોજ પૂરી થવાની છે ત્યારે આ વર્ષે પણ અત્યાર સુધીમાં રાજકોટમાં કુલ આવેલ અરજીમાંથી ત્રીજા ભાગની અરજી માન્ય રહી છે. તો સાડા છ હજારથી વધુ અરજી ચકાસણીમાં છે. આ સંજોગોમાં અમાન્ય ઠરેલી અરજી નિયમ હેઠળ સંપૂર્ણ ગેરકાયદે બાંધકામ સમાન હોય, તેની સામે શું કાર્યવાહી થશે તે સવાલ યથાવત રહ્યો છે. આ સંજોગોમાં અમદાવાદ મહાપાલિકાએ નામંજૂર અરજીવાળા બાંધકામને સંપૂર્ણપણે તોડવા લાયક ગણીને તુરંત કાર્યવાહી કરવા આદેશ છોડયો છે.

અમદાવાદ મ્યુનિ. કમિશ્નર એસ.થેન્નારસને આ કામગીરીની સમીક્ષા કરી હતી. ગત તા. ૧-૧૦-૨૨થી ઇમ્પેક્ટ ફી યોજના ત્રીજી વખત રાજય સરકારે અમલમાં મુકી હતી. સૌપ્રથમ વખત આ સ્કીમ સૂચિત જેવા રહેણાંક બાંધકામો અને સોસાયટીને લાભ આપવાના હેતુથી ૨૦૧૧માં જાહેર કરવામાં આવી હતી. પરંતુ સ્કીમ સફળ થઇ ન હતી. છેલ્લે જાહેર થયેલી સ્કીમમાં પાર્કિંગ સહિતના આકરા નિયમો આવતા આ યોજનાની સફળતા સામે સવાલો થયા હતા અને સરકારમાં રજુઆતો થઇ હતી. પરંતુ આવા કેસ, સરકારી જમીનમાં દબાણ સહિતની બાબતમાં કોઇ છુટછાટ ન આપવા મન મકકમ રાખવામાં આવ્યું છે.

દરમ્યાન અમદાવાદ કમિશ્નરે એવી સૂચના આપી છે કે જે અરજીઓ માન્ય રાખવામાં આવી છે તેનો ઝડપથી નિકાલ કરવો જોઇએ. જે અરજી નામંજૂર થઇ છે તેવા બાંધકામને નોટીસ આપી આગળની કડક કાર્યવાહી કરવામાં આવે. તેમાં પણ કોમર્શિયલ પ્રકારના બાંધકામોનું લીસ્ટ બનાવવા તાકીદ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરની વાત કરીએ તો ત્રણે ઝોનમાં ઓનલાઇન સ્ટેટસની વાત કરીએ તો સેન્ટ્રલમાં ૧૩૦૨, વેસ્ટમાં ૧૯૨૫ અને ઇસ્ટમાં આવેલી ૫૮૬ અરજી પૈકી અનુક્રમે ૫૮૯, ૭૫૬ અને ૨૧૧ મળી ૧૫૫૬ અરજી માન્ય કરવામાં આવી છે. ૬૩ અરજી નામંજુર કરવામાં આવી છે. ઓફલાઇન કાર્યવાહી પર નજર કરીએ તો સેન્ટ્રલમાં ૧૫૯૧, વેસ્ટમાં ૨૬૮૬, ઇસ્ટમાં ૧૨૮૦ મળી ૫૫૫૭ અરજી આવતા અનુક્રમે ૫૮૮, ૮૭૧, ૩૬૫ મળી ૧૮૨૪ અરજી મંજુર થઇ છે. ઓનલાઇનમાં ૩૦૪૮ અને ઓફલાઇનમાં ૩૬૧૭ મળી ૬૬૫૬ અરજી ચકાસણીની કક્ષાએ છે.

આમ એકંદરે જોઇએ તો કુલ ૯૩૭૦ અરજીમાંથી ૩૩૮૦ અરજી મંજૂર થઇ છે. ઓફલાઇનમાં ૯૭૨ અને ઓનલાઇનમાં ૬૩ મળી ૧૦૩૫ અરજી નામંજૂર કરવામાં આવી છે. એટલે કે આ



બાંધકામ કોઇ પણ સંજોગોમાં કાયદેસર થઇ શકે તેવા નથી. નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું નથી. ભવિષ્યમાં આ સ્ટેટસમાં તો બાંધકામ મંજૂર થઇ શકે તેમ નથી. હવે અમદાવાદમાં આવા અમાન્ય અને નામંજૂર થયેલા બાંધકામ સામે કાર્યવાહી કરવા કમિશ્નરે હુકમ કરી દીધો છે તો બીજી તરફ રાજકોટ મહાનગરમાં આવા બાંધકામ સામે કયારે અને શું કાર્યવાહી કરવામાં આવશે તે મોટો પ્રશ્ન છે. આ સ્કીમ સમયાંતરે આવતી રહી છે ત્યારે આવા બાંધકામો ફરી અરજીના સ્વરૂપમાં મુકવામાં આવે છે. આથી આવા બાંધકામો સામે રાજકોટમાં કઇ રીતે પગલા લેવામાં આવશે તે સમય કહેશે. જોકે અમદાવાદ હોય કે રાજકોટ, નિયમ મુજબ કાર્યવાહી સરકારના માર્ગદર્શનમાં કરવાની હોય, રાજકોટમાં પણ આવા બાંધકામો સામે પગલા લેવામાં આવશે તેમ માનવામાં આવે છે.

## કોર્પો.એ અરજી મંજૂર કરી-કોર્ટે રદ્દ કરી : લપડાકનો સૌથી મોટો કેસ

### પટેલ વાડીના કિસ્સામાં જગ્યા ખાલી કરાવવા માર્ગદર્શન છતાં વિલંબ : હાઇકોર્ટનો ચૂકાદો વારસદાર તરફે : ઇમ્પેકટ ફી લઇને તંત્ર ફસાઇ ગયું

રાજકોટ, તા. ૨૩

ઇમ્પેકટ ફી યોજના હેઠળ મહાપાલિકાએ બાંધકામ માન્ય કરીને ફી સ્વીકારી લીધી હોય અને હાઇકોર્ટ અને રાજય સરકારમાંથી આ કેસ રદ્દ કરવાનો હુકમ આવ્યો હોય, તેવો ગુજરાતનો પહેલો કિસ્સો રાજકોટમાં બન્યો હતો તે ઉલ્લેખનીય છે. આ કેસ કલીયર કરવા સરકારની સૂચના છતાં હજુ તેમાં કોઇ ફેરફાર થતો ન હોય, અરજદાર સતત ટીપી શાખામાં અરજી કર્યે રાખે છે.

વાત વોર્ડ નં.૧૪ની છે. ભકિતનગર સર્કલથી આગળ પટેલવાડી આવેલી છે. આ પટેલવાડી ૩૫૦-૩૫૦ વારના બે પ્લોટમાં છે. એક પ્લોટ દાનમાં મળ્યો તેનો દસ્તાવેજ સમાજના નામે કરી દેવામાં આવ્યો છે. બીજા ૩૫૦ વારના પ્લોટના દાતા દસ્તાવેજ કરી આપે તે પૂર્વે તેઓનું અવસાન થયું હતું. જોકે વાડીનું બાંધકામ થઇ ગયું હતું. આ વાડીનો ઉપયોગ પણ ખુબ સારો છે. પરંતુ હવે જે દસ્તાવેજ થઇ શકયો નથી તેમના વારસદાર પરેશભાઇ અને પંકજભાઇ ખુંટ દ્વારા ૨૦૧૧માં મંજૂર કરાયેલી ઇમ્પેકટની અરજીને પડકારવામાં આવી છે.

મનપાએ આ બાંધકામ રેગ્યુલર કરી દીધુ હતું. પરંતુ માલિકીનો આધાર અરજદાર પાસે હોય તેઓ હાઇકોર્ટ સુધી લડયા હતા. સરકારે પણ આ જગ્યા ખાલી કરાવીને પાર્ટીને સોંપવા અભિપ્રાય આપ્યો છે. આવા પહેલા કેસથી મનપા કફોડી હાલતમાં મુકાયેલી છે. ચુકાદાના આધારે પાર્ટી સતત જગ્યા ખાલી કરી આપવા રજુઆતો કરે છે. પરંતુ આ કેસનો નિવેડો આવતો ન હોય, સરકાર કક્ષાએ પણ આ કેસ ચર્ચાસ્પદ બન્યો હતો અને હજુ મનપાની ટીપી શાખામાં ગાજે છે.

# મનપાના પ્લોટમાં સરદાર પટેલનું સ્ટેચ્યુ મૂકીને અનાવરણ કરી દેવાયું : તંત્ર અજાણ : રાજકીય વિવાદ

## વોર્ડ નં.૮ના નાના મવા રોડના ગાર્ડનમાં માત્ર ડો.ભરત બોઘરાના નામની તકતી લાગતા છ મહિને પડઘા પડયા! : તાત્કાલીક તકતી કાઢવા કોંગી નેતા મહેશ રાજપૂતની કમિશ્નરને ફરિયાદ

રાજકોટ, તા. ૨૩

વેસ્ટ ઝોનમાં વોર્ડ નં.૮માં બીગબજાર પાછળ આવેલ નાના મવા રોડના એક ગાર્ડનમાં થોડા સમય પહેલા સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા મૂકીને અનાવરણ કરવાના મામલે મોટો વિવાદ ઉભો થઇ ગયો છે. ભાજપના પ્રદેશ ઉપપ્રમુખ ડો.ભરતભાઇ બોઘરાના હસ્તે અનાવરણ કરાયાની તકતી મૂકાઇ હોય, કોર્પો.ની માલિકીના પ્લોટમાં કોની મંજૂરીથી પોતાના નામની તકતી ભાજપ નેતાએ મૂકી તેઓ સવાલ પ્રદેશ કોંગ્રેસ નેતા ડો.મહેશ રાજપૂતે ઉઠાવ્યો છે.

આજે કોંગી નેતાએ મ્યુનિ. કમિશ્નરને ઓનલાઇન ફરિયાદ અરજી આપી છે. સાથે જ ડો.બોઘરાના નામ સાથેની તકતી હટાવી લેવા પણ માંગણી કરી છે. તો આ અગાઉ વિવાદમાં આવેલા પ્લોટમાં ગાર્ડન ડેવલપમેન્ટ, પ્રતિમા મૂકવા, તેના અનાવરણના કાર્યક્રમ સહિતના પ્રસંગોમાં કોર્પો. અજાણ હોય તેવી સ્થિતિ સ્થળ પર દેખાતા કોર્પો.ની ભૂમિકા સામે પણ સવાલ ઉભા થઇ ગયા છે. જેના પડઘા છ મહિના બાદ પડતા અનેક ચર્ચાઓ જાગી છે. સાથે






જ સરદાર બાગ નામ કઇ રીતે અપાયું તેનો સવાલ પણ ઉઠયો છે.

આજે કોંગ્રેસ દ્વારા કમિશ્નરને કરવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું છે કે વોર્ડ નં.૮માં નાના મવા રોડ ટચ સરદાર બાગ નામનો બગીચો આવેલો છે. મુળ આ પ્લોટ એસઇડબલ્યુએસ હેતુની આવાસ યોજનાનો છે. જેમાં ફેરફાર કરીને ગાર્ડન માટે જગ્યા રાખવા ઠરાવ કરાયો હતો. હવે આ પોશ એરીયામાં બનાવવામાં આવેલા સરદાર બાગમાં સરદાર વલ્લભભાઇ પટેલના સ્ટેચ્યુનું તા.૩૧-૧૦-૨૩ના રોજ અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સ્ટેચ્યુ હેઠળ અનાવરણ કરનાર તરીકે પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો.ભરતભાઇ બોઘરાના નામની તકતી મુકવામાં આવી છે.

મહેશ રાજપૂતે સવાલ ઉઠાવ્યો છે કે આ રીતે કોર્પો.ના પ્લોટમાં મુકવામાં આવેલી તકતીમાં વ્યકિતગત નામ લખવામાં આવ્યું છે. જો કોર્પોરેશને આ અનાવરણ કરાવ્યું હોય તો મેયર અને કોર્પોરેશનના નામનો પણ ઉલ્લેખ હોવો જોઇએ. આ ઉલ્લેખ નથી તો કોની મંજૂરીથી ભાજપ નેતાના નામ સાથે તકતી મુકવામાં આવી છે. ભાજપ નેતાની આવી કેવી હિંમત કે પોતાનું નામ લખી નાખ્યું છે ? આ અંગે મેયર અને કમિશ્નરે જવાબ આપવો જોઇએ.

વધુમાં કોંગી આગેવાને સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ મુકવા બદલ અભિનંદન આપ્યા છે પરંતુ ભાજપ નેતાએ પોતાનું નામ મૂકી દેતા તે તુરંત હટાવવા માંગણી પણ કરી છે. આ પ્રકરણમાં મોટો રાજકીય વિવાદ ઉભો થયો છે. કારણ કે કોર્પો.ની જગ્યામાં ભાજપ નેતાના નામની તકતી આવી છે.

## લોકોએ ગાર્ડન ડેવલપ કર્યો છે, આમંત્રણ મળતા પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું : ડો.ભરત બોઘરા

### બગીચો વિકસાવવા માટે લોકોએ જાતે ખર્ચ કર્યો છે–કોઇ ગ્રાન્ટ લીધી નથી

રાજકોટ, તા. ૨૩

નાના મવા રોડના સરદાર બાગમાં સરદાર પટેલની પ્રતિમાના અનાવરણમાં ડો.ભરત બોઘરાનું નામ મુકવામાં આવતા ઉભા થયેલા વિવાદ વચ્ચે આ કોઇ સરકારી કાર્યક્રમ ન હતો તેવી સ્પષ્ટતા તેઓએ કરી છે.

પ્રદેશ ભાજપ ઉપપ્રમુખે આ અંગે જણાવ્યું હતું કે આ ગાર્ડન લોકોએ ડેવલપ કર્યો છે. સરકારી તંત્ર પાસે કોઇ ભંડોળ લીધુ નથી અને કોર્પો.એ કોઇ ખર્ચ પણ કર્યો નથી. આ બગીચામાં લોકોએ જાતે ડેવલપેન્ટ કરી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા મુકી હતી. ૩૧ ઓકટોબરે પ્રતિમાના અનાવરણ માટે તેમને લોકોએ નિમંત્રણ આપ્યું હતું. આથી તેઓએ પ્રતિમા ખુલ્લી મુકી હતી. આમ મનપાના પ્લોટમાં લોકોએ ગાર્ડન વિકસાવી પ્રતિમા મૂકી છે. કોર્પો.ના પ્લોટમાં આ અનાવરણ લોકોના આમંત્રણથી કર્યાનું તેઓએ સ્વીકાર્યુ હતું.

# સતત ત્રીજા દિવસે પારો ૪૩ ડિગ્રીને પાર: લૂં વર્ષા

## બપોરે આકરા તાપમાં બહાર નીકળવું મુશ્કેલ: રાજમાર્ગો સુમસામ: ૩૦ કિ.મીની ઝડપે ગરમ પવન ફુંકાયો




રાજકોટ,તા.૨૩

સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ સાથે રાજકોટમાં તાપમાનનો પારો ઉંચો ચડતા જનજીવન અને પશુપંખીઓ અસર જોવા મળી રહી છે. રાજકોટમાં આજે સતત ત્રીજા દિવસે તાપમાનનો પાટો ૪૩ ડિગ્રીને પાર જતા આકરા તાપથી જનજીવન આકુળ વ્યાકુળ બન્યુ હતું.રાજકોટમાં આજે વહેલી સવારથી મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રીએ રહ્યા બાદ બપોરે મહત્તમ તાપમાનનો પારો ૪૩.૪ ડિગ્રીએ પહોંચતા આકરા તાપથી લોકોને બહાર નીકળવું મુશ્કેલ બન્યુ હતું.આકાશમાંથી અગન વર્ષા સાથે ૩૦ કિ.મી.ની ઝડપે ગરમ પવન ફુંકાતા લૂં ના લીધે બહાર નીકળતા લોકો માથે ટોપી-ચશ્મા અને મોઢે રૂમાલ બાંધી પસાર થતા જોવા મળતા હતાં.રાજકોટમાં ચાલુ સપ્તાહમાં સોમવારે ૪૧.૮ મંગળવારે ૪૩.૨, બુધવારે ૪૩.૬ અને આજે ૪૩.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

ગરમ પવન ફુંકાતા લોકો ગરમીથી બચવા, આઈસ્કીમ, ઠંડાપીણા, સરબત, શેરડીનો રસ, તરબુચનું સેવન વધુ માત્રામાં લેવાનું શરૂ કર્યુ હતું.ગરમીથી બચવા એ.સી.એરકુલર, પંખાનો સહારો લેવા સાથે લોકો મોટા ભાગે છાયડામાં ઉભા રહેવાનું પસંદ કરે છે. ઠંડાપીણા સાથે શેરડીના રસની માંગ વધી છે. બપોરે રાજમાર્ગો સુમસામ લાગતા હતાં.

# એઇમ્સને મળ્યું પ્રથમ દેહદાન



## જમનાબેન વાઘાજીભાઈ રાજપરાના પરિવાર દ્વારા દેહદાન અપાયું

### આ દાન વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે અમૂલ્યઃ ડાયરેક્ટર પ્રો. ડો. (કોનલ) સીડીએસ કટોચ

રાજકોટ:તા ૨૩

તબીબી શિક્ષણ અને સંશોધન માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપે, AIIMS રાજકોટને ૨૨મી મે, ૨૦૨૪ ના રોજ તેનું પ્રથમ શરીરનું દાન મળ્યું છે. ભાવનગર જિલ્લાના ધાસા ગામના સ્વ. જમનાબેન વાઘાજીભાઈ રાજપરાના પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. સંસ્થા માટે એક મુખ્ય ક્ષણ, શરીરરચના અભ્યાસમાં તેની ક્ષમતાઓને વધારવી અને આરોગ્યસંભાળ સંશોધનને આગળ ધપાવી છે.

AIIMS રાજકોટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પ્રો. ડો. (કોનલ) સીડીએસ કટોચ, રાજપરા પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવે છે કે, "આ દાન અમારા વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે અમૂલ્ય છે. તે અમને શીખવા માટેના અનુભવો પ્રદાન કરવાની મંજૂરી આપે છે. તબીબી શિક્ષણ માટે મહત્વપૂર્ણ છે. અંગદાન ફાઉન્ડેશન તરફથી કર્નલ વ્યાસ, ડો. પ્રકાશ મોઢા, ભાવનાબેન અને ભાવેશભાઈના અંગદાનની પ્રક્રિયામાં મદદ કરવા બદલ અમે તેમના આભારી છીએ.

શરીર દાનનો આ સીમાચિહ્નરૂપ ડો. સિમ્મી મહેરા, પ્રોફેસર અને હેડ, એનાટોમી વિભાગના સતત પ્રયાસોનું પરિણામ છે. ડો. રોહીન ગર્ગ, ડો. સંદિપ ચારમોડે અને એનાટોમી વિભાગના ડો. લલિત રતનપરા દ્વારા દાનમાં આપવામાં આવેલ બોડી પ્રાપ્ત થઈ હતી અને જેનો ઉપયોગ એઇમ્સ, રાજકોટના અધ્યાપકો અને તબીબી વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ અને સંશોધન હેતુ માટે કરવામાં આવશે. માનવ શરીરની જટિલતાઓને સમજવા અને વિવિધ તબીબી પરિસ્થિતિઓના નિદાન અને સારવાર માટે જરૂરી કુશળતા વિકસાવવા માટે આ વ્યવહારુ અનુભવ જરૂરી છે.

શરીર દાન એક નિઃસ્વાર્થ કાર્ય છે જે તબીબી વિજ્ઞાન અને શિક્ષણને અપાર લાભ પ્રદાન કરે છે. તે તબીબી વિદ્યાર્થીઓ માટે માનવ શરીરરચના વિશે એવી રીતે શીખવાની અનન્ય તક આપે છે કે જે પાઠ્યપુસ્તકો અથવા સિમ્યુલેશન દ્વારા નકલ કરી શકાતી નથી. વિચ્છેદન અને અભ્યાસ દ્વારા, વિદ્યાર્થીઓ માનવ શરીરની રચનાની ઊંડી સમજ મેળવે છે, જે સક્ષમ આરોગ્યસંભાળ વ્યાવસાયિકો તરીકે તેમના વિકાસ માટે નિર્ણાયક છે.

# યાજ્ઞિક રોડ, જંકશન, ચૌધરી હાઇસ્કુલ રોડ પરથી દબાણો ઉપાડવા ઝુંબેશ

## આજે પણ મનપા અને ટ્રાફિક પોલીસની સંયુકત ડ્રાઇવ : ૫૭ બોર્ડ, દુકાનો બહારના ૨૬ ખુરશી–ટેબલ જપ્ત : ત્રિકોણ બાગ સહિતના વિસ્તારમાં ટીમો ફરી

રાજકોટ, તા. ૨૩

શહેરના મુખ્ય રાજમાર્ગોને દબાણ મુકત કરવાની ઝુંબેશ ગઇકાલે ૧૫૦ ફુટ રોડ પરથી શરૂ કરવામાં આવી છે ત્યારે આજે ત્રિકોણબાગ, યાજ્ઞિક રોડ, ચૌધરી હાઇસ્કુલ રોડ, રેલ્વે જંકશન રોડ પર દુકાનો બહારના, ફૂટપાથ પરના દબાણો હટાવાયા હતા. ૫૭ બોર્ડ-બેનર ઉપરાંત ૨૬ જેટલા ટેબલ, ખુરશી, બાંકડા જેવા દબાણ પણ મનપાએ ઉપાડી લીધા હતા.

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા અને સોલીડ વેસ્ટ શાખા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર અનધિકૃત કરાયેલા દબાણો દુર કરવા માટે વિવિધ ટીમ બનાવીને ઝુંબેશના રૂપમાં કામગીરી શરૂ કરાઇ છે. આજે ત્રિકોણ બાગથી જિલ્લા પંચાયત ચોક અને ત્રિકોણ બાગથી જવાહર રોડ ખાતે બે ટીમ દ્વારા દબાણ હટાવ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમ્યાન સિટી પોલીસ અને ટ્રાફિક પોલીસ પણ સાથે રહી હતી. મનપાની ટીમો દ્વારા દ્વારા ત્રિકોણ બાગ,






રામકૃષ્ણનગર મેઈન રોડ, રેલ્વ જંકશન રોડ, વિવેકાનંદ ચોક, ડો.યાજ્ઞીક રોડ, બહુમાળી ભવન, ચૌધારી હાઈસ્કુલ, ભાવેશ મેડીકલ પાસે અને સિંધીયા ગેટ વિગેરે વિસ્તારમાંથી કુલ ૫૭ બોર્ડ, બેનરો અને ૨૬ પરચુરણ સામગ્રી દુર કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશ કોર્પો.,સિટી પોલીસ તેમજ ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે ચલાવવામાં આવી રહી છે.









તસ્વીર: દેવેન અમરેલીયા

# ગરમીનો પ્રકોપઃ બજારમાં ૧૧ થી ૫ સન્નાટોઃ ૩૦ ટકા જ વેપાર

## વેકેશન અને ભીષણ ગરમીના કારણે છેલ્લા ૧૦ દિવસથી બજારોમાં વેપાર ધંધાનો મોટી અસર

રાજકોટ,તા.૨૩

છેલ્લા એક સપ્તાહથી ગુજરાત ભરમાં ભીષણ ગરમી પડી રહી છે. જેના કારણે લોકો ત્રસ્ત બન્યા છે. આગામીથી બચવા લોકો બહાર જવાનું ટાળે છે. અને ઠંડાપીણાનું સેવન કરી રહ્યા છે. ગરમીની મોટી અસર બજારના વેપાર ધંધા પર પડી છે. વેપાર ધંધા ઠપ્પ થયા હોવાનું જણાય રહ્યું છે. વેપારીઓ પણ ધરાકીઓછી થતા સુંઝવણ માં મુકાયો છે.સુર્યદેવતા જાણે પ્રકોપ બની વરસી રહ્યા હોય તેમ ભીષણ ગરમી પડી રહી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ગરમીનો પારો ૪૫ ડિગ્રીને આંબી ગયો છે. આકરી ગરમીના કારણે લોકોને ડીહાઈડ્રેઝન થઈ રહ્યું છે.ડોકટરો પણ તડકામાં બહાર ન જવાની સલાહ આપે છે. લોકો સવારના સમયે બહાર જવાનું ટાળે છે. ૧૧ વાગ્યા બાદ આકરી ગરમી પડવાનું શરૂ થઈ જાય છે. આથી ૧૧ થી ૫ બજારમાં સન્નાટો છવાય છે.૬ વાગ્યા બાદ તડકો આથમતા લોકો બહાર ખરીદી માટે નિકળે છે. ત્યારે બજારનાં

વેપારીઓનું કહેવું છે કે ગરમીના કારણે વેપાર ધંધા પર મોટી અસર પડી છે. સવારે ૧૦ વાગ્યે દુકાન ખોલવામાં આવે છે. પરંતુ ૧૧ વાગ્યા બાદ કોઈ ધરાક બજારમાં ખરીદી માટે આવતુ નથી આથી એક કલાકમાં નહીવત ધંધો થાય છે.અને ૧૧ થી ૬ વાગ્યા સુધીમાં તો બજારોમાં સન્નાટો છવાયેલો હોય છે. આથી ૬ વાગ્યા બાદ લોકો ખરીદી માટે આવે છે.હાલ બજારમાં ૫૦ ટકા જ ઘરાકી છે. હીટવેવની અસર ધંધાપર જોવા મળી રહી છે. છેલ્લા ૧૦ દિવસની બજારમાં ઘરાકીની આ જ હાલત છે. સાંજે પણ ૬ થી ૮ દરમ્યાન ખરીદી થાય છે. આ વર્ષે લગ્ન સિઝન પણ ઓછે અને ધાર્મિક તહેવારો પણ આ મહિનામાં ન હોવાથી ખરીદી નહીવત થઈ રહી છે. વેપારીક્રિપાલ ભાઈ કુંદનાણી જણાવેલ છે કે ૧૧ થી ૬ ઘરાકી એક દમ સ્ટોપ થઈ જાય છે.હાલ બજારમાં ૭૦ ટકા મંદી છે. આ વર્ષે મેરેજ સીઝલ પણ ઓછી હોવાથી અને આકરા તાપના કારણે આ અસર મોટો પ્રમાણમાં જોવા મળી રહી છે. અને આગામી મહિનામાં પણ આજ અસર જોવા મળશે આગામી માસમાં વરસાદની પણ આગાહી છે આથી વરસાદ સમયે પણ ઘરાકી ઘટી જાય છે. હાલમાત્ર ૩૦ ટકા વેપાર છે.

# ફતેપરમાં અશ્વિન ગજેરાના મોત મામલે ચાર સામે હત્યાનો ગુનો દાખલ

**મૃતકના માતાએ આરોપી ફતેપરના અશોક બાળા, વણપરીના ભરત બાળા અને અજાણ્યા બે શખ્સ સામે ફરિયાદ નોંધાવી | ગામની જ એક મહિલા સામુ જોતો હોવાની શંકાએ માર મારી પોલીસ ફરિયાદ કરીશ તો તને અને તારી માતાને જાનથી મારી નાખીશું તેવી આરોપીઓએ ધમકી આપી હતી**



રાજકોટ, તા.૨૩

પડધરીના ફતેપરમાં અશ્વિન ગજેરાના મોત મામલે ચાર આરોપી સામે હત્યાનો ગુનો દાખલ થયો છે. મૃતકના માતાએ આરોપી ફતેપરના અશોક બાળા, વણપરીના ભરત બાળા અને અજાણ્યા બે શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. ગામની જ એક મહિલા સામુ મૃતક જોતો હોવાની શંકાએ માર મારી પોલીસ ફરિયાદ કરીશ તો તને અને તારી માતાને જાનથી મારી નાખીશું તેવી આરોપીઓએ ધમકી આપી હતી. જેથી માર માર્યાના બનાવ બાદ મૃતકે ફરિયાદ નોંધાવી નહોતી.

મૃતકના માતા રમાબેન પરસોત્તમભાઈ ગજેરા (ઉ.વ.૬૦, રહે ફતેપર)એ ફરિયાદમાં જણાવ્યું કે, મારા પતિનું આશરે ૩૪ વર્ષ પહેલા અવસાન થયેલ, મારે સંતાનમા બે દિકરી તથા એક દિકરો છે જેમાં સૌથી મોટો દીકરો અશ્વીન છે. અશ્વિનના લગ્ન આશરે ૧૬ વર્ષ પહેલા માધાપર ગામે રમેશભાઈ વેકરીયાની દીકરી સાથે કરેલ હતા અને લગ્નના છ મહીના બાદ તેના છુટાછેડા થઈ ગયેલ હતા બાદ મારી દીકરી જ્યોતીબેન જે હાલ રાજકોટ ખાતે સાસરે છે. નાની દીકરી ભવિષા જે ધ્રોલના માણેકપર ખાતે સાસરે છે. ગઈ તા.૧૮/૫/૨૦૨૪ ના રોજ મારો દીકરો અશ્વીન રાત્રીના આઠેક વાગ્યે ઘરે જમીને ખારાવાડી તરીકે ઓળખાતી વાડીએ તેનું બાઈક લઈને ગયેલ હતો. રાત્રીના પોણા બેક વાગ્યાના અરસામાં ઘરે પરત આવેલ અને તે અસહ્ય પીડામાં પીડાતો હતો અને તેને ઘણી જગ્યાએ શરીરે સોજી ગયેલ હતું. મેં તેને આ સોજેલ અને વાગેલ નિશાન બાબતે પુછતા તેને જણાવેલ કે, હું વાડીએ ગયેલ ત્યારે રાત્રીના ૧૧ વાગ્યાની આસપાસ આપણી વાડીએ આપણા ગામના અશોકભાઈ છગનભાઈ બાળા તથા વણપરી ગામના ભરતભાઈ બાળા તથા અન્ય બે અજાણ્યા લોકો ત્યાં કાર લઈને આવેલ. ચારેય લોકોએ મને લાકડાના ધોકાથી મારવા લાગેલ અને ઢીકાપાટુનો પણ માર મારેલ જેના કારણે પગની ટાંકણી તથા પગના પંજામાં તથા પગના નડામાં અસહ્ય પીડા થાય છે. મને માર માર્યા બાદ આ ચારેય લોકોએ ધમકી આપેલ કે, જો તું ફરીયાદ કરીશ તો તને તથા તારા મમ્મીને જાનથી મારી નાખીશું.

વધુમાં રમાબેને કહ્યું કે, મારા દીકરાએ ઉપરોકત વાત મને કરતા મેં મારા દીયર કાંતીભાઈ દામજીભાઈ ગજેરાને ફોન કરી મારા દીકરાને હોસ્પિટલ સારવાર માટે લઈ જઈએ તેવું કહેતા મારા દીકરાએ મારા દીયરને ના પાડેલ અને જણાવેલ કે, તે ખુબ જ ભયભીત છે અને ફરીયાદ કરીશ તો આ ચારેય લોકો મને તથા મારા મમ્મીને મારી નાખશે. જેથી મારે કોઈ ફરીયાદ કે હોસ્પિટલ જવું નથી અને મારા દિકરાને મારા દિયરે સમજાવેલ તેમ છતા મારો દીકરો હોસ્પિટલ જવા માનેલ નહી. મેં મારા ભાઈ રાજેશભાઈ ભીખાભાઈ ગાજીપરાને ફોન કરી બોલાવી અને બનેલ બનાવની હકીકત જણાવેલ અને મારા ભાઈએ મારા દીકરાને આશ્વાસન અને હિંમત આપેલ કે, કોઈથી ડરવાની જરૂર નથી. સવારના ચારેક વાગ્યે મારો ભાઈ રાજેશભાઈ તેમની કાર લઈને અમારા ઘરે આવેલ અને સવારના છએક વાગ્યે હું તથા મારો દીકરો અશ્વીન તથા મારો ભાઈ રાજેશભાઈ રાજકોટની રૈયા ચોકડી ખાતે આવેલ રાધે હોસ્પિટલમાં ગયા હતા. ત્યાં ડોકટરે મારા દીકરાને ઈન્જેક્શન મારેલ અને કોઈ વધુ સારવાર કરેલ નહીં અને બીજી હોસ્પિટલમાં લઈ જવાનુ જણાવેલ બાદ હું તથા મારો ભાઈ મારા દિકરા અશ્વીનને ગોંડલ રોડ ઉપર આવેલ એચ.જે.દોશી હોસ્પિટલમાં ખાતે લઈ ગયેલ. જ્યાં અશ્વિનની સારવાર ચાલુ કરેલ. મારા દિકરાએ બહીં પણ આ લોકોના ડરના કારણે પોલીસ ફરીયાદ કરવાની ના પાડેલ હતી. ડોકટરે તેને ડાબા પગમાં સાથળથી પગ સુધી પ્લાસ્ટરનો પાટી બાંધેલ તેમજ ડાબા હાથમાં પણ પ્લાસ્ટરનો સફેદ પાટો બાંધેલ હતો બાદ ગઈકાલ બપોરના ત્રણ વાગ્યા સુધી હું હોસ્પિટલે મારા દીકરા પાસે હતી અને સારવાર ચાલુ હતી. તે દરમિયાન મારી બંને દિકરીઓ તેમજ મારા બંને જમાઈઓ તેમજ મારા દિયરનો દિકરો હાર્દીક હોસ્પિટલ ખાતે મારા દિકરાની તબીયતના સમાચાર પુછવા માટે આવેલ હતા બાદ બુધવારે સાંજના પાંચેક વાગ્યે મારા જમાઈ દિવ્યેશભાઈ તળશીભાઈ ભંડેરીએ જાણ કરેલ કે, અશ્વીનભાઈનું સવારે સાતેક વાગ્યે સારવાર દરમિયાન મોત થયું હતું. પીએમ બાદ મારા દીકરાની અંતિમ વિધિ ફતેપર મુકામે કરી હતી.

પડધરી પીએસઆઈ જી.જે. ઝાલાએ આઈપીસી કલમ ૩૦૨, ૩૨૫, ૫૦૬(૨), ૪૪૭, ૧૨૦(બી), જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# હડાળા પાટીયે મહેશભાઈ સોલંકીનો ઝેરી દવા પી આપઘાત

**પોતાના ઘરે ઝેરી દવા પી જતા સારવારમાં દમ તોડ્યો,મૃતક વોકહાર્ટ હોસ્પિટલમાં સિક્યુરિટીગાર્ડ હતા**



રાજકોટ, તા.૨૩

હડાળા પાટીયે રહેતા મહેશભાઈ સોલંકી નામના વ્યકિતએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. જોકે તેમના આપઘાતનું કારણ સામે ન આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મહેશભાઈ ખીમજીભાઈ સોલંકી (ઉં.વ. ૪૯, રહે. રાધેકૃષ્ણ સોસાયટી, મોમાઈ હોટલ પાસે, હડાળા ગામના પાટિયા નજીક, રાજકોટ) ગઈકાલે સવારે ૧૧ વાગ્યે પોતાના ઘરે ઝેરી દવા પી જતા તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખાસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલા જ મહેશભાઈનું મોત થયું હતું. પરિવારજનોએ જણાવ્યું કે, ઘરના બધા સભ્યો મોરબી પાસે આવેલ એક ગામમાં લૌકિક ક્રિયામાં ગયા હતા. ત્યાંથી પરત ઘરે આવ્યા હતા. પરિવારના બીજા સભ્યો ઘરમાં ગયા અને બહાર શેરીમાં મહેશભાઈએ પગલું ભર્યાનું જાણવા મળ્યું છે. મૃતક મહેશભાઈ વોકાર્ટ હોસ્પિટલમાં સિક્યુરિટીની નોકરી કરતા હતા. મૃતકને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. હજુ ૨ મહિના પહેલા જ દીકરીના લગ્ન કર્યાં હતાં. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો છે.

## ૨૪ કલાકમાં હીટસ્ટ્રોક ના ત્રણ કેસ નોંધાયા

શહેરમાં ગરમીનો પારો ઉંચાકાતા લોકો ત્રાહિમામ થયાં છે તાપમાનનો પારો ઉંચો જતા હીટ સ્ટ્રોકના ત્રણ બનાવ બન્યા છે. ૧૦૮ના ચોપડે નોંધાયેલ માહિતી મુજબ દર્દીને અલગ અલગ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.જેમાં રાજકોટ શહેરના સિનિયર સીટીઝન દર્દીને રાજકોટ રેલવે હોસ્પિટલ ખાતે ખાસેડાયા છે અને અન્ય બે લોકોમા એક દર્દીને જેતપુરની ડો.કોટડીયા હોસ્પિટલ અને ધોરાજી વિસ્તારના દર્દીને મોટીમારડ પી. એચ. સી સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા સરકારની ગાઈડ લાઈન મુજબ હીટ સ્ટ્રોકથી બચવા માટે કારણ વગર બહાર જવાનુ ટાળવુ અને અન્ય સલામતિના પગલાં પણ જરૂરી છે.

# નાગેશ્વરમાં રૂા.૧૭૦૦ની ઉઘરાણી મામલે વેપારી અને ગ્રાહક વચ્ચે થયેલ મારામારીમાં સામસામી ફરીયાદ નોંધાઈ

**ધર્મેશ ચુડાસમાને કરીયાણાના વેપારી બંધુએ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી કટ્ટર ઝીંકી દીધુઃ જયારે સામા પક્ષે કારમાં ધસી આવેલા ચુડાસમા બંધુએ વેપારી ધવલ શાહ પર હુમલો કર્યોઃ ગાંધીગ્રામ પોલીસમાં એટ્રોસીટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી**

રાજકોટ તા.૨૩

નાગેશ્વરમાં આવેલ ભવાની ચોકમાં રૂા.૧૭૦૦ની ઉઘરાણી મામલે કરીયાણાના વેપારી અને ગ્રાહક વચ્ચે થયેલ મારામારીમાં સામસામી ફરીયાદ ગાંધીગ્રામ પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસ એટ્રોસીટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે જામનગર રોડ પર નાગેશ્વર સોસાયટીમાં ખોડીયાર પાન વાળી શેરીમાં રહેતા ધર્મેશભાઈ મગનભાઈ ચુડાસમા (ઉ.૨૬)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અંકીત શાહ અને ધવલ શાહ રે. નાગેશ્વરનું નામ આપતા યુનિ. પોલીસે એટ્રોસીટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તેઓ બાંધકામનું છુટક મજુરીકામ કરે છે ગઈ તા.૧૯ના બપોરના સમયે તેના ઘરથી આગળ ભવાની ચોકમાં ગયો હતો. ત્યાંથી શાકભાજી લઈ ઘરે પરત જતો હતો ત્યારે તેઓને એક વર્ષ પહેલા ઘરની બાજુમાં આવેલ કરીયાણાની દુકાન વાળા અંકીત શાહ અને ધવલ શાની દુકાને કરીયાણાનો સામાન ખરીદતા હોય જેનું બીલ રૂા.૧૭૦૦ બાકી હતા તે બીલ અંકીતે માંગેલ અને બીલ કયારે ચુકવવાનું છે તેમ કહેતા તેઓને થોડા સમયમાં બીલ ચુકવી આપીશ તેવું કહેતા ધવલ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી અહીં આ લોકોને મકાન કોણે આપ્યું છે તેમ કહી ઝઘડો કરેલ હતો જે બાબતે ગાંધીગ્રામ પોલીસ મથકમાં અરજી પણ આપેલ છે.

બીજા દિવસે તેઓના માતા નીતાબેન અંકીતને બીલના રૂપિયા ૧૭૦૦ તેમની દુકાને આપવા ગયેલ હતા જે પરત ઘરે આવી વાત કરેલ કે અંકીતે તેમની સાથે પણ બોલાચાલી કરી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હતા. બાદ ગઈ તા.૨૧ના બપોરના સમયે ફરીયાદી અને તેનો ભાઈ નીકુંજ અંકીતની દુકાન પાસેથી પસાર થતો હતો ત્યારે ધવલ દુકાને હાજર હતો અને બન્ને ભાઈઓને બોલાવી કહેલ કે તારી માતાને સમજાવી દેજે મારી સાથે જેમતેમ ન બોલે અને હવે મારી દુકાને માલ લેવા ન આવતા તેમ કહી તેઓની માતા વિશે અભદ્ર ભાષામાં વાત કરી ગાળો આપી હતી. જેથી બન્ને વચ્ચે ઝપાઝપી થયેલ ત્યારે ધવલ દિવાલ સાથે ભટકાતા તેને આંખ પાસે ઈજા થયેલ જેથી તેણે દુકાનમાં રહેલ પુઠાના બોકસ ખોલવાનું ધારદાર કટર ઝીંકી દીધુ હતું. જે બાદ તે લોહીલોહાણ થઈ જતા ૧૦૮ મારફતે સારવારમાં ખસેડેલ હતા.

જયારે સામા પક્ષે જામનગર રોડ પર નાગેશ્વરમાં રહેતા ધવલભાઈ રાજેશભાઈ શાહ (ઉ.૩૫)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નીતાબેન ચુડાસમા, નિકુંજ ચુડાસમા અને ધર્મેશ મગન ચુડાસમાનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ નાગેશ્વર ભવાની ચોકમાં રાજ જનરલ સ્ટોર નામની દુકાન તેમના ભાઈ અંકીત સાથે ચલાવે છે. ગઈ તા.૧૯ના તેમની દુકાનથી કરીયાણું લેતા ધર્મેશ ચુડાસમા તેમની પાસેથી કરીયાણાના રૂા.૧૭૦૦ લેવાના નીકળતા હોય જે બાબતે બન્ને વચ્ચે બોલાચાલી થતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ઘરમેળે સમાધાન થયેલ હતું. બીજા દિવસે રાત્રીના સમયે તેના ભાઈ અંકીતનો ફોન આવેલ કે નીતાબેન ચુડાસમા આપણી દુકાને આવેલ હતા અને ગાળો બોલી તારા ભાઈ ધવલનું કામ છે તેમ કહી જતા રહેલ હતા.

બાદમાં ગઈ તા.૨૧ના બપોરના સમયે ધર્મેશ અને નીકુંજ કાર લઈ દુકાને ધસી આવેલ અને કહેલ કે તારે શું કરવાનું છે? કહી ગાળો આપવા લાગતા તેમને દુકાનની બહાર કાઢયા હતા જેથી બન્ને ભાઈઓએ ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને ધર્મેશે હાથમાં પહેરેલ કડુ કપાળના ભાગે મારી ફડાકો ઝીંકી દીધો હતો બાદમાં બન્ને આરોપી કારમાં નાસી છુટયા હતા. બાદમાં ઈજાગ્રસ્ત ધવલભાઈને સારવારમાં ખસેડેલ હતા.

બનાવ અંગેની સામસામી ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસ મથકે ગુનો નોંધી એટ્રોસીટીના ગુનામાં એસીપી રાધીકા ભારાઈએ તપાસ હાથ ધરી હતી.

# તને અહીંથી નીકળવાની ના પાડી છતાં કેમ નીકળ્યો? કહી યુવક પર જયરાજ વાળા અને તેના બે પુત્રનો હુમલો

**ગાંધીગ્રામ વિસ્તારનો બનાવઃ યુવકને દોડાવીને માર માર્યા બાદ આરોપીઓએ તેના માતા-પિતાને પણ છરી અને પાઈપના ઘા ઝીંકયાઃ ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી**



રાજકોટ તા.૨૩

ગાંધીગ્રામ વિસ્તારમાં એસ કે ચોક પાસેથી નીકળેલા યુવકને તને અહીંથી નીકળવાની ના પાડી છતાં કેમ નીકળ્યો કહીં જયરાજ વાળા અને તેના બે પુત્રો સહિતના શખ્સોએ હુમલો કરી યુવકના માતા પિતાને પણ છરી અને પાઈપના ઘા ઝીંકી દીધા હતા. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ગાંધીગ્રામ મેઈન રોડ પર એસ.કે. ચોકમાં રહેતા ધ્રુવીતભાઈ જનકભાઈ પરમાર (ઉ.૩૦)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જયરાજ વાળા, મંથન ગોહેલ, દિવ્યરાજ વાળા, હર્ષ વાળા અને એક અજાણ્યા શખ્સનું નામ આપતા ગાંધીગ્રામ પોલીસે આઈપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તેઓ ડ્રાઈવીંગ કામ કરે છે. ગઈકાલે રાત્રીના ૧૦ વાગ્યાની આસપાસ તેઓ ઘરેથી ઘર પાસેના ગંગેશ્વર મહાદેવ મંદિરની બાજુની ગલીમાં પહોંચેલ ત્યારે જયરાજ વાળા, મંથન ગોહેલ ત્યાં બેસેલ હતા. ત્યારે જયરાજ કહેવા લાગેલ કે તને અહીંયાથી નીકળવાની ના નથી પાડેલ? તેમ કહેતા તેઓએ હું અહીંયા માર્કેટમાં મારા મીત્ર પાસે જાઉં છું તેમ કહેતા જયરાજ ગાળો દેવા લાગેલ અને ઉશ્કેરાઈને ફડાકો ઝીંકી દીધેલ હતો. તેમજ મંથને કાંઠલો પકડી રાખી જયરાજ માર મારવા લાગેલ હતો.

બાદમાં યુવાન ઘર તરફ ભાગવા લાગેલ તો આરોપીઓ તેને મારવા પાછળ દોડેલ અને જયરાજે તેના દિકરા દિવ્યરાજને ફોન કરી બોલાવેલ હતો. દરમ્યાન યુવાનની માતાએ તેને ઘરમાં પુરી દીધેલ હતો. તેમજ તેમના માતા પિતા ઘર બહાર હતા તે સમયે જયરાજ અને તેનો પુત્ર દિવ્યરાજ અને હર્ષ છરી, પાઈપ જેવા હથીયારો સાથે ધસી આવેલ અને પાઈપનો ઘા કરી બોલવા લાગેલ કે કાલ સવારનો સુરજ જોવા નહીં દઈ અને તારૂ ઘર સળગાવી નાખીશું તેમ ધમકી આપતા યુવકને માતા પિતા તેને રોકવા જતા દિવ્યરાજે છરીનો ઘા યુવકની માતાને ઝીંકી દીધો હતો. તેમજ તેમના પિતાને પણ પાઈપના ઘા ઝીંકી ઢીકાપાટુનો ઢોર માર મારતા તેઓ નીચે પડી ગયા હતા. બાદમાં ૧૦૦ નંબરમાં ફોન કરતા બધા આરોપીઓ નાસી છુટયા હતા. બાદમાં તેમના માતા પિતાને ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે અગાઉ તેમને આરોપીને આપેલ રૂા.૬૦ હજાર પરત માંગ્યા હતા. જે રૂપિયા આપી દીધા બાદ તે બાબતનો ખાર રાખી શેરીમાંથી નહીં નીકળવાની ધમકી આપી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવા તજવીજ હાથ ધરી હતી.


## ૨૩મી પૂણ્યતિથિએ
# શ્રદ્ધાંજલી



**સ્વ. હિતેષભાઈ ઘુસાભાઈ નંદાણી**

**સ્વ. તા. ૨૩-૫-૨૦૦૧**

અનંત બ્રહ્મમાં વિલીન થવું અનિવાર્ય છે. પરંતુ અચાનક અનંતની ચાત્રા ઘણી દુઃખદાયક હતી. સમય જીંદગીનો ઓછો હશે એ કયાં દબર હતી? વિદાય તમારી અણધારી હશે? એ કયાં ખબર હતી? સમય વિતતો ગયો પણ યાદ તમારી સદા રહેશે. ઈશ્વર તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**ખીમજીભાઈ ટીડાભાઈ મકવાણા**
**રમેશભાઈ ટીડાભાઈ મકવાણા**
**સ્વ. કનુભાઈ ટીડાભાઈ મકવાણા**
**જીતેન્દ્રભાઈ ખીમજીભાઈ મકવાણા**
**નિલેશભાઈ કનુભાઈ મકવાણા**
**જયંતિભાઈ પ્રભુદાસભાઈ ચોલેરા**
**દર્શ જયંતિભાઈ ચોલેરા**
**અશ્વિનભાઈ રમેશભાઈ મકવાણા**
**દર્શનભાઈ રમેશભાઈ મકવાણા**
**દર્શિતભાઈ રમેશભાઈ મકવાણા**
**કિશ જીતેન્દ્રભાઈ મકવાણા**
**રાજ નિલેશભાઈ મકવાણા**
**મીત જયંતિભાઈ ચોલેરા**
**મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ**

- મે. સમજુ ટ્રેકટર્સ
- ઓરેંજ ડીજીટલ વર્લ્ડ - ગ્રીનલેન્ડ સર્કલ
- ઓમ પાર્ટી લોન્સ
- ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE


### વધુ બે હૃદય ધબકતા બંધ થયા

# મોરબીના વાઘપરમાં ભુવા ધુણતી વેળાએ બેભાન થયા : હાર્ટએટેકથી મોત

રાજકોટ, તા. ૨૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં કાળઝાળ ગરમી વધતા હાર્ટ એટેકના બનાવોમાં પણ વધારો થયો છે. જેમાં મોરબીના વાઘપરમાં ધુણતી વેળાએ જ ૭૩ વર્ષીય ભુવાને હાર્ટ એટેક આવતા ત્યાં જ ઢળી પડયા હતા. જયારે રાજકોટમાં આરએમસીના સોલીડ વેસ્ટ વિભાગના કર્મી ૫૪ વર્ષીય રમેશભાઇ પાંડવીના હૃદયે દગો દેતા ટુંકી સારવારમાં દમ તોડતા અરેરાટી વ્યાપી ગઇ હતી.



મૃતક ભુવા પીઠાભાઈ મકવાણા



મૃતક રમેશભાઇ પાંડવી

**રાજકોટમાં આરએમસીના સોલીડ વેસ્ટ વિભાગના કર્મી રમેશભાઇ પાંડવીના હૃદયે દગો દેતા ઘરે જ ઢળી પડયા : મોત : અરેરાટી**

પ્રાપ્ત વગત મુજબ મોરબી તાલુકાના વાઘપર પીલુડી ગામે રહેતા માતાજીના ભુવા પીઠાભાઈ રવાભાઈ મકવાણા (૭૩) ધાર્મિક કાર્યક્રમની અંદર વાઘપર પીલુડી ગામે ધૂણતા હતા દરમિયાન તેઓને હાર્ટ એટેક આવતા તાત્કાલિક તેને સારવાર માટે મોરબીના સામાકાંટા વિસ્તારમાં આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈને આવ્યા હતા અને ત્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજયું હતું જેથી કરીને હાર્ટ એટેકના કારણે વૃદ્ધનું મોત નીપજતા પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું વધુમાં મૃતકના પરિવારજન પાસેથી જાણવા મળતી માહિતી મુજબ નરસી ભગવાનના પાઠનું આયોજન વાઘપર પીલુડી ગામે આવેલ નરસી ભગવાનના મંદિર ખાતે કરવામાં આવ્યું હતું જેમાં માતાજીના ભુવા પીઠાભાઈ રવાભાઈ મકવાણા ધૂણતા હતા અને ધાર્મિક કાર્યક્રમ ચાલુ હતો ત્યારે જ તેઓને હાર્ટ અટેક આવતા તેમને સારવાર માટે મોરબીની ખાનગી હોસ્પિટલમાં લાવ્યા હતા જોકે હાર્ટ એટેકના તીવ્ર હુમલાના કારણે તેમનું મોત નીપજયું હતું.

જયારે બીજા બનાવમાં શહેરમાં મહાત્મા ગાંધી પ્લોટ શેરી નં. ૧માં રહેતા રમેશભાઇ દિનેશભાઇ પાંડવી (ઉ.વ.૫૪) ગઇકાલે રાત્રે પોતાના ઘરે હતા ત્યારે બેભાન થઇ ઢળી પડયા હતા. તેમને તાત્કાલીક સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડીવીઝન પોલીસને જાણ કરી હતી. વધુમાં મૃતક આરએમસીમાં સોલીડ વેસ્ટ વિભાગમાં ફરજ બજાવતા હતા તેઓ બે ભાઇ, એક બહેનમાં મોટા અને સંતાનમાં બે પુત્ર, એક પુત્રી છે. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.


## દુઃખદ અવસાન-બેસણું



મુળ ગામઃ ઈશ્વરીયા, હાલઃ રાજકોટ નિવાસી અમારા પિતાશ્રી **નરેન્દ્રભાઈ (કિશોરભાઈ) પ્રેમજીભાઈ ફળદુ** (ઉ.વર્ષ ૫૬) નું તા. ૨૩-૫-૨૦૨૪ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**બેસણુંઃ રાજકોટ**- તા.૨૪/૫/૨૦૨૪, શુક્રવારે સવારે ૭ થી ૧૧ કલાકે સ્થળ : ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર, જનકપુરીની સામે રાજકોટ.

**બેસણુંઃ ઈશ્વરીયા**- તા.૨૫/૫/૨૦૨૪, શનિવારે સવારે ૭ થી ૧૨ કલાકે સ્થળ : પટેલ સમાજ, ગામ : ઈશ્વરીયા, તા.કુતીયાણા, જી.પોરબંદર.

**સ્વ. નરેન્દ્રભાઈ (કિશોરભાઈ) પ્રેમજીભાઈ ફળદુ**
સ્વ.તા.૨૩/૫/૨૦૨૪

**ઉદયકુમાર નરેન્દ્રભાઈ ફળદુ** - ૮૩૨૦૩ ૩૭૫૨૦
**વલ્લભભાઈ (દિનેશભાઈ) પ્રેમજીભાઈ ફળદુ** - ૯૪૨૬૭ ૧૩૮૦૯
**કેયુર વલ્લભભાઈ ફળદુ** - ૯૪૨૮૦ ૫૬૫૬૫
**ખુશ્બુ નરેન્દ્રભાઈ ફળદુ** તથા ફળદુ પરિવાર ના જયશ્રી કૃષ્ણ.

vision-ff

## દુઃખદ અવસાન/બેસણું



દિલગીરી સાથ જણાવવાનું કે મુળગામ ગીડચ, હાલ રાજકોટ કાંતિલાલ મોહનલાલ દુદકીયા તે પ્રકાશભાઈ, ભરતભાઈ, દિનેશભાઈના પિતા, ગીતાબેન મનિષકુમાર સંચાણીયાના પિતા, મનહરભાઈ, જેન્તીભાઈ ના મોટાભાઈ, કોટડાવાળા છગનભાઈ અરજણભાઈ ભાડેશીયા ના જમાઈનું તા.૨૧-૫-૨૪ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**બેસણુંઃ તા.૨૪-૦૫-૨૪ શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦, સાસરીયા પક્ષનું બેસણું સાથે રાખેલ છે. સ્થળઃ શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, ૭/૧૦ ભકિતનગર, રાજકોટ.**

**સ્વ.કાંતિલાલ મોહનલાલ દુદકીયા**
સ્વ.તા.૨૧-૦૫-૨૦૨૪ મંગળવાર

**લી. પ્રકાશભાઈ-૯૮૨૫૩ ૨૮૩૨૧**
**ભરતભાઈ-૯૯૨૪૧ ૪૧૪૨૨**
**દિનેશભાઈ-૯૮૨૫૮ ૩૦૩૫૯**


## અવસાન નોંધ

**રાજકોટઃ** સ્વ. શાંતિલાલ દેવચંદ મહેતા ટંકારા વાળાના પુત્ર તથા સ્વ. ચંદુભાઈ, સ્વ. ગુણવંતભાઈ અને દિપકભાઈના ભાઈ તથા અલકાબેનના પતિ તથા હીરાચંદ કરમચંદ વોરાના જમાઈ (જેતપુર) અને જાગૃતિબેન ભાવેશભાઈ ગાંધી, ધારિણિબેન શૈલેષભાઈ શાહ, હેમાબેન અજયભાઈ ભણશાલી અને નિલાબેન કિલ્લોભાઈ ખજુરીયાના પિતાશ્રી સ્વ. દલીચંદભાઈ શાંતિલાલ મહેતા (ઉ.૮૪) તા.૨૧ના રોજ હરિહંત શરણ પામેલ છે.

**રાજકોટઃ** સોની વિજયાબેન આડેસરા (ઉ.૭૦) તે કીર્તીભાઈ કનૈયાલાલ આડેસરા વાંકાનેર વાળાના પત્નિ તથા ચિરાગભાઈ આડેસરાના માતુશ્રી તેમજ મનહરલાલ તથા નગીનદાસ ચતુરદાસ ફીચડીયા સરા વાળાના બહેનનું તા.૨૨ના રોજ અવસાન થયું છે. બન્ને પક્ષનું બેસણું તા.૨૩ ગુરૂવાર સાંજે ૩-૩૦થી ૫ કલાકે વાઘેશ્વરીની વાડી યુનીટ નં.૩ રામનાથપરા રાજકોટ ખાતે રાખેલ છે.

**વિસાવદરઃ** મોટી મોણપરી ગામના વાણંદ સ્વ. લાભુભાઈ ડાયાભાઈ અમરેલીયાના ધર્મપત્ની રમાબેન તે નિલેશભાઈ તથા વિજયભાઈના માતુશ્રી અને ભૂપતભાઈના કાકીનું તા.૨૧ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટઃ** રતિલાલભાઇ ગોરધનદાસ પાઉં (ઉ.વ. ૮૩), તે ગો.વા. લલીતાબેનના પતિ તથા દિનેશભાઇ, અશ્વિનભાઇ, પરેશભાઇ, અલ્કાબેનના પિતા, ગોકળદાસ રાજાણીના જમાઇ, નિશાંત, પાર્થ, રાહુલ, સીના, જલ્પા, રેન્સીના દાદા, ભાવિક, જાન્વીના નાનાનું તા.૨૨ને બુધવારે અવસાન થયું છે. બેસણું-શ્વસુર પક્ષની સાદડી તા.૨૩ને સાંજે ૫ થી ૬, રાષ્ટ્રીયશાળા મેઇન રોડ, રાજકોટ.

**રાજકોટઃ** સ્વ. મહેન્દ્રભાઇ પરસોતમભાઇ ધંધુકિયા (ઉ.વ. ૬૬) તે દર્શન, ભૂમિ, બિનલના પિતા તથા મનીષ, રજનીના સસરા, કિશોરભાઇના ભાઇ, જીતેશભાઇના કાકાનું તા.૨૨ને અવસાન થયું છે. બેસણું તા.૨૫ને શનિવારે સાંજે ૫ થી ૭, હરિકૃષ્ણ ફ્લેટ, આલાપ ગ્રીન સીટીની પાછળ, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુળ ભેસદળ, હાલ રાજકોટ નિવાસી ભાનુબેન તે મગનભાઈ વિરજીભાઈ ખોલિયના પત્ની, કિરીટભાઈ તથા જીતેન્દ્રભાઈ નાં માતુશ્રી, તેમજ કલ્પેશભાઈ(રવીભાઈ), ધારાબેન, વિરલભાઈ અને હિતાંશભાઈ નાં દાદી તેમજ બાબુભાઈ નાથાભાઈ રાઠોડ નાં બેન, નું તા. ૨૦ ને સોમવાર નાં રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૨૪ને શુક્રવાર નાં રોજ સાંજે ૫ થી ૭, નંદકિશોર હોલ, આંબલીયા હનુમાન ની પાછળ, જંકશન પ્લોટ મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# રાજકોટના બંધુલીલા ડેવલપમેન્ટના બિલ્ડર સાથે રૂ.૩.૨૬ કરોડની છેતરપીંડી

**મહેશ્વરી પાર્કમાં રહેતાં અર્જુનભાઈ આહીરને મોરબી રોડ પર ચાલતી આર્યન એવન્યુ નામની બાંધકામની સાઈટના ભાગીદાર સંજય ડોબરીયા અને તેની પત્ની જ્યોત્સનાબેને સારા વળતરની લાલચ આપી રોકાણ કરવાનું કહી વિશ્વાસમાં લીધાં હતાં**




**બિલ્ડરે પોતાના અને તેની માતાના નામે ૧૨ ફ્લેટ અને ૪ દુકાનના રોકડા રૂપીયા આરોપી દંપતીને આપ્યાં બાદ બાંધકામ સાઈટ બંધ કરી દિધીઃ ફ્લેટ કે રૂપીયા પરત ન આપતાં બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ**

રાજકોટ. તા.૨૩

રાજકોટમાં મોરબી રોડ પર ચાલતી આર્યન એવન્યુ નામની બાંધકામની સાઈટના ભાગીદાર સંજય ડોબરીયા અને તેની પત્ની જ્યોત્સનાબેને સારા વળતરની લાલચ આપી રોકાણ કરવાનું કહી રાજકોટના બંધુલીલા ડેવલપમેન્ટના બિલ્ડર અર્જુનભાઈ આહીર અને તેમની માતા સાથે રૂ.૩.૨૬ કરોડની છેતરપીંડી આચરી હતી. ૧૨ ફ્લેટ અને ૪ દુકાનના રોકડા રૂપીયા આરોપી દંપતીને આપ્યાં બાદ બાંધકામ સાઈટ બંધ કરી દિધી હતી. જે બાદ ફ્લેટ કે રૂપીયા પરત ન આપતાં બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રાજકોટમાં મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે મહેશ્વરી પાર્કમાં રહેતાં અર્જુનભાઈ ભગવાનભાઈ મઠીયા (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સંજય લાલજી ડોબરીયા અને જ્યોત્સનાબેન ડોબરીયા (રહે. બંને વ્રજભૂમિ સોસાયટી, મોરબી રોડ) નું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૬, ૪૨૦ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ સેટેલાઈટ ચોકમાં પ્રવસ્થી હાઈટ્સ બિલ્ડીંગમાં બંધુલીલા ડેવલપમેન્ટ નામે ઓફીસ ધરાવી બાંધકામનો વ્યવસાય કરે છે. તેઓ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ હોય અને વર્ષ ૨૦૨૧ માં મોરબી રોડ, સેટેલાઈટ ચોકથી આગળ આવેલ આર્યન એવન્યુ નામની બાંધકામની સાઈટ ખાતે સંજય ડોબરીયા સાથે મુલાકાત થતા એકબીજાને ઓળખાણ થયેલ અને તેઓ જમીન-મકાનમાં રોકાણ કરતાં હોવાની વાત કરતા સંજયએ પોતાના તથા પોતાના પત્ની જ્યોત્સનાબેનની માલીકીનો આર્યન એવન્યુ નામે દુકાનો તથા ફ્લેટનો પ્રોજેક્ટ ચાલું હોવાની વાત કરી કહેલ કે, પોતાનો આ પ્રોજેક્ટ સારો છે અને હાલ રોકાણ કરશો તો ભવિષ્યમાં પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યારે સારૂ એવું રીટર્ન મળશે તેમ વાત કરી રોકાણ કરવા કહેતા સંજય પાસેથી તેઓના આર્યન એવન્યુ નામના પ્રોજેક્ટ બાબતે માહિતી મેળવતા તેને દુકાન તથા ફ્લેટની જગ્યા પ્રમાણે ભાવ જણાવી આગામી દોઢેક વર્ષ સુધીમાં પોતાનો આ પ્રોજેક્ટ પૂર્ણ થઈ જશે અને પઝેશન આપી દેવામાં આવશે તેમ વાત કરતાં પ્રોજેક્ટમાં રોકાણ કરવા બાબતેની વાતચીત ચાલું હતી.

*** ફરીયાદીએ ૧૨ ફ્લેટ અને ૪ દુકાન લેવાનું નક્કી કર્યું**

બાદમાં સંજય ડોબરીયા અવાર-નવાર પ્રોજેક્ટમાં રોકાણ કરવા બાબતે કહેતા હોય અને આ પ્રોજેક્ટમાં રોકાણ કરવાથી ભવિષ્યમાં સારૂ એવું રીટર્ન મળશે તેવું લાગતા તે પ્રોજેક્ટમાં રોકાણ કરવાનું નક્કી કરેલ અને આર્યન એવન્યુ નામના કોમ્પ્લેક્સમાં કુલ ૧૨ ફ્લેટ તથા ૪ દુકાનો તેમના તથા તેના મમ્મી સરોજબેન ભગવાનભાઈ મઠીયાના નામે ખરીદ કરવાનું નક્કી કરી, ફ્લેટ તથા દુકાનોના ભાવતાલ, દસ્તાવેજ તથા પઝેશન બાબતે સંજય સાથે મૌખીક ચર્ચા કરેલ હતી. તે વખતે તેને ફ્લેટ તથા દુકાનોના કાર્પેટ એરીયા પ્રમાણે ભાવ જણાવેલ હતા અને પ્રોજેક્ટ પૂર્ણ થયેથી દસ્તાવેજ કરી આપવા અને પઝેશન સોંપી આપવાની વાત કરેલ જેથી આ ૧૨ ફ્લેટ તથા ૪ દુકાનોની ખરીદી પેટેનું પેમેન્ટ સંજયભાઈએ મને તેઓના તથા તેમની પત્નીના બેન્ક એકાઉન્ટમાં તેમજ રોકડેથી આપવાનું જણાવ્યું હતું.



*** બિલ્ડરે રૂ.૨૫ લાખ ચૂકવતા નોટરાઈઝ કરી આપ્યું**

ફરિયાદીને આરોપી સંજય ઉપર વિશ્વાસ હોય તે જ્યારે-જ્યારે જેટલું પેમેન્ટ આપવાનું કહેતો તે મુજબ તેઓ પેમેન્ટ ચુકવતો હતાં. સંજય સાથે તેઓના આર્યન એવન્યુ કોમ્પ્લેક્સની ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૩ ચો.ફૂટ આશરે ૬૮ રૂ. ૧૧.૫૬ લાખ તથા દુકાન નં. ૮ ચો.ફૂટ આશરે ૨૦૫. ૨૫, રૂ. ૩૪,૮૯,૨૫૦, દુકાન નં. ૯ ચો. ફૂટ આશરે ૨૩૬-૬૪, રૂ.૪૦,૨૪,૫૮૦ એમ મળી ત્રણેય દુકાનોની કુલ કિ.રૂ.૮૬,૬૯,૮૩૦ ની નક્કી થયેલ હોય જે પૈકી દુકાન નં. ૩ અને ૮ ની તેઓના નામે તથા દુકાન નં. ૯ તેમના માતાના નામે ખરીદ કરવી હોય જે દુકાનોની ખરીદી પેટેની રકમ આરોપીને તેમજ તેમના પત્નીના એકાઉન્ટમાં રૂ.૨૫ લાખ ચુકવેલ હતા. જે બદલ આરોપીએ આર્યન ડેવલોપર્સ ભાગીદારી પેઢીના વહીવટ દરજ્જે તા.૦૫/૦૧/૨૦૨૨ ના નોટરાઈઝ ચુકતે અવેજની પહોંચ લખી આપેલ હતી. અને તેઓને વિશ્વાસમાં લેવા નોટરાઈઝ ચુકતે અવેજની પહોંચમાં દુકાનો વેચનાર એટલે કે, પોતાની સ્વતંત્ર માલીકી અને કબ્જા ભોગવટાની આવેલનું લખી આપેલ હતું.

*** દુકાનના રોકડ રૂ.૫૧.૬૯ લાખ ચૂકવતાં હાથ ઉછીનાની પ્રોમીસરી નોટ લખી આપી**

ત્યારબાદ આરોપી સંજયએ દુકાન નં. ૩, ૮ અને ૯ ની ખરીદી પેટે ચુકવવાના બાકી રહેતી રકમ રૂ.૫૧,૬૯,૮૩૦ રોકડમાં ચુકવવા કહેતા તા. ૨૧/૦૧/૨૦૨૨ ના આરોપી દંપતીને રોકડા રૂ.૫૧,૬૯,૮૩૦ તેમના ઘરે ચુકવેલ હતા. ત્યારે જ ચુકવેલ રકમના બદલામાં દંપતીએ ફરિયાદી અને તેના માતાના નામની નોટરાઈઝ પ્રોમીસરી નોટ હાથ ઉછીના લખાણ તરીકેની લખી આપેલ હતી. જેમાં આરોપીને રૂ.૨૫,૮૪,૯૧૫ હાથ ઉછીના આપેલની તેમજ તેઓની માતાએ આરોપી જ્યોત્સનાબેનને રૂ.૨૫,૮૪,૯૧૫ હાથ ઉછીના આપેલની વિગત લખેલ હતી. તેમજ રકમ ચુકવેલ તે બદલ આરોપી દંપતીએ ખાનગી બેંકના બે ચેક સિક્યુરીટી પેટે આપેલ હતા.

*** વિશ્વાસ કેળવાતા ફરિયાદીએ ૧૨ ફ્લેટ અને દુકાન પેટે રૂ.૨.૪૦ કરોડ રોકડા ચૂકવ્યાં**

તેમજ આર્યન એવન્યુ કોમ્પ્લેક્સની સાઈટમાં વીંગ-એ ત્રીજા માળના ૬૧૭ સ્કવેર ફૂટના એક સરખા માપના ૪ ફ્લેટ તથા વીંગ-બી માં ત્રીજા માળ તથા પાંચમા માળના ૬૭૫ સ્કવેર ફૂટના ચાર-ચાર ફ્લેટ એમ મળી વીંગ-એ ના ચાર ફ્લેટ તથા વીંગ-બી ના ૮ ફ્લેટ તથા ગ્રાઉન્ડ ફ્લોરમાં દુકાન નં.૨ જે ૧૮૬ સ્કવેર ફૂટની હોય તે ખરીદ કરવાની હોય અને તે તમામની કુલ કિ.રૂ.૨.૪૦ કરોડ નક્કી થયેલ હતી. જે પૈકી તા.૩૧/૦૧/૨૦૨૨ ના રૂ. ૩ લાખ, તા. ૩૧/૦૧/૨૦૨૨ ના રૂ.૭,૫૦ લાખ, તે જ દિવસે રૂ.૪.૫૦ લાખ મળી કટકે કટકે અલગ-અલગ તારીખે રોકડા કુલ રૂ.૨.૨૫ કરોડ આરોપી દંપતીને તેના જ ઘરે ચુકવેલ હતા. જે મળી કુલ ૧૨ ફ્લેટ તથા દુકાન પેટે કુલ રૂ.૨.૪૦ કરોડની રકમ ચુકવેલ હતી. જે બદલ આરોપીએ તા.૨૪/૦૩/૨૦૨૨ ના નોટરાઈઝ સમજુતી કરાર કરી આપેલ હતો અને વિશ્વાસમાં લેવા નોટરાઈઝ સમજુતી કરારમાં પણ આ ફ્લેટ તથા દુકાન તેઓની સ્વતંત્ર કબ્જા ભોગવટાની અને માલીકીની આવેલનું લખી આપેલ હતું.

*** આરોપીએ પોત પ્રકાસ્યું, સાઈટ બંધ કરી દિધીઃ તેની પત્ની ભાગીદાર પણ ન હોવાનો ખુલાસો થયો**

ત્યારબાદ પ્રોજેક્ટની સાઈટ ઉપરનું બાંધકામ બંધ થઈ જતા આરોપી સંજયને અવાર-નવાર રોકાણ બાબતે અને ફ્લેટ-દુકાનોનો કબ્જો સોંપવા બાબતે પુછતા તેઓ થોડા સમયમાં પ્રોજેક્ટ ફરી ચાલું થવાનો હોય ત્યાર બાદ કબ્જો સોંપી આપશે તેમ વાયદાઓ કરવા લાગેલ અને તેઓને ન તો ફ્લેટ અને દુકાનોનો કબ્જો સોંપતા હોય કે ના તો પૈસા પરત ચુકવતા ન હોય જેથી તે બાબતે તપાસ કરતા ખરેખર આ આર્યન ડેવલપર્સ ભાગીદારી પેઢીમાં સંજયભાઈ તથા તેમની સાથે અન્ય ભાગીદારો વિઠ્ઠલભાઈ ભુવા, શૈલેષભાઈ પટેલ, નવીનભાઈ રાઠોડ, કેતનભાઈ મકવાણા, સંજયભાઈ ગોહેલ, દિનેશભાઈ સોરઠીયા એમ મળી કુલ ૭ ભાગીદારો હોય અને આર્યન ડેવલપર્સ ભાગીદારી પેઢીમાં સંજયની પત્ની જ્યોત્સનાબેનનો કોઈ હક્ક હિસ્સો ન હોવાની હકીકત જાણવા મળી હતી.

*** આરોપીના ભાગીદારોએ પણ હાથ ઊંચા કરી દેતાં ફરીયાદ નોંધાવી**

જે બાદ સંજયના ભાગીદારોને મળી ફ્લેટ તથા દુકાનોની ખરીદી બાબતે સંજય સાથે કરેલ રૂપીયાના વહીવટની વાત કરતા, તેઓના ભાગીદાર આરોપીએ તેઓની ભાગીદારી પેઢીમાં રૂપીયા જમા કરાવેલ ન હોવાનું જણાવી, સંજયભાઈએ સ્વીકારેલ રકમમાં તેઓની કોઈ જવાબદારી નહિ હોવાની વાત કરી કોઈ જવાબ આપેલ નહિ, જેથી આરોપી દંપતીએ તેઓને આર્યન ડેવલપર્સ ભાગીદારી પેઢીના આર્યન એવન્યુ નામના ચાલતા કોમ્પ્લેક્સના પ્રોજેક્ટ બાબતે ખોટી હકીકત જણાવી વિશ્વાસમાં લઈ રોકાણ કરવાની લાલચ આપી કુલ રૂ.૩,૨૬,૬૯,૮૩૦ ની રકમ મેળવી બાદમાં તમામ રકમ તેઓની ભાગીદારી પેઢીમાં જમા નહિ કરાવી હડપ કરી જઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.

## બિલ્ડર સાથે ઠગાઈ કરનાર આરોપી જ્યોત્સનાબેન સરકારી શિક્ષક છે

રાજકોટ. તા.૨૩

રાજકોટના બંધુલીલા ડેવલપમેન્ટના બિલ્ડર સાથે રૂ.૩.૨૬ કરોડની છેતરપીંડી આચરનાર આરોપી જ્યોત્સનાબેન ડોબરીયા સરકારી શિક્ષક છે અને હાલ માસુમ વિદ્યાલયમાં નોકરી કરતાં હોવાનું ફરિયાદીના ભાઈ હિતેશભાઈએ જણાવ્યું હતું. ઉપરાંત વધુમાં ઉમેર્યું હતું કે, જ્યોત્સનાબેનની આર્યન ડેવલપર્સમાં ભાગીદારી ન હોવા છતાં તેના પતિએ ભાગીદાર બતાવી દંપતીએ ઠગાઈ આચરી હતી.

## દંપતી અનેક લોકોના લાખો રૂપીયા ચાંઉ કરી ગયાંઃ અગાઉ પોલીસમાં અરજી પણ થયેલ હતી

રાજકોટ. તા.૨૩

આર્યન ડેવલપર્સમાં ભાગીદાર સંજય ડોબરીયા અને તેની પત્ની જ્યોત્સનાબેને ફ્લેટ અને દુકાનો આપવાનું કહીં અનેક લોકો પાસેથી લાખો રૂપિયા પડાવી લીધાનું ફરીયાદીએ જણાવ્યું હતું. એક ગુનો નોંધાયા બાદ ઘણાં ભોગ બનનાર સામે આવશે. તેમજ અગાઉ બે વર્ષ પેહલાં બી. ડિવિઝન પોલીસ મથકમાં આરોપી વિરૂદ્ધ ૫ અરજી પણ થઈ ચૂકી છે.

# આરએમસીમાં સફાઈ કામદાર મહિલાએ રૂ.૨૦ હજારના ૫૮ હજાર ચૂકવ્યાં છતાં વધું એક લાખ માંગી ધમકી આપી

## આરોપી સવિતા ઉર્ફે કાળી પણ આરએમસીમાં સફાઈ કામદાર છેઃ ઠક્કરબાપા વિસ્તારમાં રહેતાં જમનાબેને દવાખાનાના કામ માટે લીધેલા ઉછીના રૂપીયા મોંઘા પડ્યા

રાજકોટ. તા.૨૩

આરએમસીમાં સફાઈ કામદાર અને ઠક્કરબાપા વિસ્તારમાં રહેતાં મહિલાએ તેના પતિની સારવાર માટે તેની સાથે કામ કરતી સફાઈ કામદાર સવિતા ઉર્ફે કાલી પાસેથી લીધેલા ઉછીના રૂ.૨૦ હજારના ૫૮ હજાર ચૂકવી દિધા છતાં વધું રૂ.૧ લાખની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતા એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ઠક્કરબાપા હરીજન વાસ શેરી નં.૦૩ કન્યા છાત્રાલય પાછળ રહેતાં જમનાબેન રસીકભાઇ મકવાણા (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સવિતાબેન ઉર્ફે કાળીબેન રૂપા રાઠોડ (રહે. પરસાણાનગર શેરી નં.૫) નું નામ આપતાં એ. ડિવિઝન પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ આરએમસીમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે. આશરે બે વર્ષ પહેલા તેમના પતિ રસીકભાઈનું એક્સીડન્ટ થતાં તેમને ફેક્ચર થયેલ હોય જેથી

હોસ્પીટલમા ખર્ચો થતાં તેણીને રૂપીયાની જરૂરીયાત ઉભી થતાં તેમની સાથે આરએમસી વોર્ડ નં -૭ (બ) માં નોકરી કરતા સફાઇ કામદાર સવીતાબેન ઉર્ફે કાળીબેન રાઠોડને રૂપીયાની જરૂરીયાત હોય તેવી વાત કરતા ગઇ તા. ૧૭/૦૭/૨૦૨૨ ના બન્ને ગોંડલ રોડ પર લોહાનગરમાં હતા ત્યારે સવીતાબેને કહેલ કે, તમે રૂપીયાની વાત કરેલ હતી તમારે કેટલા રૂપીયા જોઇયે છે તેમ વાત કરતા રૂ. ૨૦ હજારની જરૂરત છે તેમ કહેતા તેને રોકડા રૂ. ૨૦ હજાર રૂપીયા ઉછીના આપેલ હતા અને બાદ ત્રણેક મહીના પછી મારે રૂપીયાની સગવડ થઈ જતા રૂ.૨૦ હજાર પરત આપી દિધેલ હતા.

બાદમાં આરોપી સવીતાબેનની બીજા વોર્ડમા બદલી થઇ ગયેલ હતી. એક વર્ષ બાદ તેણી લોહાનગરમાં સફાઇ કામ કરતી હતી ત્યારે સવારના સમયે સવીતાબેન તેમની પાસે આવેલ અને કહેલ કે, મેં તમને જે રૂ.૨૦ હજાર આપેલ હતા તે તમને ૨૦ ટકા વ્યાજે આપેલ હતા અને તેમનુ વ્યાજ રૂ.૧૦ હજાર આપવા પડશે તેમ કહેતાં તેણીએ આરોપીને લોહાનગરમાં રોકડા રૂ.૧૦ હજાર ત્રણ દિવસ બાદ આપેલ હતા. ત્રણેક મહીના બાદ ફરીવાર તેણી લોહાનગરમાં સફાઈ કામ કરતાં હતાં ત્યારે આરોપીએ તેની પાસે આવી કહેલ કે, હજુ તમારે રૂ. ૧૦ હજાર વ્યાજના આપવા પડશે તેમ કહેતાં આરોપીને તેણીએ રૂ.૫ હજાર આપેલ અને બાદમાં બે મહીના બાદ બાકીના રોકડા રૂ.૫ હજાર વ્યાજના આપેલ હતા.

## આરોપીએ પઠાણી ઉઘરાણી કરી અડધો લાખ પડાવી લીધા બાદ દાઢ ડણકીઃ મહિલા પાસેથી રૂપીયા પડાવવા પરિવારને મારી નાખવાની ધમકી આપીઃ એ. ડિવિઝન પોલીસે મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

તેમજ એકાદ મહિના બાદ આરોપીએ કહેલ કે, તમારે હજુ વ્યાજના રૂપીયા આપવા પડશે તેમ કહેતાં તેમને કટકે કટકે રોકડા રૂ.૧૮ હજાર વ્યાજના આપેલ હતાં. ગઇ તા.૧૫/૦૫ ના સાંજના સમયે તેણી ઘરે હતાં ત્યારે આરોપી તેની ઘરે આવેલ હતા અને કહેલ કે, તમારે વ્યાજના હજુ વધારે રૂ.૬૦ હજાર આપવા પડશે તેમ કહેતા તેમને કહેલ કે, મે તમારી પાસે લિધેલ રૂ. ૨૦ હજારના વ્યાજ સહિત રૂ.૫૮ હજાર ચુકવી આપેલ છે, તો હવે હવે રૂ. ૬૦ હજાર કેમ દેવાના છે, તેમ કહેતા આરોપીએ કહેલ કે, તમે લોહાનગર મને મળવા આવજો હું તમને કહીશ તેમ કહિ જતા રહેલ અને બાદમાં ફોન કરી અવારનવાર રૂ.૬૦ હજારની ઉઘરણી કરતા હતા અને ગઇ તા.૨૦/૦૫ ના સવાર સમયે તેણી લોહાનગરમાં નોકરી પર હતાં ત્યારે કાળીનો ફોન આવેલ હતો અને કહેલ કે, તમારે રૂ.૬૦ હજારના હવે રૂ.૧ લાખ આપવા પડશે, નહિતર તમને સમાજમાં બદનામ કરીશ અને તમારા પતિ અને છોકરાઓને માણસો દ્વારા માર ખવડાવીશ તેમ ધમકી આપી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એસ.એમ.સૈયદ અને સ્ટાફે વધું તપાસ હાથ ધરી હતી.

# રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મત ગણતરી માટે કાલે ૮૦૦ જેટલા કર્મચારીઓને તાલીમ આપી સજ્જ કરાશે

**મત ગણતરી કેન્દ્ર પર રાજસ્થાનના ડો. પૃથ્વીરાજની સાથે હરિયાણાના નરહરિસિંગ ઓબ્ઝર્વર તરીકે બજાવશે ફરજ**

રાજકોટ, તા.૨૩

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મતગણતરી આગામી તા.૪ જુનના રોજ કણકોટની સરકારી ઇજનેરી કોલેજ ખાતે થનાર હોય આ અંગેની તૈયારીઓ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોષી દ્વારા શરુ કરી દેવામાં આવી છે.

આ મત ગણતરી માટે ૮૦૦ જેટલા કર્મચારીઓ વિશેષ ફરજ પર લેવામાં આવનાર છે જેઓને આવતીકાલે બપોરના ૩ કલાકે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે તાલીમ આપવામાં આવનાર છે. કર્મચારીઓને આ તાલીમ અધિક કલેક્ટર ચૂંટણી મુછાર દ્વારા આપવામાં આવશે.

અહીં ઉલ્લેખનીય છે કે રાજકોટ બેઠકની ચૂંટણીની મત ગણતરી માટે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણી પંચ સમક્ષ વધુ ૩ ઓબ્ઝર્વર ફાળવવાની દરખાસ્ત કરવામાં આવી હતી પરંતુ ચૂંટણી પંચ દ્વારા અગાઉ રાજસ્થાનના ડો. પૃથ્વીરાજને રાજકોટ બેઠક માટેના ઓબ્ઝર્વર તરીકે મુકવામાં આવેલ હતાં. જેમાં હવે ચૂંટણી પંચ દ્વારા વધુ એક ઓબ્ઝર્વર મુકવામાં આવેલ છે. હરિયાણાના નરહરિસિંગની ઓબ્ઝર્વર તરીકે નિયુક્તિ આપવામાં આવે છે. આ બંને ઓબ્ઝર્વરની ઉપસ્થિતિમાં રાજકોટ બેઠકની ચૂંટણીની મત ગણતરી સરકારી ઇજનેરી કોલેજ કણકોટ ખાતે બે બિલ્ડીંગ પર કરવામાં આવશે. આ બંને બિલ્ડીંગ પર એક-એક ઓબ્ઝર્વર તૈનાત કરાશે.

## મત ગણતરી બાદના ૪૫ દિવસમાં બાદ ઉમેદવારોને હિસાબ રજુ કરી દેવા તાકિદ

રાજકોટ, તા.૨૩

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના ઉમેદવારોએ મત ગણતરી બાદ ૪૫ દિવસમાં ખર્ચના હિસાબો રજૂ કરવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોષી દ્વારા તાકિદ કરી દેવામાં આવી છે.

અહીં ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે ભાજપ-કોંગ્રેસ સહિતના ઉમેદવારો વચ્ચે જંગ ખેલાયો હતો જેમાં મુખ્ય ચૂંટણી જંગ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે ખેલાયો હતો. ચૂંટણી પંચ દ્વારા આ વખતે ઉમેદવાર દીઠ ખર્ચની મર્યાદા વધારી ૯૫ લાખની કરવામાં આવી હતી. રાજકોટ બેઠકના ઉમેદવારોને આગામી તા.૪ના થનારી મત ગણતરી બાદ ૪૫ દિવસમાં હિસાબો રજૂ કરવા માટે તાકિદ કરવામાં આવી છે.

## સ્માર્ટ મીટર

(છેલ્લા પાનાનું ચાલું)

ઉર્જા વિકાસ નિગમે જણાવ્યું છે કે ગુજરાત વીજ વિતરણ કંપની દ્વારા તમામ પ્રકારની પ્રક્રિયા પૂર્ણ કરી જાન્યુઆરી ૨૦૨૪માં સ્માર્ટ મીટર લગાવવાની શરૂઆત કરવામાં આવેલ હતી. છેલ્લા ત્રણ મહિનામાં એમજીવીસીએલમાં ૨૭૭૦૦, ડીજીવીસીએલમાં ૧૧૮૦૦, પીજીવીસીએલમાં ૭૦૦૦ અને યુજીવીસીએલમાં ૧૦૦૦થી વધુ સ્માર્ટ મીટર લગાવવામાં આવેલ છે. સ્માર્ટ મીટર લગાવ્યા પહેલા જે-તે ક્ષેત્રમાં આ બાબત વિશેની જાણકારી આપવામાં આવેલ હતી.

સ્માર્ટ મીટર બાબતે લોકોમાં કદાચ પુરતી જાણકારીના અભાવે સંશય પેદા થયેલ છે. જૂનું મીટર બદલી સ્માર્ટ મીટર લગાડવામાં આવે ત્યારે છેલ્લા બિલના રીડીંગથી જૂના મીટર બદલવાના સમયે નોંધાયેલા રીડીંગ વચ્ચેના તફાવતના આધારે ગ્રાહકના વીજ વપરાશનું બિલ એક સાથે ગ્રાહક પાસેથી લેવાના બદલે તેની સામે સિક્યુરીટી ડિપોઝીટની રકમ એડજસ્ટ કરીને ફાઈનલ આઉટસ્ટેન્ડીંગ એમાઉન્ટની ગણતરી કરી તેને મહત્તમ છ મહિનામાં વસુલ કરી શકાય તે રીતે દૈનિક રકમ ગ્રાહકના ખાતામાંથી ઉધારવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. સ્માર્ટ મીટર ધારકોના બેલેન્સમાંથી દૈનિક વીજ વપરાશના ચાર્જ ઉપરાંત આ જૂના વપરાશના બિલની રકમ પણ ઉધારવામાં આવતી હોવાથી સ્માર્ટ મીટર ગ્રાહકને વિજબીલ વધુ આવતું હોવાની ગેરસમજ ઉભી થયેલ છે.

વધુમાં દૈનિક વીજ વપરાશના ચાર્જની ગણતરી પણ ગ્રાહકના વીજ વપરાશ મુજબ વિવિધ સ્લેબ મુજબ થતી હોવાથી સ્લેબ બદલાતા ચાર્જની ગણતરી બદલાતી હોવાથી પણ આ પ્રકારની ગેરસમજ ઉભી થયેલ છે. આ પ્રકારના તમામ દાવાઓની વીજ વિતરણ કંપની દ્વારા ચકાસણી કરવામાં આવી છે અને તમામ કિસ્સામાં ચાર્જની ગણતરી વીજ વપરાશ મુજબ જ થયેલ છે. આથી ગ્રાહક પાસેથી વધુ ચાર્જ વસુલાતો હોવાના દાવાઓમાં તથ્ય નથી. પરંતુ ચાર્જની ગણતરી વિશે માહિતી ન હોવાથી આ પ્રકારનો સંશય પેદા થયેલ છે.

ગ્રાહકના ખાતામાં ચાર્જ બેલેન્સ માઈનસ ૩૦૦થી નીચે જવાના કિસ્સામાં ડીસ્કનેકશન કરવામાં આવેલ હતું. મોટાભાગના કિસ્સાઓમાં રીચાર્જ કર્યા બાદ ગ્રાહકના એકાઉન્ટ રિકનેકશન તેની નિયત સમય મર્યાદામાં થયેલ છે. વધુમાં ડિસ્કનેકશનની કામગીરી કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન જ કરવામાં આવેલ છે. રજાના દિવસોમાં કે કચેરી સમયના બાદના કલાકોમાં કોઈપણ ડિસ્કનેકશન કરવામાં આવેલ નથી. જેનો તમામ રેકોર્ડ સીસ્ટમમાં મોજૂદ છે. તેથી રાત્રે કે વહેલી સવારે ડિસ્કનેકશન કરવામાં આવેલ હોવાના દાવાઓ યોગ્ય નથી.

કેટલાક ગ્રાહકો દ્વારા સ્માર્ટ મીટરમાં વીજ વપરાશ વધુ હોવાની ફરિયાદ કે દાવાઓ કરવામાં આવેલ છે. સ્માર્ટ મીટર એ અન્ય મીટરની જેમ જ તમામ પ્રકારના ટેસ્ટ અને એક્યુરેસી ચેક પછી જ લગાવવામાં આવેલ છે. વધુમા સ્માર્ટ મીટર ઈન્ડીયન સ્ટાન્ડર્ડ પ્રમાણેના સ્પેસિફિકેશન ધરાવે છે અને તે સામાન્ય મીટર મુજબ જ વીજ વપરાશની નોંધણી કરે છે. વધુમાં ચેક મીટર દ્વારા કેટલાક ગ્રાહકોમાં સ્માર્ટ મીટર અને ચેક મીટરમાં વીજ વપરાશની સરખામણી કરવામાં આવેલ છે અને બંનેમાં સમાન વીજ વપરાશ નોંધાયેલ છે. આમ સ્માર્ટ મીટરમાં વધુ વીજ વપરાશના દાવાઓમાં તથ્ય નથી.

આમ, ગ્રાહકોમાં બિલની ગણતરી અંગે જે ગેરસમજો ઉભી થયેલ છે તે નિવારવા તેમજ અન્ય માધ્યમોમાંથી મળેલ વિવિધ સૂચનોને ધ્યાને લઈ સ્માર્ટ મીટરને સંલગ્ન બાબતો સરળ બનાવવા નીચે મુજબની પદ્ધતિ અપનાવવાનું નક્કી કરવામાં આવે છે.

★ સ્માર્ટ મીટર ગ્રાહકો પૈકી જે ગ્રાહકો સ્માર્ટ મીટરની સાથે ચેક મીટર લગાડવા ઈચ્છુક હશે તે ગ્રાહકોના ઘરે ચેક મીટર લગાડવામાં આવશે જેથી બંને મીટરનો વપરાશ સરખાવી શકાય.

★ સ્માર્ટ મીટર ગ્રાહકો દૈનિક વીજ વપરાશના યુનિટ પોતાની મોબાઈલ એપ્લીકેશન પર જોઈ શકશે.

★ સ્માર્ટ મીટર ધારકને રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને પોતાની સ્માર્ટ મીટરની મોબાઈલ એપ્લીકેશન પર માસિક બીલ આપવામાં આવશે જેની ચૂકવણી માટે હાલની સામાન્ય બિલ પ્રક્રિયા મુજબ નિયત સમય આપવામાં આવશે. જે સ્માર્ટ મીટર ધારકનું રીચાર્જ મહિના દરમિયાન નેગેટીવ બેલેન્સમાં હશે તો પણ તેને 'ડીસ્કનેકશન' કરવામાં આવશે નહી અને નિયત સમયગાળામાં બિલ ભરપાઈ ન કરવામાં આવે તે કિસ્સામાં હાલની સામાન્ય બિલ પ્રક્રિયા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# બાઈક સાઈડમાં લેવાનું કહેતા રામનાથપરાના બે શખ્સોનો બાલાજી ફાસ્ટફૂડના માલિક બળવંતભાઈ પર છરીથી ખુની હુમલો

**કાલાવડ રોડ પર સ્વામીનારાયણ મંદિર સામેનો બનાવઃ એજાજ દલવાણી અને સોહિલ મેમણે કરેલા હમલામાં વેપારીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચીઃ સારવારમાં ખસેડાયાઃ માલવીયાનગર પોલીસે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી**



રાજકોટ તા.૨૩

કાલાવડ રોડ પર સ્વામીનારાયણ મંદિર સામે આવેલ બાલાજી ફાસ્ટફૂડના માલીક બળવંતભાઈએ ત્યાં પાર્ક કરેલ બાઈક સાઈડમાં લેવાનું કહેતા રામનાથપરાના એજાજ દલવાણી અને સોહિલ મેમણે છરીથી હુમલો કરી હત્યાનો પ્રયાસ કરતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે માલવીયાનગર પોલીસે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ગાંધીગ્રામ સોસાયટી શેરી નં.૯/૧ના ખુણે શિવશક્તિ ડેરીની સામે રહેતા બળવંતભાઈ ઘનશ્યામભાઈ રાજા (ઉ.૪૯)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે એજાજ દલવાણી અને સોહિલ મેમણ રહે. રામનાથપરાનું નામ આપતા માલવીયાનગર પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તેઓ કાલાવડ રોડ પર બાલાજી ફાસ્ટફૂડ એન્ડ ગોલા નામની દુકાન ચલાવે છે. દુકાને તેમના પુત્ર રૂપેશ હાર્દીક અને અન્ય માણસો કામ કરે છે. અગાઉ ૧૫ દિવસ પહેલા એજાજ દલવાણી અને સોહિલ મેમણ બાઈકમાં ધસી આવેલ અને રોડ પર બાઈક પાર્ક કરતા તેઓને વ્યવસ્થિત સાઈડમાં બાઈક પાર્ક કરવાનું કહેલ તે વખતે બન્ને શખ્સો કહેવા લાગેલ કે અમે તો આ રીતે જ અમારા વાહનો પાર્ક કરીશું તેમ કહી બોલાચાલી કરેલ હતી. બાદ ગઈ રાતે તેઓ દુકાને હતા ત્યારે એજાજ દલવાણી અને સોહિલ અલગ અલગ બાઈકમાં દુકાને ધસી આવેલ અને રોડ પર બાઈક પાર્ક કરતા ફરીયાદીના પુત્ર હાર્દીકે તેઓને વ્યવસ્થીત પાર્ક કરવાનું કહેતા બન્ને શખ્સોએ બાઈક તેમની દુકાન પાસે ઉભા રાખી દીધા હતા. ફરીવાર હાર્દીકે બન્ને શખ્સોને વાહનો દુર રાખવાનું કહેતા એજાજ દલવાણીએ હાર્દીકને ફડાકો ઝીંકી દીધો હતો દરમ્યાન ફરીયાદી પુત્રને છોડાવવા વચ્ચે પડતા એજાજે ટુ વ્હીલમાંથી છરી કાઢી મારી નાખવાની ઈરાદે માથાના ભાગે છરીના ઘા ઝીંકી દેતા તેઓને માથાના ભાગે અને હાથમાં ઈજા થયેલ હતી. તેમજ સોહિલ મેમણે દુકાને પડેલ ખુરશી અને સરબતની બોટલોના છુટા ઘા કરી હુમલો કર્યો હતો. બાદમાં બન્ને શખ્સો વાહનો મુકી નાસી છુટયા હતા. ઈજાગ્રસ્ત બળવંતભાઈને સારવારમાં સીવીલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી બન્ને શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## કેજરીવાલ

(પહેલા પાનાનું ચાલું)

કર્યો હતો કે ભાજપે જ સ્વાતિ માલીવાલને ફરિયાદ નોંધાવવાનું સૂચવ્યું હતું.સમાચાર એજન્સીના રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે કેજરીવાલના વૃદ્ધ માતા-પિતા ઉપરાંત તેમના પત્ની સુનિતા કેજરીવાલની પણ પોલીસ પુછપરછ કરશે.સ્વાતી માલીવાલે મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલા નિવેદનમાં એમ કહ્યું હતું કે પોતાને માર મરાયો ત્યારે કેજરીવાલના પત્ની અને માતાપિતા પણ મૌજૂદ હતા. દિલ્હી પોલીસના સૂત્રોએ કહ્યું કે સ્વાતી માલીવાલ તેમને મળીને આવી હતી અને એટલે નિવેદન લેવાશે.

'આપ' દ્વારા ભાજપ તથા વડાપ્રધાન મોદી પર નિશાન તાકીને એવો પ્રહાર કરાયો છે કે કોઈને ટેકા વિના ચાલી પણ ન શકતા ૮૫ વર્ષના કેજરીવાલના પિતા અને લાંબો વખત હોસ્પીટલમાંથી બહાર આવેલી તેમની માતા સ્વાતિ પર હાથ ઉપાડી શકે? શું ભાજપ આવુ માને છે.અરવિંદ કેજરીવાલે પણ સમગ્ર કેસમાં તટસ્થ તપાસની માંગણી કરી છે. આમ આદમી પાર્ટીના તમામ નેતા- કાર્યકરોને વારાફરતી નિશાન બનાવવા અને પાર્ટીને નામશેષ કરવાનું આ ષડયંત્ર છે.

## મોદી

(પહેલા પાનાનું ચાલું)

અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ વગેરે ઉંચકાયા હતા. સનફાર્મા, પાવરગ્રીડ, હિન્દાલ્કો, કોલ ઈન્ડીયા વગેરેમાં ઘટાડો હતો.મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૦૫૦ પોઈન્ટના ઉછાળાથી ૭૫૨૭૧ હતો તે ઉંચામાં ૭૫૪૦૭ તથા નીચામાં ૭૪૧૫૮ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફ્ટી ૩૧૬ પોઈન્ટ વધીને ૨૨૯૧૪ હતો તે ઉંચામાં ૨૨૯૫૯ તથા નીચામાં ૨૨૫૭૭ હતો.

બીએસઈમાં આજે ૩૯૧૫ શેરોમાં ટ્રેડીંગ હતું તે પૈકી ૧૭૭૫માં ઉછાળો હતો. ૨૦૦૬માં ઘટાડો હતો. ૨૦૧ શેરો વર્ષની ઉંચાઈએ પહોંચ્યા હતા. ૨૫૩માં તેજીની સર્કીટ હતી. બીએસઈનું માર્કેટકેપ ૪૧૯.૫૦ લાખ કરોડે પહોંચ્યુ હતું.

## રીઅલ એસ્ટેટ

(છેલ્લા પાનાનું ચાલું)

શકે છે, આ દરો આગામી ઓગસ્ટ મહિનામાં લાગુ કરવામાં આવે તેવી સંભાવના છે.

રાજય સરકાર હવે રાજ્યમાં વધુ એક માળખુ બદલવાની તૈયારીમાં છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી જંત્રીને લગતા દરોમાં ધરખમ ફેરફાર સાથે નવા દરો લાગુ કરવાની યોજના બનાવવામાં આવી છે. સુત્રો અનુસાર, ઓગસ્ટ માસ સુધીમાં નવા જંત્રીના દરો લાગૂ થઇ જશે, આ સમગ્ર પદ્ધતિને એક સાયન્ટિફિક સર્વે બાદ લાગુ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં બિલ્ડરોનો જબરદસ્ત વિરોધ હોવા છતાં નવા જંત્રી દરોનો નિર્ણય લાગૂ કરવા સરકાર મક્કમ બની છે.

આ નવા પ્લાનમાં મહાનગરોમાં વિકસિત વિસ્તારોમાં બજારભાવ સંલગ્ન જંત્રી દર આવશે. જ્યા વિકાસની તક ઓછી છે તેવા વિસ્તારોમાં જંત્રીના દર ઘટી શકે છે. તેની સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ જંત્રીના દર ઘટી શકે છે. જ્યારે મહાનગરોના પોશ વિસ્તારોમાં જંત્રી દર વધી શકે છે. મહાનગર આસપાસ અર્બન ઓથોરિટીમાં સમાવિષ્ટ વિસ્તારોમાં પણ જંત્રી દર વધી શકે છે.

ભવિષ્યમાં રીઅલ એસ્ટેટ ક્ષેત્રે મોટું રોકાણ આવી શકે તેવા વિસ્તારોમા જંત્રી દર વધી શકે છે. મહાનગરના જૂના શહેરી વિસ્તારો જ્યા વિકાસની તક નથી ત્યાં જંત્રી દર ઘટી શકે છે. આ ઉપરાંત અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં જંત્રીના દર ઘટી શકે છે.

## અવસાન નોંધ

**રાજકોટઃ** ચા.મ.મો. બ્રાહ્મણ ભગવતીપ્રસાદ પ્રાણલાલ પંડયા (ઉ.૭૮) તે સ્વ. પ્રાણલાલ જગજીવન પંડયાના પુત્ર તથા સ્વ. શશીકાંતભાઈ, જયપ્રકાશભાઈ તથા ભારતીબેન એન. દવેના મોટાભાઈ તથા પ્રશાંતભાઈ એસ. પંડયાના ભાઈજી, તેમજ હેતલબેન રાજેશકુમાર પંડયા, ફાલ્ગુનીબેન રક્ષીતકુમાર જાની તથા ચેતનાબેન મોહિતકુમાર જાનીના પિતાશ્રી, તે બેંગ્લોર વાળા સ્વ. ભાઈશંકર ખીમશંકર ત્રીવેદીના જમાઈનું તા.૨૨ના રોજ અવસાન થયું છે. તેનું બેસણું તા.૨૪ને શુક્રવારના સાંજે ૫થી ૬ ચા.મ.મો. બ્રાહ્મણ વાડી, ૧, મીલપરા ખાતે છે. લૌકીક ક્રિયા બંધ રાખેલ છે.

# અમેરિકામાં 'સેકસ રેકેટ'માં ૬૮ વર્ષિય ગુજરાતી વૃદ્ધની ધરપકડ

ન્યુયોર્ક:તા.૨૩

અમેરિકાના અલાબામામાં પોલીસે મોટી કાર્યવાહી કરતા ૩૬ લોકોની સેક્સ રેકેટમાં ધરપકડ કરી છે, જેમાં એક ગુજરાતીનો પણ સમાવેશ થાય છે. અલાબામાના ટસ્કલૂસા સિટીની આ ઘટનામાં પોલીસે અંડરકવર ઓપરેશન હાથ ધરીને સિટીમાં ચાલતા સેક્સ રેકેટનો ભાંડો ફોડ્યો હતો. વેસ્ટ અલાબામા હ્યુમન ટ્રાફિકિંગ ટાસ્ક ફોર્સના કમાન્ડર કેપ્ટન ફિલ સિમ્પ્સનના જણાવ્યા અનુસાર બે અલગ-અલગ ઓપરેશન્સમાં કુલ ૩૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, આ કાંડમાં પકડાયેલા ગુજરાતીનું નામ કૌશિક પટેલ છે અને તેમની ઉંમર ૬૮ વર્ષ જણાવાઈ છે તેમજ તેઓ ટસ્કલૂસામાં જ રહે છે.




૧૦ મે ૨૦૨૪ના રોજ અરેસ્ટ થયેલા કૌશિક પટેલ પર સોલિસિટિંગ પ્રોસ્ટિટ્યૂશનનો ચાર્જ લગાવવામાં આવ્યો હતો, જેમાં તેમને ૩૦૦ ડોલરના બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યા હતા. આ રેકેટમાં ફેબ્રુઆરી ૨૦૨૪માં પહેલીવાર એક કેસ સામે આવ્યો હતો અને ત્યારબાદ હ્યુમન ટ્રાફિકિંગની તપાસ શરૂ કરવામાં આવી હતી જેમાં આગળ જતાં ૨૩ લોકો અરેસ્ટ થયા હતા.

અલાબામા હ્યુમન ટ્રાફિકિંગ ટાસ્ક ફોર્સ દ્વારા તાજેતરમાં જ ટસ્કલૂસામાં એક અંડરકવર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં વધુ ૧૩ લોકો ઝડપાયા હતા. અલાબામાના કાયદા અનુસાર શરીર સુખ માણવા માટે કોઈને પૈસા ચૂકવવા ગુનો છે, પરંતુ જો આ રેકેટમાં કોઈ માઈનોર સામેલ ના હોય તો પૈસા ચૂકવનારાની સામાન્ય ગુનામાં ધરપકડ કરવામાં આવે છે. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા અંડરકવર ઓપરેશનમાં અલગ-અલગ ડેટિંગ એપ્સ તેમજ વેબસાઈટમાં પોલીસ ઓફિસર્સે જ પોતાની ફેક પ્રોફાઈલ બનાવીને ગ્રાહકો શોધ્યા હતા, તેમની સાથે આર્થિક વ્યવહાર કર્યો હતો તેમજ તેમને અમુક ચોક્કસ સ્થળ પર બોલાવાયા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

# હારની સાથે જ દિનેશ કાર્તિકની IPLમાં કારકિર્દી પૂર્ણ, ટીમે આપ્યું ગાર્ડ ઓફ ઓનર

## ૩૮ વર્ષીય વિકેટ કીપરે સત્તાવાર રીતે નિવૃતિની જાહેરાત નથી કરી, પરંતુ અમદાવાદમાં મેચ બાદ કાર્તિક સાથે ભાવનાત્મક દ્રશ્યો સર્જાયા : કાર્તિકે પણ ફેન્સનો આભાર માન્યો

અમદાવાદ : ફરી એકવાર રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર IPL જીતવામાં નિષ્ફળ રહી. સતત ૬ જીત સાથે પ્લેઓફમાં પહોંચેલું બેંગલુરુ એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સ દ્વારા બહાર થઈ ગયું હતું અને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું હતું. આ સાથે જ બેંગલુરુની યાત્રા પણ પૂરી થઈ ગઈ. આ હાર બેંગલુરુના ચાહકો માટે બેવડો ફટકો હતો કારણ કે ટીમની સાથે તેના એક દિગ્ગજ ખેલાડીની કારકિર્દી પણ અહીં સમાપ્ત થઈ ગઈ હતી. અનુભવી વિકેટકીપર-બેટ્સમેન દિનેશ કાર્તિકે પહેલેથી જ IPL ૨૦૨૪ને તેની છેલ્લી સિઝન તરીકે જાહેર કરી દીધી હતી અને આ મેચ તેની IPL કારકિર્દીની છેલ્લી સાબિત થઈ.



અમદાવાદમાં રાજસ્થાન રોયલ્સના રોવમેન પોવેલે ૧૯મી ઓવરના છેલ્લા બોલે ચોગ્ગો મોકલતા જ બધાની નજર કાર્તિક પર હતી. કાર્તિકની આઈપીએલ કારકિર્દીનો આ છેલ્લો બોલ હતો. બધા ખેલાડીઓ હાથ મિલાવીને એકબીજાને ગળે મળવા લાગ્યા અને પછી જ્યારે આ ઔપચારિકતાઓ પૂરી થઈ ત્યારે વિરાટ કોહલી સહિત આરસીબીના ખેલાડીઓએ કાર્તિકને ખાસ રીતે વિદાય આપી.

ડ્રેસિંગ રૂમમાં પાછા ફરતા, આરસીબીના તમામ ખેલાડીઓ પાછળ હટી ગયા ગાર્ડ ઓફ ઓનર આપતા કાર્તિકને આગળ જવાની મંજૂરી આપવામાં આવી. સ્ટેન્ડમાં હાજર પ્રશંસકો ઉભા થયા અને તાળીઓ પાડતા રહ્યા અને 'DK-DK' ના નારા લગાવતા રહ્યા, જ્યારે કાર્તિક તેમની તરફ હાથ હલાવીને આભાર કહેતો રહ્યો.

RCBના તમામ ખેલાડીઓ પણ આ IPL લેજેન્ડ માટે તાળીઓ પાડતા રહ્યા અને તેની શાનદાર કારકિર્દી માટે કાર્તિક એવા કેટલાક ખેલાડીઓમાંથી એક છે જેમણે IPLની પ્રથમ સિઝનથી ૧૭મી સિઝન સુધી દર વર્ષે ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. દિનેશ કાર્તિક અત્યારસુધીમાં, RCB સિવાય કોલકાતા નાઈટ રાઈડર્સ, મુંબઈ ઈન્ડિયન્સ, પંજાબ કિંગ્સ, ગુજરાત લાયન્સ અને દિલ્હી ડેરડેવિલ્સ જેવી ટીમોનો પણ ભાગ હતો.

તેની છેલ્લી મેચમાં દિનેશ કાર્તિક બેટથી કંઈ ખાસ કરી શક્યો ન હતો અને ૧૩ બોલમાં માત્ર ૧૧ રન બનાવીને આઉટ થયો હતો. આ સિવાય તેણે એક સ્ટમ્પિંગ કર્યું અને ૨ કેચ પણ લીધા. આમ હોવા છતાં તેની છેલ્લી સિઝનમાં, કાર્તિકે ચાહકોને કાયમ માટે ઘણી યાદો આપી હતી, જેમાં સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ૩૫ બોલમાં ૮૩ રનની તેની આશ્ચર્યજનક ઈનિંગ ભાગ્યે જ કોઈ ભૂલી શકે છે.


કાર્તિકે ૧૭ સિઝનમાં ૨૫૭ મેચ રમી અને ૪૮૪૨ રન બનાવ્યા, જેમાં ૨૨ અડધી સદી સામેલ છે. આ સિવાય તેણે ૧૪૫ કેચ અને ૩૭ સ્ટમ્પિંગ પણ કર્યા હતા. આ સમયગાળા દરમિયાન તેણે મુંબઈ ઈન્ડિયન્સ સાથે આઈપીએલનો ખિતાબ પણ જીત્યો હતો.

# શિખર ધવન હવે ઓટીટી પર હોસ્ટની ઈનીંગ રમશેઃ નવો ટોક શો લાવશે

## એક હોસ્ટ તરીકે શિખરની પસંદ છે દેશમાં કપિલ શર્મા, વિદેશમાં ઓપ્રા વિન્ફ્રે



મુંબઈ: શિખર ધવન એક એવો ક્રિકેટર છે જે લાંબા સમયથી પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફના કારણે ચર્ચામાં છે. ક્રિકેટના મેદાનમાંથી બહાર આવીને શિખર ધવન હવે ઓટીટી પ્લેટફોર્મ પર એક હોસ્ટ તરીકે પોતાનો એક નવો ટોક શો લઈને આવે છે. જયારે શિખરને પૂછવામાં આવ્યું કે તેનો પસંદગીનો હોસ્ટ કોણ છે? તો તેણે તરત જવાબ આપ્યો કે ઈન્ડીયામાં કપિલ શર્મા અને વિદેશમાં ઓપ્રા વિન્ફ્રે. જો કે મને જાણીતી હોસ્ટ એલેનનો અંદાજ પણ ગમે છે પણ એક હોસ્ટ તરીકે કપિલ શર્માએ મને જેટલો હસાવ્યો છે એટલો બીજા કોઈએ નહીં. તેના તમામ એપિસોડે મારું ખૂબ મનોરંજન કર્યું છે. આમ આદમી સાથે તેનું કનેકટ કમાલનું છે. મને કરણ જોહર પણ પસંદ છે.




ટુંક સમયમાં જ પોતાની બાયોગ્રાફી લઈને આવનાર શિખર છેલ્લે સોનાક્ષીસિંહા અને હુમા કુરેશીની સાથે 'ડબલ એકસેલ'માં પણ નજરે પડયો હતો. ક્રિકેટ હોય કે અંગત જિંદગી તેણે ઘણા ઉતાર-ચડાવ જોયા છે. વ્યક્તિગત જીવનમાં તે તલાકમાંથી પણ પસાર થયો છે. તેવી સ્ટ્રેન્થના બારામાં તેનું કહેવું છે કે મારી પોઝીટીવ સોચ અને અધ્યાત્મ જ મારી સૌથી મોટી તાકાત છે તેના જોરે જ હું અહીં સુધી પહોંચ્યો છું.

**રીલ્સથી આવ્યો હોસ્ટીંગનો આઈડીયાઃ** શિખરે જણાવ્યું હતું કે મારા રોલ્સ ઘણા ફેમસ થતા રહ્યા છે. લોકો મારા રીલ્સને ઘણા પસંદ કરે છે. મને અને મારી ટીમને લાગ્યું કે મારા વ્યક્તિત્વના અન્ય પાસા પણ બહાર આવવા જોઈએ, પછી અમને 'હવન કરેંગે સે ધવન કરેંગે' જેવા ટાઈટલ પણ મળી ગયા અને હોસ્ટીંગની વાત બની ગઈ. શિખરે અક્ષયકુમાર, તાપસી પન્નુ, હરભજન સાથે હોસ્ટીંગના અનુભવને વર્ણવતા કહ્યું કે તેમની સાથે ખૂબ મઝા આવી.

# '૩ ઈડિયટસ' જેવો વાસ્તવિક 'સીન' સર્જાયો! પોલીસે જીપ 'એઈમ્સ'ના વોર્ડમાં ઘુસાડી દીધી

## સિકયુરીટી ગાર્ડ સીટી વગાડતો રહ્યો અને પોલીસની જીપ હોસ્પીટલની અંદર ચડાવી દેવાઈઃ વિડીયો વાયરલ

દહેરાદૂન:તા.૨૩

ઋષિકેશ એઈમ્સનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે પોલીસ દર્દીઓની વચ્ચે ગાડી લઈને ઈમરજન્સી વોર્ડમાં પ્રવેશી ગઈ હતી. અહીં મહિલા ડોક્ટરની છેડતીનો મામલો સામે આવ્યા બાદ હોબાળો મચી ગયો હતો. ફરિયાદ મળતા પોલીસ હોસ્પિટલ પહોંચી હતી. આરોપીને પકડવા માટે પોલીસ કાર લઈને હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ થઈ ગઇ હતી. હવે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.



માહિતી મુજબ, ૧૯ મેની સાંજે AIIMS ઋષિકેશના ઓપરેશન થિયેટરમાં સર્જરી ચાલી રહી હતી. તે જ સમયે સર્જરી વિભાગમાં તહેનાત મહિલા ડોક્ટરની નર્સિંગ ઓફિસર સતીશ કુમાર દ્વારા છેડતી કરવામાં આવી હતી. આ બાબતના વિરોધમાં હોસ્પિટલના તબીબોએ હડતાળ પર ઉતરી ગયા હતા અને આરોપી સામે કડક કાર્યવાહીની માંગ સાથે દેખાવો શરૂ કર્યા હતા. એઈમ્સના તબીબોએ ડીનની ઓફિસનો ઘેરાવ પણ કર્યો હતો. ફરિયાદ મળતાં પોલીસે આરોપી નર્સિંગ ઓફિસર સતીશ કુમાર વિરુદ્ધ કેસ નોંધીને કાર્યવાહી શરૂ કરી હતી.

પોલીસ આરોપીને પકડવા હોસ્પિટલ પહોંચી હતી. આ દરમિયાન ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. સ્થિતિ જોઈને પોલીસે ઈમરજન્સી વોર્ડની અંદર દર્દીઓ વચ્ચે જીપ ઘૂસાડી દીધી હતી. આ દરમિયાન સિક્યુરિટી ગાર્ડ સીટીઓ વગાડીને દર્દીઓના સ્ટ્રેચર હટાવતા રહ્યા. વોર્ડમાં પોલીસની ગાડી જોઈ દર્દીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

# એકનુ માથુ બીજામાં ફીટ કરી દીધુ! 'હેડ ટ્રાન્સપ્લાન્ટ'ની સંશોધન પ્રક્રિયાથી દુનિયા ચોંકી

ન્યુયોર્ક:તા.૨૩

ઘણી કંપનીઓ હેડ ટ્રાન્સપ્લાન્ટની ટેક્નોલોજી પર કામ કરી રહી છે. તેમાંથી એક અમેરિકન સ્ટાર્ટઅપ બ્રેઈનબ્રિજના વીડિયોએ ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. હેડ ટ્રાન્સપ્લાન્ટના સિમ્યુલેશનનો આ વીડિયો ચોંકાવનારો હોવાની સાથે લોકોને ડરાવે છે. વીડિયોમાં બે સર્જિકલ રોબોટ બે રોબોટિક બોડી પર સર્જરી કરતા દેખાડવામાં આવ્યા છે. તેઓ એક શરીરમાંથી માથું કાઢીને બીજા શરીર પર ફિટ કરે છે.



જો કે તે સાયન્સ-ફિક્શન ફિલ્મના સીન જેવું લાગે છે, પરંતુ વૈજ્ઞાનિકો તેને વાસ્તવિકતા બનાવવામાં વ્યસ્ત છે. બ્રેઈનબ્રિજે જાહેરાત કરી છે કે તે વિશ્વની પ્રથમ હેડ ટ્રાન્સપ્લાન્ટ સિસ્ટમ બનાવશે. અત્યાર સુધી આ કંપની પડદા પાછળ સંશોધનમાં વ્યસ્ત હતી, હવે તે આખી દુનિયાને જણાવવા માંગે છે. બ્રેઈનબ્રિજનું કહેવું છે કે આ ટેક્નોલોજીથી તે એવા દર્દીઓને મદદ કરવા માંગે છે જેઓ અસાધ્ય રોગોથી પીડિત છે.કંપની સ્ટેજ-૪ કેન્સર, પેરાલિસિસ, અલ્ઝાઈમર અને પાર્કિન્સન જેવા ન્યુરોડિજનરેટિવ રોગોથી પીડિત દર્દીઓને નવી આશા આપવા માંગે છે. સર્જરીમાં દર્દીનું માથું તંદુરસ્ત, મગજ-મૃત દાતા શરીર પર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. ધ્યેય ચેતના, સ્મૃતિઓ અને અન્ય જ્ઞાનાત્મક કાર્યોને અકબંધ રાખવાનો છે.

આ વીડિયોએ ઈન્ટરનેટ યુઝર્સને ચોંકાવી દીધા છે. કેટલાકે કહ્યું કે અમેરિકન કંપની 'ઈશ્વરના કામમાં દખલ કરી રહી છે'. એક યુઝરે કહ્યું, 'હું કલ્પના પણ નથી કરી શકતો કે તેનો નૈતિક રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અન્ય એક યુઝરે લખ્યું, 'કદાચ આ (ટેકનોલોજી) માત્ર અમીરો માટે જ ઉપલબ્ધ હશે.

આ ટેક્નોલોજી પર કામ કરતી બ્રેનબ્રિજ એકમાત્ર કંપની નથી. જેવી ઘણી કંપનીઓ આ દિશામાં કામ કરી રહી છે. પીઢ ઉદ્યોગપતિ એલોન મસ્કની ન્યુરાલિંકે તાજેતરમાં લકવાથી પીડિત વ્યક્તિના મગજમાં કોમ્પ્યુટર ચિપ પણ સ્થાપિત કરી છે.

# ૨૦૦૩ પછી સૂર્ય પર સૌથી મોટુ સૌર તોફાનઃ બે વર્ષ સુધી ચાલશે

## વર્તમાન ભીષણ ગરમી તથા 'સોલાર મેકસીમા'ને કોઈ સંબંધ નથી





રાજકોટ તા.૨૩

સુર્યના આકરા તાપ વચ્ચે નવી વાત લોકોને આશ્ચર્ય ચકીત કર્યા છે. હાલ વર્ષ ૨૦૨૪ ચાલી રહ્યું છે. આ વર્ષમાં સોલાર મેકસીમાની ઘટનાઓ જોઈ શકાશે. જેમાં સુર્યની ગતિવિધિ વધી જાય છે. જેના કારણે સૌર કલંક (સનસ્પોર્ટસ) વધી જાય છે. આ ઘટના દર ૧૧ વર્ષે ઘટે છે.

રાજકોટના લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા સોલાર મેકસીમા ઘટનાને ટેલીસ્કોપથી નિહાળી શકાય તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યુ હતું. જેને લોકોએ ટેલીસ્કોપના માધ્યમથી નિહાળ્યુ હતું. આ અંગે વધુ માહિતી આપતા આયોજક નિલેશભાઈ રાણાએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૪-૨૫ બે વર્ષ દરમ્યાન સોલાર મેકસીમા ઘટના જોવા મળશે. જેનો અર્થ એવો થાય છે કે સૂર્યની સપાટી પર શ્યામ રંગના ટપકા જોવા મળે. આ ઘટના દરમ્યાન સૂર્ય પરની ગતિવિધિ વધી જાય છે જેને સૌર કલંક અને સનસ્પોટ પણ કહેવાય છે.

છેલ્લે ૨૦૧૪માં આ ઘટના જોવા મળી હતી પરંતુ ૨૦૦૩ પછીની સૌથી મોટી સોલાર મેકસીમા ઘટના છે. આ ઘટનાથી અવકાશમાં રહેલા સેટેલાઈટને નુકસાન કરી શકે. આ નુકશાન ચોકકસ નથી પરંતુ બે વર્ષ દરમ્યાન ઘટનાઓ રોજ જોવા મળશે. આથી ચોકકસ સમયે ગતિવિધિ વધશે તો સેટેલાઈટને નુકસાન થઈ શકે. આ ઘટનામાં ધ્રુવિય પ્રકાશ વધુ જોવા મળશે. આ ધ્રુવિય પ્રકાશ પહેલા નોર્વે સ્વીડન, સાયબીરીયા, કેનેડા, આઈસલેન્ડમાં દેખાતો હતો પરંતુ હવે લેહ લદાખ સુધી પહોંચ્યો છે અને ત્યાં પણ દેખાવા લાગ્યો છે.

કેટલીકવાર આ ઘટનાથી પૃથ્વીને નુકસાન થવાનો ડર રહેતો હોય છે પરંતુ તેમાં કોઈ તથ્ય નથી. પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રને નુકસાન કરતી નથી. તારણ મુજબ માત્ર સેટેલાઈટને નુકસાન થઈ શકે છે. આ ઘટનાને નિહાળવા લોકવિજ્ઞાન કેન્દ્રમાં સોલાર મેકસીમાની ઘટના નિહાળી શકાય. આજરોજ ખાસ ટેલીસ્કોપ દ્વારા નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સવારે બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. બાળકોથી લઈ મોટેરાઓ પણ આ ઘટના ટેલીસ્કોપ દ્વારા નિહાળી હતી.

# એક સમયની સલમાનની હીરોઈન ટ્યુલિપ જોષી હવે જયોતિષ બની!

## તેણે ૨૦૦૩માં કરેલી 'માતૃભૂમિ' ફિલ્મને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળેલીઃ હાલ તે વૈદિક ફિલોસોફી શેર કરે છે

મુંબઇ, તા.૨૩

શું તમને 'મેરે યાર કી શાદી હૈ' ફિલ્મ યાદ છે? આ રોમેન્ટિક કોમેડી ફિલ્મ યશરાજ પ્રોડકશન્સ દ્વારા બનાવવામાં આવી હતી. તેમાં જિમ્મી શેરગિલ, ઉદય ચોપરા અને અંજલિ શર્માનું પાત્ર ભજવતી ટ્યુલિપ જોશી વચ્ચેનો પ્રણય ત્રિકોણ હતો. ટ્યુલિપની આ પહેલી ફિલ્મ હતી. ત્યારબાદ તેણે શાહિદ કપૂર અને સલમાન ખાન જેવા કલાકારો સાથે પણ કામ કર્યું હતું. પરંતુ ઘણા લાંબા સમયથી તે પડદા પરથી ગાયબ છે. ટ્યુલિપ હવે એક્ટિંગ છોડીને જ્યોતિષ તથા લાઇફસ્ટાઇલ કન્સલ્ટન્ટ બની છે.



ટ્યુલિપે ગ્રેજ્યુએશન પુરું કરતાં જ મોડેલિંગ કેરીયરની શરૂઆત કરી હતી. તેણે વર્ષ ૨૦૦૦માં મિસ ઇન્ડિયા સ્પર્ધામાં ભાગ લીધો હતો અને બાદમાં ઘણી જાહેરખબરોમાં કામ કર્યું હતું. વર્ષ ૨૦૦૨માં તેણે યશરાજ ફિલ્મ્સ સાથે 'મેરે યાર કી શાદી હૈ' કરી. આ ફિલ્મમાં તેનું નામ બદલીને સંજના કરી દેવાયું હતું. વધુ લોકોને અપીલ કરી શકે તે માટે તેને આ રીતે નામ બદલવાની સલાહ આપવામાં આવી હતી. પરંતુ પાછળથી તેણે પોતાનું નામ મૂળ નામ ફરી અપનાવી લીધું હતું.

વર્ષ ૨૦૦૩માં તેણે 'માતૃભૂમિ' નામની ફિલ્મ કરી, જેને આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલમાં ઘણી નામના મળી. તેણે શાહિદ અને આયેશા ટાકિયા સાથે 'દિલ માંગે મોર'માં પણ 'સુપરસ્ટાર' જેવી કેટલીક ફિલ્મો કરી. ટ્યુલિપે તેલુગુ, કન્નડ, મલયાલમ અને પંજાબી ફિલ્મમાં પણ કામ કર્યું છે. ૨૦૧૪માં સલમાન ખાનની ફિલ્મ 'જય હો'માં કેમિયો કર્યા બાદ તે મોટા પડદેથી ગાયબ થઇ ગઇ. તેણે ટીવીમાં એક 'એરલાઇન્સ-હર ઉડાન એક તૂફાન' નામની સીરીયલ પણ કરી હતી.

હવે ટ્યુલિપ એક વૈદિક જ્યોતિષ અને લાઇફ સ્ટાઇલ કન્સલ્ટન્ટ બની ગઇ છે. તેની એક વેબસાઇટ છે, જેના મુજબ તે જયોતિષમાં દસ વર્ષથી વધુ અનુભવ ધરાવે છે. તેના સોશિયલ મીડિયા પર તેના ૨૩ હજાર ફોલોઅર્સ છે, જેમની સાથે તે પોતાના લેખો અને વૈદિક ફિલોસોફી શેર કરે છે.






## હવે કેટરિના-વિકીના ઘેર કિલકારીઓ ગુંજશે!

# કેટરિના કૈફ ટુંક સમયમાં માતા બનશે! એક્ટ્રેસનો લંડનથી વિડીયો વાયરલ

## વીડિયોમાં ક્ટરીના લુઝ આઉટ ફિટ્સમાં પતિ વિકીનો હાથ પકડીને ચાલતી જોવા મળે છે

લંડન,તા.૨૩

બોલિવૂડ એક્ટ્રેસ કેટરિના કૈફ વિશે ચર્ચા છે કે તે પ્રેગ્નન્ટ છે. હાલમાં જ લંડનથી કેટરિનાનો એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તેનો પતિ વિકી કૌશલ તેનો હાથ પકડીને ચાલતો જોવા મળે છે.

આ વીડિયોમાં કેટરિના લૂઝ આઉટફિટ્સ પહેરીને ધીમે-ધીમે ચાલતી જોવા મળે છે. આવી સ્થિતિમાં, યુઝર્સમાં ચર્ચા શરૂ થઈ હતી કે અભિનેત્રી ટૂંક સમયમાં માતા બનવા જઈ રહી છે.

વીડિયો જોઈને ઘણા યૂઝર્સ અનુમાન લગાવી રહ્યા છે કે કેટરિના પ્રેગ્નન્ટ છે, તો કેટલાકનું કહેવું છે કે અભિનેત્રી દીપિકા પાદુકોણ કરતા વધુ મોટુ બેબી બંપ લાગે છે.

એક રિપોર્ટ અનુસાર, કેટરિના યુકેમાં મોટી થઈ છે અને તેનું લંડનના હેમ્પસ્ટેડમાં ઘર પણ છે. આવી સ્થિતિમાં અનુષ્કા શર્માની જેમ તે પણ લંડનમાં જ પોતાના બાળકને જન્મ આપી શકે છે. વિકી પણ આ દિવસોમાં ત્યાં છે.

કેટરિના અને વિકીએ રાજસ્થાનના સવાઈ માધોપુરમાં સિક્સ સેન્સ રિસોર્ટમાં ૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ પરંપરાગત હિન્દુ વિધિથી લગ્ન કર્યાં.

# અમેરિકામાં વધુ એક માણસ બર્ડફલુથી સંક્રમિત થયો

## ડેરીમાં કામ કરનાર અને ખેતમજુર બન્યા બર્ડફલુનો શિકારઃ MDHHSનો ખુલાસો

મિશિગન (અમેરિકા) તા.૨૩



અમેરિકામાં વધુ એક માણસમાં બર્ડ ફલુનો કેસ બહાર આવ્યો છે. મિશિગનના ખેતરોમાં કામ કરતો ખેતમજુર બર્ડફલુથી સંક્રમીત થયા છે. મિશિગન સ્વાસ્થ્ય અને માનવ સેવા વિભાગ (એમડીએચએચએસ) એ જણાવ્યું હતું કે મિશિગનનો ખેડુત બર્ડફલુથી સંક્રમીત થયો છે.

રોગ નિયંત્રણ અને રોકથામ કેન્દ્ર (સીડીસી) એ જણાવ્યું હતું કે ડેરી કર્મચારી એચ૫એન૧ સંક્રમીત પશુઓના સંપર્કમાં હતો, આથી તેના પર નજર રાખવામાં આવી રહી છે. સંક્રમીતે સ્થાનિક સ્વાસ્થ્ય અધિકારીઓને લક્ષણોની જાણકારી આપી હતી. પીડિતના બે નમુના લેવાયા હતા. એક નાકથી અને એક આંખથી. જેમાં નાકથી લેવાયેલ નમુનાનું રિઝલ્ટ નેગેટીવ આવેલું પણ આંખમાંથી લેવાયેલ નમુનાનું રિઝલ્ટ પોઝીટીવ આવેલું. નાકના નમુનાનું બીજીવાર પરીક્ષણ કરાયેલું પણ તેમાં સંક્રમણ નહોતું બહાર આવેલું. આ વાયરસ ગાયો અને પક્ષીઓમાં મળ્યો છે ત્યારે તેનાથી બચવા પોલ્ટ્રી કે ડેરીફાર્મમાં કામ કરનારાઓએ ઋતુજન્ય ફલુની રસી મુકાવવાની સલાહ એમડીએચએચએસે આપી છે.

## કોંગ્રેસ સાથે છેડો ફાડનાર વરિષ્ઠ નેતાનો રાહુલ પર કટાક્ષ

# રાહુલ કોંગ્રેસના વિસર્જનનું મહાત્મા ગાંધીનું સપનુ પુરું કરશે!: આચાર્ય પ્રમોદ કૃષ્ણમ

નવી દિલ્હી, તા.૨૩

એક સમયના કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ત્યારબાદ કોંગ્રેસનો છેડો ફાડનાર આચાર્ય પ્રમોદ કૃષ્ણમે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું હતું કે આ 'મહાપુરુષ' કોંગ્રેસને ખતમ કરવાનું કામ કરી રહ્યા છે. તેમણે મહાત્મા ગાંધીજીનો હવાલો આપીને કહ્યું હતું કે મહાત્મા ગાંધીજીએ સપનું જોયું હતું કે કોંગ્રેસનું વિસર્જન કરી નાખવું જોઇએ. જે કામ ભાજપ પણ ન કરી શકી તે કામ રાહુલ ગાંધી કરી રહ્યા છે.



પ્રમોદ કૃષ્ણમે જણાવ્યું હતું કે માત્ર હું જ નહીં દેશના કરોડો કોંગ્રેસ કાર્યકર્તા એ વાતથી વાકેફ છે કે રાહુલ ગાંધી કોંગ્રેસને ખતમ કરવાનું કામ કરી રહ્યા છે. ૪ જૂન બાદ કોંગ્રેસ અત્યાર સુધીની સૌથી ઓછી સીટ જીતનારી પાર્ટી બનશે.

# મને ના રેલીઓમાં બોલાવાયો ના બેઠકોમાં... ભાજપની શોકોઝ નોટિસનો સિંહાનો જવાબ

## વોટ ન કરવાના આરોપો પર સાંસદ જયંત સિંહાએ કહ્યું- મેં પોસ્ટલથી મતદાન કર્યું છે



નવી દિલ્હી તા.૨૩

પુર્વ કેન્દ્રીયમંત્રી અને સાંસદ જયંત સિંહાએ ભાજપની કારણ બતાવો નોટિસનો જવાબ આપ્યો છે. ઝારખંડની હજીરાબાગ સીટના સાંસદ જયંતસિંહાને પ્રદેશ મહાસચીવ આદિત્ય સાહુના પત્રના જવાબમાં બે પાનાનો પત્ર સોશ્યલ મીડીયામાં શેર કર્યો છે.

જયંત સિંહાએ કહ્યું હતું કે તે પાર્ટી માટે કામ ચાલુ રાખશે. વોટ ન કરવાના આરોપનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે તે પોસ્ટલ મતપત્રથી વોટ આપી ચૂકયા છે. કારણ કે તે વ્યક્તિગત કારણોથી વિદેશમાં હતો. સિંહાએ વધુમાં જણાવ્યું હતું કે તે પાર્ટી માટે કામ કરવાનું ચાલુ રાખશે. માર્ચ ૨૦૨૪માં જ મે ચૂંટણી જવાબદારીઓમાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો હતો. જેથી તે વૈશ્વિક જલવાયુ પરિવર્તનથી ઉભરતી સમસ્યાઓ પર કામ કરી શકે. સિંહાએ જણાવ્યું હતુ કે જો પાર્ટી ઈચ્છત કે હું ચુંટણી ગતિવિધિમાં ભાગ લઉં તો તે નિશ્ચિત રીતે મારો સંપર્ક કરી શકતી હતી. જો કે ૨ માર્ચના મારી ઘોષણા બાદ ઝારખંડમાંથી એક પણ પાટી પદાધિકારી કે અધિકારીએ મારો સંપર્ક નહોતો કર્યો ના તો મને કોઈ પાર્ટીના કાર્યક્રમ, રેલી, બેઠકોમાં બોલાવાયો હતો.

# ‘હિટવેવ’ના પગલે કાલથી બપોરના ત્રણ કલાક જનસેવા કેન્દ્રો-ATVT સેન્ટરો બંધ રહેશે: કલેક્ટર

**રેશનકાર્ડ-આવકના દાખલા સહિતની કામગીરી સવારના ૯ થી ૧ અને સાંજના ૪ થી ૬ કલાક દરમિયાન થશે**

**મ્યુ.કોર્પો.ને પણ બપોરના ડામર રોડ સહિતના કામો બંધ રાખવા અને આધાર કાર્ડની કામગીરીના સમયમાં ફેરફાર કરવા કરાશે તાકિદ**

રાજકોટ, તા.૨૧

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ગુજરાતમાં હિટવેવના પગલે જનજીવન તોબા પોકારી ગયું છે. સૂર્યનારાયણ આકાશમાં સતત અગ્નિવર્ષા વરસાવી રહ્યા હોય બપોરના બજારોમાં કુદરતી કર્ફયુ જેવો માહોલ છવાઇ જાય છે. આ સંજોગોમાં રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા હિટવેવ સામે આવતીકાલ બપોરથી ત્રણ કલાક જનસેવા કેન્દ્રો અને એટીવીટી સેન્ટરો બંધ રાખવા ફરમાન કરી દીધું છે.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે હીટવેવ સામે લોકોને રક્ષણ મળી રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. જેમાં રેશનકાર્ડ, આવકના દાખલા, નોનક્રિમીલીયર સર્ટિફીકેટ સહિતની કામગીરી માટે કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર અને મામલતદાર કચેરીઓના એટીવીટી સેન્ટરો બપોરના ૧ થી ૪ કલાક સુધી બંધ રહેશે.



જનસેવા કેન્દ્ર અને એટીવીટી સેન્ટરોમાં સવારના ૯ થી ૧ અને બપોરના ૪ થી ૬ કલાક દરમ્યાન જ આવકના દાખલા, રેશનકાર્ડ, નોનક્રિમીલીયર, ઇડબલ્યુએસ સર્ટી. સહિતની કામગીરી કરવામાં આવશે. હીટવેવની અઠવાડિયા સુધીની ચેતવણી આપવામાં આવી હોય, જનસેવા કેન્દ્ર અને એટીવીટી સેન્ટરોમાં આવતીકાલથી આ નવા સમય મુજબ કામગીરી કરવામાં આવશે.

કલેક્ટર પ્રભવ જોષીએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા જે વિસ્તારોમાં રોડના ડામર કામની કામગીરી ચાલી રહી છે તેવા વિસ્તારોમાં બપોરના ડામર રોડ સહિતની કામગીરી બંધ રાખવા માટે તેઓ દ્વારા મહાનગરપાલિકાને તાકિદ કરાશે.

આ ઉપરાંત મહાનગરપાલિકા કચેરીમાં આધાર કાર્ડની કામગીરી ચાલી રહી છે જેમાં પણ હિટવેવના પગલે આધાર કાર્ડ અને તેમાં સુધારા-વધારાની કામગીરી માટે બપોરના સમયે બંધ રાખવા તેઓ મહાનગરપાલિકાને અનુરોધ કરશે.

# હિટવેવ સામે રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર કાર્યરત

**લોકોને મુશ્કેલી જણાય તો ફોન નં.૦૨૮૧-૨૪૭૧૫૭૩ તથા ટોલ ફ્રી નંબર ૧૦૭૭ પર સંપર્ક કરવા તાકીદ**

રાજકોટ તા.૨૩

કાળઝાળ ગરમી-હિટવેવના પગલે જનજીવન આકુળ વ્યાકુળ બની જવા પામેલ છે. સુર્યનારાયણ આકાશમાંથી સતત તાપ વરસાવી રહ્યા હોય સોંપો પડી જવા પામેલ છે. હિટવેવની પરિસ્થિતિને લઈને રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા ડીસ્ટ્રીક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર કાર્યરત કરી દેવામાં આવેલ છે.

તેની સાથે જ હિટવેવની સ્થિતિમાં લોકોને કોઈ મુશ્કેલી જણાય તો ડીસ્ટ્રીક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ફોન નં.૦૨૮૧-૨૪૭૧૫૭૩ અથવા ટોલ ફ્રી નં. ૧૦૭૭ પર સંપર્ક કરવા નિવાસી અધિક કલેક્ટર ચેતન ગાંધીએ જણાવેલ છે.

તેઓએ જણાવેલ છે કે હીટવેવથી બચવા માટે સુરક્ષિત રહેવાના પગલાઓ લેવા જરૂરી છે. જેમાં પુરતું પાણી પીવું તથા ઓઆરએસ, ઘરે બનાવેલા પીણા જેવા કે લસ્સી, પાકી કેરીનો રસ (કાચી કેરી), લીંબુ પાણી, છાશ વગેરેનો ઉપયોગ કરવો જે શરીરને હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે. હળવા સફેદ રંગના ખુલતા અને છીદ્રાળુ સુતરાઉ કપડા પહેરવા બને તેટલુ ઘરની અંદર રહેવું તથા તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, શુઝ અથવા ચપ્પલનો ઉપયોગ કરવો જરૂરી છે. માથાને ઢાંકવા માટે કાપડ, ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરવો, તમારા ઘરને ઠંડુ રાખો, પડતા, શટર, અથવા સનશેડનો ઉપયોગ કરો અને રાત્રે બારીઓ ખોલવી, હિટ સ્ટ્રોક, હીટ રેશ અથવા હીટ કેમ્પ જેવા કે નબળાઈ, ચક્કર આવવાના સંકેતોને ઓળખો, માથાનો દુખાવો, ઉબકા, પરસેવો અને બેભાન અથવા બીમારી અનુભવો તો તરત જ ડોકટરને મળો, પ્રાણીઓને છાંયડામાં રાખો અને તેમને પીવા માટે પુષ્કળ પાણી આપો, સગર્ભા કામદારો અને તબીબી સ્થિતિ ધરાવતા કામદારો પર વધારે ધ્યાન આપવું જરૂરી છે.

તેમજ ખાત કરીને બપોરે ૧૨થી ૩ વાગ્યાની વચ્ચે તડકામાં બહાર જવાનું ટાળવા ઘાટા ભારે અથવા ચુસ્ત કપડા પહેરવાનું ટોળવું જયારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે સખત પ્રવૃતિઓ ટાળવી ખુલ્લા પગે બહાર ન જાવું જોઈએ. પીક અવર્સ દરમિયાન રસોઈ કરવાનું ટાળવા રસોઈ વિસ્તારને પૂરતા પ્રમાણમાં હવાની અવર જવર માટે દરવાજા અને બારીઓ ખોલવા તેમજ આલ્કોહોલ, ચા, કોપી, અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રીંકસ ટાળો, જે શરીરને ડીહાઈડ્રેટ કરે છે. ઉચ્ચ પ્રોટીન ખોરાક ખાવાનું ટાળો અને વાસી ખોરાક ન ખાવા જણાવેલ છે.

# બાંધકામ સાઈટસ પર બપોરે ૧ થી ૪ શ્રમિકોને કામમાંથી મુકિત

**બિલ્ડર્સ અને આર્કિટેકટસને મનપાની સૂચના : આધાર કેન્દ્ર બહાર મંડપ અને પાણીની વ્યવસ્થા કરાશે**

રાજકોટ, તા. ૨૩

હિટવેવની અસર રાજકોટમાં પણ ખુબ થઇ રહી છે ત્યારે બપોરે ભારે તાપમાં લોકોને ઘર બહાર ન નીકળવા તંત્ર અનુરોધ કરે છે. તેવામાં રાજકોટની જુદી જુદી બાંધકામ સાઇટ પર કામ કરતા શ્રમિકોને બપોરે ૧ થી ૪ કામમાંથી મુકત રાખવાની સૂચના મહાપાલિકાએ બિલ્ડર્સ એસો.ને આપી છે.

મ્યુનિ. કમિશ્નર અને ટીપી શાખાએ આ અંગે બિલ્ડર એસો.ના હોદ્દેદારો સાથે ચર્ચા કરી હતી. આ બાદ એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે હિટવેવની અસરમાં શ્રમજીવીઓને કોઇ મુશ્કેલી ન પડે અને તબિયત અસર ન પડે તે માટે જરૂરી પગલા લેવા સૂચના આપવામાં આવી છે. ભારે તાપના સમયમાં બપોરે ૧ થી ૪ કોઇ શ્રમિકો પાસે કામ કરાવવું નહીં. આ સમયમાં તેઓને કામમાંથી મુકિત આપવી અનિવાર્ય છે. સાથે જ સાઇટ પર શકય હોય ત્યાં છાંયડો, પાણી સહિતની વ્યવસ્થા કરવા પણ જણાવાયું છે.

કોર્પો.ની જુદી જુદી બાંધકામ સાઇટ ઉપર પણ કોન્ટ્રાકટરોને આવી સૂચના આપવામાં આવી રહી છે. સિવિલ એન્જી. એસો. (આર્કિટેકટ)ને પણ આ અંગે પત્રથી જાણ કરવામાં આવી છે.

**આધાર કેન્દ્રો**

દરમ્યાન મનપાના આધાર કેન્દ્ર, સિવિક સેન્ટર બહાર ઘણી વખત લોકોની ભીડ લાગે છે. આથી આ બિલ્ડીંગ બહાર છાંયડા અને પાણીની વ્યવસ્થા કરવા સૂચના અપાઇ છે. કેન્દ્ર બહાર બે મંડપ અને પાણીના જગ મુકવામાં આવશે. આવતીકાલથી જ આ વ્યવસ્થાનો અમલ થઇ જશે તેમ અધિકારીઓએ કહ્યું હતું.

**રાજકોટ-કાનાલુસ રેલ્વે લાઇનના પ્રોજેક્ટ માટે સંપાદિત વધારાની**

# ૧૦ હજાર ચોરસ મીટર જમીન માટે પડધરી, હડમતીયા અને પરાપીપળીયાના ૩૦ ખાતેદારોને રૂા.૧.૨૫ કરોડનું વળતર ચૂકવાયું

**રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી ચક્રવર્તી દ્વારા આગળ વધારાતી કામગીરી**

રાજકોટ, તા.૨૩

રાજકોટ-કાનાલુસ રેલવે લાઇનના ડબલીંગ પ્રોજેકટ માટે સંપાદિત વધારાની જમીન ૧૦ હજાર ચો.મી. જમીન માટે રાજકોટ જિલ્લાના પડધરી, હડમતીયા અને પરાપીપળીયાના ૩૦ જેટલા ખેડૂત ખાતેદારોને આજે રૂા.૧.૨૫ કરોડનું વળતર રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી ચક્રવર્તી દ્વારા ચૂકવવામાં આવેલ છે.

અહીં ઉલ્લેખનીય છે કે મહત્વાકાંક્ષી આ રેલ્વે પ્રોજેક્ટ અગાઉ રાજકોટ ગ્રામ્યના તત્કાલીન પ્રાંત અધિકારી વિવેક ટાંક દ્વારા જમીનની સંપાદન કામગીરી કરી રેલ્વે વિભાગને સોંપી દીધી હતી પરંતુ રેલ્વે વિભાગ દ્વારા આ પ્રોજેકટ માટે વધારાની જમીનની માંગણી કરાતા આ અંગે કામગીરી આગળ વધારવામાં આવી હતી.

જેમાં પડધરી, હડમતીયા અને પરાપીપળીયાના ૩૦ જેટલા ખેડૂત ખાતેદારોની ૧૦ હજાર ચો.મી. જમીન આ પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલ છે. આ જમીનનું ૧.૨૫ કરોડનું વળતર આજે રૂરલ પ્રાંત અધિકારી ચક્રવર્તી દ્વારા ખેડૂત ખાતેદારોને ચૂકવવામાં આવેલ હતું.



# ઇશ્વરીયા પાર્કમાં ‘કેકટર્સ પાર્ક’ બનાવાશે: ગાંડીવેલ દુર કરવા માટે તળાવમાંથી પાણી ખાલી કરાશે

**સહેલાણીઓ માટે ખાણીપીણીના સ્ટોલ ઉભા કરાશે: તેમજ બાળકો માટે નાઇટ કેમ્પીંગ સુવિધાની ઉપલબ્ધ કરાવવા માટે પણ આયોજન**

રાજકોટ, તા.૨૩

રાજકોટ નજીકના રમણીય સ્થળ ઇશ્વરીયા પાર્કના વિકાસ માટે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી દ્વારા ખાસ પ્લાનીંગ તૈયાર કરી દેવામાં આવેલ છે. ઇશ્વરીયા પાર્કમાં કેકટર્સ પાર્ક બનાવવામાં આવનાર છે.

જે કેવડીયામાં કેક્ટર્સ પાર્ક છે તેનું મીની વર્ઝન બનાવાશે આ અંગેની ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી છે. આ અંગે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ વિગતો આપતા જણાવ્યું હતું કે આ પાર્કમાં આવતા સહેલાણીઓ માટે ખાણીપીણીની સુવિધા પાર્કમાં જ ઉપલબ્ધ બની શકે તે માટે પાર્કમાં ખાણીપીણીના સ્ટોલ ઉભા કરવા પ્રયાસો કરાશે.

ઇશ્વરીયા પાર્ક પાસે આવેલા સાયન્સ મ્યુઝીયમમાં બાળકો મુલાકાત માટે આવે ત્યારે આ ઇશ્વરીયા પાર્કમાં ફરે અને રાત્રે તળાવ કાઠે નાઇટ કેમ્પીંગ કરે તે માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. આ માટે ફોરેસ્ટ વિભાગ સાથે જરૂરી ચર્ચા કરવામાં આવશે. ઇશ્વરીયા પાર્કમાં આવેલા તળાવમાં હાલ બોટીંગની સુવિધા બંધ છે. આ બોટીંગની સુવિધા શરૂ થાય તે માટે તળાવમાંથી ગાંડીવેલ દુર કરવામાં આવશે. આ તળાવમાં ગાંડીવેલ દુર કરવા માટે તેનું પાણી ખાલી કરવામાં આવશે. આ માટે પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર મ્યુનિ. કોર્પો. સાથે ચર્ચા કરનાર હોવાનું જાણવા મળ્યું છે. આ દરમિયાન કલેક્ટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે ઇશ્વરીયા પાર્કમાં તળાવ આડે દિવાલ છે. તેની ઉંચાઇ વધારે હોય આ દિવાલની ઉંચાઇ ઘટાડી તેના પર સહેલાણીઓને બેસવા માટે પારી બનાવાશે. આ માટે માર્ગ અને મકાન વિભાગને સર્વે કરવા માટે સૂચના આપવામાં આવી છે. તેમજ પાર્કના વિકાસ માટે આર્કીટેકચરની પેનલ બનાવાશે. ઇશ્વરીયા પાર્કને વિકાસની નવી દિશા આપવા માટે જિલ્લા કલેક્ટર પ્રભવ જોષી દ્વારા ગઇકાલે કલેક્ટર કચેરી ખાતે ખાસ બેઠક યોજવામાં આવી હતી.

# ૯ ફૂટથી વધુ ઊંચાઈના તાજીયા પર પ્રતિબંધ : સીપીનું જાહેરનામું

**મહોરમના તહેવાર નિમિત્તે તાજીયા કમિટીઓ દ્વારા તાજીયા બનાવવાનું શરૂ થાય તે પહેલા જાહેરનામું પ્રસિદ્ધ : વિવિધ નિયમોનું પાલન કરવા ઉલ્લેખ**

રાજકોટ, તા.૨૩



રાજકોટમાં ૯ ફૂટથી વધુ ઊંચાઈના તાજીયા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ અંગે રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. મહોરમના તહેવાર નિમિત્તે તાજીયા કમિટીઓ દ્વારા તાજીયા બનાવવાનું શરૂ થાય તે પહેલા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે અને વિવિધ નિયમોનું પાલન કરવા ઉલ્લેખ કરાયો છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ શહેરમાં દર વર્ષે મુસ્લીમ સમુદાયમાં તાજીયા રાખવામાં આવે છે. રાજકોટ શહેરમાં આ વર્ષે તા.૧૬ અને ૧૭ જુલાઈના રોજ તાજીયા મહોરમ છે. આ તહેવાર અગાઉ બનાવવામાં આવતા તાજીયાઓના કદ બાબતે ઉંચાઇનું યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે જેથી ઝુલુસ પ્રક્રિયા સરળતાથી થાય અને આ દરમિયાન ટ્રાફીક સરળતાથી ચાલુ રહે અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેમજ બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કૃત્યો ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. તાજીયા મહોરમ અંગેનું તા.૨૨/૫/૨૦૨૪થી તા.૧૮/૭/૨૦૨૪ ના સવારે ૬ વાગ્યા સુધીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબનું જાહેરનામું બહાર પાડેલ છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર, બેઠક સહિત ૯ ફૂટ કરતા વધારે ઊંચાઈના તાજીયા બનાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઉપરાંત આ તાજીયા જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા પર નિયત કરેલ સ્થળ સિવાયના અન્ય સ્થળ પર તાજીયા મુકવા પર જે જગ્યાએ તાજીયા બનાવવાની કામગીરી કરે છે તથા જે જગ્યા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઇપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારના તાજીયા રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે રાખવા પર પ્રતિબંધ મુકાયો છે. આ ઉપરાંત કોઇપણ તાજીયાઓને બિનવારસી હાલતમાં મુકવા પર, કોઇપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇપણ પ્રકારના ચિન્હો કે નિશાની વાળા તાજીયાઓ બનાવવા. ખરીદવા તથા વહેંચાણ કરવા ઉપર તેમજ કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇપણ પ્રકારના વર્તન કરવા પર, મંજૂરીમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર નિકળવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

સુપિમ કોર્ટની ગાઇડલાઇન તથા ગુજરાત પેલ્યુશન ડેટોલ બોર્ડ પર્યાવરણના જાહેરનામા મુજબ રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. આ અંગેની વખતો વખત બહાર પાડવામાં આવતા ધ્વની પ્રદુષણ અંગેના જાહેરનામાની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. ડી.જે. વગાડવાની પરવાનગી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન તરફથી અલગથી મંજુરી મેળવવાની રહેશે. પોલીસ સ્ટેશન દ્વારા તાજીયા અંગેની મંજુરી આપવામાં આવે, જે મંજૂરીમાં નક્કી કરેલ રૂટ ઉપર જણાવેલ સમય મર્યાદામાં તાજીયા પૂર્ણ કરવાના રહેશે. તાજીયા કમિટી દ્વારા જાહેર રસ્તા ઉપર કે પબ્લીક સ્ટોલ લગાવવામાં આવે છે ત્યાં કચરા પેટી રાખવાની થતા સફાઇ કરાવવાની જવાબદારી તાજીયા કમિટીના આયોજકોએ અલાયદી વ્યવસ્યા રાખવાની રહેશે. તેમ જાહેરનામામાં જણાવાયું છે.

**ભલામણ જરૂરી હૈ ! સામાન્ય વ્યક્તિ પોતાની તકલીફ લઈને પોલીસ પાસે જાય એટલે રીઝલ્ટ “૦”**

# શું રાજકોટ પોલીસે અપનાવ્યો છે નવો નિયમ ? ફરિયાદ નોંધાવવા ઉચ્ચ અધિકારી સુધી પહોંચવું ફરજિયાત !

**વકીલ પર હુમલાના બનાવમાં સીપી સુધી રજુઆત ગઈ ત્યારે આરોપી સામે કાર્યવાહી થઈ અને લોકઅપમાં નખાયો, ગુનો નોંધાયો**

**‘પોલીસ પ્રજાનો મિત્ર’ સૂત્ર સાર્થક કરવા એકાદ બે કિસ્સા ટાંકી દેવાય છે, જોકે, સામાન્ય લોકોને પડતી હાલાકી અધિકારી સુધી પહોંચે ત્યારે જ પગલાં લેવાતા હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે**

રાજકોટ, તા.૨૩

પોલીસ વ્યવસ્થાને લઈ અનેક સુધારા સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. પ્રથમ મોબાઈલ ખોવાઈ જવો, વાહન ચોરાઈ જવું,વગેરે જેવા કિસ્સામાં ફરિયાદ દાખલ કરવા નાગરિકોના પગે પાણી આવી જતા હતા. પણ હવે આવા કિસ્સામાં ઈ એફઆઈઆરની વ્યવસ્થા થઈ ત્યારથી ફરિયાદ નોંધાવી ફરજિયાત બની ગઈ છે. જોકે, રાજકોટમાં આ સિવાયના કિસ્સામાં પોલીસનો નવો નિયમ લાગુ પડ્યો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. કારણ કે, ફરિયાદ નોંધાવવા ઉચ્ચ અધિકારી સુધી પહોંચવું ફરજિયાત હોય તેમ દરેક બાબત અધિકારી સુધી પહોંચે પછી જ પોલીસ તેની નિયમ - કાયદા અનુસારની કામગીરી કરે છે.

તાજેતરમાં એડવોકેટ પરેશભાઈ કુકડીયા પર હુમલાની ઘટના બની. બનાવની જાણ થતાં નામાંકિત અને કાયદાના નિષ્ણાંત વકીલો એકત્ર થયા. વકીલોમાં જણાવ્યા મુજબ પોલીસ મથક પર ફરિયાદ નોંધાવવા ગયા ત્યારે કોઈએ ફરિયાદ લીધી ન હતી. ત્યારે દિલીપભાઈ પટેલે બનાવ અંગે સીપી સુધી રજુઆત કરી ત્યારબાદ આરોપીને લોકઅપમાં નખાયો અને ગુનો નોંધાયો હતો. આ પ્રકારની પોલીસ કામગીરી સમાજને શુ સંદેશો આપવા માંગે છે? કોઈ પણ થાણા અધિકારીને નિયમ અને કાયદા અનુસાર કામગીરી કરવાની સત્તા અને ફરજ સોંપવામાં આવી હોય છે, પણ હકીકત અને કાગળો પર લખાયેલા કાયદાથી સ્થિતિ અલગ છે. અનેક ફરિયાદો અરજીના રૂપમાં પોલીસ મથકના કે ચોકીના કોઈ કબાટમાં દિવસો સુધી ધૂળ ખાતી હોય છે. તેવા કિસ્સા ભૂતકાળમાં પણ બન્યા છે અને વર્તમાનમાં પણ બની રહ્યા છે. સત્તાધીશો ધારે તો ભવિષ્યમાં આ અરજી પરંપરા તોડી શકે છે.

અરજી લેવી એ કોઈ કાયદા વિરુદ્ધની પ્રક્રિયા નથી. પરંતુ તેનો નિયત સમયમાં નિકાલ ન કરવો એ નિયમ ઉલ્લંઘન છે તેવું માનવને કારણ છે. રાજકોટના પોલીસ મથકોના આંકડા બહાર આવે તો જાણ થાય કે, અનેક અરજીઓ પેન્ડિંગ પડી રહી છે. સપ્તાહ તો ઠીક પખવાડિયા જતા રહે તો પણ આ અરજીઓનો નિકાલ નથી થતો. શું આ રીતે પોલીસ નાગરિકોને ન્યાય અપાવશે? લોકમુખે એવું અનેક વખત ચર્ચાતું હોય છે કે, જો કોઈ ભલામણ હોય તો અથવા ટેબલ પર વજન પડે તો પોલીસ ફટાફટ કામ કરે. આ ચર્ચાઓને સત્યથી વેગળી સાબિત કરવા પોલીસે કાર્ય પધ્ધતિ બદલવી ખૂબ જરૂરી છે. ડીસીપ્લીન યુનિફોર્મ પૂરતી નહીં, કામગીરીમાં અનુશાસન બને તે જરૂરી છે. ઉચ્ચ અધિકારી એટલે કે ડીસીપી કે સિપી જો ધ્યાન ન આપે ત્યાં સુધી કોઈ નાનાંમાં નાના ગુન્હામાં પોલીસ ફરિયાદીને જવાબ આપતો નથી.

**રાજકીય ભલામણ હોય તો કલાકોમાં કેસનો નિકાલ ...**

હાલમાં લોકસભા ચૂંટણી સમયે પાટીદાર સમાજમાં ગેરસમજ ઊભી થાય તે હેતુ થી એક પત્રિકા વાયરલ થઈ હતી ત્યારે ભાજપના નેતાઓએ પોલીસ કમિશનરને રજૂઆત કરી, તો કલાકોની અંદર આરોપી ઝડપાયા હતા, ગુન્હો દાખલ થઈ ગયો હતો. આ જ પદ્ધતિ શું સામાન્ય લોકો માટે કેમ નથી થતી ? તેવું લોકમુખે ચર્ચા છે અને એકંદરે આક્રોશ છે.

**સાહેબ નથી...આજે નહિ મળે ..**

લોકો તેના નજીકના પોલીસ મથક પર પોતાની તકલીફ રજૂ કરવા જાય ત્યારે મોટા ભાગના મથક પર પોલીસ ઇન્સ્પેકટર હોતા નથી કે સ્ટાફ જોવા મળતો નથી. આ પણ એક મોટી સમસ્યા છે જ્યારે જે તે મથકના અધિકારી હાજર જ ન હોય, ત્યારે ન છૂટકે પોલીસ કમિશનર કચેરી જવું પડતું હોય છે.

**અરજી પ્રથાનો વિકાસ! શું આમ ક્રાઈમ રેટ ઘટશે? અનેક કિસ્સામાં ડિટેકશન બાદ જ ગુન્હો દાખલ થાય છે**

થોડા સમય પહેલા રાજકોટ પોલીસ બેડામાં ધરખમ ફેરફાર થયા. ત્યારે પોલીસ સુત્રોમાંથી એવી વાત આવતી હતી કે હવે અરજી પ્રથા અટકી જશે. નિયમ મુજબ કામ થશે. જોકે, જેમ જેમ દિવસો જતા ગયા તેમ આ અરજી પ્રથાનો વિકાસ થયો હોય તેવું ચિત્ર ઉપસવા લાગ્યું. પ્રથમ ચરણે કોઈ અરજદાર નાગરિક અરજી કરે તે સ્વીકાર્ય છે, પણ આ અરજીનો નિકાલ થવો પણ જરૂરી છે. તપાસ ચાલુ છે, તપાસકર્તા બીજા કામમાં રોકાયેલા હતા. વગેરે કારણો ધરી નિયમ મુજબ અરજી નિકાલ નથી થતો અને અરજદાર ન્યાયથી વંચિત રહી જાય છે. આમ થવાથી પોલીસ વ્યવસ્થાનો હેતુ બર નથી આવતો.

**પોલીસ મથકોમાં અનેક અરજીઓ પેન્ડિંગ, સપ્તાહ તો ઠીક પખવાડિયા જતા રહે તો પણ નિકાલ નથી થતો**

**મોટા ભાગના મથકોમાં પોલીસ ઈન્સ્પેકટર મળતા નથી, મળે તો કાર્યવાહીમાં રસ નથી - કારણ : સાહેબની ભલામણ આવે તો જ થાય કે પછી...**

# કાલે સ્ટેન્ડીંગ : ફરી બધુ રહેશે પેન્ડિંગ!

**ચૂંટણી આચારસંહિતાના કારણે સતત ત્રીજી મીટીંગમાં કોઇ કાર્યવાહી નહીં થાય : તા.૬ બાદ દરખાસ્તો પર નિર્ણયો લઇ શકાશે**

રાજકોટ, તા. ૨૩

મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે.કમીટીની મીટીંગ આવતીકાલ તા.૨૪-૫ના રોજ ચેરમેન જયમીન ઠાકરે બોલાવી છે. તેમાં ચૂંટણી આચારસંહિતા લાગુ હોય, ફરી તમામ દરખાસ્ત સહિતની કાર્યવાહી મોકુફ રાખવામાં આવશે.

સ્થાયી સમિતિની સતત ત્રીજી મીટીંગમાં કોઇ દરખાસ્તો અંગે નિર્ણય લઇ શકાશે નહીં. તા.૪ જુનના રોજ લોકસભાની ચૂંટણીની મત ગણતરી છે. તા.૬ સુધી આચારસંહિતા લાગુ છે. છેલ્લી બે મીટીંગમાં પણ કોઇ કાર્યવાહી થઇ શકી ન હતી. આથી બે મહિના અગાઉથી એજન્ડામાં રહેલી દરખાસ્તો જ ફરી સામેલ કરી શકાય છે.

કાલે સવારે ૧૧ વાગ્યે સ્થાયી સમિતિની મીટીંગ મળશે અને તમામ કાર્યવાહી મોકુફ રાખવાની જાહેરાત કરી દેવામાં આવશે. હવે મત ગણતરી બાદ મળનારી મીટીંગથી વિકાસ કામોના નિર્ણયો શરૂ થશે. તાજેતરમાં જનરલ બોર્ડમાં પણ કોઇ કાર્યવાહી થઇ શકી ન હતી તે ઉલ્લેખનીય છે.

એજન્ડા પર વોર્ડ નં. ૮, ૧૧ અને ૧૩માં બલ્ક ફલો મીટર મુકવા, આજી ડેમ નેશનલ હાઇવે પર વૃક્ષારોપણ માટે પાણીની લાઇનનું નેટવર્ક, વોર્ડ નં.૧૮માં પેવીંગ બ્લોક, રેટ કોન્ટ્રાકટ, મોટા મવામાં ગેસ સ્મશાન, વોર્ડ નં.૧૮માં રોડ ડેવલપમેન્ટ, કોઠારીયા રોડ સાંઇબાબા સર્કલથી ડામર કાર્પેટનું કામ, વિરાણી અઘાટ તરફ ડ્રેનેજ લાઇન, વોર્ડ નં.૧૧માં ૧૧ મોટા મવામાં ડ્રેનેજ લાઇન, ઓડિટ રીપોર્ટ સહિતની દરખાસ્તો મોકુફ રહેશે.

# માઈક્રોસોફટના સીઈઓ સત્ય નડેલા અને તેમની કંપની લિંકડઈનને ફટકારાયો દંડ

**લાભકારી માલિકી નિયમોના ભંગ બદલ કુલ ૨૭,૧૦,૮૦૦ની પેનલ્ટી ફટકારાઈ**



નવીદિલ્હી,તા.૨૩

કોર્પોરેટ કાર્ય મંત્રાલયે કંપની અધિનિયમ અંતર્ગત મહત્વપૂર્ણ લાભકારી માલિકીના નિયમોના ઉલ્લંઘન બદલ માઈક્રોસોફ્ટની કંપની લિંકડઈન ઈન્ડિયા, અને માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલા સહિત અન્ય લોકોને પેનલ્ટી ફટકારી છે.માર્કેટ કેપ અનુસાર વિશ્વની ટોચની કંપની માઈક્રોસોફ્ટે ડિસેમ્બર, ૨૦૧૬માં પ્રોફેશનલ નેટવર્કિંગ પ્લેટફોર્મ લિંકડઈન હસ્તગત કરી હતી. રજિસ્ટ્રાર ઓફ કંપનીઝે લિંકડઈન ઈન્ડિયા, નડેલા, લિંકડઈનના સીઈઓ રેયાન રોસ્લાન્સ્કી સહિત અન્ય સાત વ્યક્તિઓને કુલ રૂ. ૨૭,૧૦,૮૦૦ની પેનલ્ટી ફટકારી છે.મહત્વપૂર્ણ લાભકારી માલિકીના નિયમોના ઉલ્લંઘન બદલ લિંકડઈન ઈન્ડિયાને રૂ. ૭ લાખ, નડેલા અને રોસ્લાંસ્કીને બે-બે લાખ રૂપિયાની પેનલ્ટી ફટકારી છે. આદેશમાં અન્ય કીથ રેન્જર ડોલિવર, બેન્જામિન ઓવેન ઓર્નડોર્ફ, મિશેલ કેટી લેઉંગ, લિસા એમિકો સાતો, આશુતોષ ગુપ્તા, માર્ક લિયોનાર્ડ નાડ્રેસ લેગાસ્પી અને હેનરી ચિનિંગ ફોંગને પેનલ્ટી ફટકારવામાં આવી છે.રજિસ્ટ્રાર ઓફ કંપનીઝે ૬૩ પાનાંના આદેશમાં જણાવ્યું છે કે, લિંકડઈન ઈન્ડિયા અને વ્યક્તિઓને કંપની અધિનિયમ, ૨૦૨૩ અંતર્ગત મહત્વપૂર્ણ લાભકારી માલિકી (SOB) નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. આરઓસીએ આદેશમાં જણાવ્યું છે કે, સત્ય નડેલા અને રેયાન રોસલાંસ્કી કંપનીના એસબીઓ છે. તે કલમ ૯૦ (૧) હેઠળ રિપોર્ટ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. જેના લીધે અધિનિયમની કલમ ૯૦ (૧૦) હેઠળ પેનલ્ટી ફટકારી છે.

# જેવો ટ્રાફિક એવા રોડ : 'કમ્પ્લીટ સ્ટ્રીટ ડેવલપમેન્ટ' માટે મનપા દ્વારા તૈયારીઓ શરૂ

## શેરી-ગલીઓની ડિઝાઇન ફેરવવા નિષ્ણાંતોનો મત : ભવિષ્યની સ્થિતિ ધ્યાનમાં રાખી ફેરફારો આવશ્યક : આંતરિક રસ્તાને 'હાઇ-વે' બની જતા અટકાવાશે : ટાઇપોલોજી આધારીત ડિઝાઇનના અમલ માટે ભલામણ

રાજકોટ, તા. ૨૩

રાજકોટમાં ટ્રાફિકને અનુરૂપ રસ્તાઓ કમ્પ્લીટ સ્ટ્રીટના નામે રી-ડિઝાઇન કરવા, શેરી ગલીઓના અનુરૂપ વિકાસ ફેરફાર, આંતરીક રસ્તાઓને હાઇવે જેવા થતા અટકાવવાની દિશામાં મહાપાલિકા આગળ વધી છે. આજે કોર્પો. અને જીઆઇઝેડના ઉપક્રમે પોલીસ અને મનપાના અધિકારીઓના વર્કશોપનું આયોજન કરાયું હતું જેમાં રસ્તાઓની ડિઝાઇન ડેવલપ કરવા અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી.

જર્મનીની એજન્સી જીઆઇઝેડના સમર્થન સાથે આવાસ અને કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય જર્મન ફેડરલ મિનિસ્ટ્રી ફોર ઇકોનોમિક કો-ઓપરેશન (બીએમઝેડ) દ્વારા કમિશન્ડ કરાયેલ 'સસ્ટેનેબલ અર્બન મોબિલિટી, એરક્વોલિટી, ક્લાઇમેટ એક્શન અને એક્સેસિબિલિટી સંબંધિત ક્ષેત્રના પ્રોજેક્ટની અમલવારી માટે ટેકનીકલ સહયોગ ઉપલબ્ધ બનવા જઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ ભારતના પાંચ રાજ્યો (ઓડિશા, ગુજરાત, કેરળ, કર્ણાટક અને મેઘાલય)માંથી પસંદ કરેલા નવ શહેરોમાં લાગુ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતમાંથી રાજકોટ અને સુરત શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ અનુસંધાને આજે રાજકોટ મહાનગરપાલિકા અને જીઆઇઝેડ દ્વારા કમ્પલીટ સ્ટ્રીટ ડેવલપમેન્ટ વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું.

આ વર્કશોપમાં આનંદ પટેલ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા દ્વારા બેઝીક સુવિધાઓ જેવી કે, ગટર, પાણી અને ડ્રેનેજની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે જ છે. સાથોસાથ હવે




અર્બનાઈઝેશન (શહેરીકરણ)ના વધતા જતા પ્રમાણ અંગે પણ વિચાર કરવો જરૂરી બનતો હોય છે. તંત્ર દ્વારા પણ શહેરીજનોને સુગમતા અને આવશ્યક એવી નવી-નવી સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા અંગે આ દિશામાં વિચારણા કરવામાં આવી રહી છે. આ સંજોગોમાં શહેરીકરણની ઝડપી પ્રક્રિયાને નજર સમક્ષ રાખી શહેરના સુનિયોજિત ભૌતિક માળખાકીય વિકાસ માટે નિષ્ણાંતોના સહકાર સાથે અર્બન પ્લાનિંગ થઇ રહ્યા છે. રાજકોટમાં વિવિધ એજન્સીઓના સહકાર સાથે આ દિશામાં કામ થઇ રહ્યું છે. ભવિષ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા સ્ટ્રીટ ડિઝાઈન પર ભાર મૂકી રહી છે.

આ અવસરે ડીસીપી ટ્રાફિક પૂજા યાદવે જણાવ્યું હતું કે, નાની નાની બાબતો પણ ઘણી વખત મહત્વની બની જતી હોય છે. ભૌતિક માળખાકીય સુવિધાઓને લાગે વળગે છે ત્યાં સુધી કેટલાક નાના નાના ડેવલપમેન્ટ કરવાથી પણ મોટા ફાયદા થતા હોય છે. શેરી-ગલીઓમાં કેટલાક નાના નાના ફેરફારોથી મોટા રસ્તાઓ પરનું પરિવહન ભારણ ઘટી શકે છે.

ટીમ લીડર ઝોહરા મુતાબન્નાએ શહેરની શેરીઓ અંગે કરેલા રીસર્ચ બાબતે પીપીટી મારફત એ દર્શાવાનો પ્રયાસ કર્યો હતો શેરી-ગલીઓ કેવી રીતે વિકસાવી શકાય.

કોર્પોરેશન શહેરના આંતરિક રસ્તાઓને હાઈ-વે થતા અટકાવવા તદ્દુપરાંત જરૂરી સ્ટ્રીટ ફર્નિચર સાથે તેને ડેવલપ કરવા માટે પ્રોજેક્ટ અંતર્ગત સ્ટ્રીટ ટાઇપોલોજીનો અભ્યાસ કરીને તેની ડિઝાઇન ગાઇડલાઇન પર કામ કરી રહેલ છે.

આ વર્કશોપમાં કોર્પો.ના સ્ટાફને કમ્પ્લીટ સ્ટ્રીટ ડેવલોપમેન્ટ માટેના આયોજન, ડિઝાઇન, નિર્માણ, સંચાલન અને જાળવણી માટેના વિવિધ અભિગમો વિષે માર્ગદર્શન અપાયું હતું. તમામ ઉંમરના રાહદારીઓ, સાયકલ સવારો અને મોટર ચાલકો, તેમને સંલગ્ન રોડ વિડ્થનો સલામત એક્સેસ કરી શકે તે મુજબ રોડની ડિઝાઇન ડેવલપ કરવાનો હતો. આ વિચારનો ઉપયોગ કરીને તેમને રી-ડીઝાઈન કરવા માટે પ્રારંભિક અભ્યાસ કરાયો હતો.

આ વર્કશોપમાં કમિશનર આનંદ પટેલ, ડે.કમિશનર સ્વપિનલ ખરે, ચેતન નંદાણી, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ, સિટી એન્જી.ઓ, ટાઉન પ્લાનિંગ અધિકારી એમ.ડી.સાગઠીયા, અર્બન પ્લાનર તેમજ ટીમ લીડર ઝોહરા મુતાબન્ના, જીઆઇઝેડના ટેકનીકલ એક્ષ્પર્ટ ક્રિષ્ના દેસાઈ, પ્લાનર એન્ડ કો-ઓર્ડિનેટર જીએફએના નિલેશ પ્રજાપતિ, સંદીપ અને કોર્પો. તથા પોલીસ તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ઉત્તરકાશીમાં વાદળ ફાટતા આફતઃ અનેક મકાનો ધરાશાયીઃ હાઈવેનો ૩૦ મીટરનો ભાગ તણાઈ ગયો

### અર્ધા કલાકના વરસાદી તાંડવમાં ભારે નુકશાનઃ વાહનો દટાઈ ગયા

દેહરાદૂન,તા.૨૩

પૌડી અને ઉત્તરકાશીમાં મુશળધાર વરસાદને પગલે બુધવાર સાંજે આફત સર્જાઈ હતી. બંને જિલ્લામાં વાદળ ફાટવાથી અનેક એકર ખેતરોમાં પાણી ફરી વળ્યા. પાણી અને કાટમાળની ઝપેટમાં આવવાથી લગભગ બે ડઝન ભવન તેમજ ગૌશાળા ક્ષતિગ્રસ્ત થઈ ગયા.

પૌડીમાં કોટદ્વાર-બેજરો મોટર માર્ગનો લગભગ ૩૦ મીટર ભાગ પાણીમાં વહી ગયો અને વાહન કાટમાળમાં દબાઈ ગયા. આ દરમિયાન



ગ્રામીણોને સુરક્ષિત સ્થાન પર જઈને પોતાનો જીવ બચાવ્યોઓ. પ્રશાસને રાહત તેમજ બચાવ કાર્ય શરુ કરી દીધું છે.

કેબિનેટ મંત્રી સતપાલ મહારાજે પ્રશાસનને પ્રભાવિત ક્ષેત્રોમાં તાત્કાલીક રાહત પહોંચાડવા અને સંચાર સેવા શરુ કરવાના નિર્દેશ આપ્યા છે. ચારધામ યાત્રા માર્ગ પર વરસાદની કોઈ ખાસ નથી થઈ અને ચારધામ યાત્રા સુચારુ રીતે ચાલી રહી છે.

સાંજે લગભગ ૫ વાગ્યે પૌડીના બીરોંખાલ સ્થિત બેજરો અને આસપાસના ક્ષેત્રમાં મૂશળધાર વરસાદ પડી રહ્યો હતો. આ દરમિયાન કુણજોલી ગામ નજીક વાદળ ફાટ્યું. જેના કારણે ચારેબાજુ પાણી પાણી થઈ ગયું. પાણીની સાથે ધસી આવેલા કાટમાળની ઝપેટમા અનેક મકાનો તૂટી પડ્યા જેમાં કુણજોલી ગામમાં આવેલું ભગત સિંહનું મકાન પણ ક્ષતિગ્રસ્ત થઈ ગયું. કેટલીક દુકાનોને પણ નુકસાન થયું. સુકઈ ગામમાં ૨૦ ઘરોમાં પાણી ઘૂસી ગયા.

કુણજોલીની નજીક જ કોટદ્વાર-બેજરો માર્ગનો લગભગ ૩૦ મીટર ભાગ પાણીમાં વહી ગયો અને કેટલીક જગ્યાએ કાટમાળ આવવાને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા. કુણજોલી, ફરસાડી, સુકઈ, જિવઈ, ગુડિયાલખેત, સતધરિયા જેવા ગામોમાં ખેતીની જમીનને વ્યાપક નુકસાન થયું છે.

ઉત્તરકાશીમાં ચિન્યાલીસોડ તાલુકાના ગઢવાલગાડ ગામમાં સાંજે સાડા પાંચ વાગ્યે જોરદાર વરસાદ પડ્યો. આ દરમિયાન ગામના બોણી નામે તોકમાં વાદળ ફાટવાથી પહાડો પરથી મોટા પ્રમાણમાં કાટમાળ અને પથ્થર ગામમાં ધસી ગયા. જેના પગલે ગામમાં હડકંપ જોવા મળ્યો અને ગ્રામીણો સુરક્ષિત સ્થળો તરફ ભાગ્યા હતા. લગભગ ૬ વાગ્યે વરસાદ બંધ થયો ત્યારે એક ગૌશાળા કાટમાળમાં દબાઈ ગઈ હતી. જેના કારણે એક ભેંસ અને એક બળદનું મોત થઈ ગયું. પૂર્વ મંત્રી સૂરત સિંહના મકાનનો એક ભાગ અને ચતર સિંહ નેગીની દુકાન કાટમાળમાં દબાઈ ગઈ. આ ઉપરાંત કેટલાંક ઘરોમાં કાટમાળ ઘૂસી ગયો. ગામનો મુખ્ય રસ્તો સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ ગયો. પેયજળ યોજના અને ખેતરોને પણ વ્યાપક નુકસાન થયું.

# ગુજરાતમાં પ્રથમ વખત કોમર્શિયલ કવોન્ટીટીમાં પકડાયેલ ચરસના ગુનામાં આરોપીને ડીસ્ચાર્જ કરતી અદાલત

### અમદાવાદ એનસીબીની બાતમીના આધારે રાજકોટના જંગલેશ્વરમાંથી ૨ કિલોથી વધુ ચરસ પકડાયું'તું, મુખ્ય આરોપીની કબુલાતના આધારે ૪ વર્ષે સપ્લાયર ઈકબાલ ઉર્ફે પટેલબાપુની ધરપકડ થઈ હતી

રાજકોટ, તા.૨૩

તા.૯/૯/૨૦૧૮ ના રોજ અમદાવાદ એનસીબીની બાતમીના આધારે રાજકોટ એસઓજી બ્રાંચે લોકેશન ટ્રેક કરી જંગલેશ્વર શેરી નં. ૧૩/૧૯ના રહેણાંક મકાનમાં અને શેરી નં. ૧૧ની ઓરડીમાં રેડ કરી કોમર્શિયલ કવોન્ટીટી ૨.૦૨૪ કિલોગ્રામ ચરસ પકડ્યું હતું. આ કેસમાં પકડાયેલ મુખ્ય આરોપીની કબુલાતના આધારે પકડાયેલ સપ્લાયર આરોપી ઈકબાલ ઉર્ફે પટેલબાપુ કાસમભાઈ જેઠવાની ડીસ્ચાર્જ અરજી રાજકોટની સેસન્સ કોર્ટે મંજુર કરી આરોપીને છોડી મુકવા હુકમ કર્યો છે. ગુજરાત રાજ્યમાં આવું પ્રથમ વાર બન્યું છે જ્યારે કોઈ કોર્ટે કોમર્શિયલ કવોન્ટીટીમાં પકડાયેલ ચરસના ગુનામાં આરોપીને ડીસ્ચાર્જ કર્યો છે.

કેસની વિગત મુજબ, અમદાવાદ નાર્કોટિકસ વિભાગની બાતમીના આધારે રાજકોટ એસઓજીએ જંગલેશ્વરના રહેણાંક મકાનમાં અને શેરી નં. ૧૧ની ઓરડીમાં રેડ કરી આરોપી (૧)મહેબુબ ઓસમાણ ઠેબા, (૨)ઈલ્યાસ હારૂન સોરા, (૩)જાવેદ ગુલમહંમદ દલ અને (૪)રફીક રબીબ લોયાના કબ્જા ભોગવટમાંથી ચરસનો જથ્થો મળી આવતા ધરપકડ કરેલ. જે અંગેની ફરીયાદ ભકિતનગર પોલીસમાં નોંધાઈ હતી. મુખ્ય



એડવોકેટ રોહિત ઘીયા, હર્ષ ઘીયા

આરોપીની પુછપરછ દરમિયાન જણાવેલ કે, સપ્લાયર આરોપી ઈકબાલ ઉર્ફે પટેલબાપુ કાસમભાઈ જેઠવા (રહે. નાયકવાડા, મસ્જીદ પાછળ, સંધાડીયા બજાર, જુનાગઢ) ૪ કિલોગ્રામ ચરસ આપી ગયેલ અને તેમાંથી વેચાણ કરતા બાકી રહેલ ૨.૦૨૪ કિલોગ્રામ ચરસનો જથ્થો હોવાની કબુલાત આપતા ઈકબાલ ૪ વર્ષે પકડાતા કોર્ટમાં પુરવણી ચાર્જશીટ રજુ કરતા ચાર્જફ્રેમ કરતી વખતે આરોપીના વકીલ રોહીતભાઈ ઘીયા દ્વારા આરોપી તરફે ડીસ્ચાર્જ અરજી આપવામાં આવેલ હતી.

આ અરજી સુનાવણી ઉપર આવતા વકીલ દ્વારા વિગતવાર દલીલ કરવામાં આવેલ કે સમગ્ર ચાર્જશીટ પેપર્સ જોતા સહ-આરોપીના નિવેદન સિવાય લેશમાત્ર પુરાવો નથી. માત્ર સહ આરોપીના નિવેદનને આધારે પોલીસે હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે. તેમજ મુળ કેસની ટ્રાયલ ચાલી જતા પકડાયેલ સહ-આરોપીના નિવેદનને આધારે પકડાયેલ આરોપી શકીલ ઉર્ફે શાહીદ સૈફીને કોર્ટ દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. સહ-આરોપીના નિવેદનના આધારે હાલના આરોપીને સજા થઈ શકે નહી. આરોપી લાંબા સમયથી કસ્ટડીમાં છે. પુરાવા વગર માત્ર કન્ફેશનના આધારે આરોપીની જવાબદારી બાંધી ન શકાય તેવા સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદાઓ ઉપર ધ્યાન દોરતા કોર્ટે બચાવપક્ષની દલીલ ગ્રાહય રાખી આરોપીને ડીસ્ચાર્જ કરવા હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી ઈકબાલ વતી સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા તથા હર્ષ રોહિતભાઈ ઘીયા (મો.નં.૯૯૭૯૪ ૯૫૬૯૭), જૈમીન જરીયા અને મદદમાં રીધ્ધીબેન ખંઢેડીયા રોકાયેલ હતા.

# ભાજપ અત્યાર સુધીની સૌથી વધુ બેઠકો જીતશે : અમેરિકી એક્સપર્ટની આગાહી

### પ્રશાંત કિશોર પછી યુએસ એક્સપર્ટે લોકસભા ચૂંટણીમાં ભાજપની જંગી જીતની આગાહી કરી છે

રાજકીય નિષ્ણાત પ્રશાંત કિશોરે તેમની તાજેતરની આગાહી સાથે સોશિયલ મીડિયા પર તોફાન મચાવ્યું છે કે ભારતીય જનતા પાર્ટી (BJP) તેની ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સંખ્યા (૩૦૩ બેઠકો) ને વટાવી શકે છે કારણ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સામે કોઈ નોંધપાત્ર અસંતોષ નથી. હવે એક અગ્રણી અમેરિકન રાજકીય વૈજ્ઞાનિક, ઇયાન બ્રેમરે આગાહી કરી છે કે શાસક પક્ષ તેની અત્યાર સુધીની સૌથી વધુ બેઠકો મેળવશે.

પ્રશાંત કિશોરે આ સમાહની શરૂઆતમાં કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ભાજપ ''સમાન અથવા થોડી વધુ સંખ્યાઓ'' સાથે સત્તામાં પરત ફરી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વડા પ્રધાન અથવા તેમની પાર્ટી સામે કોઈ ''વ્યાપક જાહેર ગુસ્સો'' નથી.

ચાલી રહેલી લોકસભા ચૂંટણી માટે તેમની આગાહી વિશે પૂછવામાં આવતા, બ્રેમરે એનડીટીવી પ્રોફિટને આશાવાદી આઉટલૂક આપતા કહ્યું કે પાર્ટી ૨૯૫ થી ૩૧૫ સીટો વચ્ચે જીતી શકે છે.

ભારતીય જનતા પાર્ટી ૨૦૧૪ માં ૨૮૨ બેઠકો સાથે સત્તા પર આવી હતી, જેમાં રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધનને કુલ ૩૩૬ બેઠકો મળી હતી.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં, ભાજપે ૩૦૩ બેઠકો જીતીને તેની સંખ્યા વધુ સારી બનાવી છે. કુલ મળીને, NDA એ ૩૫૦-નો આંકડો પાર કર્યો - કોંગ્રેસ પછી આ સિદ્ધિ હાંસલ કરનાર એકમાત્ર પક્ષ.

કોંગ્રેસની આગેવાની હેઠળના ઇન્ડી ગઠબંધનને હિન્દી હાર્ટલેન્ડમાં બેઠકો જીતવાની આશા છે. બીજી તરફ, ભાજપ ઉત્તર અને પશ્ચિમી રાજ્યોમાં પોતાની બેઠકો જાળવી રાખવાની અને તેલંગાણા, કેરળ અને તમિલનાડુ જેવા દક્ષિણના રાજ્યોમાં વધુ બેઠકો જીતવાની આશા રાખીને જાદુઈ '૪૦૦' આંકડો જોઈ રહી છે.

ભાજપ પશ્ચિમ બંગાળમાં તેના ૨૦૧૯ના આંકડા (૧૮)ને વધુ સારી બનાવવાની પણ આશા રાખે છે.

### ભારત ૨૦૨૮ સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બની જશે

NDTV પ્રોફિટના અહેવાલમાં બ્રેમરે વધુમાં નોંધ્યું હતું કે ''ભારતીય રાજકીય પ્રણાલી વિશે ઘણી અનિશ્ચિતતા નથી.''

તેમણે ચેનલને જણાવ્યું હતું કે, ''મોદી લગભગ નિશ્ચિતપણે ત્રીજી ટર્મ માટે ખૂબ જ મજબૂત આર્થિક પ્રદર્શન અને સાતત્યપૂર્ણ સુધારા (અને)ની પાછળ જીતવા જઈ રહ્યા છે, જે ભવ્ય યોજનામાં ખૂબ જ સ્થિર સંદેશ છે.''

તેમણે કહ્યું કે ભારત આવતા વર્ષે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે અને ૨૦૨૮ સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

# ગોવાથી ટ્રાન્સપોર્ટમાં આવેલ દારૂનો જથ્થો સપ્લાય થાય તે પહેલા જ ઝડપાયોઃ પ્રથમ ખેપમાં જ પ્રકાશ રાઠોડ ઝબ્બે

### જડુસ હોટલ નજીકથી ક્રાઈમ બ્રાંચે રીક્ષામાં લઈ જવાતી દારૂની ૫૨૮ બોટલ ઝડપી રૂા.૧.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો


રાજકોટ તા.૨૩

શહેરમાં દારૂની રેલમછેલ થાય તે પહેલા જ ક્રાઈમ બ્રાંચે દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી કાર્યવાહી કરી હતી. ગોવાથી ટ્રાન્સપોર્ટમાં આવેલ દારૂનો જથ્થો રીક્ષામાં ભરી જઈ રહેલા પ્રકાશ રાઠોડ નામના શખ્સને જડુસ હોટલ નજીકથી ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડી રૂા.૧.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



દરોડાની વિગત અનુસાર ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ આર.બી. જાડેજા, હે.કો. મહિપાલસિંહ ઝાલા અને કો. ઉમેશ ચાવડા પેટ્રોલીંગમાં હતા ત્યારે જડુસ હોટલ પાસે ભીમનગર સર્કલ પાસેથી દારૂ ભરેલી રીક્ષા પસાર થવાની છે તેવી મળેલ ચોકકસ બાતમીને આધારે સ્ટાફ વોચમાં હતો ત્યારે ભીમનગર સર્કલ પાસેથી પસાર થતી રીક્ષાને અટકાવી તપાસ કરતા તેમાંથી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૫૨૮ બોટલ મળી આવતા કુલ રૂા.૧.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરી રીક્ષા ચાલક પ્રકાશ રણછોડ વાઢેર (ઉ.૩૮) રહે. બાલાજી આવાસ કવાર્ટર, સરીતા વિહાર સોસાયટીના નાલા પાસેની ધરપકડ કરી પુછતાછ હાથ ધરી હતી. પુછતાછમાં આરોપી ગોવા ટ્રેનમાં જતો અને ત્યાંથી દારૂનો જથ્થો લઈ ટ્રાન્સપોર્ટ મારફતે રાજકોટ મોકલતો હતો. અને અહીં તે છુટક વેચાણ કરતો હોવાની કબુલાત આપી હતી. ઉપરાંત તેની પ્રથમ ખેપ જ હોવાનું પણ જણાવ્યું હતું.

# રિઝર્વ બેંકે ૪ માસમાં જ ૨૪ ટન સોનુ ખરીદ્યુ



### રિઝર્વ બેંકનો રિપોર્ટઃ વિદેશી હુંડીયામણમાં સોનાનો હિસ્સો ૮.૭ ટકાએ પહોંચ્યો

મુંબઈ તા.૨૩

સોના-ચાંદીમાં અભૂતપૂર્વ તેજીનો દોર રહ્યો છે. ભાવવધારા પાછળ વિશ્વસ્તરે ભૌગોલિક ટેન્શન અને દુનિયાભરની સેન્ટ્રલ લોકો દ્વારા ચિકકાર ખરીદી કારણરૂપ ગણવામાં આવે છે ત્યારે છેલ્લા ચાર મહિનામાં ભારતીય રિઝર્વ બેંકે ૨૪ ટન સોનુ ખરીદ કર્યાનું બહાર આવ્યું છે.

૨૦૨૩ના આખા વર્ષની સરખામણીએ માત્ર ચાર જ મહિનામાં દોઢ ગણી ખરીદી કરવામાં આવી છે.

રિઝર્વ બેંકના રિપોર્ટમાં એમ દર્શાવવામાં આવ્યું છેકે ૨૬ એપ્રિલ ૨૦૨૪ની સ્થિતિએ વિદેશી હુંડીયામણ અનામત પેટે રિઝર્વ બેંક પાસે ૮૨૭.૬૯ ટન સોનુ હતું. ડિસેમ્બર ૨૦૨૩ના અંતે ૮૦૩.૬ ટન સોનુ હતું. આમ ચાર જ માસમાં ૨૪ ટન વધ્યુ છે. દુનિયાભરમાં સોનાની સૌથી વધુ ડીમાંડ ધરાવતા દેશોમાં ભારતનું સ્થાન ટોચનું છે છતાં મોટાભાગે નાગરિકોની જ ખરીદી રહેતી હોય છે. રિઝર્વ બેંક ભાગ્યે જ આવી રીતે એકટીવ રહેતી હોય છે.

ભારતમાં ૧૯૯૧માં વિદેશી હુંડીયામણની કટોકટી સર્જાઈ હતી ત્યારે સરકારે સોનુ ગીરવે મુકતા ભારે ટીકા થઈ હતી. જો કે, સરકારે ગીરવે મુકેલુ તમામ સોનુ ટુંકાગાળામાં છોડાવી લીધુ હતું અને ડિસેમ્બર ૨૦૧૭થી નવી ખરીદી સાથે સ્ટોક વધારવાનું વલણ શરૂ કરાયુ હતું.

રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે વિદેશી હુંડીયામણ અનામતમાં સોનાનો હિસ્સો ૮.૭ ટકાના સ્તરે પહોંચ્યો છે જે ડિસેમ્બર ૨૦૨૩ના ૭.૭૫ ટકા હતો. સ્ટોક વધારવાની સાથે રિઝર્વ બેંકને કિંમતમાં પણ ધરખમ લાભ થઈ રહ્યો છે. કારણ કે કેટલાક વખતથી સોનાના ભાવમાં મોટો ઉછાળો થયો છે.દુનિયાભરની સેન્ટ્રલ બેંકો સોનાનો સ્ટોક વધારી રહી છે તે પાછળનું કારણ ચલણ માર્કેટમાં વોલાટીલીટી સામે રક્ષણ મેળવવાનું છે. વિશ્વસ્તરે ભૌગોલિક ટેન્શન વધી રહ્યા હોવાથી આ માર્ગ અપનાવવામાં આવ્યો છે. વિશ્વસ્તરે અર્થતંત્રની નબળાઈ પણ આ પાછળનું એક કારણ છે.

**રિઝર્વ બેંક પાસે સોનાનો સ્ટોક**

| વર્ષ | સ્ટોક |
|---|---|
| ડીસે.૨૦૨૦ | ૬૭૬.૭ ટન |
| ડીસે.૨૦૨૧ | ૭૫૪.૧ ટન |
| ડીસે.૨૦૨૨ | ૮૬૭.૪ ટન |
| ડીસે.૨૦૨૩ | ૮૦૩.૬ ટન |
| એપ્રિલ.૨૦૨૪ | ૮૨૭.૭ ટન |

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૨૦-૨૫૭૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૭૦-૨૫૨૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૦૦-૧૭૩૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૫૦-૧૬૮૦ |
| પામોલીયન તેલ | ૧૪૯૦-૧૪૯૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૯૦-૧૭૧૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૫૦-૧૬૯૦ |
| કોપરેલ | ૨૦૩૦-૨૪૮૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



**સોનુ-ચાંદી**

| | |
|---|---|
| સોનુ (૧૦ ગ્રામ) | ૭૪૯૦૦(-૧૭૦૦) |
| ચાંદી | |

# મેકિસકોનાં રેલીમાં એકાએક મંચ તુટતા અફડાતફડીઃ ૯ લોકોના દબાઈ જતા મોત



### રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સહિત અનેક ઘાયલ

મેકિસકો,તા.૨૩

મેક્સિકોના નુએવા લિયોન રાજ્યના સેન પેડ્રો ગાર્જા ગાર્સિયા શહેરમાં નાગરિક આંદોલન પાર્ટીની રેલી દરમિયાન સ્ટેજ તૂટતાં અફરાતફરી મચી ગઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ૯ લોકો મૃત્યુ પામ્યા હતા જ્યારે અનેક ઘાયલ થયા હતા. ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જ્યોર્જ અલ્વારેજ મેનેજે સોશિયલ મીડિયા પર કહ્યું કે એક રાજકીય કાર્યક્રમમાં ભારે પવનને કારણે સ્ટેજ તૂટ્યું હતું. આ દરમિયાન હું પોતે પણ ઈજાગ્રસ્ત થયો હતો. જોકે મારી ટીમના અનેક સભ્યોને ઈજા થઈ છે. તોફાનને કારણે હવે તંત્રએ લોકોને ઘરમાં જ રહેવાની સલાહ આપી છે.

# વડાળી ગામ પાસે દારૂ ભરેલી વેન્યુ કાર રેઢી મળી આવી



### ૧૩૨ બોટલ દારૂ અને કાર મળી રૂા.૬.૬૬ લાખનો મુદ્દામાલ ક્રાઈમ બ્રાંચે કબ્જે કરી ચાલકની શોધખોળ આદરી

રાજકોટ;

ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ ડી.સી. સાકરીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે વડાળી ગામ પાસે આવેલ વિહોત માતાજીના મંદિર પાસેથી રેઢી પડેલ વેન્યુ કાર નં. જીજે ૩ એમએલ ૧૨૮૨માંથી વિદેશી દારૂની ૧૩૨ બોટલ ઝડપી કુલ રૂા.૬.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે નાસી છુટેલ કારચાલકની શોધખોળ હાથ ધરી હતી.

# બુદ્ધપૂર્ણિમાઃ તથાગત ગૌતમ બુદ્ધ જયંતી નિમિતે ધમ્મયાત્રા નીકળી



આજે મહાકારૂણી તથાગત ગૌતમ બુદ્ધની ૨૫૬૮મી જન્મજયંતિ મહોત્સવ નિમિતે ભવ્ય ધમ્મયાત્રા રાજકોટના મુખ્ય માર્ગો પરથી નીકળી હતી. રથયાત્રાનો પ્રારંભ ભંતે પ્રજ્ઞારત્નના હસ્તે કરાયો હતો.

ધમ્મયાત્રાનો પ્રારંભ ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા (સીવીલ હોસ્પીટલ પાસે) ખાતેથી થયો હતો અને બુદ્ધવિહાર કણકોટ પાટીયા ખાતે પુર્ણ થઈ હતી. આજે સાંજે ૫થી૮ ધમ્મદેશનાનું આયોજન કરવામાં આવેલ છે. રાત્રે નવ વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. વૈશાખી બુદ્ધ પૂર્ણિમા વિશ્વમાં ત્રિગુણી પાવન પર્વના રૂપમાં મનાવવામાં આવે છે. ઉપરોક્ત તસ્વીરો ધમ્મયાત્રાની છે.

(તસ્વીરઃ દેવેન અમરેલીયા)

## પૂ.આ.ભ. શ્રી પુર્ણચંદ્રસૂરીશ્વરજી મ. આદિ સાધુ-સંતોની પાવન નિશ્રામાં

# તા.૨જીના પ્રાચીન તીર્થ માંડવી ચોક દેરાસરનો ૧૯૮મો ધ્વજારોહણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે

### તા.૨જીના રવિવારે ભવ્યાતિભવ્ય સામૈયુઃ સત્તર ભેદી પૂજા ભણાવાશેઃ ૧૯૯મી ધજાની ઉછામણી કરાશેઃ તૈયારીઓનો ધમધમાટ



રાજકોટ તા.૨૩

રાજકોટ જૈન તપગચ્છ સંઘ સંચાલીત પ્રાચીન તીર્થ માંડવી ચોક દેરાસર (દાદાવાડી)ના શ્રી સુપાર્શ્વનાથ દાદાનો ૧૯૮મો ધ્વજારોહણ મહોત્સવ આગામી તા.૨જીના રવિવારે પરમપૂજય અધ્યાત્મયોગી આચાર્ય ભગવંતશ્રી કલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન, પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યશ્રી પુર્ણચંદ્રસૂરીશ્વરજી મ. આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

**સામૈયું**

શ્રી સુપાર્શ્વનાથ દાદાની ધ્વજાનું સામૈયું તા.૨જીના રવિવારે સવારે ૬.૩૦ કલાકે સુરેશભાઈ સંઘવીના નિવાસસ્થાન 'તીર્થ' ૨૫, પ્રહલાદ પ્લોટથી નીકળશે અને વાજતે ગાજતે માંડવી ચોક દેરાસરે સંપન્ન થશે.

આ પ્રસંગે સવારે ૭ વાગ્યે સત્તરભેદી પૂજા ભણાવાશે. સવારે ૭.૪૫ કલાકે ૧૯૯મી ધ્વજાની ઉછામણી કરાશે તથા સવારે ૮.૩૦ કલાકે ધ્વજારોહણ લાભાર્થી પરિવાર દ્વારા થશે.

જેમાં શ્રી સુપાર્શ્વનાથ દાદાની ધ્વજાનો લાભ વસંતબેન વાડીલાલ મહેતા (ધોરાજીવાળા) પરિવાર હસ્તે શ્રીમતી રેખાબેન મહેશભાઈ વસા, શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ મહેતા તથા શ્રીમતી વિભાબેન જીતુભાઈ વસા વગેરેએ લીધો છે.

જ્યારે શાસન રક્ષકદેવ શ્રી માણિભદ્ર વીરની ધ્વજાનો લાભ પુષ્પાબેન રમેશભાઈ શાહ પરિવાર હસ્તે અલ્પાબેન જીજ્ઞેશભાઈ શાહ તથા અમીતાબેન તેજસભાઈ શાહ વગેરેએ લીધો છે.

આ પ્રસંગે વિધિકારક તરીકે પ્રકાશભાઈ દોશી પધારશે તથા જૈન સમાજના જાણીતા ભક્તિકાર ધર્મેશભાઈ દોશી ભક્તિસંગીત રજુ કરશે. આ પ્રસંગે ઉપસ્થિત આમંત્રીતો મગે નવકારશીની વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજકોટ જૈન તપગચ્છ સંઘના પ્રમુખ જીતુભાઈ ચાવાળાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહક કમીટીના પ્રમુખ જયેન્દ્રભાઈ દોશી, કેતનભાઈ કોઠારી, કેતનભાઈ વોરા, જયેશભાઈ દોશી વગેરે જહેમત ઉઠાવી રહ્યાં છે.

## શિવવંદના ટ્રસ્ટ દ્વારા :શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ અલૌકિક,દિવ્ય આયોજન

# વિશ્વમાં સર્વ પ્રથમવાર આદિ કૈલાસમાં ગુંજશે શિવનાદ

### તા.૧લી જૂનના ૧૫૦ યાત્રિકો રાજકોટથી પ્રસ્થાન કરશેઃ પૂ.હંસગિરિબાપુના વ્યાસાસને શિવકથાઃ કથા સમયે દેશના શહીદો માટે વિશેષ ફંડ એકત્રિત કરાશેઃ રાષ્ટ્રધ્વજ લહેરાવાશે વિવિધ ધાર્મિક આયોજનો સાથે મહાપ્રસાદ અને ભંડારો સાત દિવસ યોજાશે



તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ,તા.૨૩

આગામી તા.૧ થી ૧૬ જૂન દરમ્યાન શિવવંદના ચેરીટેબલ ટ્રસ્ટ અને શિવાય હોલીડેઝ રાજકોટના સંયુકત ઉપક્રમે ઐતિહાસિક અને વિશ્વમાં સૌપ્રથમ આદિ કૈલાસ અને ૐ પર્વતની પરમ પવિત્ર ભૂમિમાં શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ સાથે અનેક ધાર્મિક કાર્યક્રમો, ઉત્સવો અને લઘુરૂદ્રયજ્ઞનું આયોજન છે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો.યશવંત ગૌસ્વામી જણાવે છે કે અત્યાર સુધી આ જગ્યાએ માત્ર સરકારી રાહેજ જવાતું હતું.અતિ દુર્ગમ ગણાતી આ યાત્રાનો માર્ગ ચે ધારચુલાથી નાભીગામ સુધી પેવર રોડ બની જતા હવે આ માર્ગ વિશ્વનો મોસ્ટ એડવેન્ચર રોડ બનતા વર્ષ ૨૦૨૨થી આ યાત્રા ભારત સરકારે તમામ માટે ખુલ્લી મુકાઈ હતી.ત્યારે પણ ભારતમાંથી આદિ કૈલાશ યાત્રાએ જનાર સૌપ્રથમ ગ્રુપ રાજકોટથી જ આદિ કૈલાસ ચણાએ ગયેલ.અને હવે વિશ્વમાં સૌપ્રથમ શિવકથાનું ઐતિહાસિક આયોજન કરવાનું સૌભાગ્ય મહાદેવના આર્શિવાદ અને યાત્રિકોના અદમ્ય ઉત્સાહથી થયેલ છે.

આદિ કૈલાસ અને ૐ પર્વત નેપાળ ભારત અને ચીનના સીમાપ્રાંત વિસ્તારમાં આવેલ હોવાથી સરકારની અનુમતિ અને મેડીકલ ટેસ્ટ વિના આ વિસ્તારમાં પ્રવેશી સકાતું નથી.આદિકૈલાસ માનસખંડનો જ એક ભાગ છે અને પંચકૈલાસમાં સર્વપ્રથમ આદિ કૈલાસ છે આદિ કૈલાસની સાથે યાત્રિક ગૌરીકુંડ, પાર્વતી સરોવર, પાંડવ પર્વત, કુંતિપર્વત, ગણેશ પર્વત, બ્રહ્મપર્વતની સાથે આદિ-અનાદિ ૐ પર્વતના દર્શન બાદ મહાદેવની તપોભૂમિમાં મેડીનેશન દ્વારા શહેરના ધગધગતા અને ધમાલીયા જીવનને છોડી એક અદ્ભુત અને અલૌકિક કોસ્મીક એનર્જીનો અનુભવ કરશે.અને શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ દ્વારા આ સુષ્ટિના આદિદેવ મહાદેવના ચરિત્રનું સંગીતમય શૈલીમાં રસપાન કરી મહાદેવની કુપાના અધિકારી બનવાની સાથે સાત પેઢીનું સ્વયંની સાથે કલ્યાણ કરશે.

આ શિવકથા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી ગુજરાત અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી સહિત અનેક મંત્રીઓને નિમંત્રિત કરાયા છે.

શિવમહાપુરાણ કથાના મુખ્ય યજમાન પીપળીયા હોલવાળા મહેશભાઈ મોહનભાઈ પીપળીયા છે.જયારે શિવકથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે-આંતરરાષ્ટ્રીય શિવકથાકાર પૂ.હસદેવગિરિ બાપુ શિવાશ્રમ નવાગામ અત્યાર સુધીનું સૌથી મોટું ગ્રુપ ૧૫૦ યાત્રિકો શિવકથા ગ્રુપમાં યાત્રાએ તા.૦૧ જૂન રાત્રે ૮ કલાકે અમરનાથ મહાદેવ મંદિર બીગબજાર પાછળ ૧૫૦ ફુટ રીંગરોડ ખાતેથી યાત્રામાટે પ્રસ્થાન કરશે.ત્યારે રાજકોટના વિવિધક્ષેત્રના અગ્રણીઓ અને સાધુ સંતો વિદાય આપશે.મહાદેવની પૂજા આરતી બાદ યાત્રિકો આદિકૈલાસ યાત્રામાં માટે પ્રસ્થાન કરશે.યાત્રામાં ૫૧ દંપતી સાથે ૮૬ વર્ષના યાત્રિક પણ છે. મહાદેવ માપાર્વતી અને મહર્ષિ વેદવ્યાસની તપોભૂમિમાં યાત્રિકો માટે સ્પે.હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞની સાથે પિતૃતર્પણની ધાર્મિક વિધિ પણ કરાવાશે. ધાર્મિક અનુષ્ઠાન સાથે ભારત વર્ષ અને વિશ્વશાંતિ અર્થે આયોજીત શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞમાં પ્રાપ્ત અનુદાન દેશની રક્ષામાટે શહિદ થનાર શહિદ પરિવારને અપાશે.આદિ કૈલાસ અને ૐ પર્વત સ્થળે ૧૭૫૦૦ ફૂટની ઉંચાઈએ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત સાથે શહિદોને સલામી સાથે શ્રધ્ધાંજલી અપાશે. શિવકથા દરમ્યાન વ્યસનમુકિત અભિયાન સાથે વિવિધ પ્રસંગો ધામધૂમથી ઉજવાશે પોથીયાત્રા સાથે શિવ પાર્વતી વિવાહ, દેવી પ્રાગટય,ગણપતિ પ્રાગટય, ૧૨ જયોતિલિંગની સાથે પાર્થેશ્વર શિવલિંગ પૂજન, શિવતાંડવ જેવા પ્રસંગો ઉજવાશે, આ તમામ ધાર્મિક વિધિ વેદાચાર્ય પંડિત પ્રમોદકુમાર દવે કરાવશે. યાત્રિકો સાથે સ્થાનિક લોકો માટે પણ મહાપ્રસાદ અને ભંડારાનું ૭ દિવસ આયોજન થયેલ છે. તમામ યાત્રિકોને વિદાય આપવા સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતી સહિત ભગવા ગ્રુપ રાજકોટના તમામ સાધુસંતો ઉપરાંત ભરતભાઈ બોઘરા, પરેશભાઈ ગજેરા, જયેશભાઈ બોઘરા, મુકેશભાઈ દોશી, સંસદસભ્યો અને ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, દેવાંગભાઈ માંકડ, મંત્રી ભાનુબેન બાબરીયા, લલીતભાઈ રાદડીયા, વિજયભાઈ ડોબરીયા, જયેશભાઈ ઉપાધ્યાય શાંતિભાઈ ફળદુ કલ્પકભાઈ મણિયાર સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને ન્યુઝ ચેનલના પ્રતિ નિધિઓ હાજર રહેશે.શિવવંદના ટ્રસ્ટ દ્વારા આદિ કૈલાસમાં વિશ્વમાં સૌપ્રથમ શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ સાથે વિવિધ કાર્યક્રમો સહિત ભંડારો રાખવામાં આવેલ છે. આ કથાની આવક શરીદોને દાનમાં અપાશે.

ઉપરોકત માહિતી આપવા 'સાંજ સમાચાર' કાર્યાલય પર ડો. યશવંત ગોસ્વામી, મહેશભાઈ પીપળીયા, ડો.એન.ડી.શીલુ નાથાભાઈ પટેલ તથા શિવમ ગોસ્વામી આવેલા હતાં.

## ૨૭ વર્ષથી લાખો સંતુષ્ટ ગ્રાહકોનો કિરણ એલજી પર વિશ્વાસ

# આજે એલજી અને કિરણ દ્વારા કલર બદલતું મુડઅપ રેફ્રિજરેટર કરાયું લોન્ચ

### ૧ લાખથી વધુ કલર તેમજ એલજી થીંક એપ સાથે તમારા મુડ, ઇન્ટીરીયર અને પસંદગી મુજબ રેફ્રિજરેટર રંગ બદલશે



રાજકોટ, તા. ૨૩

એલજી ઇલેક્ટ્રોનીક ભારતમાં અને કિરણ ટેલીવીઝન રાજકોટમાં ૨૭મી એનીવર્સરી ઉજવીએ છીએ. એલજી ઇલેક્ટ્રોનીકએ પહેલા દિલ્હી અને આજે કિરણ ટેલીવીઝન રાજકોટમાં મુડઅપ રેફ્રીજરેટર લોંચ કર્યું છે.

આ રેફ્રીજરેટરની વિશેષતાએ છે કે, તેમાં ૧૭૪૭૨૪ કલર, એલજી થીંક એપ સાથે તમારા મુડ, ઇન્ટીરીયર અને પસંદગી મુજબ તમારા રેફ્રિજરેટરનો રંગ બદલી શકાશે. મ્યુઝિક કલેક્શન, ખાણીપીણી દરમિયાન તમારા મનપસંદ સંગીત, જ્યારે તમે રેફ્રીજરેટર નજીક જશો ત્યારે તે તમને વેલકમ લાઇટ સાથે આવકારશે તેમજ અંધારામાં આપમેળે હલચલ ડીટેકટ કરી ગાઇડ લાઇટ સાથે તમને માર્ગદર્શિત કરશે સહિતના અવનવા આશ્ચર્યમાં મૂકી દેવા તેવા ફીચર સાથે લોન્ચ કરવામાં આવ્યું છે. ભારતની અગ્રગણ્ય કન્ઝયુમર ડયુરેબલ કંપની એલજી હંમેશા ગ્રાહકોના જીવન આનંદમય બનાવવા માટે અનોખી નવતર શૈલી અને ટેકનોલોજી દ્વારા કાંઇક નવું, કંઈક વિશેષ પ્રોત્સાહક આપવા સતત પ્રતિબદ્ધ હોય છે.

એલજી ઇલેક્ટ્રોનિક્સએ ગુજરાતમાં કિરણ ટેલિવિઝનમાં તેની ફ્લેગશિપ ઓફરમાં નવી ટ્રેન્ડિંગ એલજી ઑબ્જેક્ટ કલેક્શન (LG Object Collection) પ્રોડક્ટ લોન્ચ કરી છે

આ પ્રોડક્ટ લોન્ચ ગુજરાત રિજિનલ હેડ નિખિલ સુથારીયા, બ્રાન્ચ હેડ પ્રાંશુ જૈન, એરીયા સેલ્સ મેનેજર નીકુંજ સાંગાણી, માર્કેટિંગ મેનેજર શુભમ શર્મા, માર્કેટિંગ હેડ (વેસ્ટ ઝોન) જીમ્મી સીનોજીયા અને કિરણ ટેલીવીઝનના માલિક રાજુભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ અદભૂત પ્રોડક્ટ ગયા મહિને સાથે FDCI લોન્ચ કરવામાં આવી હતી અને ભારતના સૌથી મોટા ફેશન ઈવેન્ટ લેકમે ફેશન વીકમાં પ્રખ્યાત ફેશન ડિઝાઇનર્સ ગૌરી અને નૈનિકાની દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રોડક્ટનું લોન્ચિંગ ભારતીય બજારમાં એક નવી દિશા નિર્ધારિત કરવામાં પણ નોંધપાત્ર છે જ્યાં તેને ગ્રાહકોનો સકારાત્મક આવકાર મળ્યો છે.

આ ભાગીદારીના સફળ પ્રક્ષેપણ બાદ, એલજીના ઑબ્જેકટ કલેકશનના ભાવિ અને નવીનતમ ટેક્નોલોજી અપડેટ્સ માટે અપેક્ષાઓ વધે છે. વધુ વિગત માટે એલજી બેસ્ટ શોપ, કિરણ - જાગનાથ મંદિર સામે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ. નક્ષત્ર-૩, રૈયા ટેલીફોન એક્ષચેંજ પાસે, રાજકોટ. જી-૩/૫, તુલશી ઇમ્પીરીયા, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, મોટા મૌવા, રાજકોટ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

## નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો

રામકૃષ્ણ આશ્રમના આઈકેર વિભાગ અને યુનીક વિકલાંગ ચેરીટેબલના સહયોગથી વિકલાંગ વિકાસ કેન્દ્ર શાળા નં.૫૫ આનંદનગર ખાતે રવિવારે નિઃશુલ્ક નેત્રયજ્ઞ યોજાયો હતો. જેમાં ૧૭૨થી વધુ દર્દીઓ હાજર રહ્યા હતા અને તેમાંથી ૫૬થી વધુ દર્દીઓના રામકૃષ્ણ આશ્રમના આઈ કેર વિભાગ ખાતે નિઃશુલ્ક મોતીયાના ઓપરેશન કરવામાં આવશે.

## રાહત દરે ચોપડા વિતરણ

રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી દ્વારા ધો.૧થી ૯માં ૮૦%થી ઉપર ગુણ મેળવનાર જ્ઞાતિના વિદ્યાર્થીઓના ૨૩માં પ્રતિભા સન્માનના ફોર્મ તા.૮થી ૧૦ જુન સાંજના ૪થી ૭ દરમિયાન લોહાણા મહાજન વાડી સાંગણવા ચોક ખાતેથી મળશે. ફોર્મ ભરવા આવનારને ફોર્મ દીઠ દસ રૂપિયાના રાહતદરે દસ ચોપડા આપવામાં આવશે.

## આજે રાત્રે ધુન-ભજન

પુનીત સદગુરૂ ભજન મંડળ દ્વારા આજે રાત્રે ૯-૩૦ કલાકે રાતીયા હનુમાનજી મંદિર, સુભાષનગર શેરી નં.૬, રૈયા રોડ, આમ્રપાલી સિનેમા પાછળ સાંઈધામ ચોક ખાતે ભજન-સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે.

## હવે બ્રેસ્ટ કેન્સરની શરૂઆતના તબક્કામાં સારવાર બનશે શક્ય

# રોટરી કલબ ઓફ રાજકોટ તથા કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મેમોગ્રાફી સેન્ટરનું કરાયું લોકાર્પણ

### રવિવારે મેમોગ્રાફી કેમ્પનું આયોજનઃ સેન્ટરમાં પ્રતિવર્ષ ૫૦૦ ટેસ્ટ રોટરી કલબ ઓફ રાજકોટ દ્વારા વિનામૂલ્યે કરી અપાશે

રાજકોટ, તા.૨૩

આજના સમયમાં મહિલાઓમાં જોવા મળતા કેન્સરમાં સૌથી સામાન્ય કેન્સર બ્રેસ્ટ કેન્સર એટલે કે સ્તનનું કેન્સર છે, આ કેન્સરની જાણ શરૂઆતના તબક્કામાં થઈ જાય તો તેની સારવાર શક્ય છે. મોટાભાગે આ વિષેની જાગૃતિના અભાવ તેમજ સ્તન કેન્સરની ખર્ચાળ તપાસના કારણે મહિલાઓને સ્તન કેન્સરની જાણ થાય ત્યારે ઘણું મોડું થઈ જાય છે.



આ તકલીફને નિવારવા માટે રાજકોટની રોટરી કલબ ઓફ રાજકોટ તથા રાજકોટના લોકોને સસ્તી અને સારી આરોગ્ય સેવાઓ મળે તે માટે કટિબદ્ધ કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એક મેમોગ્રાફી સેન્ટર શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ, આ સેન્ટરને શરૂ કરવા માટે વિનાબેન વિપીનભાઈ મીઠાણીની યાદમાં સૂર્યકાંત કોઠારી પરિવાર વતી રોટરી કલબ ઓફ રાજકોટના પૂર્વ પ્રમુખ હરીશ કોઠારી, સભ્ય રજની યોગેન્દ્ર માલુ તથા ગ્રીવા ફાઉન્ડેશનના અમિતભાઈ લાખાણીનો આર્થિક સહયોગ મળેલ છે. રોટરી કર્મયોગ મેમોગ્રાફી સેન્ટરનું લોકાર્પણ યુનાઈટેડ કેર હોસ્પિટલ, રૈયા રોડ ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ સેન્ટરમાં પ્રતિવર્ષ ૫૦૦ ટેસ્ટ રોટરી કલબ ઓફ રાજકોટ દ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવશે, તે ઉપરાંત કોઈ પણ સંસ્થા મેમોગ્રાફી કેમ્પ કરવા ઈચ્છતી હોય તો રાહત દરે કેમ્પ કરી આપવામાં આવશે. તેમજ દર્દીને મેમોગ્રાફી તપાસની જરૂર હોય તો રાહત દરે કરી આપવામાં આવશે.

રોટરી કલબ ઓફ રાજકોટ દ્વારા આગામી તા. ૨૬ ને રવિવારના રોજ એક મેમોગ્રાફી કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રજીસ્ટ્રેશન માટે મો.નં.૮૦૯૦૦૮૦૦૭૧ પર સંપર્ક કરવાનો રહેશે. લોકાર્પણ કાર્યક્રમમાં રોટરી કલબ ઓફ રાજકોટના પ્રેસિડેન્ટ દિવ્યેશ પટેલ, સેક્રેટરી પરાગ તન્ના, કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટના કમલેશ વિરડીયા, ગ્રીવા ફાઉન્ડેશનના અમિતભાઈ લાખાણી, યુનાઈટેડ કેર હોસ્પિટલના ડાયરેક્ટર ડો. જીગ્નેશ મેવા સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## જય માતાજીઃ લોકશાહી ઢબે ચાલેલુ આંદોલન નિર્વિઘ્ને પૂર્ણ થતાં માતાના આશીર્વાદ મેળવાશે

# ક્ષત્રિય સંકલન સમિતિ આયોજીત માતાના મઢ સુધીની પદયાત્રાનું આજે પ્રસ્થાન

### સાંજે આશાપુરા મંદિરેથી ૩૨૫ કિ.મી.ની પદયાત્રાનો પ્રારંભઃ ગામે-ગામથી યુવાનો ગામથી ૩૦ કિ.મી. સુધી જોડાશેઃ રાત્રીનાં વિશ્રામ સ્થળે હનુમાન ચાલીસાના પાઠ, મહાઆરતી અને સમાજ સંગઠનની ચર્ચાઃ તા.૩ જુને ચૂંટણી પરિણામનાં આગલા દિવસે માતાના મઢે મહાઆરતી સાથે પુર્ણાહુતિ



રાજકોટ તા.૨૩

લોકસભાની ચૂંટણી વેળાએ પ્રચાર-પ્રસારના દોરમાં રાજકોટ બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય રાજપૂત સમાજની લાગણી દુભાય તેવી ટીપ્પણી કરતા ક્ષત્રિય રાજપુત સમાજે એકઠા થઈ સંકલન સમિતિના નેજા હેઠળ ઓપરેશન-૧ બાદ પાર્ટ-૧ પાર્ટ-૨ આંદોલનાત્મક કાર્યક્રમો યોજી રૂપાલા અને ભાજપને કારમી હાર માટે લોકશાહી અને સરકારી ખાનગી મિલ્કતોને નુકશાન પહોંચાડયા વિના લડત આપી હતી. જેમાં ધર્મયુધ્ધ-અસ્મિતા રથ કાઢી ગામે ગામ, શહેરે શહેર રથ ફેરવી માતાજીની આરતી સહિતના કાર્યક્રમો થકી ક્ષત્રીય સમાજની એકતા સંગઠનને મજબુત બનાવી એક સુરે લડત આપી હતી જેમાં માં આશાપુરાના આશીષ મળતા નિર્વિઘ્ને લડત પુરી થતા સંકલન સમિતિ દ્વારા રાજકોટથી માતાના મઢ (કચ્છ) સુધીની પદયાત્રાનું આયોજન કરાયું છે જેમાં આજે ગુરૂવારે સાંજે ૬-૩૦ કલાકે આશાપુરા મંદિરેથી પદયાત્રાને પ્રસ્થાન કરાવાશે જે તા.૩ જૂને માતાના મઢે પૂર્ણાહુતિ થશે.

પદયાત્રાના મુખ્ય હેતુ અંગે સંકલન સમિતિના આગેવાનોએ જણાવ્યું હતું કે ભાજપ ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટીપ્પણી વિરૂધ્ધ ક્ષત્રિય રાજપૂત સમાજની માતા-બહેનો-ભાઈઓ-યુવાનોએ માતાજીના આશીર્વાદથી લોકશાહી ઢબે સરકારી-ખાનગી મિલ્કતને કોઈપણ પ્રકારનું નુકશાન કે અન્ય સમાજો સાથે ઘર્ષણ કર્યા વિના સમાજે એકતા બતાવી લડત આપી હતી. એટલા માટે ખાસ માતાજીનો આભાર માનવા ક્ષત્રિય અસ્મિતા પદયાત્રા રાજકોટથી માતાના મઢ સુધીનું આયોજન કરાયું છે. આજે સાંજે ૬-૩૦ કલાકે આશાપુરા મંદિરેથી પદયાત્રા શરૂ થશે. યાત્રામાં ગામે ગામથી આગેવાનો-યુવાનો પોતાના ગામથી ૩૦ કિ.મી. સુધી જોડાશે. ૩૨૫ કી.મી.ની પદયાત્રામાં જયાં જયાં રાત્રી રોકાણ થશે ત્યાં હનુમાન ચાલીસા અને મહાઆરતી સાથે સમાજના સંગઠન અંગે ચર્ચા કરાશે. અસ્મિતા રથ માતાના મઢથી જ શરૂ થયો હોય ચૂંટણી પરિણામનાં આગલા દિને તા.૩ જૂને માતાના મઢે મહાઆરતી સાથે પદયાત્રાની પૂર્ણાહુતિ થશે. પરિણામો આવ્યા બાદ આગામી કાર્યક્રમો નકકી કરાશે. સંકલન સમિતિ રાજકોટના દેવેન્દ્રસિંહ જાડેજા, કરણી સેના ગુજરાતના વીરભદ્રસિંહ જાડેજા, ક્ષત્રિય અગ્રણી હરપાલસિંહ ચુડાસમા, રણુભા જાડેજા, ડો. રાજદિપસિંહ જાડેજા, ભાર્ગવીબા ગોહિલ, માયાબા જાડેજાએ 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસની મુલાકાત લઈ ક્ષત્રિય અસ્મિતા પદયાત્રાના આયોજન અંગે ઉપરોકત માહિતી આપી હતી.

### ગોંડલમાં યોજાયેલ રામકથામાં હૈયે હૈયું દળાય તેટલી ભીડ: આયોજકોની સુંદર વ્યવસ્થા

# બધી વસ્તુઓના ભાવમાં વધારો પણ માણસના ભાવમાં ઘટાડો થતો જાય છે: પૂ.મોરારીબાપુ

**સાધુ વિદ્વાન ન હોય, સાધુ ધનવાન ન હોય, સાધુ બળવાન ન હોય, સાધુ માત્ર શીલવાન હોય છે સાધુનું શીલ અને સત્ય સૌથી મોટું વિધાન**

**હજુ નાના પાંચ વર્ષના બાળકો ભાગવત રામાયણમાં મારી સહી કરાવવા આવે છે એનો આનંદ છે**

**શારીરિક મેલ પરધારા અને પરધન આ બે મેલ છે માનસિક મેલ, અનિષ્ટ ચિંતન એ ન કરવાના કામ કરાવે, કળિયુગના મેલ છે**

ગોંડલ,તા.૨૩

ગોંડલના આંગણે દાસીજીવણ પાર્ટી પ્લોટ ખાતે ચાલી રહેલી પુ.મોરારી બાપુની રામકથામાં હૈયે હૈયું દળાઈ રહ્યું છે.અહીં આખા ગૌમંડળ સમાન પંડાલ ટૂંકો પડે તેવો નજારો જોવા મળ્યો હતો.૩૦૦૦૦ થી અધિક ની સંખ્યામાં સખ્ત તાપ વચ્ચે વાતાનુકુલીન ડોમમાં ઉનાળાની ગરમ લુ ના બદલે ઠંડક પ્રસરી રહી છે જો કે કથા મંડપ જેટલી ઠંડક બાપુની કથા પણ હૈયાને ઠંડક બક્ષી રહી છે.લોહલંગરીબાપુના સાનિધ્યમાં એવમ સીતારામબાપુની અધ્યક્ષતામાં કથા ના મનોરથી યજમાન પરિવાર યુગાન્ડા ચેતનભાઈ સાંગાણી નિમિત્ત માત્ર યજમાન ની આગેવાનીમાં એવમ નીતિન વડગામા સુચારૂ સ્ટેજ સંચાલન સાથે પાંચમા દિવસે બાપુએ શિવ-પાર્વતી દક્ષ કથાને આગળ ધપાવી હતી.

બાપુએ કહ્યુ કે લોહલંગરી બાપુ એ જેમ ૨૧ ગાડા ગોળના ખેંચ્યા એમ લોહચુંબક જેમ લોહાને ખેંચે એમ કથાને અને આપણને સૌને ખેંચ્યા છે.લોખંડ જેમ લોહચુંબક નજીક જાય. એમ કથા પણ બાપુના દ્વારે આવી છે.આ તો અમારી સાધુ ની જગ્યા નો વિશેષ રાજીપો હોય.





આ સાથે તેમણે યુગ દર્શન ચાર યુગના મહત્વના મર્મ સમજાવ્યા હતા.જેમાં પ્રથમ સતયુગ ને પવિત્ર યુગ ગણાવ્યો. જ્યારે ત્રેતાયુગ ને ચરિત્ર. જ્યારે દ્વાપર વિચિત્ર અને હાલ ચાલી રહેલ કળિયુગ મહાવિચિત્ર જણાવી સુંદર દ્રષ્ટાંતો સાથે માર્મિક વાતો કરી,બાપુ વધુમાં જણાવ્યું હતું કે રામ કૃષ્ણ અને શિવ આવી જાય પછી કોઈ ભવવાન ની જરૂર નથી. ભગવાન કૃષ્ણને અપમન્યુ એ ૐ નમ:શિવાય મંત્ર આપ્યો હતો.બાપુએ કહ્યું હતું કે આપણો બીજો જન્મ કર્મથી મળે છે.કે આપણા ચિંતન થી મળે છે.જો કે કોઈ સારા ચિંતન થી મનુષ્ય બની ગયા પરંતુ આપણા માં પશુતા છે.કૃષ્ણ એ પાર્વતીજી પાસે પાંચ વર માંગ્યા જેમાં પ્રથમ દ્વેષ ન જાગે તેવું વરદાન આપો, એક શીખી લેવા જેવું કોઈનો દ્વેષ ન કરવો બીજું હું જ્યાં જાવ ત્યાં દુર્ભાવ નું કારણ ન બનું મુનિ ઉદ્વેગ ન પામે ત્રીજું સાધુ અભ્યાગત સંતો,બ્રાહ્મણો ને જમાડું હાલ પણ સંતો મહંતો મંદિર મંદિર ટૂકડા સાથે ભોજન સેવા થઈ રહી છે.સૌરાષ્ટ્ની કથામાં બીજા પ્રાંત માંથી આવતા લોકો જોવે છે કથામાં લાખો લોકો ભોજન લે છે.કૃષ્ણ વરદાન જો કે કથામાં કેટલા લોકો જમ્યા એ પુછાય છે.પરંતુ કથામાં કેટલા છે.એ પુછાતુ નથી. પાંચ વરદાન જીવન માં પૂર્ણ સંતોષની પ્રાપ્તિ કરાવી દે તેવા છે.

આ તકે બાપુ મનના ચાર મેલ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.શારીરિક મેલ પરધારા અને પરધન આ બે મેલ છે.માનસિક મેલ અનિષ્ટ ચિંતન એ ન કરવા ના કામ કરાવે એ કળિયુગ ના મેલ છે.બાપુ અલેખ સાથે દક્ષિણા મા વ્યસનો માંગ્યા આટલું તો આપી શકો ને તમે નવ દિવસ કથા ગાવ છું તો તમારી ફરજ બને દક્ષિણા આપવી ગમે તે ખાવું પીવું એ સનાતન ધર્મનો અપરાધ છે.જો કે આજે ઈન્ટરનેટ ચાય દિવસ છે સાથે કાલે બુદ્ધ પૂર્ણિમા વ્યસન નો અર્થ દુ:ખ આપતી વ્યસનો છોડવા માટે બાપુ મોટી હાંકલ કરી હતી. હિંસા કરવી શારીરિક પાપ છે. કોઈનું ચોરી લેવું દુરાચાર શારીરિક પાપ જણાવ્યા હતા.રામકથા નાના નાના ગામડામાં પહોંચી છે.લોક લોક સુધી જન જન સુધી પહોંચે એવા નાના વાક્યો મને અને તમને સમજ પડે તેવા જણાવું છું સાધુ વિદ્વાન ન હોઈ સાધુ ધનવાન ન હોઈ સાધુ બલવાન ન હોઈ સાધુ માત્ર શીલવાન હોઈ છે.સાધુ નું શીલ અને સત્ય સૌથી મોટું વિદ્વાન છે.કથામાં આનંદ સાથે બાપુ એ કહ્યું પાંચ પાંચ પેઢી થી કથા સાંભળી રહી .હજુ નાના પાંચ વર્ષના બાળકો ભાગવત રામાયણમાં મારી સહી કરાવવા આવે છે.એમનો આનંદ છે.

બાપુ એ કહ્યું ગુણ દર્શન કરવું ,ગુણોનું વર્ણન કરવું ગુણોનું વર્ધન કરવું ,છેલ્લે ગુણો નું નિવેદન કરવું બાપુ એ કહ્યું આનંદ ખૂબ આવે છે.૨૪ કલાક આનંદમાં રહ્યું છું સૂવું ચાલવું જાગવું આખી દિનચર્યા આનંદિત છે.જો કે ''ભ્રામક વાતો સામે ઘણું વેઠવું પડે'' છે.કહેવાતા ડાહ્યા માણસો જાગો જાગો કહી વાસડા ને પાણી ન પવાય વડલાને પાણી પાજો સમાજ ભ્રમણા માં ન રહે એ માટે જાગવું પડશે.૨૪ કલાક લહેરમાં રહેવું ભલે છાશને ટાઢો રોટલો મળે. શ્વાસે શ્વાસ દિનચર્યા માં મોજમાં રહેવું હાલ તમે જુઓ બધી વસ્તુઓમાં ભાવ વધતા જાય માણસમાં ભાવ ઘટતાં જાય તેમજ બાકસમાં ના ભાવ ન વધ્યા એમ સળગાવે એના ભાવ ન વધે ઠારવાનું કામ કરે છે અંધકાર દૂર કરે છે એના ભાવ વધ્યા,આનંદ લેવો જ હોઈ તો ચારે દિશામાં રાહડાં જ છે ,રામકથા શુ કરે છે.મનના મેલ કળિયુગના મેલ ધોઈ નાખે છે.રામકથામાં રામકથા પહેલા શિવકથા છે.

બાપુ એ દાસીજીવણ પાર્ટી પ્લોટનું આખું ગ્રાઉન્ડ ફ્રીમાં મળ્યું છે એમનો રાજીપો વ્યક્ત કર્યો હતો.કથા સાંભળે છે એમને વિમાન નથી મળતું પરંતુ વિશેષ સન્માન મળે છે.યજ્ઞ મા સ્વાહા સ્વાહા હોઈ વાહ વાહ ન હોઈ દક્ષરાજાએ કરેલ યજ્ઞ બલિદાન માટે નહીં બદલો લેવા કરેલ સતી અને શિવ કથા અંતર્ગત બાપુ જણાવેલ ચાર જગ્યાએ વગર આમંત્રણ જઈ શકાય માતાપિતા ને ત્યાં સંતાને ,મિત્ર ને ત્યાં ગુરુ અને ચોથું ભગવત કાર્યમાં આમ શિવકથા માં રાજા દક્ષ સતી શિવ ની શિવકથા નું ગાન થયું હતું.

રામ કથામાં દિન પ્રતિદિન માનવ મહેરામણ ઉમટી રહ્યું છે.વિધ વિધ પંથ ના સાધુ સંતો એવમ અમેરિકા આફ્રિકા સહિત પ્રાંત પ્રાંત થી લોકો નો મેલાવળો જામ્યો છે.અહીં કથાનું પંડાલ ટૂંકુ પડી રહ્યું છે.કથા માં હજારો સંખ્યામાં લોકો રામમય બનવા પામ્યા છે.

## દહીંસરામાં મહીલાઓ જંતુનાશક દવા પી જીવન ટુંકાવ્યું

### ૧૫ વર્ષીય ભારતીબેન જાપડીયાએ રાજકોટ સીવીલમાં સારવાર દરમિયાન દમ તોડયો: પરીવારમાં શોક: પોલીસે બનાવનું કારણ જાણવા તજવીજ આદરી

રાજકોટ,તા.૨૩

દહીંસરાની સીમમાં મહીલાએ અગમ્ય કારણોસર જંતુનાશક દવા પી આપઘાત કરી લેતાં પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.બનાવની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી અને તપાસનો ધમધમાટ આદર્યો હતો.પ્રાપ્ત વિગત મુજબ્બ દહીંસરા ગામે રહેતાં ભારતીબેન રાજેશભાઈ જાપડીયા (ઉ.વ.૩૫) ગઈ તા.૨૧ના પોતાની વાડીએ જઈ જંતુનાશક દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.જેમને તાત્કાલીક સારવારમાં પ્રથમ અત્રેની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.જયાંથી વધું સારવારમાં અંગેની સીવીલ હોસ્પિટલમાં ખસેડાતાં ફરજ પરનાં તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતો.બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરતો સ્ટાફ દોડી આવ્યો હતો.અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી બનાવનુંકારણ જાણવા તજવિજ હાથ ધરી હતી.બનાવની મૃતકના પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

## માળીયા (મી) વર્ષામેડી નજીક પાણીમાં ડૂબી જવાથી ત્રણ બાળકોના મોત

### ઘરેથી કોઈને કહ્યાવગર ન્હાવા ગયા હતાં: ૮,૧૦,અને ૧૨ વર્ષના બાળકના મૃત્યુથી અરેરાટી

(જીગ્નેશ ભટ્ટ દ્વારા)

મોરબી તા.૨૩

મોરબીની મચ્છુ નદીમાં ડૂબી જવાથી એક યુવાન અને બે સગીર આમ કુલ મળીને ત્રણ વ્યક્તિના મોત નિપજ્યાં હતા તે ઘટનાની હજુ તો સહી સુકાઈ નથી ત્યાં મોરબી જિલ્લાના માળીયા (મી)ના વર્ષામેડી ગામ પાસે આવેલ તળાવમાં ન્હાવા માટે ગયેલ ત્રણ માસુમ બાળકો પાણીમાં ડૂબી ગયા હતા જેથી તે ત્રણેયના મોત નિપજ્યાં હતા અને તે બાળકોના મૃતદેહને મોરબીની સિવિલે લઈને આવ્યા હતાં.



જાણવા મળતી માહિતી મુજબ માળીયા (મી)ના વર્ષામેડી ગામે રહેતા ત્રણ બાળકો બુધવારે બપોરના સમયે ગામ તરફ જવાના રસ્તે ભરાઈ રહેલા પાણીમાં ડૂબી જવાથી ગોપાલભાઈ કાનજીભાઈ ચાવડા (૧૨), શૈલેષ અમરશીભાઈ (૮) અને મેહુલ ભુપતભાઈ મહાડિયા (૧૦) નામના બાળકો પાણીમાં ડૂબી ગયા હતા જેથી કરીને તે ત્રણેયના મોત નિપજ્યાં હતા વધુમાં મળતી માહિતી મુજબ આ બાળકો ઘેર કોઈને કહ્યા વગર પાણીમાં ન્હાવા માટે ગયા હોવાનું લોકો પાસેથી જાણવા મળી રહ્યું છે અને આ બનાવની માળીયા મિયાણા પોલીસને જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી કરેલ છે.

## સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

**સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...**

**સાંજ સમાચાર**

**ટૂંકી જાહેરાત**
**સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિદ્ધ**
★ઓછામાં ઓછી ૪ લાઈન
★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક




### ભાડે આપવાનું છે

**ઓફીસ ભાડે આપવાની છે**
એ.સી., ફર્નિચર, પી.ઓ.પી. સાથેની પ્રમુખસ્વામી આર્કેડ, માલવિયા ચોક, રાજકોટ. મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૬૭૧૦)

**મકાન ભાડે આપવાનું છે**
રોયલ પાર્ક, શે. નં. ૫, મો. નં. ૯૪૨૮૨ ૭૪૫૬૩ (૬૭૦૯)

### વેચવાનું છે

**વેચવાનું છે**
અતિ મોકાનું મકાન, રામનાથપરા મેઈન રોડ, મો. નં. ૯૯૯૮૫ ૪૧૦૩૬

**મકાન વેચવાનું છે**
૫૦ વાર, કિ. ૨૭, ફુલ લોનેબલ, ૧-મેહુલનગર, કોઠારીયા રોડ, ઉપર નીચે બંધ શેરી, ૨ બીએચકે, મો. ૮૮૪૯૯ ૫૩૯૦૨ (૬૬૮૪)

**ફ્લેટ વેચવાનો છે**
૩ બીએચકે, ૯૫૦ સ્કે. ફુટ, ફર્નિચર સાથે, નિર્મલા રોડ પાસે, મો. ૮૮૬૬૨ ૦૦૮૯૨ (૬૭૦૭/૧)

**દુકાન વેચવાની છે**
શોરૂમ લાયક ઉપર-નીચે દુકાન, જયુબેલી પાસે મેઈન બજાર, ૩૫૦ સ્કે. ફીટ, મો. ૮૮૬૬૨ ૦૦૮૯૨ (૬૭૦૭/૨)

**બે કુટુંબ રહી શકે એવું ડુપ્લેક્ષ**
ગેસ, નળ, બોર, લાઈટ, પ્લાન પાસ, જ્ઞાતિ બાદ નથી, મોચીનગર-૬, ૮૪૦૧૯ ૫૧૫૬૧, ૯૦૧૬૫ ૪૮૩૩૬ (૬૭૦૮)

**ફ્લેટ વેચવાનો છે**
રેસકોર્ષ પ્રાઈમ લોકેશનમાં, ૨ બીએચકે, ફર્નિચર સાથે, કિં. ૪૦ લાખ, મો. ૯૪૨૬૭ ૧૨૧૩૬ (૫૮૬૩)

**તાત્કા. દુકાન વેચવાની છે**
સુપર લોકેશન, ૮૦ ફુટનો કોઠારીયા રોડ, કિ. ૪૫ ફાઈનલ, મો. ૯૪૦૮૯ ૨૪૫૧૮ (૬૭૧૩)

**કસમાં ફ્લેટ વેચવાનો છે**
ફ્લેટ-૨ બીએચકે, ફુલ ફર્નિચર, 100% લોન, ૨૪ કલાક પાણી, બજરંગવાડી, જામનગર રોડ, મો. ૮૨૬૪૩ ૩૩૪૬૦ (૬૭૧૧)

### ધંધાદારી

**શ્રી યમુના પેકેજીંગ – રાજકોટ**
પ્લાસ્ટીક બોકસ-પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા- ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ- નટ બોલ્ટ- મશીન પાર્ટસ- ટ્રેકટર પાર્ટસ-જેસીબી પાર્ટસ- ટુલ્સ- હાર્ડવેર-બ્રાસ પાર્ટસ- મોબાઈલ એસેસરી- વી.એમ.સી. – સી.એન.સી. – પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ- ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં- પ્લેટ- સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર- ચાંદી કામ વેક્ષ માટે-કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ- પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે- શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૬૪૯૪)

સાંઈરામ, ઘરે બેઠા આઈ.ટી. રીટર્ન અને GST સર્વિસ મેળવો, મો. ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

**ગાર્ડન માટે લોનમુવર**
ઈલેકટ્રીક તથા નેમીપુઅલ લોનમુવર ભારમલ બ્રધર્સ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની સામે, ઢેબર રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૩ ૨૦૮૨૯ (મહાદેવ)

**ઘરબેઠા ફ્રીઝ રીપેરીંગ**
સીંગલ-ડબલ ડોર ફ્રીઝ માટે શ્રી સદગુરૂ રેફ્રીજરેશન, રૈયા રોડ, મો.૯૪૨૬૨ ૩૮૨૧૪ (૬૫૯૮)

**હોલસેલ ભાવે મળશે**
ડ્રેસ મટીરીયલ્સ, કૃતિ, કોટન પ્રિન્ટેડ ડ્રેસ, કૃતિપેર તથા વર્કમાં મળશે. દેવેન્દ્ર ડ્રેસીસ, વોરાવાડ, રાજકોટ. મો. ૯૮૨૪૪ ૮૦૬૬૪ (૬૬૪૭)

**ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ**
ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૬૪૬૬)

**એસી, ફ્રીઝ, વોશિંગ મશીન,**
વોટર કુલર, રીપેરીંગ / સર્વિસ, મહેન્દ્રભાઈ- ૯૮૨૪૬ ૯૪૫૬૭ (૬૬૩૨)

ઘર બેઠા બત્રીસી બનાવી આપશુ તથા ફિકસ દાંત ગોલ્ડન, સિલ્વર બનાવી આપશું. દાંતના તમામ કામ માટે મળો. ભારતીબેન પંડયા : ૯૯૯૮૦ ૦૧૭૧૪ (૬૫૯૯)

**સાંજ સમાચાર**
૧૨ અક્ષરની ૧ લાઈન
**૧ લાઈનના માત્ર રૂા.૧૦**
**ટચૂકડી સ્વીકારવાનો સમય**
૧૦ થી ૮- સોમથી શનિ


**કામદાર પબ્લીસીટી**
કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
**ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫**
**નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮**
પ્રમુખસ્વામી આર્કેડ, ઉજા માળે, માલવીયા ચોક, રાજકોટ


### જોઈએ છે

**ઓફીસ સ્ટાફ જોઈએ છે**
રાજકોટની અગ્રણ ી ટેક્ષ એડવોકેટ ફર્મને બી.કોમ. / એમ.કોમ. પાસ અથવા એલ.એલ.બી.માં અભ્યાસ કરતા આસીસ્ટન્ટ ભાઈઓ અને બહેનો જોઈએ છે. સંપર્ક : ૯૮૨૪૨૦૪૨૫૫(૬૬૯૪/૨)

**CA સ્ટાફ જોઈએ છે**
રાજકોટની અગ્રણી ફર્મને ઈન્કમટેક્ષ રીટર્ન, TDS રીટર્ન, GST વર્ક અને ઈન્કમટેક્ષ ઓડીટ માટે ઈન્ટર ફાઈનલ CA સ્ટાફ જોઈએ છે, સંપર્ક : ૯૮૨૪૨ ૦૪૨૫૫ (૬૬૯૪/૧)

**જોઈએ છે**
ડાયશોપ સુપરવાઈઝર : ૧ (અનુભવી), ડેલ કેમ વીએમસી પ્રોગ્રામર : ૨, ઓનલાઈન ફ્લેટ ફોર્મના સેલીંગ ફિલ્ડના અનુભવી સ્ટાફ : ૪ (મેલ / ફિમેલ), વીએમસી ઓપરેટર : ૩, પ્લાસ્ટીક મોલ્ડ ડાયમેકર : ૩ (અનુભવી), સીટ મેટલ ડાયમેકર : ૨ (અનુભવી), ટર્નર : ૨, ફીટર : ૩ ડ્રીલીંગ ઓપરેટર : ૩, કન્વેસનલ મીલીંગ ઓપરેટર : ૨. સેલેરી : કામના પરફોર્મન્સ પર. વાહન અને રહેવાની સગવડ છે. મો. ૯૮૨૪૮ ૩૫૨૫૧ (વિકાસ)

**જોઈએ છે**
જુનુ મકાન કે પ્લોટ, ૨૦૦ થી ૨૫૦ વાર, પંચવટી, તપોવન, અનુપમા, નુતનનગર, જાનવી પાર્ક, બ્રો. ૯૯૧૩૭ ૪૬૬૬૫ (૬૭૧૪/૧)

**જોઈએ છે ખેતર**
કાલાવડ રોડ આસપાસ ૩ થી ૪ એકર, બ્રો. ૯૯૧૩૭ ૪૬૬૬૫ (૬૭૧૪/૨)

### યાત્રા પ્રવાસ

**બાપા સીતારામ યાત્રા સંઘ**
(૧) ચાલો કબરાઉ (મોગલધામ) (૬-સ્થળ) પ્ર.દિ.ક. ટી.રૂા. ૭૦૦, તા. ૨૫/૫/૨૪ શનિવાર રાત્રે (૨) ચાલો દ્વારકા, શીવરાજપુર બીચ (૭-સ્થળ) પ્ર.દિ.૧ ટી. રૂા. ૬૫૧ તા. ૨૫/૫/૨૪ શનિવાર રાત્રે (૩) ચાલો હાથલા (શનિદેવનું જન્મ સ્થળ અમાસને ગુરૂવાર) પ્ર.દિ. ૧ ટી. રૂા. ૬૫૧, તા. ૫/૬/૨૪, બુધવાર રાત્રે (૭ સ્થળ) બપોરે એક ટાઈમ જમવાનું, વધુ વિગત માટે સંપર્ક : ૯૭૨૩૬ ૩૮૬૨૨, ૯૦૮૧૧ ૯૬૯૬૦ (૬૬૫૯)


**શશી પબ્લીસીટી**
**૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.**
**દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા**
**મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮**


### યાત્રા પ્રવાસ

**રામા ટ્રાવેલ્સ-જેતપુર**
**ધમાકા-ધમાકા-ધમાકા**
ઉજજૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, રામદેવડા, અંબાજી દિવસ-૨૦ ભાડુ રૂા. ૯૦૦૦/- રહેવા- જમવા સાથે ઉપડશે. તા. ૧/૬/૨૪ (૨) દિવસ-૨૦ રૂટ ઉપર મુજબ ભાડુ રૂા. ૭૦૦૦/- (ફકત ભાડુ) મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮

### વેચવાનું છે

**ટેનામેન્ટ વેચવાનું છે**
બહારગામ જવાનું હોવાથી તાત્કાલીક કસમાં મોરબી રોડ ઉપરનું ટેનામેન્ટ ૭૦ વાર, ૩ બીએચકે ૧૫નો ફ્રન્ટ મો. ૯૭૧૨૭ ૪૪૩૪૪

### જોઈએ છે

**કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**
રાજકોટ (નવાગામ) માટે ૫ વર્ષનો અનુભવી જરૂરી. મો. ૯૪૨૯૩ ૧૬૯૩૮, ૭૦૧૬૧ ૪૧૦૨૭

## રવિવારે ધોરાજીમાં બીએસએનએલ અને ડીઓટી પેન્શનર્સનું સ્નેહમિલન મળશે

રાજકોટ તા.૨૩

રાજકોટ ટેલીકોમ ડીસ્ટ્રીકટ સેક્રેટરી શાંતિલાલ કંટેસરીયાની યાદી જણાવે છે કે ધોરાજી સેન વાડી મુકામે તા.૨૬/૫/૨૪ રવિવારના સવારના ૧૦થી ૧૩ સુધી રાજકોટ ટેલીકોમ ડીસ્ટ્રીકટના બીએસએનએલ અને ડીઓટી પેન્શનર્સ અને ફેમીલી પેન્સનર્સનું સ્નેહમીલન રાખવામાં આવેલ છે.

સ્નેહમિલનમાં હાલની બીએસએનએલની પોલીસી, પેન્શનર્સના અવસાન પછી તેમના ફેમીલીને મળવાપાત્ર ફેમીલી પેન્શન ચાલુ કરાવવા માટે કરવાની થતી કાર્યવાહી ખાતાકીય મળતી મેડીકલ સહાય, લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરવું, સંપ્પ્ન માઈગ્રેશન વગેરે બાબતની માહિતી આપવામાં આવશે.

સ્નેહમિલનમાં આવવાની ઈચ્છા હોય તેઓએ પોતાના નામ તા.૨૪/૫ સુધીમાં સ્નેહમિલન આયોજકો બી.બી. ચાવડા મો.નં. ૯૪૨૮૨ ૬૧૬૦૦ અથવા બી.જી. પોપલીયા મો.નં. ૯૪૨૭૭ ૨૩૫૩૫ અથવા એસ.એચ. કંટેસરીયાને લખાવી દેવા.

## ભાવનગરના ભાજપના મહિલા મંત્રીને પતિ-દિયરનો ત્રાસ: પોલીસમાં અરજી

### કામધંધો ન કરતા હોવાનો આરોપ: બંન્નેની અટકાયત

ભાવનગર,તા.૨૩

ભાવનગર ભાજપના શહેર સંગઠન મંત્રીએ પતિ અને દિયરના ત્રાસથી કંટાળી ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં અરજી આપતા પોલીસે મહિલાના પતિ અને દિયર સામે અટકાયતી પગલા લઇ તેમના જામીન મેળવ્યા હતા.


પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેર ભાજપ સંગઠન મંત્રી નિલમબહેન ચાંપાનેરીએ ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં આપેલી અરજીમાં જણાવ્યું હતું કે, તેમના પતિ મેહુલ નવનીતભાઇ ચાંપાનેરી કોઇ કામ ધંધો કરતા નથી અને તેઓ સતત માનસિક ત્રાસ આપી રહ્યાં છે તો તેમના દિયર કુશાનભાઇ પણ ત્રાસ આપે છે. નીલમબહેનના જણાવ્યા પ્રમાણે તેમના પતિ કામધંધો કરતા ન હોય તેમણે દુકાન ભાડે આપવા માટેનું જણાવતા તેઓ દુકાન પણ ભાડે આપતા નથી અને માનસિક ત્રાસ આપે છે.

આ બનાવ અંગે ગંગાજળીયા પોલીસે મેહુલ ચાંપાનેરી (રહે.ભાદેવાની શેરી) અને કુશાન (રહે.સુભાષનગર)ની અટકાયત કરી હતી. બન્નેએ તેમની સામેના આક્ષેપ નકાર્યા હતા. મહુલભાઇએ જણાવ્યું હતું કે, તે સોની કામ કરે છે હાલ મંદી હોવાથી કામમાં મેળવવામાં તકલીફ છે. તો કુશાને જણાવ્યું હતું કે,તેઓ બે વર્ષથી ફરિયાદી રહે છે તે તરફ ગયા નથી અને કદી નિલમબહેન સાથે ફોન પર વાત કરી નથી. પોલીસે જામીન મેળવી બન્નેને મુક્ત કર્યા હતા.આ બનાવથી ચકચાર જાગી હતી.

## આટકોટમાં નદી કાંઠેથી યુવાનનો કોહવાઈ ગયેલો મૃતદેહ મળ્યો

### અજાણ્યા યુવાનના કપડાં પરથી તેની ઓળખ કરવા પ્રયત્ન, મોત ૨૦ દિવસ પહેલા થયાનું અનુમાન: હત્યા, આપઘાત કે અકસ્માત? પોલીસે તપાસ આરંભી

### મૃતકના કપડાં પરથી કોઈને તેની ઓળખ થાય તો આટકોટ પોલીસનો સંપર્ક કરવા અનુરોધ



(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ,તા.૨૩

જસદણ તાલુકાના આટકોટ ખાતે અજાણ્યા પુરુષની કોહવાઈ ગયેલી લાશ મળતા પોલીસે લાશ નો કબજો લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ અંગેની વિગતો મુજબ જસદણ તાલુકાનો આટકોટ ખાતે રાજકોટ ભાવનગર હાઈવે ઉપર આટકોટ ટી પોઈન્ટ પાસે ખેતલા આપા ટી સ્ટોલની પાછળ નદીમાં બાવળની ઝાડી માં અજાણ્યા પુરુષની લાશ પડી હોવાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને લાશનો કબજો મેળવ્યો હતો. આ લાશ અજાણ્યા અંદાજે ૨૫ થી ૩૫ વર્ષના પુરુષની હોવાનું અને તેના શરીર ઉપર અંગ્રેજીમાં KALENJI જેવું લખેલું કાળા કલરનું ટીશર્ટ તથા નીચે અંગ્રેજીમાં MACROMAN લખેલ મરૂન કલરની ચડ્ડી તથા ADIDAS કંપનીનું કાળા કલરનું નાઈટ ટ્રેક પેન્ટ પહેરેલ છે આ લાશ અંદાજે ૨૦ દિવસની કોહવાઈ ગયેલી હોવાનું અનુમાન છે. લાશને રાજકોટ ખાતે ફોરેન્સિક પીએમ માટે ખસેડવામાં આવી છે. તેના કોઈ વાલી વારસો હોય તો આટકોટ પોલીસ સ્ટેશનના મોબાઈલ નંબર ૬૩૫૯૬૨૫૭૨૭ ઉપર સંપર્ક કરવા આટકોટ પોલીસના પીએસઆઇ જે.એચ. સિસોદીયાએ અનુરોધ કર્યો છે. વાલીવારસ નહીં મળતા રાજકોટ ખાતે તેની અંતિમ વિધિ કરવાની તજવીત હાથ ધરવામાં આવશે.

### અમદાવાદ એરપોર્ટથી પકડાયેલા શ્રીલંકાનાં આતંકવાદીઓની તપાસમાં મોટા ખુલાસા

# ચારેય ત્રાસવાદી ‘સ્યુસાઈડ બોંબર’: ગમે તેની જાન લેવા, પોતાની જાન દેવાની તૈયારી હતી

## મોબાઈલમાંથી ‘શપથ’ લેતા ચોંકાવનારા વીડીયો મળ્યાઃ શ્રીલંકાની તપાસ એજન્સી અમદાવાદ પહોંચી



## ત્રાસવાદી સંગઠનના અનેક સ્લીપર સેલ એકટીવ હોવાની આશંકાઃ દેશભરમાં સુરક્ષા એજન્સીઓને એલર્ટ રહેવા આદેશ

અમદાવાદ, તા. ૨૩

આઇએસનો બગદાદી અને પાકિસ્તાનનો અબુ અમારા આકા છે અને તેને સમર્પિત છીએ અને તેના દરેક આદેશનું પાલન કરવા તત્પર છીએ. અબુના આદેશ ખાતર કોઇપણ સમયે જાન આપવા માટે તૈયાર છીએ અને કોઇપણની જાન લેવા માટે પણ તૈયાર છીએ. ગુજરાત એટીએસના અધિકારીઓએ ઝડપી પાડેલા ચાર આતંકવાદીઓ પાસેથી આવી ખતરનાક શપથના વિડીયો મળી આવ્યા છે. તમિલ ભાષામાં આ શપથ લેવામાં આવી હતી તેવું જાણી શકાયું છે. જોકે સાથે સંકળાયેલા અને અબુ તેમજ આઇએસના પ્રભાવમાં હોય તેવા ઘણા લોકોને આવા શપથ લેવડાવ્યા હોવાનું પણ જાણી શકાયું છે. ચાર આતંકવાદી યુવાનો સહિત દુનિયાના ઘણા બધા દેશોના અનેક યુવાનોને એટલી હદે બ્રેઇનવોશ કરવામાં આવી રહ્યા છે કે તેઓ આઇએસના ઇશારે કંઇ પણ કરવા માટે તૈયાર થઇ જાય હવે આ દિશામાં તપાસ કરવામાં આવશે.

ગુજરાત એટીએસના હર્ષ ઉપાધ્યાય, શંકર ચૌધરી અને કે.કે.પટેલને બાતમી મળી હતી કે શ્રીલંકાથી ચાર આતંકવાદીઓ ચેન્નાઇ થઇ અમદાવાદ આવી રહ્યા છે અને અમદાવાદ આવ્યા બાદ કોઇ મોટી ઘટનાને અંજામ આપવાના છે. આ બાતમીના આધારે ગુજરાત પોલીસની ટીમ એરપોર્ટ પર ગોઠવાઇ ગઇ હતી અને એરપોર્ટ પર ચેન્નાઇથી આવેલા પ્લેનમાંથી ઝડપી લેવામાં આવ્યા હતા. તેમના મોબાઇલમાંથી મળેલ વિવિધ નકશા અને મેસેજને આધારે પોલીસે ચિલોડા નજીક ચોકકસ લોકેશન પરથી હથિયાર કબ્જે કરી લીધા હતા. જે હથિયાર આતંકવાદીઓ કોઇ મોટી ઘટનાને અંજામ આપવા માટે વાપરવાના હતા.

ચારેક દિવસથી ચાલી રહેલી તપાસમાં ગુજરાત એટીએસના અધિકારીઓના ધ્યાનમાં આવ્યું છે કે આ તમામ યુવાનો સોશ્યલ મીડિયા મારફતે અબુના સંપર્કમાં આવ્યા હતા. પાકિસ્તાન અબુએ તમામને જુદી જુદી જગ્યાએ તાલીમ આપી હતી અને તેમનું કેટલી હદે બ્રેઇનવોશ કર્યુ હતું કે તેઓ સ્યુસાઇડ બોમ્બર બની ગયા હતા. તેઓ ગમે ત્યારે પોતાનો જીવ આપવા માટે તત્પર હતા.

આ ચાર આતંકવાદીઓ પૈકી બે નુસરત અને નાફરાન લગભગ ૩૮થી ૪૦ વખત ભારતના જુદા જુદા પ્રદેશમાં આવી ગયા હતા. જે પૈકી એકની વિરૂધ્ધ તો ભારતમાં સ્મગલિંગ ગુનો પણ નોંધાયો હતો. જોકે આ બંને આતંકવાદીઓ ગુજરાત કેટલી વખત આવ્યા હતા તેની તપાસ ચાલુ છે.

આ બંને આતંકવાદીઓ પાસેથી મળી આવેલા બંને ફોન નવા હતા અને તેમાં એકમાં પ્રોટોન ઇમેલ અને બીજામાં સિગ્નલ એપ્લીકિશન મળી આવી છે. આ સિગ્નલ એપ્લીકિશન મારફતે તેઓ સંપર્કમાં હતા એટલે કે તેઓ અબુના આદેશની રાહ જોઇ રહ્યા હતા તેઓને કહેવામાં આવ્યું હતું કે આદેશ મળી જાય એટલે ઘટનાને અંજામ આપવો. હવે તેઓ કઇ ઘટનાને અંજામ આપવાની તૈયારી કરી રહ્યા હતા તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. શ્રીલંકા ગવર્મેન્ટ પણ આ બાબતની ગંભીરતાને લઇને એક ટીમને તપાસ માટે અમદાવાદ મોકલી હોવાનું જાણી શકાયું છે.

વધુમાં ગુજરાત એટીએસના સુનિલ જોશીના જણાવ્યા મુજબ આ ચારેય આતંકવાદીઓનું સંપૂર્ણ બ્રેઇનવોશ કરી દીધું હતું અને તેમને પોતાની પાછળ આઇએસઆઇએસનો ઝંડો રાખીને તૈયારી બતાવતા સોગંદ લીધા હતા અને તેનો વિડીયો પણ તૈયાર કર્યો હતો જે પોલીસના હાથ લાગ્યો છે.

હાલ માત્ર ગુજરાત નહીં પરંતુ સમગ્ર દેશમાં આઇએસઆઇએસ અને પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓના માણસો એકટીવ બની ગયા હોવાની વિગતો અધિકારીઓને મળી રહી છે. ગુજરાતમાં સ્લીપર સેલ ચિંતાજનક રીતે એકટીવ બની ગયો છે, જેને પગલે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી અને તમામ શહેરોની જુદી જુદી એજન્સીઓ આ દિશામાં કામે લાગી ગઇ છે.

આગામી દિવસોમાં ગુજરાતમાં અને દેશમાં મોટી ઇવેન્ટની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ દેશ વિરોધી તત્વો કોઇ અનિચ્છનીય ઘટનાને અંજામ આપે નહીં તેના માટે તમામ એજન્સીઓને એલર્ટ રહેવા માટે પણ દિલ્હી દરબારમાંથી આદેશ થયા છે.

### સેન્ટ્રલ એજન્સીઓ પણ ઇન્ટરોગેશન કરવા પહોંચી

ચાર આતંકવાદીઓનું પાકિસ્તાન તેમજ સીરીયા કનેકશન મળી આવ્યું છે. તેઓ મુંબઇમાં અને અન્ય ઘણી જગ્યાએ જુદા જુદા કેસમાં ઝડપાયા છે. શ્રીલંકાના પ્રતિબંધિત આતંકવાદી ગ્રુપ સાથે તેમની સીધી સંડોવણી છે. આતંકવાદીઓ અમદાવાદ પહોંચ્યા તે પહેલા તેમની માટે હથિયાર ગોઠવાઇ ગયા હતા. આ તમામ બાબતોને લઇને ગુજરાતમાં અને ભારતમાં તેમની ગતિવિધિઓ ખુબ જ ચિંતાજનક હોવાનું સામે આવી રહ્યુ છે. જેને પગલે ગુજરાત પોલીસ, ગુજરાત ઇન્ટેલિજન્સ તેમજ નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી, કેન્દ્ર સરકારની અતિ મહત્વની એજન્સીઓ અને જુદા જુદા સાત રાજયોની પોલસી અને મિલિટરી પોલીસ તેમજ ઇન્ટેલિજન્સ એજન્સીના અધિકારીઓ આતંકવાદીઓની પુછપરછ કરવા અમદાવાદ પહોંચી ગયા છે.

### સોશ્યલ મીડિયા મારફતે નજીક આવ્યા, અબુ હાલ ISISનો હેન્ડલર, તેણે શ્રીલંકાના યુવકોને ટાર્ગેટ કર્યા

દુનિયાભરના દેશો માટે માથાનો દુઃખાવો બની રહેલા આઇએસના બગદાદી તેના જુદા જુદા વિડીયો અને રીલ જુદા જુદા સોશ્યલ મીડિયા પર અપલોડ કરાતો હોય છે અને તેના હેન્ડલર દુનિયાના ઘણા બધા દેશોમાં સક્રિય છે. શ્રીલંકાના ચારે યુવાનો પણ સોશ્યલ મીડિયા મારફતે જ બગદાદીના પ્રભાવમાં આવ્યા અને અબુના સંપર્કમાં આવ્યા હતા ત્યારે યુવાનોની તાલીમ કરાવ્યા બાદ અબુએ એકબીજા સાથે મુલાકાત કરાવી હતી.

---

# દેશમાં 5-Gની ગુણવતા સુધારવા ટેલિકોમ કંપનીઓ પર કડક નિયમો લાગુ પડશે

## કોલ ડ્રોપ અને નિમ્ન સ્તરના વિડીયો સ્ટ્રીમીંગની ફરિયાદોને લઈને ટ્રાઈ લેશે, એકશનઃ કંપનીઓ ધોરણો નહીં જાળવે તો લાગશે લાખો રૂપિયાનો દંડ

નવી દિલ્હી તા.૨૩

દેશમાં ૫-જી સેવાઓ સુધારવા માટે કડક નિયમો બનાવવામાં આવશે. આથી ગ્રાહકોને વિડીયો કોલીંગ, સ્ટ્રીમીંગ અને કોલમાં કોઈ પ્રકારની મુશ્કેલી નહી રહે. ભારતીય દૂરસંચાર નિયામક પ્રાધિકરણ (ટ્રાઈ)એ આ મામલે દૂરસંચાર (ટેલિકોમ) કંપનીઓ સાથે વાતચીત પુરી કરી લીધી છે અને આશા રખાઈ રહી છે કે આગામી બે મહિનામાં નવા નિયમો લાગુ કરવામાં આવશે.

**હજુ સુધી કોઈ નિશ્ચિત ધોરણો નથીઃ** હાલમાં દેશમાં ૫-જીના કાર્યપ્રદર્શન અને ગુણવતા તપાસ માટે કોઈ નિશ્ચિત ધોરણો નથી. ટ્રાઈના અનુસાર અનેક ગ્રાહકોને ખરાબ કોલ ગુણવતા, કોલ ડ્રોપ, કોલ મ્યુટીંગ અને ફોનને ૫-જીથી જોડવામાં પરેશાની આવી રહી છે.



આ ઉપરાંત ૫-જીની સ્પીડને લઈને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એક અધિકારીએ જણાવ્યું હતુંકે વિભિન્ન કારણોને લઈને અનેક પ્રકારની સમસ્યાઓ પેદા થઈ રહી છે, જેને ઝડપથી દૂર કરવાની જરૂરત છે.

**૪-જી માં પણ ફેરફારઃ** અધિકારીએ એ પણ જણાવ્યું હતું કે દૂરસંચાર નિયામક ટ્રાઈ ૪-જી સેવાઓ માટે હાલના ગુણવતા ધોરણોમાં પણ સંશોધન કરશે. હજુ પણ અનેક ગ્રાહકોને ૪-જી સેવા મળી રહી છે, જેની ખરાબ ગુણવતાની ફરિયાદો પણ સતત મળતી રહી છે. ટ્રાઈના નવા મુસદામાં ટેલિકોમ કંપનીઓ માટે પાલન પ્રણાલીમાં પણ સંશોધન કરવામાં આવ્યું છે, જે ત્રૈમાસિક રિપોર્ટીંગના આધારે માસિક રિપોર્ટીંગના આધારે આવી જશે. એટલે કે હવે ત્રણ મહિનામાં અપાતું રિપોર્ટીંગ દર મહિને આપવામાં આવશે.

**ડેટાના ઉતાર-ચડાવ પર વોચ રહેશેઃ** કોલ નેટવર્ક અને ઈન્ટરનેટ ડેટામાં થતા ઉતાર-ચડાવમાં પણ વોચ રાખવામાં આવશે. તેના માટે નવી ટેકનીકનો ઉપયોગ કરવામાં આવશે, જે નેટવર્કની સરેરાશ ગતિ નકકી કરશે.

તો કંપનીઓએ ભરવો પડશે મોટો દંડઃ જો કંપનીઓ નિયમોનું પાલન નથી કરતી તે તેને દર ધોરણના આધારે ત્રણ લાખ રૂપિયાનો દંડ આપવો પડશે. આ ઉપરાંત ખોટા રિપોર્ટીંગની સ્થિતિમાં ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ ભરવો પડશે.

**કંપનીઓ કરે છે વિરોધઃ** ટેલિકોમ કંપનીઓ ૫-જી માટે આવનારા નવા ધોરણો સાથે સહમત નથી. તેમનું કહેવું છે કે ધોરણોમાં મોટા ફેરફારની જરૂર નથી. સેવામાં સમસ્યા ભૌતિક ઘટકો કે હાર્ડવેરના ખરાબ પ્રદર્શનથી પણ પેદા થાય છે. આ સિવાય બહારના પણ કારણો હોય છે. અનેક રાજયો વિસ્તારોમાં પરિચાલન સાઈટોને વારંવાર બંધ કે સીલ કરી દે છે.

# કંપનીઓની હિસાબી એન્ટ્રીઓનું વિશ્લેષણ ફરજીયાતઃ નવા નિયમથી CA વર્ગમાં મોટો ઉહાપોહ

## કંપનીઓના હિસાબી સોફટવેરથી માંડીને અનેકવિધ રિપોર્ટ કરવા પડશે

અમદાવાદ તા.૨૨

કંપનીઓના હિસાબી વ્યવહારોના ઓડીટ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માટે કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪થી નવો નિયમ લાગુ કરતા વ્યાપક ઉહાપોહ સર્જાયો છે. આ નિયમ અંતર્ગત સીએ દ્વારા કંપનીઓના હિસાબી સોફટવેરની એન્ટ્રીઓનું વિશ્લેષણ-મેળવણી ફરજીયાત બનાવી છે. નાણાંકીય વર્ષની ઓડીટ પ્રક્રિયા શરૂ થઈ જ ગઈ છે ત્યારે નવા નિયમને કારણે કામગીરી પડકારજનક બની છે. કારણ કે બહુ મોટી સંખ્યામાં હિસાબી એન્ટ્રી હોય છે એટલું જ નહીં, કંપનીઓ દ્વીરા તેમાં વખતોવખત ફેરફારો પણ કરવામાં આવ્યા હોય છે.

નવા નિયમનું પાલન કરવા માટે પર્યાપ્ત સ્ત્રોત ઉપલબ્ધ ન હોવાની દલીલ સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડીયા સમક્ષ આ મામલે રજુઆત કરવાનો તખ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે.



ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાના પુર્વ પ્રમુખ અનિકેત તલાટીએ કહ્યું કે કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા કંપની કાયદા (ઓડીટ એન્ડ ઓડીટર્સ) ૨૦૧૪માં નિયમ ૧૧(જી) ઉમેરવામાં આવ્યો છે તેમાં કંપની દ્વારા ઉપયોગમાં લેવાતા હિસાબી સોફટવેરનો રિપોર્ટ આપવા રેકોર્ડીંગ સુવિધા ધરાવતા વિશ્લેષણ સાથેની હિસાબી બુક જાળવવા ફરજીયાત બનાવ્યુ છે. કંપની દ્વારા કાયદાનુસાર જ રેકોર્ડ રખાયાનો અને તેમાં કોઈ છેડછાડ નહીં થયાનો પણ રિપોર્ટ આપવાનો રહે છે.

સી.એ. કરીમ લખાણીએ કહ્યું કે આ નિયમના પાલન કરવામાં કેટલીક પ્રેકટીકલ મુશ્કેલીઓ છે. દરેક કંપનીઓએ વિશ્લેષણ સાથેનું ઓડીટ ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું ફરજીયાત છે પરંતુ અનેક કંપનીઓ એન્ટ્રીનું વિશ્લેષણ કરતા સોફટવેરનો ઉપયોગ કરતી નથી. કોઈપણ એન્ટ્રીમાં બદલાવ કે છેડછાડ ન થયાનું ચકાસવાનું રહે છે. પરંતુ ઓડીટરને ફેરફારની જાણ હોતી નથી. કંપનીઓના વ્યવહારો પર ટ્રેક રાખવાનો સરકારનો ઈરાદો સારો છે પરંતુ એન્ટ્રીઓમાં બદલાવ ચકાસવાનું સીએ માટે પડકારરૂપ છે.


મોટાભાગની નાની કંપનીઓ એન્ટ્રીઓના વિશ્લેષણની સગવડ ન ધરાવતા સોફટવેરનો જ ઉપયોગ કરે છે. સીએ દ્વારા વિશ્લેષણ વિના જ રિપોર્ટ કરી દેવામાં આવે તો કંપનીઓએ હિસાબ ચોખ્ખા ન રાખ્યાનું ગણાશે અને તેમાં ૫૦૦૦૦થી ૫ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

તેઓએ કહ્યું કે એન્ટ્રી વિશ્લેષણનો સોફટવેર હોય તો પણ તે ‘ડીસએબલ્ડ’ ન થયાનું સીએ દ્વારા ચેકીંગ કરવું પડશે. કંપની કાયદા પ્રમાણે દરેક કંપનીઓ માટે સીએ મારફત હિસાબોનું ઓડીટ કરાવવાનું અને આઠ વર્ષ સુધી સાચવવાનું ફરજીયાત છે તે જ પ્રમાણે ઓડીટ વિશ્લેષણ પણ આઠ વર્ષ રાખવુ પડશે.

---

# ભારતે ૪૫ હજાર ટન ડુંગળીની નિકાસ કરી

### ૧૯ દિવસ પહેલા પ્રતિબંધ ઉઠયો હતોઃ બાંગ્લાદેશ પશ્ચિમ એશિયામાં વધુ માલ ગયો



નવીદિલ્હી,તા.૨૩

ભારતમાં મે,૨૦૨૪ની શરૂઆતમાં ડુંગળી નિકાસ પરનો પ્રતિબંધ હટાવવમાં આવ્યા બાદ ૪૫,૦૦૦ ટનથી વધારે નિકાસ કરી છે. એક અધિકારીએ આ અંગે માહિતી આપી હતી. ભારતે ડુંગળીની નિકાસ પર ગત ડિસેમ્બર મહિનામાં પ્રતિબંધ મુક્યો હતો અને ત્યારબાદ સુસ્ત ઉત્પાદનને પગલે કિંમતોમાં વધારો થયા બાદ માર્ચ મહિનામાં આ પ્રતિબંધને લંબાવ્યો હતો. અલબત તાજેતરમાં ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યા બાદ ૪૫૦૦૦ ટનથી વધારે ડુંગળીની નિકાસ કરી છે.

મોટાભાગની ડુંગળી પશ્ચિમ એશિયા અને બાંગ્લાદેશમાં નિકાસ કરવામાં આવી છે. ચૂંટણી દરમિયાન ડુંગળીના ભાવ નીચા રાખવા માટે જે પ્રતિબંધ મુકવામાં આવેલ તેને ૪ મેના રોજ પ્રતિબંધ ઉઠાવી લીધો હતો. જોકે, પ્રતિ ટન ૫૫૦ ડોલરની લઘુત્તમ નિકાસ કિંમત લાદવામાં આવી હતી.

આ વર્ષે સારા ચોમાસાની આગાહી જૂનથી ડુંગળી સહિત ખરીફ (ઉનાળુ) પાકની સારી વાવણી સુનિશ્ચિત કરશે. તેમણે જણાવ્યું હતું કે ચાલુ વર્ષ માટે લક્ષિત ૫,૦૦,૦૦૦ ટન બફર સ્ટોક જાળવી રાખવા માટે જાહેર ક્ષેત્રની એજન્સીઓએ તાજેતરના રવિ (શિયાળા) પાકમાંથી ડુંગળીની ખરીદી શરૂ કરી છે. કૃષિ મંત્રાલયના પ્રારંભિક અંદાજ મુજબ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ જેવા મુખ્ય ઉત્પાદક પ્રદેશોમાં ઓછા ઉત્પાદનને કારણે પાક વર્ષ ૨૦૨૩-૨૪માં દેશનું ડુંગળીનું ઉત્પાદન વાર્ષિક ધોરણે ૧૬ ટકા ઘટીને ૨૫.૪ મિલિયન ટન થવાની ધારણા છે. ભારતમાં મહારાષ્ટ્રમાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે. થોડા મહિના પહેલા ડુંગળીના ભાવ આસમાને સ્પર્શવા લાગ્યા હતા. ત્યારે કહેવામાં આવ્યું હતું કે હવામાન સંબંધિત કારણોસર ખરીફ ડુંગળીની વાવણીમાં વિલંબ થયો હતો જેના કારણે તેના વાવેતર હેઠળનો વિસ્તાર ઘટ્યો હતો અને પાક મોડો આવ્યો હતો.

# કિર્ગિઝસ્તાનમાં ટાર્ગેટ બન્યા ભારતીય છાત્રોઃ સુરતના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ફસાયા

### સ્થાનિકોની સતામણીના ડરથી ભારતીય છાત્રોમાં ભયનો માહોલ



બિશ્કેક (કિર્ગિઝસ્તાન) તા. ૨૩

કિર્ગિઝસ્તાનમાં મેડિકલ શિક્ષણ ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ કરતાં ઘણું સસ્તું છે. બિશ્કેકમાં વિદેશી વિદ્યાર્થીઓ સામે હિંસાની તાજેતરની ઘટનાઓથી એમ્બેસી ચિંતિત છે. જોકે, કિર્ગીઝ સત્તાવાળાઓ દ્વારા ઝડપી કાર્યવાહીને કારણે બિશ્કેકમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. છેલ્લા કેટલાક દિવસો દરમિયાન બિશ્કેકમાં કોઈ અપ્રિય ઘટના નોંધાઈ નથી. પરિવહન અથવા લોકોની અવરજવર પર કોઈ પ્રતિબંધ નથી. સાવચેતીના રૂપે વર્ગો ઓનલાઈન મોડમાં ચલાવવામાં આવી રહ્યા છે.

કિર્ગિઝસ્તાનની મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરતા હજારો વિદેશી વિદ્યાર્થીઓ ફસાયા છે. આ સાથે ભારતના પણ ૧૭,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ કિર્ગિઝસ્તાનમાં ફસાયા છે. જેમાં સુરતના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ સામેલ છે. તેઓ હોસ્ટેલ કે ફ્લેટમાંથી બહાર આવી પણ શકતા નથી. કિર્ગિઝસ્તાનના સ્થાનિક યુવાનો તેમની હોસ્ટેલ અને ફ્લેટની બહાર ઊભા છે અને તેમની સાથેની સતામણીનો ડર વિદ્યાર્થીઓને સતાવી રહ્યો છે. સ્થાનિકના ટોળાં ભારત, બાંગ્લાદેશના લોકોને ટાર્ગેટ કરે છે. વિદ્યાર્થિનીએ બચવા માટે સોશિયલ મીડિયા પર મદદ માગી છે.

સુરતની વિદ્યાર્થીનીએ મદદ માંગી છે અને કહ્યું છે કે મારે જલ્દી ભારત આવવું છે. અહીં ભયનો માહોલ છે. સ્થાનિક યુવાનો દ્વારા અમારા ઘરનો દરવાજો પણ તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ અમે દરવાજા પાછળ ખૂરશીઓ રાખી દેતા ૨ કલાક બહાર દરવાજો તોડવાનો પ્રયાસ કરતા આખરે દરવાજો ન તૂટ્યો તો તે લોકો ચાલ્યા ગયા હતા. પોલીસ પણ અમારી મદદ કરી રહી નથી. અમે ઘરની બહાર પણ નીકળી શકતા નથી. જમવાનું પણ અમે બહાર લેવા જઈ શકતા નથી. તેમણે વધુમાં જણાવ્યું કે અમને અમારી યુનિવર્સિટીના શિક્ષકો જમવાનું આપી જાય છે. તેઓ નીચે આવે ત્યારે અમે તેમને જોઈએ ત્યારે અમે દરવાજો ખોલીએ છીએ. હાલ તમામ લોકો ભયના માહોલમાં જીવી રહ્યા છે. મેડિકલનો અભ્યાસ કરવા ગયેલા ભારતીયોમાં ભયનો માહોલ છે. તેઓ છેલ્લા ૩ દિવસથી એરપોર્ટની બહાર બેઠા છે.

# ચારધામ દરમિયાન તમામ શ્રદ્ધાળુઓ માટે નોંધણી ફરજિયાતઃ રીલ બનાવતા ૧૫ લોકોને



દેહરાદૂન, તા.૨૩

ચારધામ યાત્રા માટે આવનાર દરેક શ્રદ્ધાળુ માટે રજીસ્ટ્રેશન ફરજીયાત છે. મુખ્ય સચિવ રાધા રતુરીએ બુધવારે ફરીથી તમામ રાજ્યોના મુખ્ય સચિવોને એક પત્ર જારી કરીને ચારધામ યાત્રાની વ્યવસ્થા કરવામાં સહકાર આપવા જણાવ્યું હતું. અપીલ કરવામાં આવી છે કે, તમામ રાજ્યોએ રજીસ્ટ્રેશન પછી જ યાત્રા શરૂ કરવા પ્રોત્સાહન આપવું જોઈએ. જેથી કરીને ભક્તો રજીસ્ટ્રેશન વગર તેમના રાજ્યોમાંથી બહાર ન જઇ શકે.

સરકારે ચારધામ યાઅત્રા પર આવતા તમામ યાત્રાળુઓ માટે નોંધણી ફરજિયાત કરી છે. હાલમાં, હરિદ્વાર અને ઋષિકેશમાં ઑફલાઇન રજિસ્ટ્રેશન પણ ૩૧ મે સુધી બંધ છે. આવી સ્થિતિમાં હવે ભક્તો ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ જ ચારધામ યાત્રા પર આવી શકશે. યાત્રાળુઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. મુખ્યમંત્રી પુષ્કર ધામીએ અધિકારીઓને ચારધામ યાત્રા પર આવતા શ્રદ્ધાળુઓની સુવિધાજનક મુસાફરીની વ્યવસ્થા કરવા પણ સૂચના આપી હતી. બુધવારે બદ્રીનાથ મંદિર પરિસરમાં રીલ બનાવવા બદલ ૧૫ લોકોને ચલણ જારી કરવામાં આવ્યા હતા. પોલીસે આઠ કલાક સુધી તેનો મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો અને દંડ પણ વસૂલ્યો હતો. ચારધામમાં આ પ્રકારની પ્રથમ કાર્યવાહી છે. બુધવારે બદ્રીનાથ મંદિર પરિસરમાં કેટલાક લોકો મોબાઈલ ફોન પર વીડિયો બનાવી રહ્યા હતા. આના પર પોલીસે પોલીસ એક્ટ હેઠળ તમામના ચલણ કર્યા અને વ્યક્તિદીઠ ૨૫૦ રૂપિયાનો દંડ પણ વસૂલ્યો.

# અયોધ્યા ધામ વિકાસ પરિષદની કરાશે રચનાઃ ૧૨૫ હેરિટેજ મંદિરોનો જીર્ણોદ્ધાર થશે

### પહેલા ૩૭ મંદિરોની પસંદગી બાદ હવે સંખ્યામાં વધારાશે



અયોધ્યા, તા.૨૩

અયોધ્યાના વિકાસ માટે રાજ્ય સરકારે અયોધ્યા ધામ વિકાસ પરિષદની રચના કરી છે. જો કે હજુ સુધી મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં માત્ર એક જ બેઠક થઈ છે. લોકસભા ચૂંટણીની આચારસંહિતા ખતમ થતાં જ આ સંગઠન કામ કરવાનું શરૂ કરી દેવામાં આવશે.

અયોધ્યા ધામ ડેવલપમેન્ટ કાઉન્સિલના સીઈઓ સંતોષ કુમાર શમનના જણાવ્યા અનુસાર, કાઉન્સિલ અયોધ્યાને દેશના એક મહત્વપૂર્ણ પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માટે સમગ્ર જિલ્લામાં તીર્થસ્થળોના વિકાસ પર કામ કરશે. અયોધ્યાના પ્રવાસન અને અન્ય વિભાગોના અધિકારીઓને પણ આ પરિષદ સાથે જોડવામાં આવ્યા છે, જેઓ તેમના વિભાગની વિકાસ યોજનાઓના પ્રોજેક્ટ અયોધ્યા ધામ વિકાસ પરિષદને મોકલશે.

### ગ્રામીણ વિસ્તારોમાં ધાર્મિક સ્થળો અને મઠોનો કરાશે વિકાસ

### પર્યટન વિભાગે તેનો એક્શન પ્લાન મોકલ્યો

બોર્ડના ડેપ્યુટી ડાયરેક્ટર (પર્યટન) આરપી યાદવે કહ્યું કે, પર્યટન વિભાગના એક્શન પ્લાન ૨૦૨૪-૨૫નો પ્રસ્તાવ અયોધ્યા ધામ વિકાસ પરિષદને મોકલવામાં આવ્યો છે. પ્રવાસન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રોજેક્ટ દરખાસ્તો મોકલવામાં આવેલ.

### વોટર બોડી ટુરિઝમ

લખનૌ-અયોધ્યા હાઈવે નજીકના સોહાવલ તાલુકામાં નીલકંઠ સુરવારીનો વોટર બોડી ટુરિઝમ માટે સર્વે કરવામાં આવ્યો છે. આ સ્થળ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર પણ બનશે. આ સાથે માછલીઓ અને જળચર પ્રાણીઓને મોટા તળાવમાં મૂકીને તેનું સંરક્ષણ કરવામાં આવશે. આ સ્થળોને પ્રવાસન કેન્દ્રોના ધોરણો અનુસાર સુવિધાઓથી સજ્જ કરવાની યોજના છે. આવા સ્થળો બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. તેમાં જનપ્રતિનિધિઓ દ્વારા મોકલવામાં આવેલી દરખાસ્તોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી અયોધ્યાના ૩૭ મંદિરોને હેરિટેજ સ્વરૂપે વિકસાવવાની યોજના પર કામ ચાલી રહ્યું હતું. નવી દરખાસ્તમાં ૧૨૫ મંદિરોની યાદી તૈયાર કરવામાં આવી છે, જેમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ધાર્મિક અને તીર્થસ્થળોની સાથે પુરાતત્ત્વીય મહત્વના સ્થળો, મઠો, મંદિરો, તળાવો અને પ્રવાસન માટે મહત્વના સ્થળો રાખવામાં આવ્યા છે.

### ઈકો ટુરિઝમ પ્રોજેક્ટ

ડેપ્યુટી ડાયરેક્ટર યાદવની દરખાસ્ત મુજબ ઈકો ટુરિઝમ વિકસાવવાના પ્રોજેક્ટ ઉમેરવામાં આવ્યા છે. જેમાં એવા ગામોની પસંદગી કરવામાં આવી છે જ્યાં કુંભારો દિવાળી પર્વ પર લાખો દીવા તૈયાર કરે છે. આ ગામોને આધુનિક ટેક્નોલોજી સાથે જોડીને ઈકો-ટેક વિલેજ તરીકે વિકસાવવાની યોજના છે. સોહાવલ તાલુકામાં સમાદા તળાવને ઈકો ટુરિઝમ સ્પોટ તરીકે વિકસાવવામાં આવ્યું છે. અહીં ગ્રામીણ વાતાવરણને પ્રવાસન કેન્દ્ર તરીકે ડિઝાઇન અને વિકસાવવામાં આવ્યું છે. તેની જાળવણી અને સંચાલનની જવાબદારી ખાનગી એજન્સીને સોંપવામાં આવી છે.

# કિંગખાનની તબિયત સુધારા પર, આજે હોસ્પિટલમાંથી રજા અપાશે :તમામ રિપોર્ટ નોર્મલ

અમદાવાદઃ તા ૨૩

બુધવારે સાંજે બોલિવૂડના કિંગ શાહરૂખ ખાનના ચાહકો માટે ચિંતાજનક સમાચાર આવ્યા હતા. શાહરૂખની તબિયત અચાનક બગડી હતી, ત્યારબાદ કિંગખાનને અમદાવાદની કે.ડી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હાલ શાહરુખ ખાનની તબિયત હાલ સ્થિર હોવાનું જાણવા મળી રહ્યુ છે. અને થોડીવાર મા શાહરુખ ખાનને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે. તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા છે મહત્વનું છે કે, અભિનેતા શાહરુખ ખાનને ડિહાઈડ્રેશન અને ખાંસીની ફરિયાદના કારણે હોસ્પિટલમાં દાખલ



કરાયા હતા અને પત્ની ગૌરીખાન તેમની સાથે છે. ગઇકાલે કિંગખાન અમદાવાદ મા હતા જ્યાં ગરમી ના કારણે લૂ લાગી જતા અમદાવાદ ની KD હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આખી રાત ઓબ્ઝર્વેશન મા રાખવા આવ્યા હતા. તેમજ જરૂરી તમામ રિપોર્ટ કરાયાં હતાં. હાલ તેઓની તબિયત સ્થિર છે અને થોડીવાર મા હોસ્પિટલમાંથી રજા અપાશે. સવારે તબીબો એ ફરી તપાસ કરી હતી. જેમાં બધું નોર્મલ આવ્યું હતું.

અભિનેતા શાહરુખ ખાનની તબિયત સ્થિર છે. આજે શાહરુખ ખાનને હોસ્પિટલમાંથી રજા આપી શકે છે. હિટ સ્ટ્રોક અને ખાંસીની ફરિયાદ બાદ શાહરુખને અમદાવાદની હોસ્પિટલમાં કરવામાં આવ્યા હતા. આજે કિંગખાનના તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા બાદ શાહરુખને હોસ્પિટલથી રજા આપી શકે છે.

# કેન્સરની દવા ઓલાપારિબને પરત ખેંચવા ડીજીસીઆઈનો રાજયોને આદેશ



### દવાની પ્રતિકુળ અસરની સંભાવનાને લઈને આદેશ

નવી દિલ્હી તા.૨૩

ડીજીસીઆઈએ બધા રાજયો અને કેન્દ્ર શાસીત પ્રદેશોમાં દવા નિયામકોને નિર્દેશ આપ્યા છે કે તે એ દર્દીઓના ઉપચાર માટે એસ્ટ્રાજેનેકાની કેન્સર વિરોધી દવા ઓલાપારિબ ટેબ્લેટને પરત ખેંચી લે, જેમને ત્રણ કે તેથી વધુ વાર કીમોથેરાપી આપવામાં આવી ચૂકી છે.

રાજય નિયામકોને દવાના નિર્માતાઓને પ્રતિકુળ અસરની સંભાવના જોઈને જીબીઆરસીએ મ્યુટેશન અને અંડાશયી કેન્સર અને સ્તન કેન્સરવાળા દર્દીઓના ઈલાજ માટે દવાના માર્કેટીંગને બંધ કરવાનું કહેવામાં આવ્યું છે. શીર્ષ દવા નિયામકે જણાવ્યું છે કે કંપનીએ ઓલાપારિબ ટેબલેટના સંકેતને પરત લેવા માટે કિલનિકલ પુરાવા રજુ કરેલા. આ પરીસ્થિતિઓને ધ્યાને રાખી અનુરોધ છે કે ઓલાપારિબ ટેબલેટ (૧૦૦ મિલિગ્રામ અને ૧૫૦ મિલીગ્રામ)ના માર્કેટીંગને પાછુ ખેંચી લેવાય અને જે દવાને મંજુરી મળી છે તેનું માર્કેટીંગ ચાલુ રખાય.

# અલીગઢમાં વાંદરાઓ ૩૫ લાખ રૂપિયાની ૧૧૦૦ ક્વિન્ટલ ખાંડ ચટ કરી ગયા



અલીગઢ, તા. ૨૩

અલીગઢમાં એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. અહીં, વાંદરાઓએ સાથા સુગર મિલમાં ૩૦ દિવસમાં ૩૫ લાખ રૂપિયાની ૧૧૦૦ ક્વિન્ટલથી વધુ ખાંડ ખાઈ ગયા.

કિસાન સહકારી સુગર મિલ્સ લિમિટેડના ઓડિટ રિપોર્ટમાં આ છેતરપિંડીનો પર્દાફાશ થયો છે. આ મામલામાં મેનેજર અને એકાઉન્ટ ઓફિસર સહિત છ લોકો દોષિત માનવામાં આવ્યા છે જેમની પાસેથી પૈસા વસુલવામાં આવશે. તેનો રિપોર્ટ શેરડી કમિશનરને મોકલી આપવામાં આવ્યો છે. ખાંડનો આટલો મોટો જથ્થો વાંદરાઓ દ્વારા ખાવામાં આવી રહ્યો છે અને વરસાદને કારણે બગડી જવાથી ખાંડના મોટા કૌભાંડ તરફ ઈશારો થઈ રહ્યો છે.

જિલ્લા એકાઉન્ટ્સ પરીક્ષા અધિકારી, સહકારી મંડળીઓ અને પંચાયત ઓડિટ દ્વારા તાજેતરમાં કિસાન કોઓપરેટિવ સુગર મિલ લિમિટેડનું ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૩૧મી માર્ચ ૨૦૨૪ સુધી સાથ સુગર મિલના ફાઇનલ સ્ટોકનું ફિઝિકલ વેરિફિકેશન કરવા માટે રિપોર્ટ અનુસાર, ખાંડનો સ્ટોક ૧ એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૩ સુધી મેચ થતો જોવા મળ્યો હતો. આ પછી ફેબ્રુઆરી ૨૦૨૪માં ખાંડનો સ્ટોક ૧૫૩૮.૩૭ ક્વિન્ટલ હતો. જે આગામી મહિને એટલે કે માર્ચમાં ઘટી ૪૦૧.૩૭ ક્વિન્ટલ રહી હતી. ઓડિટ રિપોર્ટ મુજબ ૧૧૩૭ ક્વિન્ટલ સફેદ ખાંડ વાંદરાઓ અને વરસાદથી બગડી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં, માર્ચ મહિના માટે દર્શાવેલ બાકીનો સ્ટોક ફિઝિકલ વેરિફિકેશન માટે મળ્યો ન હતો.

## મેનેજર અને એકાઉન્ટ ઓફિસર સહિત છ ગુનેગારો મળી આવ્યા

સહકારી મંડળીઓ અને પંચાયત ઓડિટના સહાયક ઓડિટ અધિકારી વિનોદ કુમાર સિંઘે અહેવાલમાં જણાવ્યું હતું કે સંસ્થાને ૧૧૩૭ ક્વિન્ટલ ખાંડના વર્તમાન અંદાજિત બજાર ભાવ ૩૧૦૦ રૂપિયા પર ૩૫ લાખ ૨૪ હજાર ૭૦૦ રૂપિયાનું નુકસાન થયું છે. જેના માટે પ્રિન્સિપલ મેનેજર રાહુલ યાદવ, ચીફ એકાઉન્ટ ઓફિસર ઓમપ્રકાશ, મેનેજર કેમિસ્ટ એમ કે શર્મા, એકાઉન્ટન્ટ મહિપાલ સિંઘ, સિક્યુરિટી ઓફિસર ઈન્ચાર્જ દલવીર સિંહ, વેરહાઉસ કીપર ગુલાબ સિંઘને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. આ રિપોર્ટ સુગરકેન કમિશનર, ડેપ્યુટી ડાયરેક્ટર સુગર મિલ્સ એસોસિએશન, લખનૌને મોકલવામાં આવ્યો છે.

## વાંદરાઓ ઓઆરએસ પી ગયા હતા

ગયા વર્ષે બલિયાના એક સમાચાર સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. અહીં વાંદરાઓનું ટોળું દુકાનમાં ઘુસી ગયું અને ORS અને વિટામિનની ગોળીઓ ખાધી.

## લાખો લિટર દારૂ પી ગયા હતા ઉંદરો



બિહારમાં દારૂબંધીની એક પછી એક વાર્તાઓ ખૂબ જ લોકપ્રિય થઈ રહી છે. વાત ૨૦૧૭ની છે. જ્યારે તત્કાલિન એસએસપી મનુ મહારાજે પોલીસ અધિકારીઓને પૂછ્યું કે જપ્ત કરાયેલા દારૂનો જથ્થો સતત કેમ ઘટી રહ્યો છે, તો તેઓએ કહ્યું, સાહેબ, દારૂ ઉંદરો પીવે છે. આ સમાચાર ફેલાતાં જ બિહાર પોલીસને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલ કરવામાં આવી હતી. પોલીસે દાવો કર્યો હતો કે ઉંદરોએ લાખો લીટર દારૂ પીધો હતો. પોલીસે આ મામલે તપાસના આદેશ આપ્યા છે.

# ૯૦' દાયકાની બોલિવૂડની હીરોઇનોને બીજી ઈનીંગમાં એક્ટિંગ કરવાનો મોકો મળ્યો!



### મનીષા કોઈરાલા, શિલ્પા શેટ્ટી, સુસ્મિતા સેન જેવી હીરોઈનો તેમના જમાનામાં ગ્લેમર ગર્લ રહી હતી, આજે આ હીરોઈનો 'હીરામંડી', 'ઈન્ડિયન પોલીસ ફોર્સ', 'આર્યા' જેવી વેબસીરીઝમાં પોતાનો સિક્કો પાડી રહી છે

મુંબઇ, તા.૨૩

જાણીતા બોલીવૂડ એકટર સ્વ. ઋષિ કપૂર હંમેશા કહેતા હતા કે તેમને તેની એક્ટિંગ ટેલેન્ટ દેખાડવાનો મોકો ખરેખર તો બીજી ઈનીંગમાં મળ્યો હતો તે કહેતા પહેલી ઈનીંગમાં તો બસ, હું સ્વેટર પહેરીને નાચતો-ગાતો રહી ગયો. કારણ કે ત્યારે મેકર્સે મને ના તો સિરિયસલી લીધો કે ના તો સારા રોલ આપ્યા. આ વાત ૯૦ના દાયકાની મોટા ભાગની હીરોઇનને પણ લાગુ પડે છે. મનીષા કોઇરાલા સોનાલી બેન્દ્રે, શિલ્પા શેટ્ટી, સુસ્મિતા સેન જેવી નાયિકાઓને વધુ લાગુ પડે છે, જે ત્યારે પોતાના ગ્લેમરને લઇને વધુ જાણીતી હતી પણ હાલ બીજી ઈનીંગમાં તે મજબૂત રોલ કરીને પોતાના અભિનયનો દમ દેખાડી રહી છે.

હાલ 'હીરામંડી' વેબ સીરીઝમાં સૌનું ધ્યાન ખેંચનાર મનીષા કોઇરાલા કહે છે, મેં ક્યારેય વિચાર્યુ નહોતું કે કેન્સર સાથે જંગ અને ૫૦ની વય વટાવ્યા પછી મારી જિંદગીમાં આ સુંદર દોટ આવશે. એક ૫૩ વર્ષની એક્ટરને આટલો હાઇ પ્રોફાઇલ વેબ સીરીઝ માટે આટલો મહત્વનો રોલ મળવો ખરેખર મહત્વનો માઇલસ્ટોન છે. હું ખૂબ જ ખુશ છું કે ઓટીટી પ્લેટફોર્મ અને ઓડિયન્સના વિચારમાં પરિવર્તનને લઇને આખરે ફિમેલ એક્ટર્સ, ટેકનિશિયન અને અન્ય પ્રોફેશનલ લોકોને ઘણા સમય બાદ પોતાનો હક, સારુ કામ અને સન્માન મળવા લાગ્યું છે.



મનીષાએ તેની યુવાવસ્થામાં 'બોમ્બે', 'ખામોશી', 'અગ્નિસાક્ષી' જેવી જરા હટકે ફિલ્મોમાં કામ કરેલું છે.

એ જમાનામાં સુસ્મિતા સેન, સોનાલી બેન્દ્ર, શિલ્પા શેટ્ટી જેવી અનેક હીરોઇનો હતી ત્યારે મેકર્સ તેમની સુંદરતાથી આગળ કંઇ જોઇ શક્યા નહોતા. આજે સુસ્મિતા સેનને 'આર્યા' અને 'તાલી' જેવી વેબ સીરીઝમાં પોતાની અંદર રહેલા કલાકારને દેખાડવાની તક મળી છે. તેની અભિનય ક્ષમતાને ઓળખવામાં મેકર્સ ઘણો સમય લઇ લીધો? જવાબમાં હસતા હસતા સુસ્મિતા કહે છે. આ ફરિયાદ ન હોવી જોઇએ. પણ હોઇ તો કોને હોવી જોઇએ? આપણે એ વિચારી શકીએ છીએ કે એમણે કે પૂરી ઇન્ડસ્ટ્રીએ મને એ તક ન આપી કે મારી એક્ટિંગ ક્ષમતાને ઓળખી ન શકી.



તુમ હુશ્ન પરી, તુમ જાને જહાંની પ્રસિધ્ધ જાહેરાત કરનારી અને આમિર સાથે 'સરફરોશ'માં ચમકનાર સોનાલી બેન્દ્રે કહે છે, અમારા જમાનામાં હીરોઇન એક ખાસ વયની રહેતી હતી. મલ્ટી પ્લેક્સ આવ્યા બાદ અલગ અલગ વય માટે રોલ લખાવા લાગ્યા. ઓટીટી આવતા તો આ સીમા પણ તૂટી ગઇ અને દરેકને તક મળવા લાગી. ફિલ્મ 'સુખી' અને સીરીઝ 'ઇન્ડિયન પોલીસ ફોર્સ'માં કડક પોલીસ અધિકારીના રોલમાં પ્રશંસા મેળવનારી શિલ્પા શેટ્ટીને પહેલી ઇનીંગમાં મજબૂત રોલ નહોતા મળ્યા, જે બીજી ઇનીંગમાં મળ્યા છે. શિલ્પા શેટ્ટી કહે છે, પહેલા દમદાર રોલ નહોતા મળતા, પણ હવે એવા રોલ મળે છે કે હું ના પાડી શકતી નથી.



# બોર્ડર-2 ની તૈયારીઓ શરૂ : ઓક્ટોબરથી ફિલ્મનું શૂટિંગ શરૂ થશે, સની દેઓલ, આયુષ્માન ખુરાના મુખ્ય ભૂમિકા




મુંબઈ :

૧૯૯૭ની બ્લોકબસ્ટર ફિલ્મ બોર્ડરની સિક્વલની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ ફિલ્મમાં સની દેઓલની સાથે આયુષ્માન ખુરાના પણ મુખ્ય ભૂમિકામાં છે. હવે મેકર્સ ટૂંક સમયમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યા છે.

પિંકવિલાના તાજેતરના રિપોર્ટમાં ફિલ્મ ડેવલપમેન્ટ સાથે જોડાયેલા એક સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે બોર્ડર ૨નું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહ્યું છે. ફિલ્મ બોર્ડર સાથે જોડાયેલી ટીમ લાંબા સમયથી ફિલ્મને લગતી તમામ તૈયારીઓમાં વ્યસ્ત હતી. પ્રથમ ફિલ્મ બોર્ડરની તીવ્રતા સાથે મેચ કરવા માટે ટીમ દિવસ-રાત મહેનત કરી રહી છે. હવે જ્યારે ફિલ્મને લગતી તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે, મેકર્સ ટૂંક સમયમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે.

**બોર્ડર ૨ ૨૦૧૫માં બનવાની હતી**

થોડા સમય પહેલા ફિલ્મના લીડ એક્ટર સની દેઓલે રણવીર અલ્હાબાદિયાને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે બોર્ડર ૨ પહેલા ૨૦૧૫માં બની હતી. તેણે કહ્યું, મેં પોતે સાંભળ્યું છે કે બોર્ડર ૨ બની રહી છે. અમે તેને ૨૦૧૫ માં ફરી શરૂ કરવાના હતા. પરંતુ પછી મારી ફિલ્મો ફ્લોપ થવા લાગી અને લોકો તે ફિલ્મો બનાવતા ડરી ગયા. હવે દરેક વ્યક્તિ ફિલ્મો બનાવવા માંગે છે.

બોર્ડર ૨નું નિર્દેશન અને નિર્માણ જેપી દત્તા દ્વારા કરવામાં આવશે, જેમણે ૧૯૯૭ની બોર્ડરનું પણ નિર્દેશન કર્યું હતું. ભૂષણ કુમાર અને જેપી દત્તાની પુત્રી નિધિ દત્તા પણ આ ફિલ્મનું નિર્માણ કરી રહી છે. આ ફિલ્મમાં સની દેઓલની સાથે આયુષ્માન ખુરાના પણ લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં સની દેઓલ મેજર કુલદીપની ભૂમિકામાં જોવા મળશે.

આ ફિલ્મ વર્ષ ૨૦૨૬માં ગણતંત્ર દિવસના અવસર પર રિલીઝ થશે. સની દેઓલની ફિલ્મોની વાત કરીએ તો તેની છેલ્લી ફિલ્મ ગદર ૨ હતી, જે બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી. ટૂંક સમયમાં તે લાહોર ૧૯૪૭, બાપ, સૂર્ય અને અપને ૨માં જોવા મળશે. બોર્ડર ફિલ્મ ૧૯૯૭માં રિલીઝ થઈ હતી. ૧૦ કરોડમાં બનેલી આ ફિલ્મે ૬૫ કરોડનું કલેક્શન કર્યું હતું. આ તે વર્ષની સૌથી મોટી ફિલ્મ હતી.

# કાંચીપુરમ સિલ્ક સાડીઓ ૫૦ ટકા મોંઘી બની

### જાણીતા સિલ્કની સાડીઓ પર સોનામાં ભાવ વધારાની અસર!!



ચેન્નાઈ: ચેન્નાઈ વેડિંગ સીઝન આવી ગઈ છે. આવી સ્થિતિમાં કાંચીપુરમ સિલ્કની સાડીઓ ખરીદવા માટે પરિવારો કપડાની દુકાનોમાં જઈ રહ્યા છે. પરંતુ સોનાની વધતી કિંમતોને કારણે આ સાડી ઘણી મોંઘી થઈ ગઈ છે. જેના કારણે લોકોના ખિસ્સા પર ઘણો બોજ પડી રહ્યો છે. કાંચીપુરમ સિલ્ક સાડીના ભાવમાં છેલ્લા આઠ મહિનામાં ૫૦%નો વધારો થયો છે. આવી સ્થિતિમાં ઘણા લોકો એવી સાડીઓ ખરીદી રહ્યા છે જેમાં સોના અને ચાંદીનો ઓછો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં સિલ્કની સાડી જેની કિંમત ૭૦૦૦૦ રૂપિયા હતી તે હવે ૧.૨ લાખ રૂપિયા થઈ ગઈ છે.

જેના કારણે આ પ્રીમીયમ સાડીઓનું ઉત્પાદન અટકી ગયું છે.

વધતી કિંમતોને કારણે, આ લગ્નની સીઝનમાં વેચાણમાં ૨૦% ઘટાડો થઈ શકે છે. ઘણા ગ્રાહકો ચોક્કસ બજેટ સાથે આવે છે અને ઓછા સોના અને ચાંદી (કાંચીપુરમ) વાળી સિલ્ક સાડીઓ પસંદ કરે છે. આ પ્રથમ વખત છે કે આટલા ટૂંકાગાળામાં કાંચીપુરમ સિલ્ક સાડીના ભાવમાં ૩૫-૪૦%નો વધારો જોઈ રહ્યા છીએ. સોનાના ભાવમાં અભૂતપૂર્વ વધારાને કારણે આવું બન્યું છે.

### ઉનાળામાં શરીરમાં ડિહાઈડ્રેશન(શરીરમાંથી પાણી ઘટી જવું)થી બચાવે છે

# નારીયેળ પાણી માત્ર શરીરને તાજુ જ નથી કરતું પણ બીપીને પણ નિયંત્રણમાં રાખે છે

### નારીયેળના પલ્પમાં રહેલા કુદરતી તત્વોમાં એન્ટીઓકસીડેન્ટ હોય છે



નારીયેળ પાણી માત્ર ગરમીથી રાહત આપતું નથી. પરંતુ તે ઘણી બીમારીઓને દુર પણ રાખી શકે છે. નારીયેળ એક એવું ફળ છે જે તમારા સ્વાસ્થ્ય અને સુંદરતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ એક ફળમાં એટલા બધા ગુણ છે કે તે તમને કેન્સરના જોખમથી પણ બચાવી શકે છે.

**તમને આ પોષક તત્વો મળશે**

નારીયેળ પાણીમાં એનર્જી, પ્રોટીન, ગુડ ફેટ, કાર્બોહાઈડ્રેટસ, ફાઇબર, આયર્ન, વિટામીન એ, વિટામીન સી અને ફેટી એસિડ હોય છે. તેના સેવનથી તમારા શરીરમાં ઘણા જરૂરી પોષક તત્વોનો ઉણપ પુરી થાય છે.

**નારીયેળ કેવી રીતે ઉપયોગી છે**

નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ હેલ્થ અનુસાર, ઉનાળામાં નારીયેળ પાણીનું સેવન કરવાથી તમે હાઈડ્રેટ રહે છે અને શરીરને ડિહાઈડ્રેશનથી પણ બચાવે છે. સ્વાસ્થ્ય માટે તમે નારીયેળ પાણી સિવાય અન્ય ઘણા સ્વરૂપોમાં નારીયેળ લઇ શકો છો. ઉદાહરણ તરીકે તમે તેને કાચા નારીયેળ ડ્રાય ફ્રુટસ સાથે તથા સુકા નારીયેળ, નારીયેળના દૂધના રૂપ લઇ શકો છો, પરંતુ આ બધામાં સૌથી વધુ ફાયદાકારક છે નારીયેળ પાણી.

**ડિહાઈડ્રેશનની સારવાર**

નારીયેળ પાણીનું સેવન કરવાથી ડિહાઈડ્રેશનથી બચી શકાય છે. ઉનાળામાં દરરોજ સવારે તેનું સેવન કરવું શરીર માટે ફાયદાકારક તમે તેને વર્કઆઉટ પછીના પીણા તરીકે પી શકો છો. નારીયેળ પાણીમાં જોવા મળતા પ્રાકૃતિક તત્વો તમને તાજગી અને ઉર્જા આપે છે. જે તમારા શરીરને તાજગી આપે છે.



**કેન્સરના જોખમમાં ઘટાડો**

નારીયેળના પલ્પમાં ફિનોલિક કમ્પાઉન્ડ હોય છે. જે એક પ્રકારનું એન્ટીઓકિસડન્ટ છે. નારીયેળ પાણીમાં જોવા મળતા આ ઉચ્ચ એન્ટી-ઓકિસડન્ટસ તમારા શરીરને ફ્રી રેડિકલ્સથી થતા નુકસાનથી બચાવે છે અને કેન્સરનું જોખમ પણ ઘટાડે છે.

**પાચન ઝડપી થશે**

નારીયેળ પાણીમાં જોવા મળતા આંતરિક તત્વો તમારી પાચન તંત્ર માટે સારા છે. નારીયેળનું પાણીમાં લગભગ ૯ ટકા ફાઇબર પણ હોય છે. જે પેટની સમસ્યાઓને શાંત કરવામાં મદદ કરે છે અને કબજિયાતમાં પણ રાહત આપે છે.

**બ્લડપ્રેશરને નિયંત્રિત કરો**

નારીયેળના પાણીમાં એન્ટી-થ્રોમ્બોટિક ગુણો જોવા મળે છે. જે એન્ટી-થ્રોમ્બોટિસને કારણે નાસોમાં લોહી જમા થતું અટકાવે છે. ઘણા સંશોધનોમાં એ સાબિત થયું છે કે નારીયેળ પાણી હાઇ બ્લડપ્રેશરને નિયંત્રીત કરી શકે છે. આ સિવાય નારીયેળ પાણીમાં પોટેશિયમ પણ સારી માત્રામાં હોય છે, જે બ્લડપ્રેશરને નિયંત્રિત કરવામાં મદદરૂપ છે.

**હૃદયના સ્વાસ્થ્યમાં સુધારો થશે**

નારીયેળ પાણીમાં લિપિડ એટલે કે ચરબી ખુબ ઓછી હોય છે. આવી સ્થિતિમાં તે ખરાબ કોલેસ્ટ્રોલને નિયંત્રીત કરે છે. જે હાર્ટ એટેકનું જોખમ ઘટાડે છે. ડોકટરો પણ હૃદયના દર્દીઓને નારીયેળ પાણીનું સેવન કરવાની સલાહ આપે છે.

# હિટવેવ મોટી આફત બની છે

**આકાશમાંથી આગ વરસી રહી છે. જંગલોથી લઈને લોકો તેમાં સળગી રહ્યા છે. હીટવેવને કારણે વિશ્વમાં દર પાંચમુ મૃત્યુ ભારતમાં થઇ રહ્યું છે. બાળકો અને વૃદ્ધોને સૌથી વધુ નુકસાન થઇ રહ્યું છે. સાચી વાત એ છે કે ભારતના ઘણા લોકો આને એક મોટો પડકાર માનવા લાગ્યા છે અને તેમાંથી મોટાભાગના લોકો તેમની જીવનશૈલી બદલવા માટે તૈયાર છે. ચાલો જાણીએ કે ભારતીયો આ વિશે શું વિચારે છે...**




**બાળક પર અસર**

૫૫.૯ કરોડ બાળકો લુની લહેરમાં ગરમ તાપમાનવાળા દેશમાં **૨૦૫૦ સુધીમાં ૨૦૦ કરોડથી** વધુ, દર ત્રણમાંથી એક બાળક ગરમીના મોજાનો ભોગ બનશે

**ગરમીનું મોજુ**

- દર વર્ષે હીટવેવને કારણે ૧,૫૩,૦૭૮ થાય છે. હીટવેવને કારણે સૌથી વધુ મૃત્યુ એશિયામાં થાય છે. ૩ દાયકામાં હીટવેવને કારણે ૪૫,૯૨,૩૨૬ લોકોના મોત થયા છે.
- ભારતમાં હીટવેવને કારણે વાર્ષિક ૩૧,૭૪૮ મૃત્યુ થયા છે. વિશ્વના કુલ મૃત્યુના ૨૦.૭% હીટવેવથી થતા મૃત્યુમાં ભારત બીજા ક્રમે છે.
- ૩ દાયકામાં હીટવેવના દિવસો વધ્યા. વૈશ્વિક સ્તરે દર દાયકામાં તાપમાનમાં ૦.૩૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઇ રહ્યો છે.
- ૨૦૨૪ના પ્રથમ ચાર મહિના સૌથી ગરમ હતા. વૈજ્ઞાનિકો કહે છે ૨૦૨૪માં અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ હોવાની ૬૧% શકયતા છે.
- તાપમાનમાં દર ૨°Cના વધારા માટે હીટવેવનું જોખમ ત્રણ ગણુ વધી જાય છે.



**ગરમીના કારણો**

જંગલોમાં વૃક્ષોની ઘટતી સંખ્યા, હવામાં ગરમી રોકતી, ગેસની વધી માત્રા, અશ્મિભૂત ઇંધણ, ઉદ્યોગ, ખેતીમાંથી નીકળતા કાર્બન અને મીથેન, સૂર્યનું અસ્થિર ઉર્જા ઉત્પાદન, બદલાતા સમુદ્રી પ્રવાહો.


**વૃદ્ધો પર અસર**

- ૨૦૨૦માં ૫.૨ કરોડ ભારતીય વડીલો જીવલેણ ગરમીના સંપર્કમાં આવ્યા
- ૨૦૫૦ સુધીમાં ૨૪.૬ કરોડ બુઝર્ગો જીવલેણ ગરમીની ઝપટમાં આવશે.
- ૨૦૧૫માં ભીષણ ગરમીમાં મરનારાઓમાં વડીલોની સંખ્યા વધારે
- એશીયા અને આફ્રિકામાં સૌથી વધુ અસરગ્રસ્ત છે.

**અગ્નિકાલ**

| | |
|---|---|
| પશ્ચિમ બંગાળમાં છેલ્લા પંદર વર્ષો દરમ્યાન ૨૦૨૪માં સૌથી વધુ ગરમીના દિવસો | એપ્રિલ ૨૦૨૪માં તાપમાન ૨૦મી સદીની સરેરાશ કરતા વધારે છે |
| ૧૯૦૧ પછી પૂર્વ ભારતમાં સૌથી ગરમીનો મહિનો એપ્રિલ | જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૪ અત્યાર સુધીના સૌથી ગરમ મહિના |


દર એપ્રિલમાં સરેરાશ કરતા ૧.૦૩ ડિગ્રી સેલ્સિયશ વધુ ગરમ




હાલની હીટવેવ અને પુરાણા અને જુના જમાનાની 'લુ'માં ઘણો તફાવત છે. હાલની હિટવેવમાં ગરમી અને ભેજ બંને એક સાથે વધી રહ્યા છે. માથુ ઢાંકવું, સફેદ વસ્ત્રો પહેરવાથી હવે વધારે ફાયદો નથી. નવી ટેકનોલોજી એટલે કે કુલીંગ સોલ્યુશનની જરૂર છે.

# રાજસ્થાન રોયલ્સે એલિમિનેટર જીત્યું, હવે ક્વોલિફાયર -૨ માં હૈદરાબાદનો સામનો કરશે

## ૧૭ વર્ષથી ખિતાબની રાહ જોઈ રહેલી બેંગલુરુ બહાર, અશ્વિન પ્લેયર ઓફ ધ મેચ : વિરાટે આઈપીએલમાં ૮૦૦૦ રન પૂરા કર્યા





અમદાવાદ,તા.૨૩ IPL એલિમિનેટરમાં રાજસ્થાન રોયલ્સ (RR) એ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ને ૪ વિકેટથી હરાવીને ક્વોલિફાયર-૨માં જગ્યા બનાવી લીધી છે. રાજસ્થાન હવે ક્વોલિફાયર-૨માં ૨૪ મેના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે, મેચ ચેન્નાઈમાં રમાશે.

બુધવારે અમદાવાદમાં રાજસ્થાને ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. બેંગલુરુએ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૭૨ રન બનાવ્યા હતા. રાજસ્થાને ૧૯ ઓવરમાં ૬ વિકેટે ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. રોવમેન પોવેલે સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી હતી. આર. અશ્વિન પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ૧૯ રનમાં ૨ વિકેટ લીધી હતી.

### ખેલાડીઓનું પ્રદર્શનઃ જયસ્વાલ-પરાગની મહત્વની ઈનિંગ્સ

આરસીબી તરફથી અવેશે ૩ વિકેટ, રજત પાટીદારે ૩૪ રન અને વિરાટ કોહલીએ ૩૩ રન બનાવ્યા. આ ઈનિંગ સાથે કોહલીએ આ લીગમાં ૮ હજાર રન પણ પૂરા કર્યા. તે લીગનો ટોપ સ્કોરર છે. અવેશ ખાને ૩ વિકેટ લીધી હતી. રવિચંદ્રન અશ્વિનને ૨ સફળતા મળી.

RR તરફથી યશસ્વી જયસ્વાલે સૌથી વધુ ૪૫ રન બનાવ્યા હતા. રેયાન પરાગ ૩૬ રન બનાવીને આઉટ થયો હતો અને શિમરોન હેટમાયર ૨૬ રન બનાવીને આઉટ થયો હતો. મોહમ્મદ સિરાજે ૨ વિકેટ લીધી હતી. કેમરન ગ્રીન, કર્ણ શર્મા અને લોકી ફર્ગ્યુસનને એક-એક વિકેટ મળી હતી.

### ટર્નિંગ પોઈન્ટઃ આર અશ્વિનની ઓવર

બેંગલુરુની ઈનિંગની ૧૩મી ઓવર મેચનો ટર્નિંગ પોઈન્ટ હતી. તેણે સતત બે બોલ પર બે વિકેટ ઝડપી હતી. અહીં અશ્વિને કેમરોન ગ્રીન અને ગ્લેન મેક્સવેલને પેવેલિયન મોકલ્યા હતા. મેક્સવેલ ખાતું પણ ખોલાવી શક્યો ન હતો.

### બેંગલુરુની હારના કારણો

ઇન-ફોર્મ બેટ્સમેન મોટી ઇનિંગ રમી શક્યા નહોતા : RCB ની ઈનિંગમાં ટીમ તરફથી એક પણ ફિફ્ટી આવી ન હતી કે કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ ૧૭ રન, વિરાટ કોહલી ૩૩ અને રજત પાટીદાર ૩૪ રન બનાવીને આઉટ થયા હતા. ધીમી બેટિંગ, સ્કોર ૧૮૦ સુધી પણ ન પહોંચ્યો. બેંગલુરુના બેટ્સમેનોએ ધીમી બેટિંગ કરી. ટોચના-૩ બેટ્સમેનોએ ૧૪૦થી ઓછા સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી હતી. ટીમે ૧૪મી ઓવરમાં ૧૦૦ રનનો આંકડો હાંસલ કર્યો હતો. જેના કારણે બેંગલુરુની ટીમ પ્રથમ દાવમાં માત્ર ૧૭૨ રન જ બનાવી શકી હતી.

પાવરપ્લેમાં બે કેચ છોડ્યા, ૧૭૨ રનના સરેરાશ સ્કોરનો બચાવ કરતી બેંગલુરુની ફિલ્ડિંગ પણ પ્રથમ ૫ ઓવરમાં કોઈ વિકેટ ન હતી. ટીમે પાવરપ્લેમાં રાજસ્થાનના બંને ઓપનરોના કેચ છોડ્યા હતા. આવી સ્થિતિમાં પાવર પ્લેમાં દબાણ સર્જાઈ શક્યું ન હતું અને યશસ્વી-કેડમોરે ૪૬ રનની ભાગીદારી કરી હતી.

કાર્તિકે એક સમયે ૧૧૨ રનમાં ૪ વિકેટ ગુમાવી દીધી હતી અને ૧૪ ઓવર પછી સ્કોર ૧૧૫/૪ હતો, પરંતુ બીજી જ ઓવરમાં દિનેશ કાર્તિકે રિયાન પરાગને રનઆઉટ કરવાની તક ગુમાવી દીધી હતી. આનો ફાયદો ઉઠાવતા પરાગે હેટમાયર સાથે ૨૫ બોલમાં ૪૫ રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. આ ભાગીદારીએ રનનો પીછો સરળ બનાવ્યો હતો.

# લોકસભા લડતા ઉમેદવારોમાં માત્ર ૧૦ ટકા મહિલા

## ૮૩૩૭ માં ૭૯૭ સ્ત્રીઓ ચૂંટણી જંગમાં છેઃ ટીકીટમાં મહિલા અનામત બિલના અમલમાં કેમ વિલંબ થાય છે?



નવી દિલ્હી તા.૨૩ લોકસભાની ચૂંટણીના પાંચ તબકકા પૂરા થઈ ચૂકયા છે અને દસ દિવસમાં તમામ ઉમેદવારોનાં ભાવિ મતપેટીમાં સીલ થશે.જોકે એક રસપ્રદ વિશ્લેષણ અનુસાર હાલની લોકસભા ચૂંટણીમાં મહિલા ઉમેદવારોની સંખ્યા ૧૦ ટકાથી પણ ઓછી હોવાનુ એસોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ્સ (એડીઆર)એ જણાવ્યું છે.

લોકસભા ચૂંટણીના સાત તબકકામાં કુલ ૮,૩૩૭ ઉમેદવારોમાં માત્ર ૭૯૭ મહિલા છે. જે કુલ ઉમેદવારોના માત્ર ૯.૫ ટકા છે. લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખવાનું મહિલા અનામત બિલ મંજુર થયા પછીની આ પહેલી ચૂંટણી છે જોકે હજુ બિલ અમલી બન્યુ નથી.પ્રથમ તબકકાની ચૂંટણીમાં મહિલા ઉમેદવારોની સંખ્યા ૧,૬૧૮ હતી. જેમાં માત્ર ૧૩૫ મહિલા હતી. ત્યારે પછીના તબકકામાં પણ આવી પેટર્ન ચાલુ રહી છે.

બીજા તબકકામાં ચૂંટણી લડનારા કુલ ૧, ૧૯૨ ઉમેદવારોમાંથી ૧૦૦ મહિલા હતી. ત્રીજા તબકકામાં ૨૪૪ માંથી ૧૨૩, ચોથા તબકકામાં કુલ ૧૭૧૭ ઉમેદવારોમાંથી ૧૭૦, પાંચમા તબકકામાં ૬૯૫ માંથી ૮૨ મહિલા ઉમેદવાર હતા.

આગામી સમયમાં યોજાનારી છઠ્ઠા તબકકાની ચૂંટણીમાં કુલ ૮૬૯ ઉમેદવારમાંથી ૯૨ મહિલા અને સાતમા તબકકામાં કુલ ૯૦૪ ઉમેદવારોમાંથી મહિલાઓની સંખ્યા ૯૫ અને એકટિવિસ્ટસ ટીકા કરી રહ્યા છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે રાજકીય પક્ષો મહિલાઓને ટીકીટ આપવા માટે મહિલા અનામત બીલનાં અમલની રાહ કેમ જોઈ રહ્યા છે.

### ટીડીપીનાં ચંદ્રશેખર રૂા.૫,૭૦૫ કરોડની મિલકત સાથે મોખરે

આંધ્રપ્રદેશની ગુંતુર લોકસભા બેઠકનાં ટીડીપીનાં ઉમેદવાર ચંદ્રશેખર પેમ્માસા રૂા.૫,૭૦૫ કરોડ સાથે ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીનાં તમામ ૮,૩૬૦ ઉમેદવારોમાં સૌથી વધુ એસેટસ ધરાવે છે.



એડીઆરે ઉમેદવારોની એફિડેવીટનાં આધારે મીલકતનો ડેટા જાહેર કર્યો છે. જેમાં તેલંગાણાની ચેવેલ્લા બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના કોંડા વિશ્વેશ્વર રેડ્ડીએ રૂા.૪,૫૬૮ કરોડની એસેટસ જાહેર કરી છે. જયારે ભાજપના દક્ષિણ ગોતાના ઉમેદવાર પલ્લવી શ્રીનિવાસ ડેમ્પોની મિલકત રૂા.૧,૩૬૧ કરોડ છે.હરીયાણાની કુરૂક્ષેત્ર બેઠક પર ભાજપનાં ઉમેદવાર અને ઉદ્યોગપતિ નવીન જિંદલે રૂા.૧,૨૪૧ કરોડની સંપતી જાહેર કરી છે. જયારે કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા કમલનાથના પુત્ર અને મધ્યપ્રદેશની છિંદવાડા બેઠકના ઉમેદવાર નકુલનાથની સંપતિ રૂા.૭૧૮ કરોડ છે.

### લોકસભા ચૂંટણીમાં ૮,૩૬૦ ઉમેદવાર, ૧૯૯૬ પછી સૌથી વધુ

લોકસભા ચૂંટણીમાં કુલ ૮,૩૬૦ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જે ૧૯૯૬ પછી સૌથી વધુ છે.સતાવાર ડેટાના વિશ્લેષણ અનુસાર ૨૦૧૯ ની લોકસભા ચૂંટણીમાં લોકસભાની ૫૪૩ બેઠક માટે ઉમેદવારોની સંખ્યા ૮.૦૩૯ અને ૧૯૯૬ માં રેકોર્ડ ૧૩,૯૫૨ હતી. આ વખતે ૧૩ મેના રોજ યોજાયેલી ચોથા તબકકાની ચૂંટણીમાં ૧૦ રાજય અને કેન્દ્ર શાસીત પ્રદેશોની ૯૬ બેઠક પર સૌથી વધુ ૧૭૧૭ ઉમેદવારો મેદાનમાં હતા.

પ્રથમ તબકકામાં ૨૧ રાજય અને કેન્દ્ર શાસીત પ્રદેશની ૧૦૨ બેઠકો પર ચૂંટણી લડનારા ઉમેદવારોની સંખ્યા ૧૬૨૫ હતી. બીજા તબકકામાં ૧૩ રાજયોની ૮૯ બેઠક પર ૧, ૧૯૮ અને ત્રીજા તબકકામાં ૧૨ રાજય અને કેન્દ્ર શાસીત પ્રદેશની ૯૪ બેઠક પર ૧,૩૫૨ ઉમેદવાર સ્પર્ધામાં હતા. પાંચમા તબકકામાં ૬૯૫ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થયુ હતું.

# હાર્દિક પંડયાના અંગત જીવનમાં પણ મુશ્કેલી? પત્ની સાથે છુટાછેડાની ચર્ચા

## નતાશાએ સોશ્યલ મીડિયા પોસ્ટમાંથી હાર્દિકનું નામ હટાવ્યુંઃ આઈપીએલ મેચમાં પણ જોવા ન મળી

મુંબઈ તા.૨૩ આઈપીએલમાં હાર્દિક પંડ્યાની કેપ્ટન્સીમાં મુંબઈ ઈન્ડિયન્સનું શરમજનક પ્રદર્શન રહ્યું હતું. ટીમે ૧૪ મેચ રમી અને માત્ર ૪ માં જ જીત મેળવી હતી. ટીમ પોઈન્ટ ટેબલમાં ૮ પોઈન્ટ સાથે છેલ્લા સ્થાને છે. હવે ફિલ્ડ બાદ કેપ્ટન હાર્દિક પંડ્યાના અંગત જીવનમાં પણ મુશ્કેલીઓ વધી રહી છે. તેમના લગ્ન જીવનને લઈ હાલ Reddit દ્વારા એક પોસ્ટ કરવામાં આવેલી છે જેના આધારે હાર્દિક પંડ્યા અને તેની પત્ની નતાશા સ્ટેનકોવિકના



છૂટાછેડાનો દાવો કરવામાં આવ્યો છે જેને લઈ એક ચર્ચાએ જોર પકડયું છે.

પોસ્ટ અનુસાર, આ માત્ર અટકળો છે, પરંતુ બંનેએ એકબીજા સાથે કોઈ સ્ટોરી પોસ્ટ કરી રહ્યા નથી. પહેલા નતાશા તેના ઇન્સ્ટાગ્રામ પર નતાશા સ્ટેનકોવિક પંડ્યા રાખ્યું હતું, પરંતુ હવે તેઓએ હાર્દિકનું નામ સંપૂર્ણપણે હટાવી દીધું છે. તમને જણાવી દઈએ કે નતાશા સ્ટેનકોવિક અને હાર્દિક પંડ્યા ૩૧ મે ૨૦૨૦ના રોજ લગ્નના બંધનમાં બંધાયા હતા. આઈપીએલ દરમિયાન પણ નતાશા હાર્દિકને સપોર્ટ કરવા મેદાનમાં જોવા મળી નથી. ઉપરાંત ઇન્સ્ટાગ્રામ પર હવે નતાશા હાર્દિકની પોસ્ટ પણ લાઇક કરી રહી નથી.

### કયા ભારતીય ક્રિકેટર્સ જેમના છૂટાછેડા થયા છે?

વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકના તેની બાળપણની મિત્ર નિકિતા વણઝારા સાથે અફેર હતા. લગ્નના થોડા વર્ષો પછી નિકિતા અને ક્રિકેટર મુરલી વિજય એકબીજાના પ્રેમમાં પડ્યા. આ પછી ૨૦૧૨માં કાર્તિક અને નિકિતા છૂટાછેડા લઈને અલગ થઈ ગયા. બાદમાં વિકેટકીપર બેટ્સમેને સ્કવોશ ખેલાડી દીપિકા પલ્લીકલને પોતાના જીવનસાથી તરીકે પસંદ કરી. પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથે ૧૯૯૯માં જ્યોત્સના સાથે લગ્ન કર્યા હતા. બાદમાં બંને પરસ્પર સંમતિથી અલગ થઈ ગયા હતા. આવી સ્થિતિમાં શ્રીનાથે પત્રકાર માધવી પતરાવલી સાથે લગ્ન કર્યા.

પૂર્વ ભારતીય ઓપનર વિનોદ કાંબલીએ ૧૯૯૮માં હોટેલ રિસેપ્શનિસ્ટ નોએલા લુઈસ સાથે લગ્ન કર્યા હતા. જો કે, આ લગ્ન લાંબો સમય ટકી શક્યા નહીં અને ટૂંક સમયમાં જ બંને અલગ થઈ ગયા. આ પછી કાંબલીએ ફેશન મોડલ એન્ડ્રીયા હેવિટ સાથે ૭ ટ્રીપ કરી. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીને અભિનેત્રી સંગીતા બિજલાનીને પોતાની લાઈફ પાર્ટનર બનાવી હતી. આ માટે તેણે પોતાની પહેલી પત્ની નૌરીનથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. બાદમાં અઝહર અને સંગીતા પણ અલગ થઈ ગયા.

### સુરતના બનાવટી નોટ પ્રકરણમાં ખુલાસો

# સૂત્રધાર અગાઉ પણ બોગસ નોટ છાપતા પકડાયો હતોઃ હવે ગોરખધંધો છુપાવવા 'ન્યુઝચેનલ' શરૂ કરી

## ૯.૩૬ લાખની નકલી નોટો જપ્તઃ અત્યાર સુધીમાં કેટલી નોટો વટાવી? તપાસ




સુરતઃ સુરતના લિંબાયત વિસ્તારમાં સાપ્તાહિક અખબાર અને ન્યુઝ ચેનલની આડમાં નકલી ચલણી નોટ છાપવાનું કારખાનું ઝડપાયું હતું. આ વેપલો કરનારા ત્રણ આરોપીઓને ૯.૩૬ લાખની બનાવટી નોટ સાથે સુરત પોલીસની એસઓજી બ્રાન્ચે ઝડપી પાડયા હતા. મુખ્ય આરોપી ૯ વર્ષ પહેલાં પણ ઝારખંડ ખાતે નકલી ચલણી નોટોના આરોપસર ઝડપાઈ ચૂકયો હતો અને બે વર્ષ સુધી જેલની હવા ખાધા બાદ જામીન પર મુક્ત થયો હતો.

સુરત શહેરમાં નકલી નોટનો વેપલો ચાલતો હોવાની ગંધ આવતા લિંબાયતમાં રહેતા અને લોકલ ન્યુઝ ચેનલ અને સાપ્તાહિક અખબાર ચલાવતો એક શખ્સ તેના મળતીયાઓ મારફતે બનાવટી ચલણી નોટો છાપીને આસપાસના વિસ્તારોમાં આ નોટો વટાવી રહ્યો છે. આ બાતમીને પગલે આરોપીઓને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. લિંબાયતના જ મારૂતીનગર ખાતે આવેલા સરદારનગરમાં પહેલા માળ પર આવેલી ઓફિસમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જયાંથી (૧) ફિરોઝ સુપડુ શાહ (ઉ.વ.૪૬)ને ઝડપી પાડયા હતા. તેમની ન્યુઝ ચેનલની ઓફીસમાંથી બનાવટી ભારતીય ચલણી નોટો છાપવાનું મીની કારખાનુ મળી આવ્યું હતું. દરોડાની કાર્યવાહી દરમિયાન ૯,૩૬,૧૦૦ની બનાવટી ચલણી નોટો ઉપરાંત નોટ છાપવા માટે ઉપયોગમાં લીધેલા પેપર નંગ-૩૧૧૦, એક કલર પ્રિંટર, કટર મશીન નંગ-૨, લીલા રંગની શાહી વાળી બોલપેન અને ઈન્ક બોટલ, ન્યુઝ ચેનલનું પ્રેસ આઈકાર્ડ, ચેનલમાં ઈન્ટરવ્યુના માઈક નંગ-૪ સહીતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓ પૈકી મુખ્ય આરોપી ફિરોઝ સુપડુ શાહની પુછપરછ કરતાં તે અગાઉ સને ૨૦૧૫માં ઝારખંડ મુકામે ધનબાદ ખાતે બનાવટી ચલણી નોટો લેવા માટે ગયો હતો. ત્યાં પોલીસે તને ૩૫૦૦૦ની બનાવટી ચલણી નોટો સાથે પકડી પાડયો હતો. આ કેસમાં ફિરોજ બે વર્ષ જેલમાં રહ્યો હતો અને પછી હાઈકોર્ટમાંથી જામીન મેળવી બહાર આવી ગયો હતો. ત્યારબાદ બે વર્ષ પહેલા વ્યાજ વટાવ અંગેનું લાયસન્સ પણ લીધું હતું પણ તેમાં રૂપિયા ડુબી ગયા હતા. એટલે પછી પોતાની ન્યુઝ ચેનલ છ મહિના પહેલા શરૂ કરી હતી. પોલીસ હાલમાં આ ત્રણેય આરોપીઓની સખત પુછપરછ હાથ ધરી છે. વધુ ખુલાસા થાય તેવી શકયતાઓ પોલીસ જોઈ રહી છે.

### મંદિરના ૨૦૧૨ થી ૨૦૨૪ નાણાકીય વ્યવહારોની તપાસ કરી તેને જાહેરમાં મુકોઃ અરજદાર

# મહુડીનાં શ્રી ઘંટાકર્ણ મંદિરમાં ૧૩૦ કિલો સોના તથા ૧૪ કરોડની ગેરરિતીના મામલે પીઆઈએલ દાખલ

## જૈનોની આસ્થાના પવિત્ર તીર્થસ્થળ કમીટીનાં સભ્યો ભૂપેન્દ્રભાઈ વોરા અને કમલેશ મહેતા પર નાણાંકીય ગોટાળાના અરજદારનાં આક્ષેપથી ખળભળાટ

અમદાવાદ તા.૨૩ જૈનોની આસ્થાના તીર્થસ્થળ મહુડીના શ્રી ઘંટાકર્ણ મહાવીર મંદિરમાં કમીટીનાં સભ્યો દ્વારા ૧૩૦ કિલો સોના અને રૂા.૧૪ કરોડની નાણાંકીય ગેરરીતીનાં આક્ષેપ સાથે હાઈકોર્ટ સમક્ષ જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે.કમીટીનાં સભ્યો ભૂપેન્દ્રભાઈ વોરા અને કમલેશભાઈ મહેતા ઉપર અરજદાર દ્વારા નાણાકીય ગોટાળાના આક્ષેપોનાં પગલે ખળભળાટ મચ્યો છે.અરજદારે એવી માંગ કરી છે કે મંદિરનાં વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૪ નાણાંકીય વ્યવહારોની તપાસ માટે રાજય સરકાર અથવા તો ચેરીટી કમિશ્નર એક કમીટીની નિમણુંક કરે અને કમીટીના અંતિમ અહેવાલને જાહેરમાં મુકવામાં આવે, જેથી કરીને વિશ્વ પ્રસિદ્ધ મંદિરનાં નાણાંકીય વ્યવહારો અંગેની પારદર્શીતા સામે આવી શકે.

આ જાહેર હિતની અરજીની સુનાવણી વેકેશન બાદ ચીફ જસ્ટીસની ખંડપીઠ સમક્ષ થાય તેવી શકયતા છે.



પ્રસ્તુત કેસમાં અરજદાર જયેશભાઈ બાબુલાલ મહેતાએ એડવોકેટ ધર્મેશ ગુર્જર મારફત પીઆઈએલ દાખલ કરી છે. જેમાં એવી રજુઆત કરી છે કે અરજદાર પોતે જૈન છે અને તે પોતાની ફરજ સમજે છે કે મહુડીનાં સુપ્રસિધ્ધ તીર્થસ્થળ ઘંટાકર્ણ મહાવીર મંદિરનાં બે મેનેજમેન્ટ કમીટીનાં સભ્યો દ્વારા ૧૩૦ કિલો સોનુ અને રૂા.૧૪ કરોડ રોકડની નાણાંકીય ગેરરીતી આચરી છે. વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૨૪ સુધીમાં આ તથાકથીત કમીટી સભ્યો દ્વારા ગેરકાયદેસર અને ગેરબંધારણીય રીતે મહુડીના પવિત્ર મંદિરનાં દૈનિક કામકાજો પોતાની મરજી અને માંગ મુજબ ચલાવ્યુ છે અને એ રીતે તેમણે નાણાંકીય લાભ લેવા માટે જાહેર નાણાને ભારે નુકશાન પહોંચાડયુ છે.

રિટમાં વધુમાં એવી રજુઆત કરવામાં આવી છે કે આ ગેરરીતી મામલે ચેરીટી કમિશ્નર સમક્ષ ફરીયાદ પણ કરવામાં આવી હતી જેની ત્રણ અરજીઓ આજે પણ ચેરીટી કમિશ્નર સમક્ષ પડતર છે.પરંતુ કોઈ અસરકારક સુનાવણી હાથ ધરવામાં આવતી નથી. મંદિરની વર્તમાન મેનેજમેન્ટ કમીટી વિરૂદ્ધ વિવિધ પ્રકારના ગંભીર આક્ષેપ છે.ત્યારે અરજદારની નામદાર હાઈકોર્ટને વિનંતી છે કે આ તમામ આક્ષેપોની પારદર્શી તપાસ માટે રાજય સરકાર અથવા તો ચેરીટી કમીશ્નર દ્વારા એક કમીટીનું ગઠન કરવામાં આવે. જે કમીટી દ્વારા વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૨૪ સુધીના મંદિરના વિવિધ વ્યવહારો ઓડીટ અને એકાઉન્ટ રિપોર્ટની તપાસ કરીને એક ફાઈનલ રીપોર્ટ તૈયાર કરવામાં આવે. જે રિપોર્ટ જાતિહીતને લક્ષ્યમાં રાખીને પબ્લિક જાહેર હીતને લક્ષ્યમાં રાખીને પબ્લિક ડોમેઈનમાં મુકવો જોઈએ. જેથી કરીને મહુડી જેવા વિશ્વ પ્રસિધ્ધ મંદિરને મળતા દાન અંગેની પારદર્શીતા પણ વધે.

# RBIની સરકાર પર ધનવર્ષા, રેકોર્ડ રૂા.૨.૧૧ લાખ કરોડનું ડિવિડન્ડ ચુકવશે



મુંબઈ તા.૨૩ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ૩૧ માર્ચે પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે સરકારને વિક્રમજનક રૂા.૨.૧૧ લાખ કરોડનું તગડું ડિવિડન્ડ ચૂકવશે. આ રકમ બજેટના સરકારના અંદાજ કરતા બમણા કરતા વધુ છે. અને તેનાથી ચૂંટણી પછી કાર્યભાર સંભાળનારી નવી સરકારની રાજકોષિય ખાધને અંકુશમાં રાખીને ઈન્ફ્રાસ્ટ્રકચર પર મોટો ખર્ચ કરવામાં મદદ મળશે.

મધ્યસ્થ બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આરબીઆઈ બોર્ડે બુધવારે તેની ૬૦૮મી બેઠકમાં રૂા.૨,૧૦,૮૭૪ની સરપ્લસ ટ્રાન્સફર કરવાની દરખાસ્તને મંજૂરી આપી હતી. સરકારે આ વર્ષે ફેબ્રુઆરીમાં રજૂ કરેલા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫) માટેના વચગાળાના બજેટમાં આરબીઆઈ, સરકારી બેંકો અને નાણા સંસ્થાઓ પાસેથી ડિવિડન્ડ તરીકે ૧.૦૨ લાખ કરોડની આવેકનો અંદાજ મૂકયો હતો.

૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષ માટે આરબીઆઈ કેન્દ્રને રૂા.૮૭,૪૧૬ કરોડનું ડિવિડન્ડ આપ્યું હતું. અગાઉ ૨૦૧૮-૧૯માં રૂા.૧.૭૬ લાખ કરોડનું ડિવિડન્ડ ચુકવ્યું હતું, જે અગાઉનું સૌથી વધુ હતું.

બોર્ડે ૨૦૨૩-૨૪ દરમિયાન રિઝર્વ બેંકના કામકાજની ચર્ચા વિચારણા કરી હતી અને છેલ્લા નાણાકીય વર્ષ માટે તેના વાર્ષિક અહેવાલ અને ફાઈનાન્શિયલ સ્ટેટમેન્ટને મંજૂરી આપી હતી.

આરબીઆઈએ જણાવ્યું હતું કે હિસાબી વર્ષ ૨૦૧૮-૧૯થી ૨૦૨૧-૨૨ દરમિયાન મેક્રો ઈકોનોમિક સ્થિતિઓ અને કોવિડ-૧૯ના પ્રહારને કારણે બોર્ડે કન્ટિન્જેન્ટ રિસ્ક બફર (સીઆરબી)ને રિઝર્વ બેંકની બેલેન્સશીટના કુલ કદના ૫.૫૦ ટકાના સ્તરે જાળવી રાખવાનો નિર્ણય કર્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આર્થિક વૃધ્ધિમાં રિકવરી સાથે સીઆરબી વધારી ૬.૦૦ ટકા કરાયો હતો. અર્થતંત્રમાં મજબૂતાઈને કારણે બોર્ડે ૨૦૨૩-૨૪ માટે સીઆરબી વધારી ૬.૫૦ ટકા કરવાનો નિર્ણય કર્યો હતો. ઓગષ્ટ ૨૦૧૯ના ઈકોનોમિક કેપિટલ ફ્રેમવર્ક (ઈસીએફ)ને આધારે સરપ્લસની રકમ નકકી કરાઈ છે.

### આદર્શ કો-ઓપ-બેંકનાં મુકેશ મોદીનાં ૬૫ કિલો સોનાની ઉચાપતનો પણ આક્ષેપ

અરજદારે રીટમાં એવો આક્ષેપ પણ કર્યો છે કે આદર્શ કો-ઓપ-બેંકના મુકેશન મોદીના રૂપિયાથી ૬૫ કિલો સોનુ મંદિરના કમીટી સભ્યોએ ખરીદયુ હતું. અને એ પણ પોતાની પાસે જ રાખ્યુ છે. તે સિવાયનું મંદિરનું ૬૫ કિલો સોનુ ઓગળાવવા માટે આપવાના નામે લઈને પરત કર્યુ નથી. આમ ૧૩૦ કિલો સોનાની ઉચાપત કરી છે.ઉલ્લેખનીય છે કે ૭૫ હજાર તોલાનો આજનો સોનાનો ભાવ ગણવામાં આવે તો ૧૩૦ કિલો સોનું ૯૭ કરોડથી વધુનુ થાય.

# ગુજરાતમાંથી વધુ એક પાકિસ્તાની જાસુસ ઝડપાયો

## ગુજરાત એટીએસને મળેલી ચૌકકસ બાતમી આધારે પોરબંદર માંથી જાસુસને પકડયોઃ ગુજરાતની માહિતી પાકિસ્તાનની જાસુસી સંસ્થાને મોકલતો હતો

અમદાવાદ,તા.૨૩

ગુજરાત એટીએસ દ્વારા થોડા દિવસો પહેલા મહેસાણા માંથી પાકિસ્તાનની જાસુસની ધરપકડ કર્યા બાદ વધુ એક પોરબંદરમાંથી પાકિસ્તાન જાસુસની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. ગુજરાત એટીએસને મળેલી ચૌકકસ બાતમી આધારે પોરબંદરમાં વોચ ગોઠવી એક જાસુસની ધરપકડ કરી હતી.આ જાસુસ ગુજરાતની માહિતી સોશ્યલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાનની આઈએએસ જાસુસી સંસ્થાને મોકલતો હોવાની વિગતો ખુલી હતી.આ જાસુસ ભારત અને ગુજરાતની મહત્વની માહિતી પાકિસ્તાન મોકલતો હોવાના પુરાવા મળતા તેની ધરપકડ કરવામાં આવી હતી. અને વધુ પુછપરછ માટે અમદાવાદ લઈ જવાયો છે.થોડા દિવસો પહેલા મહેસાણા બાદ પોરબંદરથી વધુ એક પાકિસ્તાની જાસુસ ઝડપાતા એટીએસ ચોંકી ઉઠી છે.






# સોના ચાંદીમાં વર્ષનો સોથી મોટો ઘટાડો

રાજકોટ,તા.૨૩



સોના ચાંદીના ભાવમાં મોટું ગાબડું પડયું છે એકાએક મોટો ઘટાડો જોવા મળ્યો છે.વૈશ્વિક બજારમાં મોટી હલચલ થઈ છે જેને પરિણામે સોનામાં ૧૭૦૦ અને ચાંદીમાં ૩૭૦૦નો કડાકો નોંધાયો છે.આ વર્ષમાં ભારતની સોનાની આયાત પાછળા વર્ષ કરતા અંદાજે પાંચમાં ભાગની ઘટી છે. જેને પરિણામે પણ ભાવ ઘટયા છે.છેલ્લા કેટલાક સમયથી સોનાચાંદીના ભાવમાં સતત વધારાએ રેકોર્ડ સર્જીયો હતો.પહેલા ભાવે રેકોર્ડ બ્રેક સ્તરે ભાવ પહોચ્યા હતા.ભાવ વધતા ટ્રેન્ડ બદલાયો હતો.છુટક ખરીદદારો જુના દાગીનાને નવા માટે એકસચેન્જ કરવાનું પસંદ કરી રહ્યા છે. બીજી તરફ લોકો જુનુ સોનું વહેચી જવાની ખરીદી કરી રહ્યા છે.સતત ભાવ વધત સોનું ૭૭ હજાર અને ચાંદી ૯૬ હજારને આંબી ગયું હતું. પરંતુ હવે આજે સોનામાં ૧૭૦૦ અને ચાંદીમાં ૩૭૦૦નું ગાબડું પડતા સોનાનો ભાવ ૭૪૯૦૦ અને ચાંદીનો ૯૨૩૦૦ એ પહોચ્યો હતો. સોનામાં ૨૦૨૪૦ અત્યાર સુધી ૧૭ ટકા વધ્યા હતાં.

## ઉહાપોહ રોકવા નવો પ્રયોગ કે ઉંધા ચશ્મા પહેરાવવાનો પ્રયાસ?

# સ્માર્ટ મીટરની બબાલ

# હવે ગ્રાહકને દૈનિક વિજવપરાશની 'રકમ' જોવા નહીં મળે, મહિને બીલ આવશે- અધવચ્ચે જોડાણ નહીં કપાય

## મોટા શહેરોમાં ભારે હોબાળાથી 'બેકફુટ' પર આવેલી સરકારે વધુ કેટલીક છુટછાટ જાહેર કરીઃ દૈનિક રકમ નિહાળીને ગ્રાહકને 'વધુ વપરાશ'ની ગેરસમજ થતી હોવાનો દાવો

રાજકોટ તા.૨૩

સ્માર્ટ-પ્રિપેઈડ વિજમીટરમાં મોટી રકમની કપાત થઈ જતી હોવાના દાવા સાથે રાજયના અનેક શહેરોમાં હોબાળો સર્જાતા સરકાર બેકફૂટ પર આવી જ ગઈ છે અને કેટલીક છુટછાટો જાહેર કરવામાં આવી છે. ગ્રાહકોના દાવાઓ-વિરોધ ગેરસમજને કારણે હોવાનો નિર્દેશ કરતા ગુજરાત ઉર્જા વિકાસ નિગમે આ પ્રકારની સ્થિતિ રોકવા વર્તમાન ધોરણે ડીસકનેકશન જેવી કાર્યવાહી કરવાનો નિર્ણય જાહેર કર્યો છે.

ઉર્જા વિકાસ નિગમના એક સીનીયર અધિકારીએ કહ્યું કે અત્યારે લોકો દૈનિક વિજવપરાશની રકમ નિહાળીને ઉહાપોહ કરવા લાગે છે. વાસ્તવમાં મહિના કે બે મહિનાનું બીલ અગાઉ જેટલું જ થાય છે. આ સ્થિતિ રોકવા માટે હવે દૈનિક યુનિટ વપરાશ દર્શાવવામાં આવશે પરંતુ તેની રકમ દર્શાવવામાં નહીં આવે તેના બદલે મહીને જ બીલની રકમ મોબાઈલમાં અપાશે. મહિના દરમ્યાન પ્રિપેઈડના નાણાં ખત્મ થઈ જાય તો પણ જોડાણ કાપવામાં નહીં આવે અને વર્તમાન ધોરણે બીલ ભરવા ૮-૧૦ દિવસનો સમય આપવામાં આવે છે તે જ રીતે સમય અપાશે. આ સમયમાં પણ ગ્રાહક રીચાર્જ ન કરાવે કે બીલ ન ચુકવે તો જ જોડાણ કાપવામાં આવશે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

### સ્માર્ટ મીટર માટે ઉર્જામંત્રીની બેઠક

પ્રિપેઈડ સ્માર્ટમીટરનો વિવાદ ગુજરાતભરમાં ફેલાતો રહ્યો છે અને તે રોકવા માટે એક પછી એક છુટછાટો આપતા નિર્ણયો લઈ રહી છે ત્યારે રાજય સરકારે આજે મહત્વની ઉચ્ચસ્તરીય બેઠક યોજી છે તેમાં કોઈ નવા નિર્ણયો થાય છે કે કેમ તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

સૂત્રોએ કહ્યું કે ઉર્જામંત્રી કનુ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં મુખ્ય સચિવ રાજકુમાર, ઉર્જા અગ્ર સચીવ મમતા વર્મા, નાણા અગ્રસચિવ જે.પી.ગુપ્તા, ઉર્જાવિકાસના મેનેજીંગ ડાયરેકટર જયપ્રકાશ શિવહરે વગેરે ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા છે. સ્માર્ટમીટરને કારણે સર્જાયેલા ઉહાપોહની સમીક્ષા કરીને જરૂરી સુધારા વિશે નિર્ણયો થવાની સંભાવના છે.

# રીઅલ એસ્ટેટમાં જયાં વિકાસની તક વધુ ત્યાં જંત્રી દર ઉંચા-અન્યત્ર દર નીચા : મોટા ફેરફારોની તૈયારીઓ શરૂ

## બિલ્ડર્સના વિરોધ વચ્ચે પણ ઓગષ્ટમાં નવા દર લાગુ થઈ જવા સંકેત : ગ્રામીણ વિસ્તારમાં ભાવો નીચા આવવાની શકયતા

ગાંધીનગર, તા. ૨૩

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ રાજયમાં જમીનોના નવા જંત્રી દર લાગુ કરવા સરકાર તૈયારી કરવા લાગી છે. ઓગષ્ટમાં નવા દર લાગુ થાય તેવી શકયતા વચ્ચે મહાનગરોમાં જયાં વિકાસની વધુ તક છે ત્યાં દર વધે અને જયાં વિકાસની તક નથી તે વિસ્તાર ઉપરાંત ગામડામાં જંત્રીના દર ઘટી શકે એવા સંકેત છે.

ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આગામી સમયમાં ગુજરાત સરકાર નવા જંત્રી દરો લાગુ કરવાની છે. લોકસભાની ચૂંટણીની મત ગણતરી બાદ રાજ્યમાં હાલમાં જે જંત્રીના દરો ચાલી રહ્યાં છે તેમાં મોટા પ્રમાણમાં ફેરફાર આવી

(અનુસંધાન છઠ્ઠા પાને)



યુ-ફોમ ગાદલા
સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફોમ એજન્સી
વ્રજ આર્કેડ, ૨-ભકિતનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687

દરેક કારની
ચીપ (સેન્સર)વાળી
ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ
મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી ૧ C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ
સૌથી સરળ
કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

TEACHERS REQUIRED FOR
MASOOM SCHOOL
(English Medium School)
For All Subjects from Std 1st to 10th,
Admin Staff, Software operator,
Assistant Accountant.
(Fluency in English & Computer knowledge is preferable)
Walk-in with CV and passport size photo from Dt 24, May 2024 onwards
between 9:00A.M. to 1:00 P.M. Or E-Mail us at: hrmasoomschool@gmail.com
Jyotinagar Main Rd, Nr. SNK School, Rajkot. Ph.: 2587333, 2574488
ADMISSIONS OPEN
For Playhouse, Nursery, Jr. Kg, Sr. Kg, Std 1st - 10th

પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
પટેલ પાર્ક, શેરી નં. ૧, રામધણ બંગ્લોઝની પાછળ, રાજકોટ
Mo. 95100 99686, 82000 07672
લિટલ હેવન પ્રી સ્કુલ
શિવમ વિદ્યાલય
ગુજરાતી માધ્યમ
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જયાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજયુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
- આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
- આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
- બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
- સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
- બાળકોને રમત-ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
-સમયાંતરે વાલી મીટીંગ.
- દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
- દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
-અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
- શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
- દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.



# સૌરાષ્ટ્ર યુનિ.ના ૫૮માં સ્થાપના દિનની ઉજવણી

## માતા સરસ્વતીજીનું પૂજન કરી પ્રથમ કુલગુરૂ ડોલરરાય માંકડની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરતા કુલપતિ ડો. નિલામ્બરીબેન દવે



રાજકોટ, તા. ૨૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૮માં સ્થાપના દિવસની આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઉજવણી કરવામાં આવી હતી.

યુનિવર્સિટીના ૫૮ મા સ્થાપના દિવસે કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૮ મા સ્થાપના દિવસે કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવે દ્વારા કેમ્પસ સ્થિત માતા સરસ્વતીજીનું પુજન કરી પ્રથમ કુલગુરૂ અને આદ્યસ્થાપક ડો. ડોલરરાય માંકડની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન અને રમત-ગમત ક્ષેત્રમાં અગ્રેસર છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને દેશની ટોચની યુનિવર્સિટીઓમાં સ્થાન અપાવવાનો ધ્યેય રહેલો છે અને એ માટે યુનિવર્સિટી કાર્ય કરી રહી છે.

યુનિવર્સિટીના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે યુનિવર્સિટીના કુલસચિવ ડો. રમેશભાઈ પરમાર, પરીક્ષા નિયામક નિલેષભાઈ સોની, ભવનોના અધ્યક્ષો, અધિકારીઓ, શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નદીમાં ડુબેલા બાળકોને બચાવવા જતા SDRFની બોટ પલ્ટીઃ ૩ જવાનોના મોત

## બે જવાનો હજુ ગુમઃ મોટાપાયે શોધખોળ



મુંબઈ તા.૨૩

મહારાષ્ટ્રના અહેમદનગરમાં પ્રવરા નદીમાં બે બાળકો ડૂબી ગયા હતા. ડૂબી ગયેલા બાળકોને શોધવા માટે એસડીઆરએફના જવાનો પ્રવરા નદીમાં બોટ લઈ ઉતર્યા હતા. આ દરમિયાન જોરદાર વહેણને કારણે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની બોટ પોતે જ પાણીમાં ડૂબી ગઈ અને ત્રણ જવાન મૃત્યુ પામી જતાં હડકંપ મચી ગયો. આ ઘટનામાં બે જવાનો પણ ગુમ છે, જેમની શોધખોળ ચાલી રહી છે. નદીમાં બે બાળકોના ડૂબવાની માહિતી મળ્યા પછી SDRFની ટીમને સ્થળ પર બોલાવવામાં આવી હતી. શોધખોળ અભિયાન દરમિયાન એક બાળકનો મૃતદેહ પણ મળી આવ્યો હતો અને બીજાનો મૃતદેહ મળ્યો ન હતો, ટીમે સવારે ૬ વાગ્યાથી ફરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ સમગ્ર ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ લોકોના મોત થઈ ચૂક્યા છે, જેમાં બે બાળકો અને ત્રણ જવાનનો સમાવેશ થાય છે.

### મોદી અને યોગી ધર્મના આધારે અનામત મુદ્દે કોંગ્રેસને ઘેરે છે ત્યારે....

# યુપીમાં ઓબીસીમાં મુસ્લિમ અનામત મુદ્દે નવું ધમાસણઃ યોગી સરકાર કરશે સમીક્ષા

## સમાજવાદી પાર્ટીની સરકારમાં મુસ્લિમોની ૨૪ જાતિઓને ઓબીસીમાં સમાવાઈ હતી, ભાજપનો દાવો છે કે આ નિયમ વિરુદ્ધ



લખનૌ, તા.૨૩

લોકસભા ચૂંટણી મેદાનમાં વડાપ્રધાન મોદી અને સીએમ યોગી આદિત્યનાથ ધર્મના આધારે અનામતના મામલે કોંગ્રેસને ઘેરતા રહ્યા છે. ત્યારે ઉત્તર પ્રદેશમાં મુસલમાનોને ઓબીસીમાં આવરી લઈને મળતી અનામત પર યોગી સરકારે આ મામલે સમીક્ષા કરવાનો-તપાસ કરવાનો નિર્ણય લીધો છે.

યુપીમાં હવે નવું રાજકીય ધમાસાળ પેદા થયું છે. ઉત્તર પ્રદેશમાં મુસલમાનોને ઓબીસી અંતર્ગત મળતી અનામત પર સમીક્ષા-તપાસ કરવાનો વિચાર શરૂ કરી દીધો છે. ઓબીસી અનામત અંતર્ગત મુસ્લિમોને આપવામાં આવતી અનામતના આધારની તપાસ શરૂ કરાશે. યુપીમાં ૨૪થી વધુ મુસ્લિમ જાતિઓને અનામતનો લાભ મળે છે. મીડિયા રીપોર્ટ આવ્યા બાદ અનામત પર ચર્ચાનું બજાર ગરમાયું છે.

લોકસભા ચૂંટણીના છઠ્ઠા ચરણના વોટીંગ પહેલા મુસ્લિમ અનામત પર મામલે બહાર આવ્યો છે. મુસ્લિમોને સામાજિક અને શૈક્ષણિક સ્થિતિના આધારે અનામત આપવાના મામલે બહાર આવ્યો છે.

સરકાર આ મામલે એ તપાસ કરાવશે કે આખરે મુસ્લિમોને ક્યાં આધારે અનામત આપવામાં આવે છે. જો આર્થિક આધાર પર મુસલમાનોને અનામત આપવામાં આવે છે તો તે હિન્દુ સમાજના સામાન્ય વર્ગના ગરીબ વર્ગનાને મળતી અનામતના આધારે અનામત મળવી જોઈએ. ઓબીસીના દાયરા ન રાખવી જોઈએ.

તપાસમાં એવું બહાર આવ્યું છે કે સમાજવાદી પાર્ટીની સરકાર દરમિયાન મુસલમાનોની ૨૪થી વધુ જાતિઓને ઓબીસીના દાયરામાં નાખવામાં આવી હતી. જો કે તેને ક્યાં આધારે અનામત અપાઈ તેનો ઉલ્લેખ નથી. ભાજપનો દાવો છે કે આ નિયમ વિરુદ્ધ છે.

# યાજ્ઞિક રોડ, રેલનગર, ૧૫૦ ફુટ, કોઠારીયા રોડ પરના ૩૩ વેપારી પાસેથી પ્લાસ્ટીક જપ્ત

## જાહેરમાં ગંદકી કરવા બદલ પણ રૂા. ૯ હજારનો દંડ વસુલ કરાયો



રાજકોટ, તા. ૨૩

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરના ત્રણેય ઝોનમાંથી કુલ ૩૩ આસામીઓ પાસેથી ૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૯૦૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના યાજ્ઞિક રોડ, રેલનગર મેઇન રોડ પર ૯ આસામીઓ પાસેથી ૯૦૦ ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના કાલાવડ મેઇન રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઝુંબેશરૂપે પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૩ આસામીઓ પાસેથી ૧.૫ કિલો માલ જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૯૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો જયારે ઈસ્ટ ઝોનના કોઠારિયા રોડ, પેડક રોડ પર ૧૧ આસામીઓ પાસેથી અર્ધો કિલો પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૩૧૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

કમિશ્નર આનંદ પટેલની સૂચનાથી સોલીડ વેસ્ટ શાખા આ દંડનીય કાર્યવાહી ચલાવી રહી છે.

# માતાએ મકાન ખાલી કરવા દબાણ કરતા સગીર પુત્રનો આપઘાતનો પ્રયાસ

## માંડા ડુંગરમાં રહેતા ૧૬ વર્ષના ક્રિશે ફીનાઈલ પી લેતા સારવારમાં ખસેડાયો

રાજકોટ તા.૨૩

માંડા ડુંગરમાં અલગ રહેતી માતાએ મકાન ખાલી કરવા બાબતે દબાણ કરતા ૧૬ વર્ષના સગીર પુત્રએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ માંડા ડુંગરમાં સદગુરૂ પાર્કની બાજુમાં રહેતો ક્રિશ મહેશભાઈ ગળચર (ઉ.૧૬)એ ગઈ રાત્રીનો પોતાના ઘરે હતો ત્યારે ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે આજી ડેમ પોલીસને જાણ કરી હતી. વધુમાં મળેલ વિગત મુજબ સગીરના પિતાનું ૧૦ માસ પહેલા અવસાન થયેલ હોય જે બાદ તેમની માતાએ અન્ય વ્યકિત સાથે લગ્ન અલગ રહેવા જતી રહેલ હતી. જે બાદ તે ત્રણ ભાઈઓ સાથે રહેતા હતા. જે મકાન ખાલી કરવા માટે તેમની માતા અવારનવાર દબાણ કરતી હોય જેથી કંટાળીને પગલું ભર્યાનું પ્રાથમીક તારણ બહાર આવ્યું હતું.

# રૂડાના સીઈઓ મિયાણી તથા વસાવાની જનરલ ઓબ્ઝર્વર તરીકે નિયુકત કરતું ચૂંટણી પંચ

## મિયાણી રતલામ ખાતે જ્યારે વસાવા ઝારખંડમાં મત ગણતરી કેન્દ્ર પર ફરજ બજાવશે

રાજકોટ, તા.૨૩

ગુજરાત સહિત દેશભરમાં લોકસભાની તમામ બેઠકોની ચૂંટણીની મત ગણતરી આગામી તા.૪ જુનના રોજ ચૂંટણીની પંચની ગાઇડ લાઇન મુજબ હાથ ધરવામાં આવનાર હોય ચૂંટણીપંચ દ્વારા આ મત ગણતરી માટે ખાસ જનરલ ઓબ્ઝર્વરના ઓર્ડરો કાઢવાનું શરૂ કરી દેવામાં આવેલ છે.

જેમાં આ વખતે આઇએએસ અધિકારીની સાથે જીએએસ કેડરના અધિકારીઓની જનરલ ઓબ્જર્વર તરીકેને ઓર્ડરો ચૂંટણી પંચ દ્વારા કાઢવામાં આવી રહ્યા છે. જેમાં રૂડાના સીઈઓ જીવી મિયાણી તથા એડીશનલ ઇસ્પેક્ટર જનરલ રજીસ્ટ્રેશન રાજકોટ ઝોનના બી.જે. વસાવાની પણ જનરલ ઓબ્જર્વર તરીકે ચૂંટણી પંચ દ્વારા નિયુક્તિ કરી દેવામાં આવી છે. જેમાં રૂડાના સીઈઓ મિયાણીને મહારાષ્ટ્રના રતલામ ખાતે મત ગણતરી કેન્દ્ર પર ઓબ્જર્વર તરીકે મુકવામાં આવેલ છે જ્યારે વસાવાને ઝારખંડ ખાતેના મત ગણતરી કેન્દ્ર પર ઓબ્જર્વર તરીકે મુકવામાં આવેલ છે.

# વ્યાજખોરોનો ત્રાસ અને નોકરી ન મળતા યુવાને આપઘાત પ્રયાસ કર્યો

## પોરબંદરના મનિષ નાનથાએ રાજકોટ બસ સ્ટેશન પાસે બીમારીની વધુ પડતી દવા પી લેતા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ



રાજકોટ, તા.૨૩

વ્યાજખોરોનો ત્રાસ અને નોકરી ન મળતા યુવાને આપઘાત પ્રયાસ કર્યો હતો. પોરબંદરના મનિષ નાનથાએ રાજકોટ બસ સ્ટેશન પાસે બીમારીની વધુ પડતો દવા પી લેતા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયો હતો.

આ અંગે મળતી વિગત મુજબ, મનિષ જેન્તી નાનથા(ઉ.વ.૪૨, રહે. પેરેડાઈઝ સિનેમા, ઠકરાર હોસ્પિટલ પાછળ, પોરબંદર) આજે સવારે ૧૧ વાગ્યે રાજકોટ બસ સ્ટેશન પાસે હતો ત્યારે બીમારીની વધુ પડતો દવા પી લીધી હતી. તેણે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેણે જણાવ્યું કે, તે બારીના પડદાની દુકાનમાં કામ કરતો, જુદા જુદા વ્યક્તિ પાસેથી ૮૦ હજાર વ્યાજે લીધા હતા. હવે વ્યાજ ચૂકવવા પૈસા ન હોય, વ્યાજખોરો ઉઘરાણી કરતા પોરબંદર મૂકી તા.૮/૫/૨૦૨૪ના રોજ ઘરેથી નીકળી ગયો હતો. અમદાવાદ, સુરત ફરી રાજકોટ આવ્યો. બધા શહેરોમાં નોકરી શોધી પણ નોકરી ન મળતા અંતે આ પગલું ભર્યું. હાલ તે સારવારમાં છે.

# EVM વેર હાઉસના રૂા.૧.૯૧ લાખના વેરાની ચૂકવણી મહાનગરપાલિકાને કરતું કલેક્ટર તંત્ર

## કલેક્ટર કચેરીના મુખ્ય બિલ્ડીંગનો મસમોટો ટેક્સ ચુકવવાનું હજુ બાકી

રાજકોટ, તા.૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બાકી વેરાની વસુલાત માટે ખાસ ઝુંબેશ ચલાવાઈ રહી છે. જેમાં રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા માધાપર ખાતે આવેલ ઈવીએમ વેર હાઉસના રૂા.૧.૯૧ લાખના વેરાની ચૂકવણી મ્યુનિ. કોર્પોરેશનને કરી દેવામાં આવી છે.

આ અંગેની પુષ્ટી આજે જિલ્લા કલેક્ટર પ્રભવ જોષી દ્વારા કરવામાં આવી હતી. તેઓએ જણાવ્યું હતું કે ઈવીએમ વેર હાઉસનો ૧.૯૧ લાખનો મીલ્કત વેરો મ્યુનિ. કોર્પો.ને ચુકવી દેવામાં આવ્યો છે.અહીં ઉલ્લેખનીય છે કે શહેરમાં આવેલી અનેક સરકારી મિલ્કતોના વેરાનું ચુકવણું હજું બાકી રહ્યું છે જેમાં કલેક્ટર કચેરીની મસમોટી રકમનો વેરો પણ હજુ ચુકવવાનો હજુ બાકી છે.

# બાંગ્લાદેશી સાંસદની હત્યા માટે પાંચ કરોડની સોપારી અપાઈ હતી

## સાંસદ ૧૩ મેના રોજ કોલકતામાંથી ગુમ થયા હતા

કોલકતા, તા. ૨૩

બાંગ્લાદેશના સાંસદ અનવારૂલ અઝીમ અનારની હત્યા મામલે મોટો ખુલાસો થયો છે. બંગાળ સીઆઈડીએ કહ્યું કે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સાંસદ અનારના મિત્રએ હત્યા માટે લગભગ ૫ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. બાંગ્લાદેશના ગૃહ પ્રધાન અસદુઝમાન ખાને બુધવારે કહ્યું હતું કે અનાર ૧૩ મેથી ગુમ છે. કોલકાતામાં કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી છે.

સીઆઈડી આઈજી અખિલેશ ચતુર્વેદીએ કહ્યું કે આ એક આયોજનબદ્ધ હત્યા છે. સાંસદના જૂના મિત્રએ તેમને માલિશ કરવા માટે સોપારી આપી હતી. લગભગ પાંચ કરોડની સોપારી હતી. તેનો મિત્ર અમેરિકન નાગરિક છે જેનો કોલકાતામાં ફ્લેટ છે. એક દિવસ પહેલા તેણે કહ્યું હતું કે વિદેશી સાંસદનો મૃતદેહ હજુ સુધી મળ્યો નથી. બાંગ્લાદેશી સાંસદ સારવાર માટે કોલકાતા આવ્યા હતા. ડેપ્યુટી હાઈ કમિશનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે સાંસદ અઝીમ ૧૨ મેના રોજ કોલકાતા પહોંચ્યા હતા અને શહેરના ઉત્તરીય વિસ્તારમાં બારાનગરમાં તેમના મિત્રના ઘરે રોકાયા હતા. ૧૩ મેના રોજ તે કોઈને મળવા ગયા હતો પરંતુ પરત આવ્યા ન હતો. આ મામલો ૧૮ મેના રોજ પ્રકાશમાં આવ્યો, જ્યારે બાંગ્લાદેશી સાંસદના પરિચિત ગોપાલ બિસ્વાસે તેમના ગુમ થવા અંગે પોલીસ સ્ટેશનને જાણ કરી. અનાર કોલકાતામાં વિશ્વાસના ઘરે રોકાયો હતો. વિશ્વાસે દાવો કર્યો હતો કે સાંસદ ૧૭ મેથી તેમના સંપર્કમાં નથી. જેથી તેણે એક દિવસ બાદ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. તેના ફોન પરથી પરિવારના સભ્યોને સંદેશો મોકલવામાં આવ્યો હતો કે તે નવી દિલ્હી જવા રવાના થયા છે. તેમનો કોઈ પત્તો નથી.

# ભીષણ ગરમી વચ્ચે તામીલનાડુમાં ભારે વરસાદઃ દક્ષિણી રાજયોમાં 'વરસાદી એલર્ટ'

ઉત્તર સહિતના રાજયો ભીષણ ગરમી-હીટવેવમાં સપડાયા છે ત્યારે તામિલનાડુ સહિતના દક્ષિણી રાજ્યોમાં વરસાદ પડ્યો છે. તામિલનાડુના કોઈમ્બતુર, કન્યાકુમારી તથા શિવગંગા જીલ્લામાં ૫થી૬ ઈંચ જેટલા ભારે વરસાદથી જળબંબાકારની હાલત સર્જાઈ હતી. કેરળમાં ૨ જીલ્લામાં વરસાદનું રેડએલર્ટ તથા ૯ જીલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરાયુ છે. માછીમારોને દરિયામાં નહીં જવાની ચેતવણી આપવામાં આવી છે.

### કોંગ્રેસ સાથે છેડો ફાડનાર વરિષ્ઠ નેતાનો રાહુલ પર કટાક્ષ

# રાહુલ કોંગ્રેસના વિસર્જનનું મહાત્મા ગાંધીનું સપનુ પુરું કરશે!: આચાર્ય પ્રમોદ કૃષ્ણમ



નવી દિલ્હી, તા.૨૩

એક સમયના કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ત્યારબાદ કોંગ્રેસનો છેડો ફાડનાર આચાર્ય પ્રમોદ કૃષ્ણમે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું હતું કે આ 'મહાપુરુષ' કોંગ્રેસને ખતમ કરવાનું કામ કરી રહ્યા છે. તેમણે મહાત્મા ગાંધીજીનો હવાલો આપીને કહ્યું હતું કે મહાત્મા ગાંધીજીએ સપનું જોયું હતું કે કોંગ્રેસનું વિસર્જન કરી નાખવું જોઇએ. જે કામ ભાજપ પણ ન કરી શકી તે કામ રાહુલ ગાંધી કરી રહ્યા છે.

પ્રમોદ કૃષ્ણમે જણાવ્યું હતું કે માત્ર હું જ નહીં દેશના કરોડો કોંગ્રેસ કાર્યકર્તા એ વાતથી વાકેફ છે કે રાહુલ ગાંધી કોંગ્રેસને ખતમ કરવાનું કામ કરી રહ્યા છે. ૪ જૂન બાદ કોંગ્રેસ અત્યાર સુધીની સૌથી ઓછી સીટ જીતનારી પાર્ટી બનશે.

# બેંગ્લોરમાં ત્રણ મોટી હોટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## બોમ્બ સ્કવોર્ડ અને પોલીસની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

બેંગ્લોર, તા. ૨૩

બેંગલુરૂની ત્રણ મોટી હોટલોને ઉડાવી દેવાની ધમકી, પોલીસની ટીમ તપાસમાં લાગેલી બેંગલુરુની હોટલમાં બોમ્બની ધમકી બેંગલુરૂની ત્રણ મોટી હોટલોને ઉડાવી દેવાની ધમકી મળી છે. ધ ઓટેરા સહિત ત્રણ હોટલમાં બોમ્બની ધમકી બાદ પોલીસ પ્રશાસનમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. ડીસીપી દક્ષિણ બેંગલુરુના જણાવ્યા અનુસાર, હાલમાં બોમ્બ સ્કવોડ અને પોલીસની ટીમ ઓટર્સ હોટેલમાં છે અને તપાસ કરી રહી છે.

બેંગલુરૂની ત્રણ મોટી હોટલોને બોમ્બની ધમકી મળી છે. જેમાં ધ ઓટેરા સહિત ત્રણ હોટલમાં બોમ્બની ધમકી બાદ પોલીસ પ્રશાસનમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસે તપાસ હાથ ધરી છે.

# '૩ ઈડિયટસ' જેવો વાસ્તવિક 'સીન' સર્જાયો! પોલીસે જીપ 'એઈમ્સ'ના વોર્ડમાં ઘુસાડી દીધી

## સિકયુરીટી ગાર્ડ સીટી વગાડતો રહ્યો અને પોલીસની જીપ હોસ્પીટલની અંદર ચડાવી દેવાઈઃ વિડીયો વાયરલ




દહેરાદૂનઃતા.૨૩

ૠષિકેશ એઈમ્સનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે પોલીસ દર્દીઓની વચ્ચે ગાડી લઈને ઈમરજન્સી વોર્ડમાં પ્રવેશી ગઈ હતી. અહીં મહિલા ડોક્ટરની છેડતીનો મામલો સામે આવ્યા બાદ હોબાળો મચી ગયો હતો. ફરિયાદ મળતા પોલીસ હોસ્પિટલ પહોંચી હતી. આરોપીને પકડવા માટે પોલીસ કાર લઈને હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ થઈ ગઇ હતી. હવે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

માહિતી મુજબ, ૧૯ મેની સાંજે AIIMS ૠષિકેશના ઓપરેશન થિયેટરમાં સર્જરી ચાલી રહી હતી. તે જ સમયે સર્જરી વિભાગમાં તહેનાત મહિલા ડોક્ટરની નર્સિંગ ઓફિસર સતીશ કુમાર દ્વારા છેડતી કરવામાં આવી હતી. આ બાબતના વિરોધમાં હોસ્પિટલના તબીબોએ હડતાળ પર ઉતરી ગયા હતા અને આરોપી સામે કડક કાર્યવાહીની માંગ સાથે દેખાવો શરૂ કર્યા હતા. એઈમ્સના તબીબોએ ડીનની ઓફિસનો ઘેરાવ પણ કર્યો હતો. ફરિયાદ મળતાં પોલીસે આરોપી નર્સિંગ ઓફિસર સતીશ કુમાર વિરુદ્ધ કેસ નોંધીને કાર્યવાહી શરૂ કરી હતી.

પોલીસ આરોપીને પકડવા હોસ્પિટલ પહોંચી હતી. આ દરમિયાન ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. સ્થિતિ જોઈને પોલીસે ઈમરજન્સી વોર્ડની અંદર દર્દીઓ વચ્ચે જીપ ઘૂસાડી દીધી હતી. આ દરમિયાન સિક્યુરિટી ગાર્ડ સીટીઓ વગાડીને દર્દીઓના સ્ટ્રેચર હટાવતા રહ્યા. વોર્ડમાં પોલીસની ગાડી જોઈ દર્દીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

# એકનુ માથુ બીજામાં ફીટ કરી દીધુ! 'હેડ ટ્રાન્સપ્લાન્ટ'ની સંશોધન પ્રક્રિયાથી દુનિયા ચોંકી



ન્યુયોર્કઃતા.૨૩

ઘણી કંપનીઓ હેડ ટ્રાન્સપ્લાન્ટની ટેક્નોલોજી પર કામ કરી રહી છે. તેમાંથી એક અમેરિકન સ્ટાર્ટઅપ બ્રેઈનબ્રિજના વીડિયોએ ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. હેડ ટ્રાન્સપ્લાન્ટના સિમ્યુલેશનનો આ વીડિયો ચોંકાવનારો હોવાની સાથે લોકોને ડરાવે છે. વીડિયોમાં બે સર્જિકલ રોબોટ બે રોબોટિક બોડી પર સર્જરી કરતા દેખાડવામાં આવ્યા છે. તેઓ એક શરીરમાંથી માથું કાઢીને બીજા શરીર પર ફિટ કરે છે.

જો કે તે સાયન્સ-ફિક્શન ફિલ્મના સીન જેવું લાગે છે, પરંતુ વૈજ્ઞાનિકો તેને વાસ્તવિકતા બનાવવામાં વ્યસ્ત છે. બ્રેઈનબ્રિજે જાહેરાત કરી છે કે તે વિશ્વની પ્રથમ હેડ ટ્રાન્સપ્લાન્ટ સિસ્ટમ બનાવશે. અત્યાર સુધી આ કંપની પડદા પાછળ સંશોધનમાં વ્યસ્ત હતી, હવે તે આખી દુનિયાને જણાવવા માંગે છે. બ્રેઈનબ્રિજનું કહેવું છે કે આ ટેક્નોલોજીથી તે એવા દર્દીઓને મદદ કરવા માંગે છે જેઓ અસાધ્ય રોગોથી પીડિત છે.કંપની સ્ટેજ-૪ કેન્સર, પેરાલિસિસ, અલ્ઝાઈમર અને પાર્કિન્સન જેવા ન્યુરોડિજનરેટિવ રોગોથી પીડિત દર્દીઓને નવી આશા આપવા માંગે છે. સર્જરીમાં દર્દીનું માથું તંદુરસ્ત, મગજ-મૃત દાતા શરીર પર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. ધ્યેય ચેતના, સ્મૃતિઓ અને અન્ય જ્ઞાનાત્મક કાર્યોને અકબંધ રાખવાનો છે.

આ વીડિયોએ ઈન્ટરનેટ યુઝર્સને ચોંકાવી દીધા છે. કેટલાકે કહ્યું કે અમેરિકન કંપની 'ઈશ્વરના કામમાં દખલ કરી રહી છે'. એક યુઝરે કહ્યું, 'હું કલ્પના પણ નથી કરી શકતો કે તેનો નૈતિક રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અન્ય એક યુઝરે લખ્યું, 'કદાચ આ (ટેકનોલોજી) માત્ર અમીરો માટે જ ઉપલબ્ધ હશે.

આ ટેક્નોલોજી પર કામ કરતી બ્રેનબ્રિજ એકમાત્ર કંપની નથી. જેવી ઘણી કંપનીઓ આ દિશામાં કામ કરી રહી છે. પીઢ ઉદ્યોગપતિ એલોન મસ્કની ન્યુરાલિંકે તાજેતરમાં લકવાથી પીડિત વ્યક્તિના મગજમાં કોમ્પ્યુટર ચિપ પણ સ્થાપિત કરી છે.

# ૨૦૦૩ પછી સૂર્ય પર સૌથી મોટુ સૌર તોફાનઃ બે વર્ષ સુધી ચાલશે

## વર્તમાન ભીષણ ગરમી તથા 'સોલાર મેકસીમા'ને કોઈ સંબંધ નથી





રાજકોટ તા.૨૩

સુર્યના આકરા તાપ વચ્ચે નવી વાત લોકોને આશ્ચર્ય ચકીત કર્યા છે. હાલ વર્ષ ૨૦૨૪ ચાલી રહ્યું છે. આ વર્ષમાં સોલાર મેકસીમાની ઘટનાઓ જોઈ શકાશે. જેમાં સુર્યની ગતિવિધિ વધી જાય છે. જેના કારણે સૌર કલંક (સનસ્પોર્ટસ) વધી જાય છે. આ ઘટના દર ૧૧ વર્ષે ઘટે છે.

રાજકોટના લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા સોલાર મેકસીમા ઘટનાને ટેલીસ્કોપથી નિહાળી શકાય તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યુ હતું. જેને લોકોએ ટેલીસ્કોપના માધ્યમથી નિહાળ્યુ હતું. આ અંગે વધુ માહિતી આપતા આયોજક નિલેશભાઈ રાણાએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૪-૨૫ બે વર્ષ દરમ્યાન સોલાર મેકસીમા ઘટના જોવા મળશે. જેનો અર્થ એવો થાય છે કે સૂર્યની સપાટી પર શ્યામ રંગના ટપકા જોવા મળે. આ ઘટના દરમ્યાન સૂર્ય પરની ગતિવિધિ વધી જાય છે જેને સૌર કલંક અને સનસ્પોટ પણ કહેવાય છે.

છેલ્લે ૨૦૧૪માં આ ઘટના જોવા મળી હતી પરંતુ ૨૦૦૩ પછીની સૌથી મોટી સોલાર મેકસીમા ઘટના છે. આ ઘટનાથી અવકાશમાં રહેલા સેટેલાઈટને નુકસાન કરી શકે. આ નુકશાન ચોકકસ નથી પરંતુ બે વર્ષ દરમ્યાન ઘટનાઓ રોજ જોવા મળશે. આથી ચોકકસ સમયે ગતિવિધિ વધશે તો સેટેલાઈટને નુકસાન થઈ શકે. આ ઘટનામાં ધ્રુવિય પ્રકાશ વધુ જોવા મળશે. આ ધ્રુવિય પ્રકાશ પહેલા નોર્વે સ્વીડન, સાયબીરીયા, કેનેડા, આઈસલેન્ડમાં દેખાતો હતો પરંતુ હવે લેહ લદાખ સુધી પહોંચ્યો છે અને ત્યાં પણ દેખાવા લાગ્યો છે.

કેટલીકવાર આ ઘટનાથી પૃથ્વીને નુકસાન થવાનો ડર રહેતો હોય છે પરંતુ તેમાં કોઈ તથ્ય નથી. પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રને નુકસાન કરતી નથી. તારણ મુજબ માત્ર સેટેલાઈટને નુકસાન થઈ શકે છે. આ ઘટનાને નિહાળવા લોકવિજ્ઞાન કેન્દ્રમાં સોલાર મેકસીમાની ઘટના નિહાળી શકાય. આજરોજ ખાસ ટેલીસ્કોપ દ્વારા નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સવારે બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. બાળકોથી લઈ મોટેરાઓ પણ આ ઘટના ટેલીસ્કોપ દ્વારા નિહાળી હતી.




# ઈસ્કોન મંદિરમાં નરસિંહ જયંતિ ઉજવાઈ

ઈસ્કોન મંદિર ખાતે ભગવાન નરસિંહ જયંતિની અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. દૂધ, દહીં, મધ તથા વિવિધ ફળોના રસથી આશરે ૧૦૦૦ લીટર દ્રવ્યોથી નરસિંહ ભગવાનનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૧૦ હજારથી વધુ ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. **(તસ્વીર: દેવેન અમરેલીયા)**





# રાજકોટ જિલ્લાના પારેવડા ગામે ભરઉનાળે પીવાના પાણીને લઈને હોબાળો : ૩ મહિનાથી લોકોને ભારે હાલાકી

**સ્થાનિક તલાટી મંત્રી સહિતનાને રજૂઆત છતાં કોઈ ઉકેલ ન આવતા ગ્રામ પંચાયતમાં પાણીના બેડા લઈ આક્રોશ ઠાલવ્યો**

રાજકોટ, તા.૨૩

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે. તાપમાનનો પારો સતત ૪૨ ડિગ્રીની ઉપર જ નોંધાઈ રહ્યો છે. તેમજ રાત્રીનું તાપમાન પણ અસામાન્ય નોંધાઈ રહ્યું છે. આવી કાળઝાળ ગરમીમાં બપોરના સમયે ઘરની બહાર ન નીકળવા, વધુમાં વધુ પાણી પીવાનું સાથોસાથ સ્વાસ્થ્યની કાળજી રાખવા સહિતના સૂચનો સરકાર દ્વારા કરવામાં આપવામાં આવતા હોય.

કાળઝાળ ગરમીમાં પાણી સૌથી મહત્વનો સ્ત્રોત છે. પરંતુ હાલ કેટલીક જગ્યા પીવાના પીણાની સમસ્યાને લઇને હાલાકી ભોગવતા અનેક પ્રશ્નો સામે આવતા હોય છે. ઘણી વખત એવું થતું હોય છે કે, અનેક રજૂઆત કરી હોવા છતાં પ્રશ્નોના યોગ્ય નિકાલ આવતા નથી અને પાણી માટે લોકોને વલખાં મારવા પડતા હોય છે. આવો જ એક પીવાના પાણી માટેનો પ્રશ્નો રાજકોટ જિલ્લાના પારેવડાં ગામમાં જોવા મળ્યો છે.

રાજકોટ જિલ્લાના પારેવડા ગામે છેલ્લા ત્રણ મહિનાથી પીવાના પાણી માટે બહેનો અને ભાઈઓ રણચંડી બન્યા છે. ત્યારે આજે ગામના લોકોએ ગ્રામ પંચાયતની ઓફિસએ હોબાળો મચાવ્યો હતો. ઘણા સમયથી આ ગામમાં માલ ઢોર અવેળા ખાલી ખમ જોવા મળી રહ્યા છે. આ બાબતે ગામના સરપંચ વાટીયા વાલજીભાઈ સવાભાઈ મંત્રી તથા સરપંચને રજૂઆત કરવામાં આવી હતી. તેમજ તલાટી મંત્રી સીમાબેન શિયાને બહેનો દ્વારા ક્યારે અમારા ગામને પાણી મળશે? તેવા આક્રોશ સાથે રજૂઆત કરવામાં આવી હતી.

સ્થાનિક તલાટી મંત્રી સહિતનાને રજૂઆત કરી હોવા છતાં કોઈ ઉકેલ ન આવતા આજે ગામની બહેનો બેડા લઈને ગ્રામ પંચાયતમાં હોબાળો મચાવ્યો હતો. તાત્કાલિક ધોરણે પાણી પુરવઠા વિભાગનો સર્વે કરીને ગામને પાણી મળે એવી સમસ્ત ગામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

# કણકોટ-કાલાવાડ રોડને બુદ્ધવિહાર માર્ગ નામ આપવા સામાજિક કાર્યકરોની તંત્રને રજૂઆત

રાજકોટ,તા.૨૩

કણકોટ ગામ પરના કાલાવડ રોડ પરથી આવતા મુખ્ય માર્ગને બુદ્ધવિહાર માર્ગનું વિધિવત નામાકરણ કરવા અંગે સામાજિક કાર્યકર દ્વારા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી.કણકોટ ગામ પરનાં કાલાવડ રોડ પરથી આવતો મુખ્ય માર્ગને વર્ષોથી લોકો બુદ્ધવિહાર માર્ગ તરીકે ઓળખે છે.આ તકે સામાજિક કાર્યકર નટુભાઈ રાઠોડ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી આ મુખ્યમાર્ગને બુદ્ધ વિહાર માર્ગનું નામાકરણ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખનું સુચનઃ તમામ વેપારીઓ અને લોકોએ રૂ.૧૦ના સિકકાની લેવડ-દેવડ કરવી

રાજકોટ,તા.૨૩

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તમામ નાના મોટા વેપારી વર્ગો અને લોકોને રૂ.૧૦ના સિકકાની લેવડ-દેવડ કરવા અને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય રૂ.૧૦ના ચલણને વેપારી વર્ગ અને લોકોમાં ચકલતા ખોટી માન્યતાના લીધે ચાલતા ન હોવાની અફવા ફેલાવાઈ રહી છે. આ બાબતે તા.૨૧ના રાજકોટ કલેકટરની અધ્યક્ષતામાં મીટીંગ યોજવામાં આવી હતી. અને રૂ.૧૦ના સિકકાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે જણાવેલ છે. તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી.વૈષ્ણવ દ્વારા અપીલ કરવામાં આવી છે.કે વેપારી વર્ગ અને લોકોએ રૂ.૧૦ના સિકકા ચલણમાં નથી તેવી અફવાઓથી દુર રહેવું અને રૂ.૧૦ના સિકકા સ્વીકારવાનું ચાલુ છે.

## કામદાર યુનિયનના રવિવારે રેલી અને ઘરણાં

સિવિલ હોસ્પિટલમાં વર્ગ ૪માં કોન્ટ્રાકટ પર કામ કરતા કામદારોનું પીએફ,બોનસ અને પગાર જેવી બાબતોમાં આર્થિક શોષણના અનુસંધાને રાજકોટ કામદાર યુનિયન અને અનુસુચિત જાતિ અધિકાર આંદોલન દ્વારા તા.૨૭ના રેલી તેમજ ધરણા યોજવામાં આવશે.

# સાંઇનાથ હોસ્પિટલ દ્વારા શબરી આશ્રમ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



સાંઇનાથ હોમિયોપેથીક હોસ્પીટલ શબરી આશ્રમ અને સી.જે. ગ્રુપ દ્વારા શબરી આશ્રમ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડીકલ કેમ્પ યોજાયો હતો. જેમાં ડો. હિતાર્થ મહેતા, ડો. નિરવ ગણાત્રા, ડો. માધવી વાગડીયા, ડો. રોમલ પદસુંબિયા, ડો. અલ્ફેઝ કુરેશી, દાંતના ડો. નીતાબેન ટાંક, ફીઝીયોથેરાપીસ્ટ ડો. વૈશાલીબેન મકવાણા, લેબોરેટરી ટેકનીશીયન દયાબેન હિરપરાએ સેવા આપેલ હતી તેમજ અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતાં.

## પોલીસની રાહ જોઉં છું તેવા કેજરીવાલના નિવેદન પર પોલીસની સ્પષ્ટતા

# માતા-પિતાની પુછપરછ માટે સમય માંગ્યો હતો પણ કેજરીવાલે આપ્યો જ નથીઃ પોલીસ

### અમને સમય આપતા નથી, મીડિયા સામે આરોપો લગાવે છેઃ પોલીસ

નવી દિલ્હી તા.૨૩

સ્વાતિ માલીવાલની મારપીટ મામલે દિલ્હી પોલીસે સીએમ કેજરીવાલના માતા-પિતાની પુછપરછ કરવા સમય માંગ્યો હતો પણ કેજરીવાલે હજુ સુધી સમય જ નથી આપ્યો અને આ મામલે કેજરીવાલ મીડીયા સાથે જ વાત કરીને આરોપ-પ્રત્યારોપ કરે છે તેવો દિલ્હી પોલીસે ખુલાસો કર્યો હતો.

દિલ્હી પોલીસના વિશેષ આયુકત કાનૂન વ્યવસ્થા રવિન્દ્રસિંહ યાદવનું કહેવું છે કે કેજરીવાલના પત્ની અને માતા-પિતાની પુછપરછ માટે સમય માંગ્યો હતો પણ કેજરીવાલે હજુ સુધી સમય જ નથી આપ્યો એટલે પુછપરછનો નિર્ણય ટાળી દીધો હતો.






# જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા ચપ્પલ-સ્લીપરનું વિતરણ કરાયું

રાજકોટ,તા.૨૩

જૈન સોશ્યલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશન આશ્રય સમર સેવા પ્રોજેક્ટ અંતર્ગત ચેરમેન ઉપેનભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ દ્વારા રાધેશ્યામ ગૌશાળા રૈયાધાર ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે બાળકોને ચપ્પલ તથા સ્લીપર નું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૬૦૦ થી પણ વધારે બાળકો મહિલાઓ ને વિતરણ કરવામાં આવ્યું.પગ ઠારવાનું અભિયાન પાદુકા,આ કાર્યક્રમમાં ઉપેનભાઈ મોદી પ્રકાશભાઈ ખજુરીયા ધનેશભાઈ દોશી પ્રદીપભાઈ પૂજાણી અરવિંદભાઈ દોશી રાજેશભાઈ શાહ કિર્તીભાઈ પારેખ હર્ષદભાઈ મહેતા મેહુલભાઈ રવાણી વિજયભાઈ મહેતા તથા જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ ના લેડીઝ મેમ્બર પણ ઉપસ્થિત રહ્યા હતા..

# હારની સાથે જ દિનેશ કાર્તિકની IPLમાં કારકિર્દી પૂર્ણ, ટીમે આપ્યું ગાર્ડ ઓફ ઓનર

**૩૮ વર્ષીય વિકેટ કીપરે સત્તાવાર રીતે નિવૃતિની જાહેરાત નથી કરી, પરંતુ અમદાવાદમાં મેચ બાદ કાર્તિક સાથે ભાવનાત્મક દ્રશ્યો સર્જાયા : કાર્તિકે પણ ફેન્સનો આભાર માન્યો**

## આંબેડકરનગરમાંથી મહિલા ગુમઃ ભાળ મળે તો માલવીયાનગર પોલીસને જાણ કરવી

ગોંડલ રોડ પર આંબેડકરનગર શેરી નં-૧૪ નાગરાજ પાનની સામે રહેતાં મોનીકાબેન અલ્પેશભાઇ મકવાણા (ઉ.વ.૨૯) ગઈ તા.૧૧/૦૫/૨૦૨૪ ના વ્હેલી સવારે પોતાના ઘરેથી કોઇને કાંઇ કહયા વગર જતા રહેલ છે. જે ગુમ થનાર મોનીકાબેનને જમણા હાથના પોચા ઉપર "M.A" ત્રોફાવેલ છે. ગુમ થનાર મહિલાની કોઇ જાણકારી મળે તો માલવીયાનગર પોલીસ સ્ટેશનના ફોન નં. ૬૩૫૯૬ ૨૯૯૦૨ તથા મો.નં.૯૯૯૮૧ ૮૮૬૪૨ જાણ કરવા વિનંતી છે.

## પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા

# શનિવારે નિઃશુલ્ક મોં અને ગળાના કેન્સર નિદાન કેમ્પનું આયોજન

### કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક પોતાની સેવા આપશે

રાજકોટ, તા.૨૩

શહેરના જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત ગુજરાતની નામાંકિત આસ્થા ઓન્કોલોજી એશોશિયેટસ હેલ્થ કેર ગ્લોબલ (HCG)ના સંયુકત ઉપક્રમે કેન્સરને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ હાથ ધરાયો છે.

જે અંતર્ગત આગામી તા.૨૫ને શનિવારના રોજ કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક સવારે ૯ થી ૧૦ કલાક દરમ્યાન પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ 'કિલ્લોલ', ૧-મયુરનગર, રાજકોટ મહાનગરપાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે નિઃશુલ્ક કેન્સર નિદાન કરી અપાશે.

વધુ માહિતી માટે ફોન નં.૦૨૮૧ ૨૭૦૪૫૪૫/૨૭૦૧૦૯૮ પર સંપર્ક કરવાનો રહેશે.

આ કેમ્પમાં ગુજરાતના તબીબ ડો.દુષ્યંત માંડલીક દ્વારા મોં, ગળું, જડબાના કેન્સરનું નિદાન કરી અપાશે. જેનો વિનામૂલ્યે લાભ લેવા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે.

# બોલબાલા ટ્રસ્ટના ૩૪માં સ્થાપના દિવસ નિમિત્તે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

### સાત દિવસ સુધી વ્યાસપીઠ પર કથાકાર જાન્હવીબેન પંડ્યા કથાનું રસપાન કરાવશે

રાજકોટ, તા.૨૩

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, ૯/૧૮ લક્ષ્મીવાડી, મિલપરા મેઈન રોડ ખાતે તા.૩૧થી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી અન્નક્ષેત્ર તેમજ જરૂરીયાતમંદના લાભાર્થે તા.૩૧ થી તા.૬ જુન સુધી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૩૧ને શુક્રવારે દેવી-દેવતાઓનું પૂજન કરાશે, તથા પોથીયાત્રા સાથે કથાનો પ્રારંભ થશે. તા.૧ને શનિવારે સાંજે ૫-૩૦ કલાકે કપિલ જન્મ, તા.૨ને શ્રી નૃસિંહ પ્રાગટ્ય સાંજે ૬ કલાકે, તા.૩ને સાંજે ૬-૩૦ કલાકે શ્રી રામજન્મ તથા શ્રી કૃષ્ણ જન્મ, તા.૪ને શ્રી ગીરીરાજ ઉત્સવ, તા.૫ને રૂક્ષ્મણી વિવાહ સાંજે ૫ કલાકે, તા.૬ને સુદામા ચરિત્ર, પરિક્ષિત મોક્ષ સાંજે ૬-૩૦ કલાકે સહિત ભાગવત કથાના માંગલિક પ્રસંગો ઉજવાશે. બોલબાલા ટ્રસ્ટના ૩૪મા સ્થાપના દિવસ નિમિત્તે આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં વ્યાસપીઠ પર કથાકાર જાન્હવીબેન પંડ્યા (ભગગામ બીલખા) કથાનું રસપાન કરાવશે. કથાનો સમય બપોરે ૩ થી ૭નો રહેશે. કથા પૂર્ણ થયા બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.




તસ્વીર: પંકજ શિશાંગીયા

# યોગકક્ષા ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક ગૌમુત્રના અર્કનું વિતરણ

### ગૌમુત્રના અર્કનું સેવન અનેક પ્રકારના રોગથી બચાવે

રાજકોટ,તા.૨૩

યોગકક્ષા ફાઉન્ડેશન સ્વસ્થ ભારત સશક્ત ભારત અભિયાન હેઠળ સર્વે ભારત વાસીઓનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે અને ભારતનો નાગરિક યોગ, આયુર્વેદ તેમજ નૈસર્ગિક ઉપચારની પદ્ધતિ તરફ વળે તે માટે દરેકને ગૌમુત્રના અર્કના નિઃશુલ્ક વિતરણ કરવાની શરૂઆત કરવામાં આવી છે.જેમાં સદયોગ મળેલ છે. જેમાં દરેક વ્યકિતને રોગ અનુસાર અર્કની માત્રા તેમજ ગૌમુત્રના અર્કનું સેવન કોણે કરવું અને કોણે ન કરવું તેની તમામ માહિતી યોગકક્ષા ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવશે.ગૌમુત્રના અર્કના સેવન માત્રથી અનેક પ્રકારના શારીરિક રોગોથી મુકિત મેળવી શકાય છે. દરરોજ સવારે ૧૦ થી ૧ દરમ્યાન યોગકક્ષા ફાઉન્ડેશન રાધેકિષ્ના ૧/૪ પૂનમ સોસાયટી, પટેલ બોર્ડીંગ પાસે મવડી પ્લોટ રાજકોટ ખાતે વિતરણ કરવામાં આવે છે.આ કાર્યમાં યોગ કક્ષા ફાઉન્ડેશનના પ્રમુખ વિશાલભાઈ સોજીત્રા, યોગ ગુરૂ, કિશોરભાઈ પઢીયાર, ટ્રસ્ટી નિશાબેન ઠુમર, સભ્ય નયનાબેન પીપડીયા, નિમિશાબેન આહિર, અંજુબેન પટેલ સંગીતાબેન ખારેચા, હર્ષાબેન વસોયા જહેમત ઉઠાવી રહ્યા છે.

# ક્ષત્રિય સમાજના યુવા અગ્રણી ભગીરથસિંહ ઝાલાનો આજે જન્મદિવસ

મૂળ ટંકારાના મેઘપર ઝાલા ગામના વતની હાલ રાજકોટ રહેતા ક્ષત્રિય સમાજના યુવા અગ્રણી ભગીરથસિંહ સજુભા ઝાલાનો આજે જન્મદિવસ છે. શ્રીજી ટ્રાન્સપોર્ટ નામે વ્યવસાય કરતા યુવા બિલ્ડર ભગીરથસિંહ ઝાલા અનેક સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે. ભગીરથસિંહ ઝાલાએ પત્રકારત્વનો અભ્યાસ કર્યો છે.આજે તેમના જન્મદિવસે પરિવારજનો,મિત્રો,સગા-સ્નેહીઓએ તેમને મોબાઈલ નંબર ૯૮૨૫૪ ૫૧૯૯૯ ૧૫૨ જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે.



# સ્માર્ટ મીટરનો નિર્ણય ત્રણ વર્ષ સુધી મુલત્વી રાખવા જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળની માંગ

### હાઈકોર્ટના જજના અધ્યક્ષ પદે હાઈ પાવર કમિટી રચી ત્યાર બાદ જ નિર્ણય લેવા ઉર્જામંત્રીને રજૂઆત

રાજકોટ તા.૨૩

રાજકોટ જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા રાજયના ઉર્જા મંત્રીને અનુરોધ કરી ગુજરાતમાં વિવિધ જીલ્લામાં મુકાતા સ્માર્ટ મીટર સામે ઉભો થયેલ વીજ ગ્રાહકોના રોષને ધ્યાને લઈ સ્માર્ટ મીટરનો નિર્ણય આગામી ત્રણ વર્ષ સુધી મુલત્વી રાખવો જોઈએ તેમ અમે માનીએ છીએ. રાજય સરકારને અનુરોધ છે કે સ્માર્ટ મીટર મુકવા માટેનો નિર્ણય વીજ ગ્રાહકોના પ્રતિનિધિઓ અને માન્ય ગ્રાહક મંડળોના પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરીને લેવો જોઈએ. હાલનો નિર્ણય એક તરફી હોય જેથી વીજ કંપનીઓને વીજ ગ્રાહકોના રોષનો ભોગ બનવું પડયું છે. આ ઉપરાંત નિવૃત હાઈકોર્ટના જજના અધ્યક્ષ પદે એક હાઈપાવર કમિટીની રચના કરી જેમાં વીજગ્રાહકો/ ગ્રાહક મંડળના પ્રતિનિધિને સ્થાન આપવું જોઈએ. તેવી અમારી માંગણી છે.

મંડળના અગ્રણીઓ સર્વ એડવોકેટ હિમતભાઈ લાબડીયા, આર.વી. સોલંકી, અને ભાવેશ આચાર્યએ વધુમાં જણાવ્યું હતું કે સ્માર્ટ મીટર માટેની વૈજ્ઞાનિક સમજણ વીજ ગ્રાહકોને સંપૂર્ણ મળી રહે તે માટે ત્રણ વર્ષ માટે નિર્ણય મુલત્વી રાખવા અમે માંગણી કરી છે. સ્માર્ટ મીટરનાં પ્રીપેડ બીલમાં ચાલુ બીલ કરતા ખુબજ તફાવત જોવા મળે છે. આથી ગરીબ મધ્યમ વર્ગના ગ્રાહકોને પોષાય તે રીતે બીલ બે મહિને વીજ વપરાશ બાદ મળવું જોઈએ તેવી અમારી માગણી છે.

## હેપ્પી બર્થ ડે દેવાંશી કલ્પેશભાઇ ગોહેલ

રાજકોટ, તા. ૨૩

મ્યુનિ. કોર્પોરેશનના સેક્રેટરી વિભાગના કર્મચારી કલ્પેશભાઇ ગોહેલની પુત્રી દેવાંશીનો આજે જન્મદિવસ છે. તા.૨૩-૫-૧૩ના રોજ જન્મેલ દેવાંશીને આજે જન્મદિને પપ્પા કલ્પેશભાઇ, મમ્મી કંચનબેન, દાદા મુળજીભાઇ, દાદી કાંતાબેન, મોટા પપ્પા ધર્મેશભાઇ, મોટા મમ્મી સરલાબેન, મોટા ભાઇ ધરમ, બ્રીજ, ધ્રુવ, મામા કિરીટભાઇ, રાહુલભાઇ, મામી દામીનીબેન, મોનીબેન, માસી રીંકલબેન અને માનસીબેને શુભેચ્છાઓ પાઠવી છે.



# સાંઢીયા પુલ પાસે ભરબપોરે ગંભીર બનતો ટ્રાફિકનો પ્રશ્ન : પોલીસ-વોર્ડન પરસેવે રેબઝેબ : પુલ તોડવાનું કામ ચાલુ






રાજકોટના જામનગર રોડ પર આવેલા સાંઢીયા પુલની જગ્યાએ નવો ફોરટ્રેક બ્રીજ બનાવવા જુના પુલને બંધ કરવામાં આવ્યો છે. ગઇકાલથી પુલ બંધ થયો અને મનપા દ્વારા બ્રીજના છેડે રોડ તોડવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ડાયવર્ઝનના કારણે આ રોડ પર ટ્રાફિકનો ગંભીર પ્રશ્ન ઉભો થયો છે. જે ઉનાળાની ગરમીમાં વધુ વિકટ લાગી રહ્યો છે. સીટી અને ટ્રાફિક પોલીસ વાહન ચાલકોને ભોમેશ્વર તરફના ડાયવર્ઝન તરફ વાળવા તડકામાં સતત ઉભી રહે છે. બીજી તરફ બે જેસીબીની મદદથી સાંઢીયા પુલના છેવાડે તોડફોડનું કામ આજે પણ ચાલુ રહ્યું છે. હજુ ખુબ લાંબો સમય ચાલે તેવી ટ્રાફિક સમસ્યા અને પુલ તોડવાનું કામ તસ્વીરમાં જોવા મળે છે.

**(તસ્વીર : દેવેન અમરેલીયા)**